AL-BALAG MONTHLY

જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર

# અલ-બલાગ

## માસિક



હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સા. રહ.

વિશેષાંક

**સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર**


માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | તંત્રી સ્થાનેથી | ૩ |
| ૨ | મઆરિફુલ હદીસ | ૫ |
| ૩ | હઝરત ઈસા અલૈ.નું મહાન સ્થાન | ૧૧ |
| ૪ | ફતાવા વિભાગ | ૧૬ |
| ૫ | મુફક્કિરે મિલ્લત રહ.ની સ્વલિખિત જીવન ઝરમર | ૧૯ |
| ૬ | હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સા. રહ. | ૩૧ |
| ૭ | હઝરત રહ... ઉલમાએ ગુજરાતની નજરે.. | ૪૫ |
| ૮ | વો ખુર્શીદે રોશન નિહાં હો ગયા | ૭૮ |
| ૯ | ફલાહની સફર ફલાહ તરફ, ફલાહીનું દર્દ ફલાહીની કલમે | ૮૪ |
| ૧૦ | હઝ.મવ.અબ્દુલ્લાહ સા. રહ. સિદ્ધિઓ–ઉપલબ્ધિઓ | ૧૦૨ |
| ૧૧ | આહ ! રઈસે જામિઅહ હઝ. મવ. અબ્દુલ્લાહ સા. રહ. | ૧૧૦ |
| ૧૨ | ઐસા કહાં સે લાવું જિસે તુજ સા કહું ! | ૧૧૩ |
| ૧૩ | એ તો ગયા પણ એમના ચહેરા રહી ગયા .. | ૧૧૭ |
| ૧૪ | ઉચ્ચ આદર્શ અને નમ્રતા | ૧૨૮ |
| ૧૫ | હઝ. રહ. અને એમના ઘરવાળાઓની મહેમાન નવાઝી | ૧૩૦ |
| ૧૬ | ઈસ્લામ અને આધુનિકતા.. આપ રહ.ની એક તકરીર.. | ૧૩૩ |
| ૧૭ | તઅઝિયતી અશઆર .. | ૧૩૮ |
| ૧૮ | Hazrat Moulana Abdullah Kapodravi [rh.] | ૧૪૧ |
| ૧૯ | બોધકથા | ૧૪૫ |
| ૨૦ | છેલ્લા પાને | ૧૪૬ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

સપ્ટે.ઓકટો.નવે. – ૨૦૧૮ ઈ.

ઝિલહજ. મુહર્રમ.સફર–૧૪૩૯ હિ.

વર્ષ – ૧૭, અંક – ૭,૮,૯.

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

## *મુસલમાન વગરનો ઇસ્લામ અને ઇસ્લામ વગરના મુસલમાનો*

૨૬–૪–૯૭ની સાંજે અમો ટોરોન્ટો એરપોર્ટ ઉપર હાજી સાહિબોના સ્વાગત માટે ગયા હતા. હાજીઓનું એક ગૃપ આવી રહયું હતું એટલે તેમના સગા–સબંધીઓ બાળકો સહિત મોટી સંખ્યામાં ત્યાં આવ્યા હતા. એરપોર્ટ ઉપર મુલાકાતીઓ માટે ઘણી જ સુંદર સગવડો છે. બેસવા માટે ખુરશીઓ, બાળકો માટે રમત–ગમતના સાધનો, નાસ્તા માટે ચીપ્સ–ચોકલેટ પીણાઓના સ્ટોર, તથા પેપરો–મેગેઝીનોના સ્ટોર રાખવામાં આવ્યા છે. આપણા મુસ્લિમ ભાઈ–બહેનો ભારત, પાકિસ્તાન, સિરિયા, સોમાલીયા વિગેરે જુદા જુદા દેશોના જણાતા હતા. તેઓ પોતાના બાળકોને ખાવા માટે ચીપ્સ–ચોકલેટ વિગેરે ખરીદી આપતા. બાળકો અને તેમની સાથે અમુક મોટા લોકો પણ ચીપ્સની થેલીઓ, ચોકલેટના કાગળો આમ–તેમ ફેંકી દેતા. હું ખુરશી ઉપર બેસી આ બધું જોઈ રહયો હતો. મારી જોડેની ખુરશી ઉપર એક કેનેડીઅન જોડું બેઠું હતું તેઓ પણ ધ્યાન પૂર્વક મુસ્લિમોનો આ વર્તાવ નિહાળી રહયા હતા.

અહીંના એરપોર્ટ ઉપર સફાઈ ઘણીજ સારી અને નમુનેદાર છે. થોડીજ વારમાં એક સફાઈ કામદાર પોતાના સાધનો લઈ ત્યાં આવી ગયો અને તેણે કચરો સાફ કરવાનું શરૂ કર્યું. અમારી ખુરશી પાસે ટાઈલ્સ ઉપર ચીંચકા જેવડો કોઈ પદાર્થ ચોંટેલો હતો. કદાચ ચોકલેટનો ટૂકડો હોય, તે કામદાર તેને સાફ કર્યા વગર આગળ વધવા લાગ્યો એટલે તુરત પેલી સ્ત્રીએ તેને EXCUSE ME કહી આ પદાર્થ સાફ કરી લેવા કહયું અને પેલા કામદારે તેને સાફ કરી નાંખ્યો.

આપણી બેપરવાઈ અને આ બાઈની સફાઈની ચીવટાઈ તથા કામદારને તેની ફરજ તરફ દોરવાની હિંમત તથા લાગણી જોઈ મને મિસરના મશહુર લેખક ડો.ઝકી નજીબે પોતાની કિતાબમાં શૈખ મુહમ્મદ અબ્દહુ (રહ.) (જેઓ મહાન આલિમ તથા સુધારક હતા) ના લખેલા શબ્દો યાદ આવી ગયા.

ડો.ઝકી નજીબ લખે છે કે શૈખ મુહમ્મદ અબ્દહુ (રહ.) જયારે યુરોપની સફરે ગયા અને ત્યાંના લોકોની સમયની પાબંદી, સફાઈ, વેપારમાં ઈમાનદારી વિગેરે જોઈ ત્યારે તેમણે પોતાના એક દોસ્તને લખ્યું કે........

**''રઅયતુ ફિ ઉરબ્બી અલ–ઈસ્લામ બિ ગયરિલ મુસ્લિમીન વ તરકતુ ફિ મીસ્ર અલ–મુસ્લિમીન બેગયરિલ ઈસ્લામ.''**

*'' મેં યુરોપમાં મુસલમાન વગરનું ઈસ્લામ જોયો અને હું મિસ્રમાં ઈસ્લામ વગરના મુસલમાનો છોડીને આવ્યો છું.''*

*(હઝરત મવલાના અબ્દુલ્લાહ સા. કાપોદરવી રહ.)*

# તંત્રી સ્થાનેથી ...

પાછલા દિવસોમાં તા. ૧૦ જુલાઈ ૨૦૧૮ના રોજ આપણા સૌના મુરબ્બી અને વડીલ, રાહબર અને ચિંતક બુઝુર્ગ આલિમે દીન જનાબ હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદરવી સાહેબ રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ..

આપ રહ. ગુજરાતના વતની હતા, પ્રથમ ડાભેલ ખાતે અને પછી દેવબંદમાં પણ તાલીમ મેળવી હતી. અનેક બુઝુર્ગો અને મશાઈખની સોહબતની સઆદત પણ મેળવી હતી. પ્રથમ ડાભેલમાં જ મુદર્રિસ તરીકે સેવા બજાવતા હતા અને મુજ નાચીઝને ડાભેલ ખાતે એમની પાસે પઢવા – તાલીમ લેવાની સઆદત મળી હતી. પછી ફલાહે દારૈન તડકેશ્વરના મોહતમિમ તરીકે આપ રહ.ને નિયુકત કરવામાં આવ્યા. જવાબદારીના આ હોદ્દા ઉપર આપ રહ.એ રાત દિવસ એક કરીને નિખાલસતાથી જે સેવાઓ બજાવી એના કારણે એક નાનકડો ગુમનામ મદરસો વિશ્વભરમાં ખ્યાતિ મેળવી ગયો. આપ રહ. કેળવણી–તરબિયતની આગવી કોઠાસૂજ ધરાવતા હતા. સાથે જ ઈલ્મે દીનનું મહત્વ સમજતા હતા. તલબએ કિરામ અને ઉલમાએ કિરામ પ્રત્યે સાચો આદરભાવ રાખતા હતા. આમ દિલની નેકી, નિખાલસતા અને અણથક મહેનતના મિશ્રણથી એક નવી દુનિયાનું સર્જન કરી ગયા. છેલ્લા ઘણા વરસોથી ફલાહે દારૈનથી અલગ હતા, અલબત્ત તડકેશ્વર અને અન્ય દરેક મદરસામાં જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતીકો સંબંધ હોય એવી રીતે આવતા જતા હતા. જયારે પણ કોઈ મદરસામાં જતા તો તલબા અને ઉસ્તાદો સામે તાલીમ – તરબિયત વિશે અસરકારક તકરીર અને નસીહત કરીને એમના અંદર નવો જોમ – જુસ્સો ભરી દેતા હતા.

જામિઅહ જંબુસર સાથે વિશેષ લગાવ ધરાવતા હતા. મદરસાની તાલીમ ઉપરાંત સ્કૂલ, આઈ.ટી.આઈ. અને હોસ્પિટલની સેવાઓને ઘણી જ બિરદાવતા હતા. મુજ નાચીઝ પ્રત્યે તેઓને ભારે વિશ્વાસ હતો. જામિઅહ

જંબુસરની સ્થાપના પછી તો એમની તવજ્જોહ ઓર વધી ગઈ હતી. જીવનના છેલ્લા દિવસોમાં બલકે કહી શકાય કે છેલ્લી ઘડીઓ સુધી એમની તવજ્જોહ અને યાદ જારી રહી.

હઝરત મવલાના રહ.ના જીવન ચરિત્ર અને સેવાઓ – સિદ્ધિઓની સ્મરણ સ્વરૂપે અલબલાગનો વિશેષ અંક પ્રકાશિત કરવાનું અમે એલાન કર્યું હતું, એટલે ત્રણ મહીના (સપ્ટેમ્બર, ઓકટોબર, નવેમ્બર)નો આ સંયુકત અંક હઝરત મવલાના રહ.ની યાદગાર સ્વરૂપે પ્રકાશિત થઈ રહયો છે.

ખરી રીતે તો સમાજ અને કોમ ઉપર સામુહિક રીતે, અને કોમના અનેક લોકો ઉપર વ્યકિતગત રીતે પણ, હઝરત રહ.ના જે એહસાનો છે, એની સામે આ બે ચાર લેખોની કોઈ વિસાત નથી.

પરંતુ.. ફૂલ નહીં તો ફૂલની પાંખડી... અલ બલાગ માસિક અને જામિઅહ પણ મવલાના રહ.ના કદરદાન લોકોની યાદીમાં શામેલ થવાને પોતાની જવાબદારી બલકે સદભાગ્ય સમજે છે. જામિઅહ અને એનાથી સંલગ્ન સંસ્થાઓની સેવા મવલાના રહ.ને સન્માનની નજરે જોતા હતા. મુજ નાચીઝ પ્રત્યે અને જામિઅહના બીજા અનેક ઉસ્તાદો પ્રતિ, આપ રહ. વ્યકિતગત રીતે પણ શફકત ફરમાવતા હતા. દુઆઓ આપતા હતા અને જે કંઈ દીનનું કામ થાય એને બિરદાવીને આગળની રાહબરી પણ ફરમાવતા હતા. એમનાથી બનતો સહકાર પણ આપતા હતા.

અલ્લાહ તઆલા હઝરત મવલાના રહ.ની દરેક ખિદમાતને કુબૂલ ફરમાવે. એમના દરજાત બુલંદ ફરમાવે અને અર્શના સાયામાં એમને સ્થાન આપે. જામિઅહ પરિવાર આપ રહ.ના પુત્રો અને પુત્રીઓ અને ખાનદાનના ગમમાં શરીક છે, તઅઝિયત પેશ કરે છે અને દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા એમના ખાનદાન,– મદારિસ, ઉલમા અને તલબા ઉપર એમની બરકતો જારી રાખે. આમીન.

●–●–●–●–●–●–●

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

***અનુવાદ** : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૨૬

## સુન્નત,નફલ અને વિત્રની નમાઝની ફઝીલત

(١٨٦) عَنْ اَبِى اَيُّوْبَ الْاَنْصَارِىِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَرْبَعٌ قَبْلَ الظُّهْرِ لَيْسَ فِيْهِنَّ تَسْلِيْمٌ تُفْتَحُ لَهُنَّ اَبْوَابُ السَّمَاءِ (رواه ابوداؤد وابن ماجة)

**તરજુમો:– હઝરત અબૂ ઐયૂબ અન્સારી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: ઝોહરથી પહેલાં ચાર રકાતો જેમની વચમાં સલામ ફેરવવામાં ન આવે, એટલે લગાતાર પઢવામાં આવે તેના માટે આસ્માનના દરવાજા ખુલી દેવામાં આવે છે.**

(١٨٧) عَنْ عَائِشَةَ اَنَّ النَّبِىَّ ﷺ كَانَ اِذَا لَمْ يُصَلِّ اَرْبَعًا قَبْلَ الظُّهْرِ صَلَّاهُنَّ بَعْدَهَا۔ (رواه الترمذى)

**તરજુમો:– હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો મામૂલ હતો કે ઝોહરથી પહેલાં જયારે આપથી ચાર રકાતો ન પઢાતી હતી, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)તેમને ઝોહરથી ફારિગ થઈ પઢતા હતા. (તિર્મિઝી શરીફ)**

**ખુલાસો :– ઈબ્ને માજાની રિવાયતમાં એ સ્પષ્ટ છે કે એવી હાલતમાં ઝોહરની (ફરજ) પહેલાંની ચાર રકાતો, આપ (સ.અ.વ.) (ફરજ પછીની) બે રકાતો પછી પઢતા હતા.**

(١٨٨) عَنْ اُمِّ حَبِيْبَةَ قَالَتْ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ ﷺ مَنْ حَافَظَ عَلٰى اَرْبَعِ رَكَعَاتٍ قَبْلَ الظُّهْرِ وَاَرْبَعٍ بَعْدَهَا حَرَّمَهُ اللّٰهُ عَلَى النَّارِ۔ (رواه احمد والترمذى وابوداؤد والنسائى وابن ماجة)

તરજુમોઃ– હઝરત ઉમ્મે હબીબા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જે કોઈ ઝોહર પહેલાં ચાર રકાત અને ઝોહર પછી ચાર રકાત બરાબર પઢયા કરે, અલ્લાહ તઆલા તેને દોઝખની આગ પર હરામ કરી દેશે.

ખુલાસો :– અમૂક હદીષ વેત્તાઓએ લખ્યું છે કે ઝોહર પછી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની બે જ રકાત પઢવી સાબિત છે, (જેમકે હઝરત આયશા (રદિ.) હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) અને પોતે હઝરત ઉમ્મે હબીબા (રદિ.)ની ઉપરોકત હદીષોથી જણાયું છે.) એટલા માટે ઝોહર પછી સુન્નતે મુઅક્કદહ તો માત્ર બે જ રકાત છે. જેથી ચાર રકાત પઢવાની રીત એ છે કે તે મુઅક્કદહ બે રકાત સિવાય વધારાની બે રકાત નફિલ પઢવામાં આવે.

ફાયદો :– આપણા ત્યાં ઝોહરની બે સુન્નતો પછી વધારાની બે નફિલ પઢવાનો સારો રિવાજ છે, પરંતુ વધુ પડતા લોકો તે નફિલોને (બલ્કે દરેક સમયના નફિલોને) બેસીને પઢે છે. અને સમઝે છે કે નફિલો બેસીને જ પઢવા જોઈએ. એ બિલ્કુલ અયોગ્ય છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સાફ હદીષ છે કે બેસીને નમાઝ પઢવાનો સવાબ ઉભા થઈ પઢવાના મુકાબલામાં અર્ધો મળશે.

(١٨٩) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ رَحِمَ اللّٰهُ اَمرأً صَلّٰی قَبْلَ الْعَصْرِ اَرْبَعاً۔ (ورواه احمد والترمذی وابوداؤد)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલાની રહમત થાય તે બંદા પર કે જે અસર પહેલાં ચાર રકાત પઢે.

(મુસ્નદે અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ)

ખુલાસો :– અસરથી પહેલાં ચાર રકાત નફિલ વિષે આ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો પ્રેરણાત્મક ઈર્શાદ છે અને એ જ મુજબ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો અમલ રિવાયતોમાં આવેલો છે. કોઈ કોઈ વાર અસરથી પહેલાં બે રકાત પઢવી પણ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાબિત છે.

(١٩٠) عَنْ مُحَمَّدِ بْنِ عَمَّارِ بْنِ يَاسِرٍؓ قَالَ رَأَيْتُ عَمَّارَبْنَ يَاسِرٍ يُصَلِّي بَعْدَ الْمَغْرِبِ سِتَّ رَكْعَاتٍ وَقَالَ رَأَيْتُ حَبِيْبِيْ ﷺ يُصَلِّيْ بَعْدَ الْمَغْرِبِ سِتَّ رَكْعَاتٍ وَقَالَ مَنْ صَلَّى بَعْدَ الْمَغْرِبِ سِتَّ رَكْعَاتٍ غُفِرَتْ لَهٗ ذُنُوْبُهٗ وَاِنْ كَانَتْ مِثْلَ زَبَدِ الْبَحْرِ۔(رواه الطبرانی)

**તરજુમોઃ– હઝરત અમ્માર બિન યાસિર (રદિ.)ના પુત્ર મુહંમ્મદ બિન અમ્માર (રદિ.)થી રિવાયત છે કે મેં મારા વાલિદ અમ્માર બિન યાસિર (રદિ.)ને જોયા કે તેઓ મગરિબની નમાઝ પઢયા પછી છ રકાત પઢતા હતા અને બયાન કરતા હતા કે મેં મારા હબીબ સલ.ને જોયા કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) મગરિબ પછી છ રકાતો પઢતા હતા, અને ફરમાવતા હતા કે જે માણસ મગરિબ પછી છ રકાત પઢે, તેના ગુનાહ માફ કરી દેવામાં આવશે. ભલે તે સમુદ્રના ફિણ બરાબર વધારે હોય. (તબરાની)**

**ખુલાસો :– મગરિબ પછી બે રકાતતો સુન્નતે મુઅક્કદહ છે. જેનું વર્ણન હઝરત ઉમ્મે હબીબા (રદિ.) અને હઝરત આયશા (રદિ.) ત્થા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ની ઉપરોકત હદીષોમાં આવી ગયું છે તે સિવાય ચાર રકાત બીજી નફિલો પઢવામાં આવે તો છ થઈ જશે. અને બંદો આ હદીષ મુજબ ગુનાહોની માફીની ખુશ ખબરીનો હકદાર બની જશે.**

(١٩١) عَنْ عَائِشَةَؓ قَالَتْ مَاصَلَّى رَسُوْلُ اللّٰهِ ﷺ الْعِشَاءَ قَطُّ فَدَخَلَ عَلَيَّ اِلَّا صَلّٰى اَرْبَعَ رَكْعَاتٍ اَوْسِتَّ رَكْعَاتٍ۔ (رواه ابوداؤد)

**તરજુમોઃ– હઝરત આયશા સિદીકા (રદિ.)થી રિવાયત છે કે કયારેય એવું નથી બન્યું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ઈશાની નમાઝ પઢી (આરામ કરવા માટે) મારી પાસે પધાર્યા હોય, અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ચારરકાત અથવા છ રકાત નમાઝ ન પઢી હોય. (અબૂ દાઉદ શરીફ)**

**ખુલાસો :– ઈશા પછી બે રકાત તો સુન્નતે મુઅક્કદહ છે. જેનું વર્ણન હઝરત ઉમ્મે હબીબા (રદિ.) અને હઝરત આયશા (રદિ.) તેમ હઝરત ઈબ્ને ઉમર (રદિ.)ની ઉપરોકત હદીષોમાં થઈ ચુકયું છે. એમ લાગે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઈશા પછી આરામ ફરમાવતા પહેલાં આ બે રકાત સુન્નતે મુઅક્કદહ સિવાય કદી બે રકાત અને કદી ચાર**

રકાત વધારાની નફિલો પઢતા હતા.

***વિત્ર***

(૧૯૨) عَنْ خَارِجَةَ بْنِ حُذَافَةَؓ قَالَ خَرَجَ عَلَيْنَا رَسُوْلُ اللّٰهِﷺ وَقَالَ اِنَّ اللّٰهَ اَمَدَّكُمْ بِصَلٰوةٍ هِىَ خَيْرٌ لَّكُمْ مِنْ حُمَرِ النَّعَمِ الْوِتْرُ جَعَلَهُ اللّٰهُ لَكُمْ فِيْمَا بَيْنَ صَلٰوةِ الْعِشَاءِ اِلٰى اَنْ يَطْلُعَ الْفَجْرُ۔ (رواه الترمذى وابوداؤد)

તરજુમોઃ– હઝરત ખારિજહ બિન હુઝાફા (રદિ.)થી રિવાયત છે કે એક દિવસ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)(નબવી દરબારથી) બહાર પધાર્યા અને અમને સંબોધી ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ એક બીજી નમાઝ તમને વધારાની અર્પણ કરી છે. તે તમારા માટે લાલ ઉંટોથી બેહતર છે. (જેને તમે દુનિયાની વહાલામાં વહાલી દોલત સમઝો છે) તે વિત્રની નમાઝ છે. અલ્લાહ તઆલાએ તમારા માટે ઈશાની નમાઝ પછીથી લઈ સુબ્હે સાદિક સુધીમાં એ પઢવાની નક્કી કરી છે. (એટલે તે આ લાંબા સમયમાં દરેક ભાગમાં પઢી શકાય છે.)

(૧૯૩) عَنْ بُرَيْدَةَؓ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِﷺ يَقُوْلُ الْوِتْرُ حَقٌّ فَمَنْ لَمْ يُوْتِرْ فَلَيْسَ مِنَّا الْوِتْرُ حَقٌّ فَمَنْ لَمْ يُوْتِرْ فَلَيْسَ مِنَّا الْوِتْرُ حَقٌّ فَمَنْ لَّمْ يُوْتِرْ فَلَيْسَ مِنَّا۔ (رواه ابوداؤد)

તરજુમોઃ– હઝરત અબૂ બુરૈદહ અસ્લમી (રદિ.)થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી પોતે સાંભળ્યું છે કે વિત્રની નમાઝ હક છે. જે વિત્ર ન પઢે તે અમારામાંથી નથી. વિત્રની નમાઝ હક છે. જે વિત્ર ન પઢે તે અમારામાંથી નથી, વિત્ર હક છે જે વિત્ર ન પઢે તે અમારામાંથી નથી. (આ વાત આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ત્રણવાર ઈર્શાદ ફરમાવી.)(અબૂ દાઉદ)

ખુલાસો :– ખુલ્લી વાત છે કે વિત્ર વિષે આ સખત ધમકીના શબ્દો છે. એ જ પ્રકારની હદીષોથી ઈમામ અબૂ હનીફા (રહ.) સમઝયા કે વિત્ર માત્ર સુન્નત જ નથી, બલ્કે વાજિબ છે. એટલે તેનો દરજો ફરજથી ઓછો અને મુઅક્કદાહ સુન્નતોથી વધારે છે.

(۱۹٤) عَنْ اَبِى سَعِيْدٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ نَامَ عَنِ الْوِتْرِ اَوْ نَسِيَهٗ فَلْيُصَلِّ اِذَا ذَكَرَ اَوْ اسْتَيْقَظَ۔ (رواه الترمذى وابوداؤد وابن ماجة)

તરજુમોઃ– હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ વિત્ર છોડી સુતેલો રહી જાય, (એટલે ઉંઘના કારણે તેની વિત્રની નમાઝ કઝા થઈ જાય) અથવા ભુલી જાય, તો જયારે યાદ આવે અથવા જયારે જાગે તે વખતે પઢી લે.

(۱۹٥) عَنْ اِبْنِ عُمَرَؓ عَنِ النَّبِيِّ ﷺ قَالَ اِجْعَلُوْا آخِرَصَلٰوتِكُمْ بِاللَّيْلِ وِتْراً۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે રાતમાં તમારી છેલ્લી નમાઝ વિત્રને બનાવો. (એટલે રાતની નમાઝોમાં તમારી છેલ્લી નમાઝ વિત્રની નમાઝ હોય.

(۱۹٦) عَنْ جَابِرٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ خَافَ اَنْ لَّايَقُوْمَ مِنْ آخِرِ اللَّيْلِ فَلْيُوْتِرْ اَوَّلَهٗ وَمَنْ طَمَعَ اَنْ يَّقُوْمَ آخِرَهٗ فَلْيُوْتِرْ آخَرَ اللَّيْلِ فَاِنَّ صَلٰوةَ آخِرِ اللَّيْلِ مَشْهُوْدَةٌ وَذَالِكَ اَفْضَلُ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જેને એ ડર હોય કે છેલ્લી રાતમાં ઉઠી નહીં શકશે (એટલે ઉંઘી રહેશે) તો તેણે રાતના શરૂમાં જ વિત્ર પઢી લેવા જોઈએ. (એટલે ઈશાની સાથે જ) અને જેને પુરી આશા હોય કે તે (તહજ્જુદમાટે) પાછલી રાત્રે જાગી જશે, તો તેણે પાછલી રાત્રે (તહજ્જુદ પછી) વિત્ર પઢવા જોઈએ. એટલા માટે કે તે વખતની નમાઝમાં રહમતના ફરિશ્તાઓ હાજર હોય છે. અને સમય ઘણી જ ફઝીલત વાળો છે.(મુસ્લિમ શરીફ)

ખુલાસો :– વિત્ર વિષે હુકમ એ જ છે જે બંને હદીષોમાં જણાયો, એટલે વિત્રની નમાઝ રાતની બધી નમાઝો પછી છેલ્લે પઢવામાં આવે. એટલે નફિલોની પણ પાછળ, બીજુ એ કે જે કોઈને પાછલી રાત્રે ઉઠવાનો આત્મ વિશ્વાસ હોય તે વિત્ર શુરૂ રાતમાં ન પઢે. બલ્કે પાછલી રાત્રે તહજ્જુદ સાથે

પઢે, અને જેને ભરોષો જ ના હોય, તે શરૂ રાતમાં જ પઢી લે.

પરંતુ અમૂક સહાબા (રદિ.)ને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેની ખાસ હાલત જોઈ શુરૂ રાત્રે જ વિત્ર પઢી લેવાની સુચના આપી હતી. હઝરત અબૂ હુરૈરહ (રદિ.) પણ તે લોકોમાં જ હતા. સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં તેમનું બયાન મોજૂદ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મને અમૂક ખાસ વસિયતો ફરમાવી હતી તેમાંથી એક આ પણ હતી કે હું શરૂ રાતમાં જ વિત્ર પઢી લઉં.

(١٩٧) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ اَبِى قُبَيْسٍ قَالَ سَأَلْتُ عَائِشَةَ بِكَمْ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يُوْتِرُ؟ قَالَتْ كَانَ يُوْتِرُ بِاَرْبَعٍ وَثَلٰثٍ وَّسِتٍّ وَّثَلٰثٍ وَّثَمَانٍ وَثَلٰثٍ وَّعَشْرٍ وَّ ثَلٰثٍ وَلَمْ يَكُنْ يُوتِرُ بِاَنْقَصَ مِنْ سَبْعٍ وَلَا بِاَكْثَرَ مِنْ ثَلٰثَ عَشْرَةَ۔

(رواه ابوداؤد)

તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન અબી કુબૈસ તાબીઈથી રિવાયત છે કે મેં ઉમ્મુલ મુઅમિનીન હઝરત આયશા (રદિ.)ને પુછયું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) કેટલી રકાત વિત્ર પઢતા હતા? તેમણે ફરમાવ્યું કે ચાર અને ત્રણ અને છ અને ત્રણ અને આઠ અને ત્રણ અને દસ અને ત્રણ અને સાત રકાતથી ઓછી અને તેર રકાતથી વધારે વિત્ર ન પઢતા હતા. (અબૂ દાઉદ)

ખુલાસો :– અમૂક સહાબા (રદિ.) તહજ્જુદ અને વિત્રની ભેગી સંખ્યાને પણ વિત્ર જ કહ્યા કરતા હતા, હઝરત આયશા (રદિ.)ની પણ એ જ રીત હતી. તેમણે આ હદીષમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબી કુબૈસના સવાલનો જવાબ પણ એ જ કાયદા મુજબ આપ્યો છે. તેમનો મતલબ એ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વિત્રની ત્રણ રકાત પહેલાં તહજ્જુદ કોઈ વાર માત્ર ચાર રકાત પઢતા હતા, કોઈ વાર છ રકાત, કોઈ વાર આઠ રકાત, અને કોઈ વાર દસ રકાત પરંતુ ચારથી ઓછી અને દસથી વધારે તહજ્જુદ પઢવાનો આપનો મામૂલ ન હતો, અને તહજ્જુદની તે રકાતો પછી જ આપ વિત્રની ત્રણ રકાતો પઢતા હતા.

# હઝરત ઈસા અલૈ.

## ચમત્કારિક જન્મ અને એમનું મહાન સ્થાન

–મુફતી ફરીદ અહમદ કાવી

بسم اللہ الرحمٰن الرحیم

إِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ يٰمَرْيَمُ إِنَّ اللّٰهَ يُبَشِّرُكِ بِكَلِمَةٍ
مِّنْهُ ۖ اسْمُهُ الْمَسِيْحُ عِيْسَى ابْنُ مَرْيَمَ وَجِيْهًا فِي
الدُّنْيَا وَالْاٰخِرَةِ وَمِنَ الْمُقَرَّبِيْنَ ﴿٤٥﴾ وَيُكَلِّمُ
النَّاسَ فِي الْمَهْدِ وَكَهْلًا وَّمِنَ الصّٰلِحِيْنَ ﴿٤٦﴾ قَالَتْ
رَبِّ اَنّٰى يَكُوْنُ لِيْ وَلَدٌ وَّلَمْ يَمْسَسْنِيْ بَشَرٌ ؕ قَالَ
كَذٰلِكِ اللّٰهُ يَخْلُقُ مَا يَشَآءُ ؕ اِذَا قَضٰٓى اَمْرًا فَاِنَّمَا
يَقُوْلُ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٤٧﴾ وَيُعَلِّمُهُ الْكِتٰبَ
وَالْحِكْمَةَ وَالتَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ﴿٤٨﴾ وَرَسُوْلًا اِلٰى بَنِيْٓ
اِسْرَآءِيْلَ ۙ اَنِّيْ قَدْ جِئْتُكُمْ بِاٰيَةٍ مِّنْ رَّبِّكُمْ ۙ اَنِّيْٓ
اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّيْنِ كَهَيْئَةِ الطَّيْرِ فَاَنْفُخُ فِيْهِ
فَيَكُوْنُ طَيْرًا ۢ بِاِذْنِ اللّٰهِ ۚ وَاُبْرِئُ الْاَكْمَهَ
وَالْاَبْرَصَ وَاُحْيِ الْمَوْتٰى بِاِذْنِ اللّٰهِ ۚ وَاُنَبِّئُكُمْ بِمَا
تَاْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ ۙ فِيْ بُيُوْتِكُمْ ؕ اِنَّ فِيْ ذٰلِكَ
لَاٰيَةً لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٤٩﴾ وَمُصَدِّقًا لِّمَا
بَيْنَ يَدَيَّ مِنَ التَّوْرٰىةِ وَلِاُحِلَّ لَكُمْ بَعْضَ الَّذِيْ
حُرِّمَ عَلَيْكُمْ وَجِئْتُكُمْ بِاٰيَةٍ مِّنْ رَّبِّكُمْ ۟ فَاتَّقُوا
اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿٥٠﴾ اِنَّ اللّٰهَ رَبِّيْ وَرَبُّكُمْ فَاعْبُدُوْهُ ؕ
هٰذَا صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿٥١﴾

તરજમહ : (યાદ કરો) જ્યારે ફરિશ્તાઓએ કહ્યું, હે મરયમ (અલૈ.) ! બેશક, અલ્લાહ તમને તેના એક કલિમહ (નિશાની)ની ખુશખબરી આપે છે, જેનું નામ મસીહ ઈસા ઈબ્ને મરયમ હશે. જે દુનિયા અને આખિરતમાં ઈઝઝતવાળા અને અલ્લાહના નિકટના બંદાઓમાં ગણાશે. (૪૫) અને લોકો સાથે વાત કરશે માંના ખોળામાં પણ અને પુખ્ત વયે પણ, તેમજ નેક લોકોમાંથી હશે. (૪૬) મરયમ (અલૈ.)એ બોલ્યાં : હે મારા પરવરદિગાર ! મને પુત્ર કેવી રીતે થશે, જયારે કે મને તો કોઈ પુરુષ અડયો પણ નથી ? ફરમાવ્યું કે આવી રીતે જ અલ્લાહ જે ચાહે છે તે પેદા કરે છે. જ્યારે તે કોઈ વસ્તુને પૂરી કરવા ચાહે છે તો તેને કહે છે : "થઈ જા" તો તે વસ્તુ થઈ જાય છે, (૪૭) અને અલ્લાહ તઆલા એમને કિતાબ, હિકમત, અને તવરાત તેમજ ઈન્જીલનું

ઈલ્મ આપશે. શીખવશે. (૪૮) અને તેમને બની ઈસ્રાઈલ તરફ સંદેશવાહક બનાવીને મોકલશે કે, બેશક હું તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી એક નિશાની લઈને આવ્યો છું. હું તમારી સામે માટી વડે પક્ષી જેવું પૂતળું બનાવીશ પછી એમાં ફૂંક મારીશ તો તે અલ્લાહના હુકમથી (સાચુકલું) પક્ષી બની જશે. ઉપરાંત અલ્લાહના હુકમથી હું જન્મજાત આંધળાને અને તેમજ કોઢવાળાને સાજો કરું છું અને મુરદાઓને પણ જીવતા કરું છું. અને તમે તમારા ઘરોમાં જે કંઈ ખાઓ છો તેમજ જે કંઇ સંઘરો છો, તે પણ તમને બતાવી શકું છું. જો તમે ઈમાન લાવવા ચાહતા હોવ તો આ બધી બાબતોમાં તમારા માટે નિશાની છે. (૪૯) અને હું મારા પહેલાંની કિતાબ તવરાતનું સમર્થન કરું છું અને એટલા માટે (પણ આવ્યો છું) કે તમારા માટે અમુક તે વસ્તુઓ હલાલ કરી દઉં જે તમારા ઉપર હરામ કરવામાં આવી હતી અને હું તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી નિશાની લઈને આવ્યો છું, માટે તમે અલ્લાહથી ડરો અને મારી તાબેદારી કરો. (૫૦) બેશક, અલ્લાહ મારો અને તમારો પરવરદિગાર છે માટે એની બંદગી કરો, આ જ સીધો રસ્તો છે. (૫૧)

તફસીર : હઝરત મરયમ અલૈ. હજુ કુંવારા હતાં, અમુક તફસીરકારોના લખવા મુજબ વિવાહ નક્કી થઈ ગયા હતા. અને એવામાં શાદી વગર અલ્લાહની નિશાની સ્વરૂપે એમની કુખે એક નેક પુત્ર જન્મવાની ખુશખબરી આપવામાં આવી. આમ બાપ વગર પુત્રની પેદાઈશ અલ્લાહની નિશાની બતાવવા માટે હતી એટલે એમને કુરઆનમાં 'કલિમતુલ્લાહ' કહેવામાં આવે છે. કુરઆનમાં આ પુત્રનો લકબ 'મસીહ' બતાવવામાં આવ્યો, એટલે કે બરકતના સ્પર્શ વાળો. સાથે જ નામ પણ 'ઈસા' બતાવી દેવામાં આવ્યું. અને નામમાં બાપના બદલે વાલિદહનું નામ કુરઆનમાં જ જોડી દેવામાં આવ્યું, જેથી આ બાબત સ્પષ્ટ થઈ જાય કે એમની પેદાઈશ બાપ વગર ફકત માની કુખે અલ્લાની નિશાની સ્વરૂપે છે. અને પછી આ જ આયતમાં એમના ઉચ્ચ સ્થાનનું વર્ણન છે કે તેઓ દુનિયા – આખિરતમાં ઉચ્ચ સ્થાન વાળા છે અને અલ્લાહના નેક બંદાઓમાં એમનો શુમાર છે. આમ એટલા માટે સ્પષ્ટ કરવામાં આવ્યું કે, યહૂદીઓ હઝ. મરયમ અલૈ. અને હઝ. ઈસા અલૈ. ઉપર અનેક પ્રકારની તોહમતો મુકીને એમને બદનામ કરે છે, એનું ખંડન થઈ જાય.

પછીની આયતમાં એમની એક બીજી ખૂબી અને મોઅજિઝહનું વર્ણન છે.

અલ્લાહ તઆલાએ એમને બચપણથી જ વાતચીત કરવાને કાબેલ બનાવી દીધા હતા, અને ૧૨ વરસની ઉમરે તો એવી સુંદર રીતે દીનની તબલીગ કરતા હતા કે લોકો નવાઈ પામી જતા. આ જ સુંદરતાથી તેઓ મોટી ઉમરે પણ દીનની વાત લોકોને સમજાવતા રહયા. અને તેઓની ગણના પણ અલ્લાહના નેક બંદાઓમાં છે. હઝરત ઈસા અલૈ. વિશે જણાવવામાં આવ્યું કે તેઓ માં ના ખોળામાં અને પુખ્ત વયે વાતચીત કરશે, એનાથી સ્પષ્ટ રીતે સમજમાં આવે છે કે તેઓ પણ એક 'માણસ' હતા, અને માણસ તરીકે જ ઉમરના વિવિધ દરજાઓથી પસાર થયા હતા. આમ આ આયતમાં એક તરફ હઝરત ઈસા અલૈ.નું અપમાન કરતા યહૂદીઓને જવાબ છે કે તેઓ અલ્લાહના નેક બંદા હતા, તો બીજી તરફ એમને ખુદા કે ખુદાના પુત્ર માનતા ઈસાઈઓનું પણ ખંડન છે કે હઝરત ઈસા. અલૈ. 'માનવી' હતા. એમને ખુદા કે ખુદાના પુત્ર માનવું ખોટું છે.

હઝરત મયરમ અલૈ.ને ફરિશ્તાની દ્વારા અલ્લાહની ખુશખબરી સાંભળીને ખુદાની કુદરતનું યકીન તો થઈ ગયું, પણ આ એક નવાઈની વાત હતી, એટલે હેરત અને અંચબાના કારણે સીધી રીતે અલ્લાહ તઆલા સમક્ષ અરજ કરી કે, હે મારા રબ ! મને વળી કેવી રીતે પુત્ર જન્મશે ? મને તો હજુ કોઈ પુરૂષ (શોહર) અડયો પણ નથી તો અલ્લાહ તઆલાએ જવાબ આપ્યો કે, શોહરના સહવાસ વગર જ તમને પુત્ર થશે અને અલ્લાહ તઆલા આવી રીતે પણ પુત્ર પેદા કરી શકે છે. અલ્લાહ તઆલા તઆલા જયારે કોઈ વસ્તુ બાબત ચાહે છે કે તે અસ્તિત્વમાં આવે તો ફકત આટલો હુકમ કાફી છે કે, થઈ જા. એટલે તે વસ્તુ અલ્લાહ તઆલાની મરજી મુજબ થઈ જાય છે.

મુફસ્સિર ઉલમાએ લખ્યું છે કે, કોઈ વસ્તુને થઈ જવા માટે 'કુન' એટલે કે થઈ જા, એવો હુકમ આપવાનો મતલબ કોઈ વસ્તુ વિશે અલ્લાહ તઆલાનો ફેસલો છે. અને અલ્લાહ તઆલા એનો નિર્ણય અને ફેસલો લાગુ કરવા માટે માણસોની જેમ કોઈ શબ્દ કે વાકય ઉચ્ચારવાના પણ મોહતાજ નથી. બાકી અલ્લાહ તઆલા કેવી રીતે ફેસલો કરે છે કે હુકમો આપે છે એ અલ્લાહની શાનની વાત છે, એની હસ્તી જ આપણી સમજથી ઉપરની છે તો એના કાર્યો કરવાની રીત પણ આપણી સમજ બહારની વાત છે.

મવલાના દરયાબાદી રહ. લખે છે કે હઝરત ઝકરિય્યા અલૈ.ને ઘડપણમાં

પુત્રની ખુશખબરી આપવામાં આવી તો એમને પણ નવાઈ લાગી હતી અને અરજ કરી હતી કે આ કેવી રીતે થશે ? અલ્લાહ તઆલાએ ત્યારે ફરમાવ્યું, અલ્લાહ તઆલા જે ચાહે તે કરે છે. (كذلك يفعل الله ما يشاء) અને અહિંયા ફરમાવ્યું : અલ્લાહ જે ચાહે છે તે પેદા કરે છે. ( كذلك الله يخلق ما يشاء). આમ બન્ને કિસ્સાઓમાં અલગ અલગ શબ્દો દર્શાવે છે કે બન્ને કિસ્સાઓમાં સંજોગો પણ નોખા હતા. હઝરત ઝકરિય્યા અલૈ.ના કિસ્સામાં પુત્રનો જન્મનો કુદરતના નિયમ મુબજ પતિ – પત્નિના સહવાસ થકી જ થવાનો હતો. અલબત્ત ઘડપણના કારણે એમને નવાઈ હતી. અને આ કિસ્સામાં તો શોહરના સહવાસ વગર જ પુત્ર જન્મવાની વાત છે એટલે અલ્લાહ તઆલાએ સ્પષ્ટ રીતે ફરમાવ્યું કે અલ્લાહ જેમ ચાહે તે રીતે પેદા કરી શકે છે.

પછી આયત નં ૪૮ માં છે કે અલ્લાહ તઆલા એમને આસમાની કિતાબોનું ઈલ્મ આપશે. ખાસ કરીને તવરાત કિતાબ આપવામાં આવશે અને હિકમત એટલે કે દીનના અન્ય હુકમો અને અખ્લાક વગેરે બાબતો પણ એમને શીખવાડવામાં આવશે.

મુફસ્સિરીન લખે છે કે આ આયતથી બે વાતો બીજી પણ સમજમાં આવે છે. આ આયત થકી અલ્લાહ તઆલા હઝરત મરયમ અલૈ.ને તસલ્લી આપે છે કે આવી રીતે પુત્ર પેદા થશે તો એને બદનામી નહીં, બલકે ઘણી વધારે ઈઝઝત મળવાની છે. અને બીજી આ કે અલ્લાહ તઆલા નબીઓને 'આસમાની કિતાબ' ઉપરાંત બીજી વાતો પણ લોકોની ભલાઈ માટે શીખવાડે છે, એટલે આસમાની કિતાબ સિવાયના નબીઓના કથનો અને તાલીમનો ઈન્કાર કરવો ખોટું છે.

પછીની આયતમાં છે કે, તેઓ બની ઈસરાઈલ કોમના રસૂલ હશે.

આ પણ હઝરત ઈસા અલૈ.નું એક સન્માન છે. આ આયતથી બીજી વાત એ સમજમાં આવે છે કે હઝરત ઈસા અલૈ. ફકત એક વિશેષ કોમ એટલે કે બની ઈસરાઈલના નબી હતા. આ કોમની સુધારણા માટે જ એમને નબી બનાવવામાં આવ્યા હતા. મવલાના દરયાબાદી લખે છે કે, વર્તમાન બાઈબલમાં પણ આ વાત સ્પષ્ટ મોજૂદ છે અને બે હઝાર વરસ પછી આજે પણ બાઈબલના વિદ્વાનો સ્વીકાર કરે છે કે ધર્મ પ્રચાર માટે વર્તમાન ઈસાઈઓની મીશનરી પ્રવૃતિઓ, પાછળના કોઈ વ્યકિતના ભેજાની ઉપજ છે.

ઈન્સાઈકલોપીડીયા બ્રિટાનિકામાં છે કે હઝરત ઈસા અલૈ.એ બની ઈસરાઈલ સિવાય બીજી કોમના લોકોને પોતાના અનુયાયી નથી બનાવ્યા. બલકે એમના હવારીયો અને અનુયાયીઓને પણ કદી એનો વિચાર નથી આવ્યો.

ત્યાર પછી આયત નં ૪૯ માં હઝરત ઈસા અલૈ.એ અલ્લાહ તરફથી એમને આપવામાં આવેલ અનેક મોઅજિઝહનું વર્ણન કર્યુ છે. મોઅજિઝહ અલ્લાહ તઆલા તરફથી નબીઓને એમની નુબુવ્વતની નિશાની સ્વરૂપે આપવામાં આવે છે. આ મોઅજિઝહ વર્ણવવા દરમિયાન હઝરત ઈસા અલૈ. ફરમાવે છે કે આ 'બિઈઝનિલ્લાહ' એટલે કે 'અલ્લાહના હુકમથી' છે. કુરઆનમાં જ આ શબ્દ છે, જેનાથી સાબિત થયું કે જો અલ્લાહનો હુકમ ન હોત તો ઈસા (અલૈ.) કદી પણ પોતાની મેળે આ કામ કરી શકત નહિ. હઝરત ઈસા (અલૈ.)ના તરફથી તો માત્ર આકાર બનાવીને ફૂંક મારવું હતું, પણ અસલમાં ઉત્પન્ન કરનાર તો અલ્લાહ તઆલા જ હતા. એ કારણથી જ આપે એમ ન ફરમાવ્યું કે હું માટીથી પક્ષી બનાવું છું.

હઝરત ઈસા (અલૈ.)ના જમાનામાં હકીમો (વૈદો)નું ઘણું જોર હતું, તેથી આપને એવા મુઅજિઝા આપવામાં આવ્યા જે તેઓના ગર્વપાત્ર ધંધા અને ફનની બાબતોમાં પણ હઝરત ઈસા (અલૈ.)ની શ્રેષ્ઠતા સાબિત કરી આપે તો હઝરત ઈસા (અલૈ.)થી આવા અનેક મુઅજિઝા જાહેર થયા. રિવાયતમાં છે કે હઝરત ઈસા (અલૈ.)એ ચાર મુરદાઓને સજીવન કર્યા તે પૈકી એક હઝરત નૂહ (અલૈ.)ના પુત્ર સામ પણ હતા. જેમની વફાતને લગભગ ચાર હજાર વર્ષ વીતી ગયાં હતાં. તે સજીવન થવા પછી હઝરત ઈસા (અલૈ.)ની દુઆથી પાછા મરણ પામ્યા અને બીજા ત્રણ લાંબો વખત જીવ્યાં, તેમની અવલાદ પણ થઈ હતી. (ગુજરાતી તરજમએ કુરઆન)

હઝરત ઈસા અલૈ. પહેલાં હઝરત મૂસા અલૈ. નબી હતા. એમને તવરાત કિતાબ આપવામાં આવી હતી. એમાં અમુક હુકમો ઘણા સખત હતા. એમાંથી અુમક બાબતો હઝરત ઈસા અલૈ. દ્વારા સરળ કરવામાં આવી અને હરામ ઠેરવવામાં આવેલ વસ્તુઓ હલાલ કરવામાં આવી. આ બાબત પણ લોકોને એક એહસાન અને ઈનામ તરીકે બતાવીને એમને દાવત આપવામાં આવી કે તમારે ઈસા અલૈ. ઉપર ઈમાન લાવવું જોઈએ અને અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજાની ઈબાદત કરવી ન જોઈએ.

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## મકાન – ઝમીન ખરીદ કર કબ્જે સે પેહલે બેચ દેના

સવાલ : કયા ફરમાતે હે ઉલમાએ કિરામ ઔર મુફતિયાને શરએ મતીન ઝેલ કે મસ્અલે મેં :

આજ કલ ઝમીન, મકાન કી ખરીદ વ ફરોખ્તમેં કબ્જે સે પહેલે ઉસે બેચને કા તરીકા બહુત ઝયાદા રાઈજ હે. મિસાલ કે તોર પર મેંને એક મકાન ખરીદા, જિસ્કી કીંમત ૫ લાખ તય હૂઈ ઓર એક લાખ રૂપિયે બૈઆને કે તૌર પર દિયે, ઓર બાકી રૂપિયે સાત મહીને પર અદા કરના તય હુવા, અભી મકાન પર કબજા ભી નહી હુવા, સાત મહીને કી મુદ્દત પુરી હોને સે પેહલે ઉસ મકાન કા એક ખરીદાર આયા, તો કયા મેં ઉસ મકાન કો કબજા કરને સે પેહલે ઓર બાકી ૪ લાખ રકમ અદા કરને સે પેહલે બેચ સકતા હું કે નહીં ? ઓર કયા બૈઆના (બાના) કે તોર પર રકમ દેને કે બાદ સોદા મુકમ્મલ ઓર તામ હો જાતા હે ?

મઝકૂરા સવાલાત કે જવાબાત મુદલ્લલ અતા ફરમા કર શુક્રીયા કા મૌકા અતા ફરમાવે.

જવાબ : حامدًا ومصليًا ومسلمًا :

શરઈ તોર પર ઝમીન, મકાન વગેરા ગેર મન્કૂલી (જો એક જગા સે દુસરી જગા મુન્તકિલ ન હો સકતી હો) ચીઝોં કે ખરીદો–ફરોખ્ત કા મુઆમલા મુકમ્મલ હોને કે બાદ કબ્જા હોને સે પેહલે ખરીદને વાલે કે લીયે દુસરો કો ફરોખ્ત કરના, બેચના જાઈઝ હય. (દુર્ર–શામીઃ ૪/૧૮૧)

મસાઈલે બહેશ્તી ઝેવર મેં હે: ‘‘ઝમીન ઓર મકાન વગેરહ કે અલાવા ઓર જિત્ની ચીઝેં હેં, ઉન્કે ખરીદને કે બાદ જબ તક કબ્જા ન

કરલે, તબ તક ઉન્કો ફરોખ્ત કરના દુરૂસ્ત નહીં હય". (૨/૪૦)

દૂસરી બાત યે હે કે જમીન, મકાન કા સોદા મુકમ્મલ હો જાને કે બાદ, સોદા કો પુખ્તા ઓર મુસ્તહકમ કરને કે લીયે બૈઆના– બાના કે તોર પર કુછ રકમ પેશગી એડવાન્સ, ફરોખ્ત કરને વાલે પક્ષ કો દી ગઈ હો, તો ઐસી સૂરતમેં સોદા મુકમ્મલ હો ગયા. (હિદાયાઃ ૩/૧૯ મ.બિલાલ, ફતાવા મહમૂદીય્યહઃ ૧૬/૧૬૮ જદીદ–કરાચી)

સવાલમેં મજકૂર સૂરતમેં મકાન ખરીદીકા સોદા મુકમ્મલ હો ગયા હય, સોદા કા મુકમ્મલ હોના બાકી ચાર લાખ રૂપિયે અદા કરને પર મૌકૂફ નહી હય, તો એસી સૂરતમેં આપ કે લીયે મઝકૂર મકાન કો કબ્ઝા કરને સે પેહલે દુસરે શખ્સ કો ફરોખ્ત કરના જાઈઝ હે, બૈઆના– બાના કે તોર પર રકમ દેના સોદા કો પુખ્તા કરને કી ગરઝ સે હો તો સોદા મુકમ્મલ સમજા જાએગા, જેસા કે તફસીલે બાલાસે માલૂમ હોતા હે. વલ્લાહુ તઆલા અ'અલમુ બિસ્સવાબ.

તા.કલમઃ ઝમીન–જાઈદાદ કા સોદા મુકમ્મલ હોને કે બાદ, કબ્ઝા હોને સે પેહલે આગે ફરોખ્ત કરને કા જવાઝ અરબી, ઉર્દૂ ફિકહ–ફતાવા કી કિતાબોંમેં મુસર્રહ હય.

وفی الدر: (صح بیع عقار لایخشی هلاکه قبل قبضه) من بائعه لعدم الغرر لندرة هلاك العقار حتی لو كان علوا أو علی شط نهر ونحوه كان كمنقول(فلا) يصح اتفاقًا۔

وفی الشامیه: (صح بیع عقار الخ) أي عندهما وقال محمد: لایجوز (۱۸/٤) وفي شرح المجلة: للمشترى أن بيع البيع من آخر قبل قبضه إن كان عقارًا وإن كان منقولا فلا (ماده: ۱۲۸/۲۵۳) وفی الهندیه: ویجوز بیع العقار قبل القبض عند ابی حنیفة وابی یوسف وقال محمد: لایجوز (۷۹/۳)

ઉર્દૂ ફતાવામેં મુલાહઝ કિજીએ (ફતાવા દારૂલ ઉલૂમઃ ૧૪/૨૮૨,

ઈઝા હુન્નવાદિરઃ ૭૨)

*(તા.૧૯/મુહર્રમ ૧૪૩૨ હિજરી– ૨૬/૧૨/૨૦૧૦ ઈ.)*

## *બાપની હયાતીમાં બાપના માલનો હુકમ અને વહેંચણીની રીત*

સવાલ : સલામ બાદ જણાવવાનું કે અમારા ઘરના સાત વ્યકિત માં, બાપ, બે ભાઈ અને ત્રણ બહેનો છે, માં, બાપ હાલમાં તંદુરસ્ત છે, અબ્બાની ઉમર લગભગ ૭૫ વર્ષ છે. એક ભાઈ અસ્થિર મગજનો છે, બીજા ભાઈની શાદી થયેલ છે, તે અલગ રહે છે એક બહેનની શાદી થયેલ છે બે બહેનો ની શાદી બાકી છે.મિલ્કતમાં ૩૦ વિંગા જમીન, બે મકાનો છે, હવે આ કુલ મિલ્કતમાંથી ભાઈ બહેનોને કેટલુ મળે તે શરીયતની રૂએ જણાવશો.

જવાબ : حامدًا ومصليًا ومسلمًا :

બાપની હયાતી સુધી સમગ્ર મિલકત બાપની છે, એમાં અવલાદ અથવા અન્ય કોઈ વારસદારનો હક લાગતો નથી, માટે તેઓથી મિલકત વહેંચણીની માંગ કરવી દુરૂસ્ત નથી

અલબત્ત જો બાપ પોતાની હયાતીમાં પોતાના માલની વહેંચણી કરવા ઈચ્છે તો કરી શકે છે, આવી સૂરતમાં બાપ પોતાના માટે જેટલો માલ લેવા ચાહે લઈ શકે છે, પોતાના જીવન જરૂરિયાતને અનુલક્ષીને તે મુજબ પોતાના માટે માલ કાઢી લેવો બહેતર છે, ત્યાર બાદ બાકી જે માલની વહેંચણી કરવી હોય, તેનો આઠમો ભાગ અથવા જરૂરતના મુવાફિક પોતાની પત્નિ કિંવા આપની વાલિદહને આપે અને વધેલ માલના પાંચ (૫) ભાગો કરી, દરેક ભાઈ–બહેન (છોકરા–છોકરી)ને એક–એક ભાગ આપી દેવામાં આવે.

*(ફ.રહીમીય્યહઃ ૯/૩૧૨,૩૨૪, ફ.દારૂલ ઉલૂમઃ ૧૫/૨૩૭)*

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.*

*(તા.૨૮/૧૨/૧૪૩૧– ૫/૧૨/૨૦૧૦ ઈસ્વી)*

---

મુફક્કિરે મિલ્લત હઝરત મવલાના અબ્દુલ્લાહ સા. કાપોદ્રવી (રહ.)

દ્વારા સ્વલિખિત જીવન ઝરમર

# સેવાઓ અને સિદ્ધિઓનો ઘટનાક્રમ

---

**જન્મ અને પરિવાર :**

માનનીય વાલિદ સા.નું મૂળ વતન જીતાલી (તા. અંકલેશ્વર, જિ.ભરૂચ, ગુજરાત) છે. અંગ્રેજોના સમયમાં દરેક ગામના પટેલ (મુખીઓ) પાસે ખાસી સત્તા હતી. તેને ગામનો મુખી (સરપંચ) સમજવામાં આવતો, લાંબા સમયથી ગામની આગેવાની અમારા કુટુંબ પાસે હતી. ઈ.સ ૧૮૭૫માં માનનીય દાદાનો જન્મ થયો અને ઈ.સ.૧૯૯૦ માં તેમનું અવસાન થયું, દાદાનું નામ હુસૈન કાસિમ પટેલ હતું, તેઓ એકદમ સીધું સાદું જીવન ગુઝારતા હતા, આખાયે વિસ્તારમાં તેઓ પ્રતિષ્ઠિત અને અગ્રણી વ્યકિત ગણાતા હતા. દાદાને પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ હતી, પુત્રોના નામ : ઈબ્રાહીમ, મુહમ્મદ, ઈસ્માઈલ, મૂસા અને અહમદ હતા. આખું પેઢીનામું ગુજરાતી અને અંગ્રેજીમાં પ્રકાશિત થઈ ચુકયું છે.

દાદાના ઈન્તેકાલના સમયે મારા માનનીય પિતા ૧૦ / ૧૧ વર્ષના હતા, જુનાગઢ નગરમાં કાકા સાથે રહી અંગ્રેજી ભણતા હતા, પરંતુ અમુક કારણોસર ત્યાંથી તાલીમ છોડી નોકરીએ લાગી ગયા. નજીકના ગામડાની એક ગુજરાતી શાળામાં માસ્તર (ટીચર) તરીકે સેવા બજાવવા લાગ્યા.

થોડો સમય નોકરી કર્યા પછી તેમના મિત્ર માસ્તર સાહેબના આગ્રહથી 'બર્મા' પ્રતિ સફર કરવાનો ઈરાદો કર્યો. તે સમયે બર્મા વેપારી મથક હતું, વાલિદ સાહેબે રંગૂન સહિત અન્ય શહેરોમાં કામ કર્યું.

કાપોદ્રામાં વાલિદ સાહેબના સગા મામા જનાબ ઈબ્રાહીમ કાસિમ પટેલ રહેતા હતા, કાપોદ્રાના પટેલોમાં તેમની ગણના થતી હતી. તેમની એકની એક દિકરી 'આમેના' સાથે માનનીય વાલિદ સા.ના વિવાહ થયા અને નાના સા. ના કહેવાથી કાપોદ્રામાં મકાન ખરીદી લીધું.

ઈ.સ. ૧૯૨૫ સુધી બર્મામાં રહયા, ત્યાર પછી ભારત આવી ગયા. અને પોતાના સગા ભાઈ જનાબ મુહમ્મદ પટેલ સાથે અંકલેશ્વર ખાતે સંયુકત

વેપારમાં ઝંપલાવ્યું. પરંતુ તેમાં કંઈ ખાસ સફળતા મળી નહીં, જેથી ચાર પાંચ વર્ષ વેપાર કર્યા પછી ફરી પાછા બર્મા ચાલ્યા ગયા.

બર્મામાં શાનસ્ટેટ રાજયના હેહો (HEHO) નામક શહેરમાં વેપાર શરૂ કર્યો, ઈ.સ. ૧૯૩૩ (સ.હિ. ૧૩૫૨)માં મારો જન્મ થયો. મારાથી મોટી પાંચ બહેનો હતી કોઈ છોકરો ન હતો જેથી મારા જન્મથી પરિવારમાં ખૂશી છવાય ગઈ હતી.

બર્મામાં ઉલમાએ કિરામ સાથે વાલિદ સા.નો અકીમદમંદીનો સંબંધ હતો. અને ભારતમાં હઝરત મવલાના ઈસા સા. (રહ.) (ખલીફાઃ હઝરત અકદસ મવલાના અશરફ અલી થાનવી રહ.) સાથે પણ પત્ર વ્યવહારનો સંબંધ ચાલુ હતો. ઉપરાંત જાતે હકીમુલ ઉમ્મત હઝરત થાનવી (રહ.)ને પણ કયારેક કયારેક પત્ર લખતા. આ સૌ બુઝુર્ગો પાસે મારા માટે દુઆઓ કરાવતા.

વાલિદ સા.ના જુના પત્રો પૈકી એક પત્ર તારીખઃ ૬ / શવ્વાલ હિ.સ. ૧૩૫૩નો છે. જેમાં માનનીય વાલિદ સાહેબે હકીમુલ ઉમ્મત હઝરત થાનવી (રહ.)ને દુઆની દરખાસ્ત કરી છે. હઝરતે હાશિયા પર દુઆઓ લખી છે.

મારી ઉમર લગભગ બે – અઢી વર્ષની હશે ત્યારે ઈ.સ. ૧૯૩૫ના અંતમાં વાલિદ સા. પુનઃ બાર્માથી ભારત આવતા રહયા.

આ ઝમાનામાં હઝરત હકીમુલ ઉમ્મત મવલાના અશરફ અલી થાનવી (રહ.) ની શોહરત દેશના ખૂણે ખૂણે ફેલાએલી હતી. વાલિદ સા. બહુ પેહલાં પત્ર મારફતે તેમનાથી બયઅત થઈ ચુકયા હતા. હવે ઈજાઝત તલબ કરીને થાનાભુવન પણ ગયા અને પોતાના શેખના ફૈઝથી ઘણો ફાયદો ઉઠાવ્યો.

તે સમયમાં ડાભેલમાં અલ્લામા શબ્બીર અહમદ ઉસ્માની (રહ.), અલ્લામા બદરે આલમ મેરઠી (રહ.), અલ્લામા અનવર શાહ કશ્મીરી (રહ.) પણ તશ્રીફ લાવ્યા હતા, વાલિદ સા. તેમની ખિદમતમાં પણ જતા હતા.

અલ્લામા બદરે આલમ મેરઠી (રહ.), અલ્લામા બિન્નોરી (રહ.) અને મુફતી મેહદી હસન સા. (રહ.)ને કાપોદ્રા આવવાનું આમંત્રણ પણ વારંવાર આપતા રેહતા હતા. રાંદેરના ઉલમા પૈકી મવલાના મુહમ્મદ હુસૈન સા. (રહ.), મવલાના હકીમ ઈબ્રાહીમ સાહબ (રહ.) અને મવલાના મુહમ્મદ અશરફ સા. (રહ.) વગેરે સાથે અમારા સારા સંબંધો હતા.

વાલિદ સાહેબ વધારે પઢેલા ન હતા, પરંતુ કુર્આન મજીદની તિલાવતની પાબંદી, દીની પુસ્તકોનો સતત અભ્યાસ અને ઉલમા અને દીનદાર લોકાના સહવાસના કારણે ખાસા જાણકાર હતા અને અકીદાઓ તેમ આમાલના ઘણા પાબંદ હતા.

અકાબીરના સહવાસનું પરિણામ એ આવ્યું કે વાલિદ સાહેબ મારી તરબીયત પર વિશેષ ધ્યાન આપતા. જેથી બાળપણથી જ જમાઅત સાથે નમાજની પાબંદી અને તિલાવતની આદત પડી ગઈ. (જઝાકુમલ્લાહુ અહસન જઝા)

જીતાલી ખાતે રહેતા અમારા પરિવારમાં સામાન્ય રીતે ઉચ્ચ અંગ્રેજી તાલીમનો રિવાજ હતો. જેથી મારા અમુક કાકા જજ હતા, કોઈ મામલતદાર હતા, કોઈ ફૌજી હતા અને તેમના પુત્રો વકીલ હતા, જેથી પરિવારજનોનો વિચાર મને પણ અંગ્રેજી તા'લીમ અપાવવાનો હતો. વાલિદ સાહેબને વારંવાર આગ્રહ કરતા કે આને કોઈ સારી શાળામાં દાખલ કરી દો, પરંતુ વાલિદ સાહેબે મને દીની તા'લીમ અપાવવાની નિય્યત કરી લીધી હતી, આર્થિક હાલત પણ સારી હતી, જેના લઈ મને ઈંગ્લીશ શિક્ષણ અપાવી આફ્રિકા મોકલી આપતા કે સરકારી નોકરીની કોશિશ કરી શકતા હતા, પરંતુ તેમણે સમગ્ર જીવન તકલીફો અને દુઃખો સહન કરી મને દીની તાલીમના માર્ગે સખત મહેનત અને પરિશ્રમ કરવાની પ્રેરણા આપતા.

તે સમયે મને એનો એહસાસ ન હતો થતો કે વાલિદ સાહેબે કેટલી મોટી કુરબાની આપી છે. પરંતુ અત્યારે હું તે પરિસ્થિતિઓ વિશે વિચારું છું તો માતા – પિતા માટે મારે મારા મુખેથી દુઆઓ સરી પડે છે કે દુન્યવી રાહતોને ત્યાગી તેમણે મને આ મુબારક ઈલ્મ પ્રાપ્તિમાં લગાડયો. અલહમ્દુલિલ્લાહ !

જો વાલિદૈનની આ અડગતા ન હોત તો આજે હું પણ કોઈ સરકારી નોકરી કરતો હોત, કે પછી આફ્રિકામાં હોત. અલ્લાહ તઆલા તેમની મહાન કુર્બાનીને કબૂલ ફરમાવી આખિરતમાં તેમને ઉચ્ચ દરજાઓ નસીબ ફરમાવે. (આમીન)

કાપોદ્રા ગામમાં હઝરત અકદસ થાનવી (રહ.)ના હાથે બયઅત થનારાઓની સંખ્યા ઘણી હતી. આ બધા મારા ફુવા મુહમ્મદ પાંડોર "જે

મોલ્વી સાહેબના નામથી પ્રખ્યાત છે"ના ઘરે ઝોહરથી અસર સુધી હઝરત થાનવી (રહ.)ના મવાઈઝ (બયાનો) નો મુઝાકરો કરતા. ફુવા (કિતાબ) પઢતા હતા અને લોકો સાંભળતા હતા, કયારેક કયારેક એક વિશેષ અદામાં મષનવી પણ પઢતા. હું કદી કદી વાલિદ સાહેબ સાથે આ મુબારક મજલિસમાં ભાગ લેતો હતો. ઘણો નાનો હોવાથી તેમની વાતો તો સમજમાં ન હતી આવતી, પરંતુ મનમાં દીની મદરસામાં દાખલો લઈ દીની તા'લીમ મેળવવાની ભાવના જરૂર જાગૃત થઈ. તેમાં કોઈ શંકા નથી કે આ વિચારોમાં તે મુબારક મજલિસોનો અસર જ હતો.

***<u>વિદ્યાર્થીકાળ અને માનનીય ઉસ્તાઝો :</u>***

પ્રાથમિક તા'લીમ કાપોદ્રા (તા. અંકલેશ્વર, જી. ભરૂચ) ખાતે 'મદ્રસા ઈસ્લામિય્યહ'માં લીધી. મારા સૌ પ્રથમ ઉસ્તાદ માનનીય જનાબ હાફિઝ ઈબ્રાહીમ મુલ્લા (ઉમરવાડા) (રહ.) હતા. અલિફ બાથી મુકમ્મલ કુર્આન મજીદ અને ઉર્દૂ કાઈદહથી તા'લીમુલ ઈસ્લામ, બેહિશ્તી ષમરના બે ભાગ અને ચહલ સબક તેમની પાસે પઢયો. ગામની શાળામાં ધોરણ ૫ સુધી અભ્યાસ કર્યો. ત્યાર પછી આગળ તા'લીમ માટે જામિઅહ ડાભેલમાં દાખલો લીધો.

ફારસી (૧) અને (૨) મવલાના અહમદ દાઉદ કફલેતવી તથા મવલાના અબ્દુલ હય બિન મુફતી ઈસ્માઈલ બિસ્મિલ્લાહ પાસે પઢયો. અરબી (૧) પણ મવલાના અબ્દુલ હય બિસ્મિલ્લાહ ડાભેલી મર્હૂમ પાસે પઢયો. મવલાના અબ્દુલ હય બિસ્મિલ્લાહ (રહ.) ઉર્દૂ ફારસીમાં નિપૂણ અને કાબેલ ઉસ્તાદ હતા. તેઓ ઉર્દૂ તથા ફારસી સારી રીતે સમજાવી શકતા હતા. મારા ઘણા જ શફીક અને મુરબ્બી ઉસ્તાદ હતા, જેથી ફારસીના અભ્યાસક્રમ સિવાય અખ્લાકે મુહસીની અને યુસૂફ ઝુલેખાનો વિશેષ પાઠ આપ્યો. તેમનું મકાન ડાભેલ ગામમાં હતું, પરંતુ ડાભેલ મદ્રસામાં પણ તેમનો એક ખાસ રૂમ હતો જેમાં અરબી, ઉર્દૂ, ફારસીની વિવિધ કિતાબો પડી રહેતી, હું મવલાનો ખાદિમ હોવાના લઈ તેમના રૂમમાં મારે આવર નવાર જવા– આવવાનું થતું, જેથી મવલાના મને વિવિધ કિતાબોના વાંચનની પ્રેરણા આપતા હતા.

એકવાર રૂમમાં મવલાના શિબલી (રહ.) લખેલ એક કિતાબ

"અલ–ફારૂક" હતી, મેં તેનું વાંચન કરવાનું શરૂ કરી દીધું, મને આ કિતાબ પઢવામાં એટલી મજા આવી કે અમુક દિવસો સુધી તેમાં જ મગ્ન રહયો અને કદાચ મને કિતાબ વાંચનનો શોખ આ જ કિતાબથી થયો. "સીરતે ઉમર બિન અ.અઝીઝ" વગેરે જેવી કિતાબોનું પણ એ જ વરસે વાંચન કર્યું.

કિરાઅતની તાલીમ કારી બંદે ઈલાહી મેરઠી (મ.ઝી) અને અમુક મહીના કારી મુહમ્મદ હસન સાહેબ અમરોહી (રહ.) થી લીધી. અરબી (૨)ની કિતાબો નૂરૂલ ઈઝાહ, કુદૂરી, ઈલ્મુસ્સૈગા, બહરૂલ આદાબ, (મિસ્રી) તયસિરૂલ મન્તિક વગેરે કિતાબો હઝરત મવલાના ઈબ્રાહીમ સા. ડાભેલી ઉર્ફે સુફી સાહેબ (રહ.) પાસે પઢયો. સુફી સાહેબ (રહ.) પોતાની તટસ્થતા અને નિયમોની પાબંદી અને સબકોની સંપૂર્ણ તૈયારી કરાવવામાં જાણીતા હતા. પરંતુ અલ્લાહ તઆલાના ફઝલો કરમથી આખું વરસ આફીયત અને સૂફી સાહેબ (રહ.)ની ખૂશનૂદી સહિત પસાર થઈ ગયું. શરૂઆતના એક – બે માસ પછી સૂફી સા. (રહ.) મારા પર વિશ્વાસના લીધે મારો સબક સાંભળતા પણ ન હતા. કદી કદી અમુક પ્રશ્નો અવશ્ય પૂછી લેતા.

દારૂલ ઉલૂમ દેવબંદનો સફર વાલિદ સા.ની અજાણતામાં થયો, હઝરત મુફતી ઈસ્માઈલ બિસ્મિલ્લાહ (રહ.) પણ (જે જામિઅહ ઈસ્લામિય્યહના મુહતમીમ હતા, વળી માનનીય વાલિદ સા. સાથે સંબંધો સારા હોવાથી મારો ઘણો જ ખ્યાલ રાખતા) આ સફરથી ઘણા જ નારાજ હતા, પરંતુ મારા અમુક સહપાઠીઓ જે અરબી શરૂઆતમાં મારી સાથે પઢતા હતા તેઓ દારૂલ ઉલૂમમાં દાખલ થઈ ચાલ્યા ગયા.

આ બુઝુર્ગોની પરવાનગી વિના દેવબંદનો સફર થયો, જેનું નુકસાન મને પછીથી ભોગવવું પડયું. (અલ્લાહુમ્મગ્ફિર્લી ઝમ્બી)

દેવબંદનો આ સફર ઈ.સ. ૧૯૪૮માં થયો. જે દેશના વિભાજન પછીનું વર્ષ હતું અને હિન્દુ – મુસ્લિમ હિંસાઓ આખા ભારતમાં ફાટી નિકળી હતી. દેવબંદમાં બે મહીના તો આમ જ પસાર થયા, ત્યાર પછી કન્ઝ અને શર્હે જામીની જમાઅતમાં દાખલો થયો, "કન્ઝુદકાઈક" મવલાના નસીર અહમદ ખાન સા. (રહ.) (માજી શયખુલ હદીષ :દારૂલ ઉલૂમ દેવબંદ)ની પાસે, "શર્હે જામી" મવલાના ફખરૂલ હસન સા. (રહ.)ની પાસે, "નફહતુલ અરબ"

મવલાના સય્યિદ હસન સાહબ (રહ.) પાસે પઢયો અને "ઉસૂલુશ્શાશી" મવલાના મુહમ્મદ નઈમ દેવબંદી (રહ.) થી સાંભળી. અલહમ્દુલિલ્લાહ આફીયત સહિત વરસ પસાર થઈ ગયું અને પરિક્ષામાં ઘણા સારા માર્કસ સાથે પાસ થયો.

બીજા વરસે પુનઃ દારૂલ ઉલૂમ દેવબંદ ગયો, શર્હે વકાયા મવલાના નસીર અહમદ ખાન સા. (રહ.)ની પાસે, મવલાના મેઅરાજુલ હક (રહ.) ની પાસે મકામાતે હરીરી તેમજ નૂરૂલ અન્વાર પઢયો,પરંતુ ત્રણ માસ પછી હું એકાએક ખૂબ જ બીમાર પડી ગયો, સહારનપૂરના એક ડોકટરના રિપોર્ટને લીધે મિત્રોએ મને પરત ઘરે મોકલી દીધો. એક મહીનો સારવારમાં પસાર થયો, ત્યાર પછી વાલિદ સા. અને સંબંધીઓની સલાહ મુજબ ફરીવાર ડાભેલમાં દાખલો લીધો. જામિઅહ ડાભેલમાં તે વરસે અરબી ૪ માં કોઈ જ તાલિબે ઈલ્મ ન હતો, માટે અરબી ૩ કે અરબી ૫ માં દાખલો લેવાનો નિર્ણય કર્યો, સ્વાસ્થય સારૂ ન હોવાથી અરબી ૫ માં દાખલો લઈ લીધો, હિદાયા અવ્વલૈન અને મુતનબ્બી મવલાના મહમૂદ સા. પાંડોર (સિમલકી) પાસે પઢયો. હુસામી અને મુખ્તસર મઆની મવલાના અબ્દુર્રઉફ સા. (રહ.) પાસે પઢયો.

ત્યાર પછીના વરસે મિશ્કાત શરીફ, શર્હે અકાઈદ મવલાના અબ્દુર્રઉફ સા. પાસે, જલાલૈન શરીફ મવલાના અબ્દુલ જબ્બારની પાસે, હિદાયા આખરૈન મવલાના ફઝલુર્રહમાન સા. પાસે પઢયો અને અલહમ્દુલિલ્લાહ દૌરએ હદીષ શરીફ પૂર્ણ કર્યું.

બુખારી શરીફ ભાગઃ ૧ મવલાના અબ્દુલ જબ્બાર આ'ઝમી (રહ.) પાસે અને બુખારી ભાગ : ૨, મુસ્લિમ શરીફ અને તહાવી મવલાના અબ્દુર્રઉફ સાહેબ પાસે, અબૂદાઉદ શરીફ મવલાના ફઝલુર્રહમાન દેવબંદી સા. પાસે પઢી. ઈ.સ. ૧૯૫૩માં આલીમની સનદ મેળવી.

હઝરત મવલના અબ્દુલ જબ્બાર સા. આ'ઝમીએ હદીષ સહારનપૂરમાં શૈખુલ હદીષ (રહ.) અને અન્ય ઉસ્તાદો પાસે પઢી હતી.

હઝરત મવલાના અબ્દુર્રઉફ સા. એ શૈખુલ ઈસ્લામ મવલાના સય્યિદ હુસૈન અહમદ મદની (રહ.) અને દારૂલ ઉલૂમના અન્ય ઉસ્તાદોથી હદીષ

શરીફની સનદ મેળવી હતી. તેમજ ઈસ્લામી જગતના પ્રખર આલિમ શૈખ મુહમ્મદ ઝાહિદ અલ–કવષરી (રહ.) તરફથી પણ તેમને હદીષ શરીફમાં વિશેષ પરવાનગી પ્રાપ્ત હતી.

મવલાના અબ્દુર્રઉફ સા. અકોળાખટક પાકિસ્તાનમાં શૈખુલ હદીષ રહયા અને અત્યારે કોઈ અન્ય મદરસામાં છે, મવલાના ફઝલુર્રહમાન દેવબંદી છાપી તથા તારાપૂર ખાતે વરસો સુધી શૈખુલ હદીષ રહયા. જેમને હઝરત મદની (રહ.) પાસે દૌરએ હદીષ પઢવાનું સદભાગ્ય પ્રાપ્ત હતું.

બીમારીના કારણે મારી અરબી ૪ અને ૫ ની અમુક કિતાબો અધૂરી રહી ગઈ હતી, તેને પૂર્ણ કરવાની શકલ આ બની કે ઈ.સ ૧૯૫૯ / ૬૦માં મવલાના ઈસ્માઈલ ગાર્ડી (રહ.)ના બે પુત્રો મોલ્વી અ.રહમાન સા. (રહ.) અને હાફિઝ હબીબુર્રહમાન (સલ્લમહૂ) સાથે જયારે દેવબંદમાં બે વર્ષ રહયો ત્યારે શર્હે વિકાયહ બે વખત પઢી, સંપૂર્ણ હિદાયહ અવ્વલૈન મવલાના અખ્તર હુસૈન સા.થી સાંભળી, મુતનબ્બી મવલાના મેઅરાજુલ હક સા. પાસે પઢી. બયઝાવી શરીફ હઝરત મવલાના ફખ્રુલ હસન સા. (રહ.) થી સાંભળી, તેમજ બુખારી શરીફ હઝરત મવલાના ફખ્રુદ્દીનથી છ મહીના સુધી સાંભળી.

આ દરમ્યાન તહાવી શરીફ અને રસ્મુલ મુફતીના અમુક સબકો હઝરત મુફતી મેહદી હસન સા. (રહ.) પાસે પઢયા. તેમજ હઝરત મવલાના ફખ્રુદ્દીન સા. મુરાદાબાદી (રહ.), હઝરત મુફતી મેહદી હસન સાહબ (રહ.) અને અલ્લાહ મુહમ્મદ ઈબ્રાહીમ બલયાવી (રહ.)થી બરકત ખાતર હદીષોની સનદ મેળવી. હઝરત શૈખુલ હદીષ મવલાના મુહમ્મદ ઝકરિય્યહ સા. (રહ.) થી મુસલસલની સદન પણ લીધી, અત્યારે પણ મારી પાસે આ બધી સનદો મૌજૂદ છે.

આ જ વર્ષે (ઈ.સ. ૧૯૫૯ – ૬૦ માં) જામેઅ અઝહરના મોકલેલ શૈખ મહમૂદ અ.વહાબ મહમૂદ મિસ્રી તન્તાવી મરહૂમ પાસે અરબી ઝબાન અને અમુક નહવ (અરબી વ્યાકરણ)ની કિતાબો પઢી, બે વર્ષ સુધી તેમની પાસે આવવા – જવાથી અરબી સમજવામાં ઘણો ફાયદો થયો. શૈખ મહમૂદ મરહૂમ સાથે પણ મારો નિકટનો સંબંધ હતો. સહારનપુર, દીલ્લી વગેરેની સફરોમાં તેમના સહવાસનું સદભાગ્ય મળ્યું.

દારૂલ ઉલૂમના વિદ્યાર્થીકાળમાં હઝરત શૈખુલ હદીષ મવલાના એજાઝ અલી સાહબ (રહ.)ની પાસે કોઈ કિતાબ પઢવાની તક તો મળી નથી. પરંતુ કન્ઝુદકાઈકની વાર્ષિક પરીક્ષા હઝરતે જ લીધી હતી. એ દરમ્યાન હઝરત હકીમુલ ઉમ્મત મવલાના કારી મુહમ્મદ તય્યિબ સા. (રહ.)ની મજલિસોમાં ભાગ લેવાનો મોકો પણ મળ્યો. દારૂલ ઉલૂમના છેલ્લા બે વરસનો કયામ ઘણો જ ફાયદાકારક રહયો.

આ દરમ્યાન સહારનપૂરના અકાબિરથી મુલાકાત થઈ, ઉપરાંત રાયપૂરમાં હઝરત મવલાના અ. કાદિર રાયપૂરી સાહબ (રહ.) ની ખાનકાહમાં હાજર થવાનું સદભાગ્ય મળ્યું.

નદવતુલ ઉલમા લખનવ અને મુરાદબાદનો સફર પણ આ દરમ્યાન થયો. લખનવના સફરમાં મવલાના અ.માજિદ દરયાબાદી (રહ.), મવલાના અબ્દુલ બારી સાહબ નદવી (રહ.), મવલાના અ. હફીઝ બલયાવી (રહ.), મવલાના સય્યિદ અબ્દુલ અલી અલ–હસની (રહ.), ડોકટર આસિફ કિદવાઈ (રહ.), હકીમ અબ્દુલ કવી (રહ.), મવલાના મુહમ્મદ મન્ઝૂર સા. નુઅમાની (રહ.), મવલાના મુહમ્મદ અલ–હસની (રહ.), મવલાના મુહમ્મદ ઉવૈસ નદવી મુફસ્સિર દારૂલ ઉલૂમ સાથે મુલાકાતની તથા તેમનાથી ફાયદો ઉઠાવવાની તક મળી.

દારૂલ ઉલૂમના કયામ દરમ્યાન મવલાના ઉમૈદુઝ્ઝમા કૈરાનવી અને અન્ય સાથીઓ સાથે મળી અરબી ભાષામાં "અલયકઝહ" સાપ્તાહિક કાઢવાનું ચાલુ કર્યુ, જે કદાચ દારૂલ ઉલૂમ દેવબંદનું પ્રથમ અરબી મેગઝિન હતું.

ઈ.સ. ૧૯૬૧ પછી મવલાના મુહમ્મદ સઈદ બુઝુર્ગ સિમલકી (રહ.)ના આમંત્રણ પર "જામિઅહ ઈસ્લામિય્યહ ડાભેલ" માં સેવા આપવા માટે હાજર થયો. પાંચ વર્ષ ડાભેલમાં સેવા બજાવી, જાન્યુઆરી ઈ.સ. ૧૯૬૬માં તડકેશ્વર "દારૂલ ઉલૂમ ફલાહે દારૈન"માં તા'લીમી સેવા આપી અને બે કે ત્રણ મહીના પછી માર્ચ ઈ.સ.૧૯૬૬માં મુહતમિમની જવાબદારી સુપરદ કરવામાં આવી.

***ફારિગ થયા પછી જયાં જયાં સેવા આપી તેની વિગત :***

સપ્ટેમ્બર ૧૯૫૩માં ''મજલિસે ખુદામુદીન સિમલક''માં મકતબોના નિરક્ષક તરીકે સેવા બજાવી. ડિસેમ્બરમાં કરોડમાં એક જલસાનું આયોજન થયું અને હઝરત શૈખુલ ઈસ્લામ મવલાના હુસૈન અહમદ સા. મદની (રહ.)ની સાથે એક મહીના માટે સફરમાં જવા ખાતર ત્યાંથી રાજીનામું આપ્યુ.

- ઈ.સ. ૧૯૫૪ : જામિઅહ ઈસ્લામિય્યહ તા'લીમુદીન ડાભેલમાં પ્રથમ વાર તાલીમ માટે નિમણૂંક થઈ. તાલીમી વરસ ચાલું હતું એટલે ઉર્દૂ (નો દરજો) સુપરદ કરવામાં આવ્યો.
- ઈ.સ. ૧૯૫૫ : બીજા વર્ષે શવ્વાલથી અરબી ૧ ની આખી જમાઅત (વર્ગ) સુપરદ કરવામાં આવ્યો અને અરબી ૨ ના બે પિરયડ બહરુલ આદાબ અને દુરૂસુત્તારીખિલ ઈસ્લામી લિલ ખય્યાત'' પણ મારા ઝિમ્મે હતી.
- ઈ.સ. ૧૯૫૬ માં રાજીનામું આપી કાપોદ્રા ચાલ્યો આવ્યો, ત્યાં ગુજરાતી માસિક ''તબ્લીગ''ની ઓફિસમાં મુહતરમ મુન્શી મહમૂદ કાસિમ પાંડોર સાહબ (રહ.) સાથે કામ કર્યું.
- ઈ.સ.૧૯૫૭ – ૫૮ : કાપોદ્રા ખાતે ખેતીકામ કરતો રહયો.
- ઈ.સ. ૧૯૫૯ : ફરીવાર ''મજલિસે ખુદામુદીન'' માં તા'લીમી વ્યવસ્થાપક તરીકે નિમણૂંક થઈ.
- ઈ.સ. ૧૯૬૦ – ૬૧ :મોલવી અ.રહમાન ગાર્ડી અને તેમના ભાઈ હબીબુર્રહમાનની સાથે દારૂલ ઉલૂમ દેવબંદમાં કયામ કર્યો.
- માર્ચ ઈ.સ. ૧૯૬૨ – શવ્વાલ ૧૩૮૧ : ''જામિઅહ તા'લીમુદીન ડાભેલ''માં ફરીવાર મવલાના મુહમ્મદ સઈદ સાહબ સિમલકી (રહ.) સાથે ઓફિસના કામકાજ કરવા માટે નિમણૂંક થઈ. બે પિરયડ પઢાવવા માટે નક્કી થયા. શર્હે વિકાયહ, મકામાતે હરીરી (વધારાના ટાઈમમાં ઈન્શા અરબી ૩)
- ઈ.સ.૧૯૬૩ – હિ.સ.૧૩૮૨ : તર્જુમએ કુરઆન, મકામાતે હરીરી, નૂરૂલ ઈઝાહ, કુદુરી સહિત, રવઝતુલ અદબ સફવતુલ મસાદિર સહિત, તયસીરૂલ મન્તિક, મિરકાત, ઈન્શા અરબી ૪.

❧ ઈ.સ. ૧૯૬૪– ૧૩૮૩ : તરજુમએ કુર્આન ૧૫ થી ૩૦, દીવાને મુતનબ્બી, નફહતુલ અરબ, નૂરૂલ ઈઝાહ, કુદૂરી સહિત, મીઝાનુસ્સર્ફ, દુરૂસુત્તારીખિલ ઈસ્લામી. (ઈન્શા અરબી ૩)

❧ ઈ.સ. ૧૯૬૫ – હિ.સ. ૧૩૮૪: તર્જુમો (કુર્આન), મુન્યતુલ મુસલ્લી, નૂરૂલ ઈઝાહ, મુખ્તારાત, મકામાત, સફીનહ, અલ–બલાગતુલ વાઝેહા, દીવાને મુતનબ્બી, ઈન્શા અરબી ૩. પછી ૧૪ માર્ચ ઈ.સ. ૧૯૬૫માં બદલાવ થયો, તેમાં નૂરૂલ અન્વાર, નૂરૂલ ઈઝાહ પઢાવી.

## દારૂલ ઉલૂમ ફલાહે દારૈન

❧ ઈ.સ. ૧૯૬૬ – હિ.સ. ૮૫–૮૬, : કુર્આનનો તર્જુમો (પ્રથમ અડધો), રિયાજુસ્સાલિહીન, મુખ્તરાત ભાગ : ૧ , શરહે વિકાયહ, કસસુન્નબિય્યીન ભાગઃ ૧ – ૨ – ૩, કિરાઅતુર્રાશિદહ (જુલાઈ પછી આ કિતાબો અન્ય ઉસ્તાદોને સુપરદ કરી દેવામાં આવી. માત્ર તર્જુમો અને રિયાઝુસ્સાલિહીન ભાગ : ૧ મારી પાસે રહી.

❧ ઈ.સ.૧૯૬૭ – હિ.સ.૧૩૮૬–૮૭ : માત્ર એહતેમામ.

❧ ઈ.સ.૧૯૬૮– હિ.સ.૧૩૮૭–૮૮ હિદાયા અવ્વલૈન કિતાબુન્નિકાહ થી કિતાબુત્તલાક સુધી. (ઓફિસના કામકાજ સાથે)

❧ ઈ.સ.૧૯૬૯ – હિ.સ. ૧૩૮૮–૮૯ : હિદાયા અવ્વલૈન (ઝી કઅદા સુધી) કુર્આનનો તર્જુમો (બીજો અડધો).(ઓફિસના કામકાજ સાથે)

❧ ઈ.સ.૧૯૭૦ – હિ.સ.૧૩૮૯–૯૦: તમરીન નહવ, કિરાઅતુર્રાશિદહ, રિયાઝુસ્સાલિહીન ભાગ : ૨ (રબીઉલ અવ્વલ થી વર્ષના અંત સુધી)

❧ ઈ.સ. ૧૯૭૧ – હિ.સ.૧૩૯૦ –૯૧: માત્ર ઓફિસનું કામકાજ.

❧ ઈ.સ.૧૯૭૨ – હિ.સ. ૧૩૯૧–૯૨: મિશ્કાત શરીફ ભાગ : ૧, રિસાલા ઉસૂલે હદીષ, (ઓફિસના કામકાજ સાથે)

❧ ઈ.સ.૧૯૭૩ – હિ.સ. ૧૩૯૨–૯૩: મિશ્કાત શરીફ ભાગ : ૨ (ઓફિસના કામકાજ સાથે)

❧ ઈ.સ. ૧૯૭૪ – હિ.સ. ૧૩૯૩–૯૪ :ઓફિસ.

- ઈ.સ.૧૯૭૫ – હિ.સ.૧૩૯૪ –૯૫: કિરાઅતુલ વાઝિહહ: કિરાઅતુર્રાશીદહ, ઈલ્મુન્નહવ, (ઓફિસના કામકાજ સાથે)
- ઈ.સ. ૧૯૭૬ – હિ.સ. ૧૩૯૫–૯૬: તહાવી શરીફ, મુખ્તારાત ભાગ :૨, મુતનબ્બી, કુર્આન તરજુમહ : ૨, મિન્હાજુલ અરબિય્યહ (ઓફિસ)
- ઈ.સ.૧૯૭૭–હિ.સ.૧૩૯૬–૯૭: તહાવી શરીફ, મુઅત્તા ઈમામ માલિક, મુહમ્મદ, રિયાઝુસ્સાલિહીન ભાગ : ૧, ૨૬ મુહર્રમુલ હરામ સુધી, તારીખુલ ખુલફા, તમરીન નહવ, (ઓફિસના કામકાજ સાથે)
- ઈ.સ.૧૯૭૮–હિ.સ.૧૩૯૭–૯૮: તમરીન નહવ, ઈન્શા ૨, (ઓફિસનું કામકાજ)
- ઈ.સ.૧૯૭૯– હિ.સ. ૧૩૯૮–૯૯: તમરીન નહવ, ઈન્શાઅ: ૨, (ઓફિસનું કામકાજ)
- ઈ.સ.૧૯૮૦–હિ.સ. ૧૩૯૯–૧૪૦૦: મિફતાહુદ્દુરૂસ, તમરીનુસ્સર્ફ, ❋ અન્નહવુલ વાઝિહ, ઈલ્મુસ્સૈગા, (ઓફિસનું કામકાજ)
- ઈ.સ.૧૯૮૧ – હિ.સ.૧૪૦૦–૧૪૦૧ :(ઓફિસ કામકાજ)
- ઈ.સ.૧૯૮૨ – હિ.સ.૧૪૦૧–૧૪૦૨ :(ઓફિસ કામકાજ)
- ઈ.સ.૧૯૮૩ – હિ.સ.૧૪૦૨–૧૪૦૩ :(ઓફિસ કામકાજ)
- ઈ.સ.૧૯૮૪ – હિ.સ.૧૪૦૩–૧૪૦૪ :(ઓફિસ કામકાજ)
- ઈ.સ.૧૯૮૫ – હિ.સ.૧૪૦૪–૧૪૦૫ : તહાવી શરીફ, રિયાઝુસ્સાલિહીન, નહવ મીર, કસસુન્નબિય્યીન, (અમુક મહીના હંગામી) અમુક તલબાને અકીદતુત્તહાવી અને અમુકને અરબી પઢાવી. (ઓફિસ)
- ઈ.સ. ૧૯૮૬ – હિ.સ.૧૪૦૫–૧૪૦૬ : માત્ર સરપરસ્તી
- ઈ.સ. ૧૯૮૭ – હિ.સ.૧૪૦૬–૧૪૦૭ : માત્ર સરપરસ્તી
- ઈ.સ. ૧૯૮૮ – હિ.સ.૧૪૦૭–૧૪૦૮ : માત્ર સરપરસ્તી
- ઈ.સ. ૧૯૮૯ – હિ.સ.૧૪૦૮–૧૪૦૯ : માત્ર સરપરસ્તી

***મહત્વપૂર્ણ સભાઓમાં ભાગ લેવાનું સદભાગ્ય :***

(૧) "જમીઅતે ઉલમાએ હિન્દ" મુંબઈ ખાતે ઈ.સ.૧૯૪૮
(૨) "જમીઅતે ઉલમાએ હિન્દ" સુરત ખાતે ઈ.સ. ૧૯૫૬
(૩) "ખુદામુદીનનો સાલાના જલસા"માં કરોડ ખાતે ઈ.સ. ૧૯૫૩
(૪) અલીગઢ કન્વિન્શન (દિલ્લી ખાતે)
(૫) દારૂલ ઉલૂમ દેવબંદ, પ્રતિનિધિ તરીકે.
(૬) દારૂલ ઉલૂમ દેવબંદ (શતાબ્દી મહોત્વસવ)
(૭) ૮૫ વર્ષ પૂર્ણ થયે જલ્સો દારૂલ ઉલૂમ નદવતુલ ઉલમા. લખનવ
(૮) નદવતુલ આલમિય્યહ લિલ અદબિલ ઈસ્લામિય્યહ, લખનવ ખાતે
(૯) અભ્યાસક્રમ બાબતે ચર્ચા, લખનવ ખાતે.
(૧૦) નવા મસ્અલા ઉપર ચર્ચા વિચારણા, આણંદ ખાતે
(૧૧) ઓલ ગુજરાત અરબી પરિષદ, રાધનપૂર ખાતે.
(૧૨) જમીઅતે ઉલમા ગુજરાત (ભરૂચ ખાતે)
(૧૩) નદવતુલ આલમિય્યહ લિલઅદબિલ ઈસ્લામિય્યહ, લખનવ ખાતે
(૧૪) ખત્મે નુબુવ્વત કાન્ફ્રન્સ (લંડન ખાતે)
(૧૫) હજ સેમીનાર (હૈદરાબાદ ખાતે)
(૧૬) અલ–મુઅતમરુલ ઈસ્લામી......... (લંડન ખાતે)
(૧૭) તૌહીદો સુન્નત કાન્ફ્રન્સ (બ્રેડફોર્ડ યુ.કે ખાતે)
(૧૮) જયપુર, રાજસ્થાનના દાઉલ ઉલૂમના ઉદઘાટનમાં.
(૧૯) કરાચી (પાકિસ્તાન)
(૨૦) મક્કા મુઅઝઝમાની સફર (હજ અને અવકાફ મિનિસ્ટ્રીનું આમંત્રણ)
(૨૧) નદવતુલ આલમિય્યહ લિલ અદબિલ ઈસ્લામિય્યહ, હૈદરાબાદ ખાતે
(૨૨) ફિકહી સેમીનાર (હૈદરાબાદ, મુંઈબ, બેંગ્લોર)
(૨૩) અદબે ઈસ્લામીનો ત્રીજો સમારોહ. (ભોપાલ ખાતે)
(૨૪) વર્લ્ડ ઈસ્લામિક ફાર્મ પરિષદ (લંડન ખાતે)

નોંધ : હઝરત રહ. દ્વારા પોતે લખવામાં આવેલ આ નોંધ ઘણા વરસો પહેલાંની છે. એટલે એમાં પાછલા લગભગ ૧૫ થી વધુ વરસોની સેવાઓની વિગત શામેલ નથી.

● *અનુવાદ : અ. મજીદ કોઠી, જામિઅહ જંબુસર.*

● *હઝ. અકદસ મુફ્તી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.*

# હઝ. મવ. અબ્દુલ્લાહ કાપોદ્રવી સાહેબ રહમતુલ્લાહિ અલયહિ

*કાપોદરા ખાતે ફખ્રે ગુજરાત, સરપરસ્તે મદારિસ હઝ. અકદસ મવ. અબ્દુલ્લાહ સાહેબ રહ.ની નમાઝે જનાઝહ પહેલાં, અને બે દિવસ પછી તા. ૧૨ ઓગ.ના દિવસે જામિઅહ ડાભેલ ખાતે તઅઝિયતી ઈજલાસમાં પીરે તરીકત હઝ. અકદસ મવ. મુફ્તી અહમદ સાહેબ ખાનપૂરી દા.બ.એ મવલાના મરહૂમની ખૂબીઓ અને નેકીઓનું વર્ણન કરીને લોકોને એને અનુસરવાની પ્રેરણા આપતી તકરીરો ફરમાવી હતી. આ બન્ને તકરીરોને ભેગી કરીને એક સંપૂર્ણ 'લેખ' સ્વરૂપે હઝરત અકદસ રહ.ની સેવામાં રજૂ કરવામાં આવી. અને હઝરત અકદસ મુફ્તી સાહેબ દા.બ.ના સુધારા – વધારા પછી, એમની સેવામાં શુક્રિયહ અદા કરવાની સાથે અલબલાગના વાચકો માટે રજૂ કરવામાં આવે છે.* ● *ફરીદ અહમદ.*

---

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

દીન એટલે ખેરખ્વાહી. અલ્લાહ તઆલા માટે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે, મુસલમાનોના હાકેમો – અમીરો માટે અને દરેક સામાન્ય મુસલમાન માટે પણ. મતલબ એ થયો કે દરેક માટે ભલાઈની ઈચ્છા અને કોશિશ, ઈમાનનો તકાઝો છે.

અલ્લાહ તઆલાએ હઝરત મવલાના રહ.ને આ ભરપૂર રીતે આ ગુણથી નવાઝયા હતા. ઉલમા સાથે તો હઝરતનો મામલો અને વર્તાવ ઘણો જ ઊંચો હતો. હઝરત રહ.ના વર્તાવથી દરેક આલિમ વાકેફ છે. તલબા સાથે પણ મુહબ્બત – શફકતનો વર્તાવ ફરમાવતા હતા. પોતાનાથી નાના માણસોને પણ પાસે બોલાવીને એટલા માન – સન્માનથી બેસાડતા હતા કે

માણસને એની કલ્પના પણ ન હોય. કોઈ એમ જ સમજે કે આ મહેમાન મવલાના રહ.નો સાથે હશે કે કોઈ મુહસિન હશે.

સામાન્ય મુસલમાનો માટે પણ ખેરખ્વાહીની જે લાગણી અલ્લાહ તઆલાએ આપ રહ.ના દિલમાં મુકી હતી એ જોવા જેવી હતી. આ કાપોદ્રાનો દરેક માણસ ગવાહી આપશે કે આપ રહ.ને કોઈની તકલીફ વિશે ખબર પડતો વારંવાર એના વિશે પૂછપરછ ફરમાવતા હતા. દુઆઓ કરતા અને એની તકલીફ દૂર કરવા માટે પોતાના તરફથી બનતા દરેક પ્રયત્નો પણ ફરમાવતા હતા. કોઈની પાસે સિફારિશ કરવાની હોય તો કોઈ કહે એ પહેલાં સામે ચાલીને સિફારિશ કરી દેતા હતા. આ વર્તાવ તો સામાન્ય લોકો સાથે હતો. ઉલમાએ કિરામ સાથે તો આપનો મામલો ઘણી જ શફકત અને મુહબ્બતનો હતો. એવી રીતે વર્તતા કે દરેક એમ જ સમજતો કે આપ રહ.થી વધીને મારો કોઈ ખેરખ્વાહ નથી. આ ખૂબી ઘણા ઓછા લોકોમાં હોય છે.

મળવા આવનાર લોકો અને મહેમાનોની રાહત અને આરામનો ખૂબ ખ્યાલ રાખતા હતા. અકાબિર અને બુઝુર્ગોની રાહત – આરામનો ખ્યાલ રાખવા ઉપરાંત સામાન્ય માણસો વિશે પણ પૂરતી તકેદારી રાખતા હતા કે એમને કોઈ તકલીફ ન થાય. મદરસા ફલાહે દારૈનના જિમ્મેદારો અને આપ રહ.ના સ્વભાવને જાણનારા લોકો સારી રીતે બતાવશે કે આપ રહ. આવી બધી બાબતોની કેટલી તકેદારી રાખતા હતા.

હું હમણા વિચારતો હતો કે સાંજના સમયે આપ રહ.ની વફાત થઈ અને જનાઝહની નમાઝનો સમય સાડા દસ વાગ્યાનો નક્કી કરવામાં આવ્યો, લાગે છે કે હઝરત રહ. એ એવી દુઆ કરી હશે કે મારા જનાઝહના કારણે પણ મદરસાઓની તાલીમમાં કોઈ અડચણ ન આવે. આ વિચારે મને બીજો કિસ્સો યાદ આવ્યો કે, હઝરત મુફતી તકી ઉસ્માની સાહેબ દા.બ. એ હઝરત મુફતી મુહમ્મદ શફીઅ સા. રહ. વિશે લખ્યું છે કે એમને બીજા લોકોની રાહતનો ઘણો ખ્યાલ રહેતો હતો. એકવાર રમઝાનમાં બીમાર હતા, ગરમીના દિવસો હતા, આ દિવસોમાં પોતાના સાહબઝાદાઓને કહેવા લાગ્યા : દિલ એવું ચાહે છે કે રમઝાનમાં મોત આવે. પણ સાથે જ એવો

વિચાર પણ આવે છે કે રમઝાનમાં મોત આવશે તો મારી જનાઝહની નમાઝ અને તદફીન માટે લોકોને ઘણી તકલીફ પડશે. એટલે મને લાગે છે કે મવલાના રહ.એ દુઆ ફરમાવી હશે કે મારી જનાઝહની નમાઝ અને તદફીનના કારણે મદરસાઓની તાલીમમાં અર્ધા કલાકનું પણ નુકસાન ન થાય. અલ્લાહુ અકબર ! જેણે આખું જીવન મદરસાઓની તાલીમનો ખ્યાલ રાખ્યો, એના સાથે અલ્લાહ તઆલાએ એ જ પ્રમાણે મામલો ફરમાવ્યો.

હઝરત રહ.ના સ્વભાવ અને વર્તાવમાં આપણે બધા અહલે ઈલ્મ – ઉલમા માટે મોટો બોધપાઠ અને સબક છે. આપણે નાના માણસો સાથે કેવી રીતે વર્તવાનું છે. આજકાલ આપણા ઉલમા દરમિયાન નાના લોકોને પ્રોત્સાહન આપવાનું અને એમને આગળ વધવાની પ્રેરણા આપવા બાબતે કોઈ ધ્યાન નથી આપવામાં આવતું. અકાબિરીનને અમે જોયા અને મવલાના રહ. પણ આ બાબતે ઘણા આગળ હતા. આજે નાના અને નવા લોકોને લખવામાં, પઢાવવામાં અને અન્ય ઈલ્મી કામો કરવામાં પ્રોત્સાહન આપવું, એમનો ઉત્સાહ વધારવો વગેરે બાબતે અનદેખી કરવામાં આવે છે. આ ખૂબીઓ ઉલમાએ કિરામમાંથી દિવસે દિવસે ખતમ થઈ રહી છે, માટે એના તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂરત છે. હઝરતની વફાતના સમયે જે અહલે ઈલ્મ અત્રે પહોંચ્યા છે, એ બધાને હું વિનંતી કરું છું કે, હઝરત રહ.ની આ ખૂબીને પોતાના અંદર પેદા કરે અને એની ફિકર કરે.

હઝરત અકદસ મવલાના અબ્દુલ્લાહ સાહેબ નવ્વરલ્લાહુ મરકદહુ વિશે શું અરજ કરું ? મને પાછલી વાતો યાદ નથી રહેતી. અલબત્ત આ મજલિસ (ડાભેલના તઅઝિયતી ઈજલાસ)માં મારા પહેલાં મુફતી અબ્દુલ કય્યૂમ સાહેબે હઝરત રહ. સાથે એમના સંબંધના અનુસંધાનમાં જે વાત કરી છે એમાં એક ભૂલ સુધારી લઉં.

સન હિ. ૧૪૧૭ માં હઝરત અકદસ મવલાના રહ. રમઝાન ગુઝારવા અહિંયા ડાભેલ તશરીફ લાવ્યા હતા. આ બાબત આપ રહ.ની નમ્રતા – તવાઝુઅ દર્શાવે છે. પોતાના વિદ્યાર્થી અને શાગિર્દના સ્તરના હોય એવા માણસ પાસે 'ઈસ્તેફાદહ' માટે (મુરીદ બનીને) આવવું, આ ઝમાનામાં

સામાન્ય વાત નથી. આ વરસે રમઝાનના વચ્ચેના અશરહમાં હું ઉમરહમાં નહીં પણ ... ગયો હતો. અને ત્યારે મેં હઝરતને દરખાસ્ત કરી હતી કે આપ સાહેબ અહિંયા ડાભેલમાં રહીને આ સિલસિલો (ખાનકાહ)ને સંભાળો.

(નોંધ : ડાભેલ જામિઅહમાં તઅઝિયતી જલ્સામાં પહેલાં મુફતી અબ્દુલ કય્યૂમ રાજકોટી સાહેબે હઝરત મવલાના રહ. સાથે એમના સંબંધોની શરૂઆતને યાદ કરતાં જણાવ્યું હતું કે, ૧૪૧૭ હિ. માં મવલાના રહ. ડાભેલ ખાનકાહમાં તશરીફ લાવ્યા અને બીજા અશરહમાં હઝરત અકદસ મુફતી અહમદ સા. દા.બ. ઉમરહ માટે તશરીફ લઈ ગયા અને મવલાના અબ્દુલ્લાહ રહ. ખાનકાહ ચલાવતા હતા, ત્યારે એમની ખિદમતની સઆદત મળી હતી.)

હઝરત મવલાના અબ્દુલ્લાહ રહ.ને અલ્લાહ તઆલાએ ઘણી બધી મહાન ખૂબીઓથી નવાઝયા હતા. સહુથી મોટી ખૂબી ઈન્તેઝામી (વ્યવસ્થા – મેનેજમેન્ટ)ની કાબેલિયત હતી. આપ રહ. જયારે ડાભેલની તદરીસ છોડીને તડકેશ્વર ગયા અને ત્યાં આપ રહ.ની નિયુકતી થઈ તો હઝરત મવલાના ગુલામ મુહમ્મદ સા. રહ. મોહતમિમ હતા. પ્રથમ હઝરત રહ.ને મુદર્રિસ તરીકે ત્યાં બોલાવવામાં આવ્યા હતા અને થોડા સમય પછી ત્યાંના ઝિમ્મેદારોને લાગ્યું કે, આપ રહ.ને મદરસાના મોહતમિમ બનાવવામાં આવે તો ફાયદો થશે, ઉપરાંત મવલાના ગુલામ મુહમ્મદ રહ.થોડા કડક સ્વભાવના પણ હતા, એટલે ઝિમ્મેદારોએ આપ રહ.ને મોહતમિમ બનાવી દીધા. તે મસયે 'ફલાહે દારૈન'નું જે સ્થાન હતું તેને આપ રહ.એ પોતાની વ્યવસ્થાકીય કોઠાસૂઝ વડે આજે આપણે જોઈ રહયા છે એ વર્તમાન બુલંદ સ્થાને પહોંચાડયું છે. હઝરત રહ.એ પોતાના ખૂન – પસીનાથી આ ગુલશનને સીંચ્યું છે. આપ રહ. મદરસા માટે સારા મુદર્રિસીન શોધવાની ફિકર કરતા હતા અને એના માટે લાંબી સફરો પણ ખેડતા હતા.

હઝરત મવલાના સય્યિદ ઝુલફિકાર રહ. વિશે મને સારી રીતે યાદ છે. ત્યારે દારૂલ ઉલૂમ દેવબંદમાં મારું પહેલું વરસ હતું. મવલાના રહ. દેવબંદ પધાર્યા અને અમારા કમરહ નંબર ૬૬ માં જ મવલાના ઝુલફિકાર રહ.ને

બોલાવીતે વાતચીત ફરમાવી અને ફલાહે દારૈનના મુદર્રિસ તરીકે એમને પસંદ ફરમાવ્યા હતા. બીજા ઉસ્તાદો પસંદ કરવા માટે પણ આવી લાંબી સફરો ફરમાવી હતી અને પૂરતી તકેદારી, ખૂબી અને સુંદરતા પૂર્વક મદરસાની વ્યવસ્થા આપ રહ.એ સંભાળી હતી.

દરેક બાબતે હઝરત રહ.ના આગવા નિયમો અને સિદ્ધાંતો હતા. તાલીમ બાબતે તો વિશેષ તકેદારી રાખતા જ હતા, ઉપરાંત તલબાની રહેણી કરણી, કમરાઓની સફાઈ, વગેરે બાબતે પણ ઉચ્ચ માપદંડ અપનાવતા હતા. ફલાહે દારૈનમાં આજે પણ એમણે સ્થાપેલા માપંદડોને અનુસરવામાં આવે છે અને એના થકી જ આ મદરસાની શાન આજે પણ બાકી છે. આપ રહ.ની આ વ્યવસ્થાકીય કોઠાસૂજ વિશે હઝરત મવલાના કારી સય્યિદ સિદ્દીક બાંદવી રહ.ના મુખેથી બે વાર મેં સાંભળ્યું હતું કે : "મવલાનાને અલ્લાહ તઆલાએ એવી કાબેલિયત અતા ફરમાવી છે કે, તેઓ પૂરા દેશની વ્યવસ્થા સુંદર રીતે ચલાવી શકે છે. આવા લોકો ઘણા ઓછા હોય છે." હઝરત કારી સાહેબ રહ. મવલાના રહ.ની આ કાબેલિયતથી પ્રભાવિત હતા અને એટલા માટે જ મવલાના રહ.થી મુહબ્બત ફરમાવતા હતા. આ ઝમાનામાં આવી રીતે ઈદારાઓ અને મદરસાઓનું સંચાલન કરવું અને તરક્કી કરવી કોઈ સામાન્ય બાબત નથી. હિમ્મતનું કામ છે. એના માટે માણસે મહેનત કરવી પડે છે, કલેજું બાળવું પડે છે. મવલાના રહ.એ મદરસા માટે મોટી કુરબાનીઓ આપી છે. એમ જ બેસી રહીને બધું એમને નથી મળ્યું. આવા કામોમાં મોહતમિમ અને વ્યવસ્થાપકોને ઘણી અડચણો – મુસીબતો પેશ આવે છે, અને વિરોધનો સામનો કરવો પડતો હોય છે.

એકવાર ડાભેલ ખાતે અમારા હઝરત અકદસ મુફતી મહમૂદ હસન સાહેબ નવ્વરલ્લાહુ મરકદહુ રહ.નું આઠ – દસ દિવસનું રોકાણ હતું. આ દિવસો દરમિયાન હઝરત રહ. એમના મામૂલ મુજબ અન્ય મદરસાઓ, રાંદેર, તડકેશ્વર, ભરૂચ વગેરે મુકામે પણ તશરીફ લઈ ગયા. આ દિવસોમાં તડકેશ્વરમાં કંઈક એવા સંજોગો ઉભા થયા હતા કે હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહેબ રહ.એ રાજીનામું આપી દીધું હતું. હજુ એમનું રાજીનામું

સ્વીકારવામાં આવ્યું ન હતું, અલબત્ત મવલાના રહ.એ મદરસો છોડી દેવાનો પાકો ઈરાદો કરી લીધો હતો. આ જ દિવસોમાં હઝરત અકદસ મુફતી સાહેબ રહ. સાથે હું પણ તડકેશ્વર ગયો હતો. હઝરત રહ.એ મવલાના રહ.ને એકાંતમાં બોલાવીને એમની પરેશાનીઓ સાંભળી અને પછી એક વાત ફરમાવી. હઝરત મવલાના અબ્દુલ્લાહ સા. રહ. પોતાના વિશેષ માણસો સામે વારંવાર આ વાત દોહરાવતા હતા. ઘણી જ મહત્વની અને બોધદાયક વાત છે. હઝરત મુફતી સાહબ રહ.એ એમને નસીહત ફરમાવી હતી કે,

મોલ્વી સાહેબ ! આપણા બુઝુર્ગોએ ઘણી મહેનત અને કુરબાનીઓ આપીને આ મદરસાઓ – સંસ્થાઓની સ્થાપના કરી છે. શું આપણા ભાગે એ બધાને બરબાદ કરવાનું લખાયું છે ? આ નસીહત સાંભળીને હઝરત મવલાના રહ.એ ઘણી બધી પરેશાનીઓ છતાં મદરસો છોડવાનો પોતાનો ઈરાદો ખતમ કરી દીધો.

આ ઘટના સંભળાવવાનો મકસદ આ છે કે મદરસાના જિમ્મેદારો આવી કુરબાનીઓ આપીને ઈદારાઓને ઊંચા મુકામે પહોંચાડે છે, અને લોકો એમના વિશે એમ વિચારે છે કે ગાદલાઓ ઉપર બેસીને બધું આરામથી જ એમને મળી જાય છે. આવું નથી, કેવી કુરબાનીઓ આપવી પડે છે એ એમનું દિલ જાણે છે. બહર હાલ ! આપ રહ.ની અનેકાનેક ખૂબીઓમાં આ મહત્વની ખૂબી અને કાબેલિયત હતી. આપ રહ. અન્ય મદરસાઓના જિમ્મેદારોને પણ આ બાબતે મશ્વેરો આપતા રહેતા હતા. આ દર્દ અને ફિકરના કારણે જ આજ સુધી – ફલાહે દારૈન તડકેશ્વરથી અલગ થયાને વરસો વીતી ગયા છતાં – બધા જ મદરસાઓના જિમ્મેદારો અને અહલે ઈલ્મ સમક્ષ પોતાના ચિંતા અને લાગણીને દર્દ સાથે રજૂ કરતા હતા. આવા માણસો આજે શોધ્યે પણ જડશે નહીં. આપ રહ.ની વફાતથી આ બાબતે એટલે કે મદરસાઓ અને તાલીમ વિશે સાચી લાગણી અને ફિકર કરનાર લોકોનો મોટો ખાલીપો – શુન્યવકાશ સર્જાયો છે. આવા માણસો દુનિયામાં ઓછા પેદા થાય છે.

હઝરત રહ.ના દિલમાં ઉલમા અને તલબા વિશે દિલી દર્દ અને ફિકર રાખતા હતા. એક બે વરસ પહેલાં ખરોડમાં બધાને ભેગા ફરમાવ્યા હતા. હું વિચારતો હતો કે કેમ બધાને બોલાવ્યા હશે ? ત્યાં જઈને ખબર પડી કે હઝરતને ફકત અહલે ઈલ્મ વિશે જ ફિકર હતી. આપ રહ.ની આદત હતી કે કોઈ નવી કિતાબ આવતી તો ઉલમાને એના વિશે જાણ ફરમાવતા હતા. એમની પાસે વધારે નુસ્ખા – પ્રતો હોતી તો બધાને મોકલતા પણ હતા કે, આ કિતાબને વાંચો, અભ્યાસ કરો. પરંતુ આજકાલ આપણા મદરસાઓ અને અહલે ઈલ્મ લોકો જે પ્રમાણે ટાઢા અને ઢીલા બની ગયા છે એના પરિણામે, આપ રહ.ની ફિકર અને શફકત છતાં, જેમને કિતાબો મોકલવામાં આવતી હતી, તેઓ પઢવા–વાંચવાની વાત તો દૂર રહી, આપ રહ.ને કિતાબ મળવાની જાણ પણ કરતા ન હતા. આપ રહ. આ બાબતે ઘણા જ દુખી હતા. આ દર્દ વ્યકત કરવા અને કિતાબોના વાંચન પ્રત્યે શોખ જગાડવા માટે જ ખરોડમાં બધા મદરસાઓના જિમ્મેદારોને આપ રહ.એ ભેગા કર્યા હતા અને એમના સમક્ષ દિલનો ઉભરો ઠાલવ્યો હતો.

ઈલ્મ – જ્ઞાનની પડતીના આ દિવસોમાં પડતીના કારણો શોધવા અને પારખવા અને એના ઉપાયો શોધવાના પ્રયત્નો કરવા કોઈ સામાન્ય કામ નથી. આવા ટાણે માણસ નિરાશ થઈને કહી દે છે કે, જેને જે કરવું હોય તે કરે, મારે શી ફિકર ? પણ આવી હાર માને એ બીજા.

આપ રહ.ના સાહબઝાદા મવલાના ઈસ્માઈલ સાહેબ અને ભાઈ હાફેઝ કાસિમ કહેતા હતા કે આવી સખત બીમારી અને અસહય તકલીફમાં પણ એમને મદરસાઓની ફિકર હતી અને કહેતા કે ફલાણા મદરસામાં ફોન કરીને પૂછો કે તાલીમ શરૂ થઈ કે નહીં ? આવી બીમારીમાં એવી સખત તકલીફ હોય છે કે કલ્પના પણ ન કરી શકાય. આવી સ્થિતિમાં પણ ઘરવાળાઓને કહેતા કે ફલાણા ફલાણા મદરસામાં લઈ જાઓ. આવી બીમારીની હાલતમાં મદરસાઓની ફિકર કરવી કોઈ સામાન્ય બાબત ન કહેવાય. જેના દિલ – દિમાગમાં આ બધું છવાય ગયું હોય એવા માણસની જ આ હાલત હોય શકે છે. આજે આપણે એવા સરપરસ્ત, મુહસિન અને

મુશફિક હસ્તીથી મહરૂમ થઈ ગયા છીએ જે આ બધી ખૂબીઓના માલિક હતા. શી ખબર હવે આવા લોકો મળશે કે નહીં મળે ?

'વાંચન શોખ' પણ હઝરત રહ.ની મોટી ખૂબી હતી. અમુક લોકો ઈન્તેઝામી કામોની સારી આવડત ધરાવતા હોય છે, પણ ઈલ્મ અને કિતાબો વાંચવાનો ખાસ શોખ એમને નથી હોતો. જયારે કે હઝરત રહ.નો વાંચન શોખ અને ઈલ્મ – જ્ઞાનનું સ્તર ઘણું ઊંચું હતું. કોઈ કિતાબ આપ રહ. પાસે પહોંચે અને આપ રહ. એનું વાંચન ન કરે, એવું બને જ નહીં. પછી આપ રહ. પોતાને મળવા આવનાર લોકો સમક્ષ એ કિતાબની ખૂબીઓ પણ વર્ણવતા હતા. ફલાણી વાત, ફલાણા વિષયે કામની વાત, એમ યાદ રાખીને કિતાબની ખૂબીઓ વર્ણવીને લોકોને પણ એને વાંચવાની પ્રેરણા આપતા હતા. આપ રહ.ની આ વિશેષ આદત અને ખૂબી હતી. બલકે પાછલા અમુક વરસોથી તો આપ રહ.એ પોતાના ખર્ચે ઘણી કિતાબો છપાવીને અહલે ઈલ્મના હાથોમાં પહોંચાડી હતી. અને પોતાનું આખું કુતુબખાનું આપ રહ.એ વકફ કરી દીધું, એનાથી મોટી બીજી શી વાત હોય ?

હું જનાઝહની નમાઝ માટે આવતો હતો એ દરમિયાન આફ્રિકાથી મુફતી ઝુબૈર ભયાત સાહેબે એક મેસેજ મોકલ્યો, મેં એ મેસેજ મવલાના ઈસ્માઈલ સાહેબને પણ ફોરવર્ડ કયો. મસ્જિદે નબવીનાએક મુદર્રિસ સાહેબે હઝરત રહ. વિશે એક તઅઝિયતી પયગામ મોકલ્યો છે. એમાં હઝરત રહ.ની મુલાકાતનો ઉલ્લેખ કરતાં તેઓ ફરમાવે છે કે હઝરત રહ.ને ઈલ્મ સાથે એટલો બધો લગાવ હતો કે મુલાકાત દરમિયાન પણ હમેંશા કિતાબોની જ ચર્ચા કરતા રહેતા હતા. આ કિતાબ, પેલી કિતાબ, ફલાણી કિતાબ. મસ્જિદે નબવીના આલિમ પણ હઝરત રહ.ના સ્વભાવને ઓળખી ગયા હતા અને તેઓ પણ એનાથી પ્રભાવિત હતા. છેલ્લે હઝરત રહ.ને દુઆઓ આપતાં એમનો અવાઝ રુંધાય ગયો અને રડવા લાગ્યા.

કોઈ મોટા આલિમને, અને એમાંયે એવો આલિમ જે વાંચન – અભ્યાસનો સ્વભાવ અને શોખ ધરાવતો હોય, એને કિતાબો પ્રત્યે જે લગાવ હોય છે એ બીજો નથી સમજી શકતો. કિતાબનું એક પાનું આમથી તેમ થાય

એ પણ એને સ્વીકાર્ય નથી હોતું, પરંતુ આપ રહ.એ પોતાનું પુરું કુતુબખાનું જીવતાજીવંત અહલે ઈલમ માટે વકફ કરી દીધું, જેથી જે કોઈ ચાહે એનાથી લાભ ઉઠાવી શકે. ખરોડ મદરસામાં એના માટે આગવી ઈમારત બનાવડાવી અને પોતાની બધી જ કિતાબો ત્યાં મોકલાવી દીધી. આ પણ આપ રહ.ની મોટી ખૂબી અને સિદ્ધિ કહેવાય.

ઈલ્મી એતેબારથી ઈલ્મને લગતી બાબતોની મુહબ્બત અને એ માટે પ્રોત્સાહનનો જે સ્વભાવ આપ રહ.ને અલ્લાહ તઆલાએ આપ્યો હતો એની ગવાહી તો સહુથી નાના માણસ પાસેથી પણ મળી શકે છે. ઈલ્મ અને દીનનું કામ કરનાર સહુથી નાના માણસને પણ આપ રહ. વારંવાર એમના ઈલ્મી કામો લેખન – વાંચન વિશે પૂછતા રહેતા. કોઈ લખાણ આપ રહ.ની સેવામાં રજૂ કરવામાં આવતું તો એને ધ્યાનથી વાંચતા હતા. લખનારને બિરદાવતા હતા અને પ્રોત્સાહન આપતા હતા. આ કામ હજુ વધારે સારું કઈ રીતે કરી શકાય એનું માર્ગદર્શન પણ આપતા હતા. આપ રહ.નો આ સામાન્ય સ્વભાવ હતો. એમાં કોઈ ઓળખીતો હોય કે અજનબી હોય, આ આપણા મદરસાનો છે કે ફલાણા મદરસાનો.. એવો કોઈ ભેદભાવ વર્તતા ન હતા. દરેક સાથે ભલાઈનો વર્તાવ કરતા હતા એનો બધા જ એકરાર કરશે. ઉલમાનો તો હદથી બહાર વધીને ઈકરામ – સન્માન ફરમાવતા.

દોઢ બે વરસ પહેલાંની વાત છે કે એક આલિમ સાહેબ મારા ઘરે મહેમાન હતા. આપ રહ.ને ખબર પડી તો ડાભેલ સુધી સફર કરીને એમને મળવા આવ્યા. મને નવાઈ લાગી કે આપ રહ. અચાનક કેમ આવ્યા હશે ? મવલાના રહ.એ ફરમાવ્યું કે, મને ખબર પડી કે આ મહેમાન મવલાના સાહેબ આપના ત્યાં પધાર્યા છે, તેઓ ગુજરાત સુધી તશરીફ લાવે અને હું એમની મુલાકાત ન કરું એ કેમ બને ? અલ્લાહુ અકબર ! આટલી લાંબી સફર કરીને કાપોદ્રાથી ડાભેલ ફકત મુલાકાત માટે આવ્યા.. હાલાંકે એ મહેમાન મવલાના સાહેબનો કોઈ વિશેષ સંબંધ હઝરત રહ. સાથે હતો નહીં. છતાં આપ રહ. મળવા માટે દોડી આવ્યા, એનાથી અંદાઝો લગાવી શકાય છે એ ઉલમા પ્રત્યેની કદરની કેવી લાગણી એમના દિલમાં હશે.

આપ રહ. કોઈ ભેદભાવ વગર દરેકની કદર ફરમાવતા હતા. આજના દોરમાં આ ખૂબી ખતમ થઈ રહી છે. આવી ખૂબી ધરાવતા માણસો ઘણા ઓછા હશે, પણ અલ્લાહ તઆલાએ આપ રહ.ને ભરપૂર રીતે આ ખૂબીથી નવાઝયા હતા.

આપ રહ.ની એક ખૂબી સંબંધીઓ અને અહલે ઈલ્મના ખબર – અંતર જાણવા અને પૂછવાની પણ હતી. કોઈ વિશે બીમાર હોવાની ખબર પડતી, અથવા કોઈ પરેશાનીમાં હોવાની જાણ થતી તો જયાં સુધી સ્થિતિ સામાન્ય ન થાય, અને બીમારીથી સાજા ન થાય, આપ રહ. લગાતાર સંપર્કમાં રહેતા હતા. પૂછતા રહેતા કે શું થયું ? કેવી રીતે થયું ? ઉપરાંત પોતાનાથી બનતો સહકાર પણ આપતા હતા. એમાં રજમાત્ર કોતાહી કે કમી કરતા ન હતા. આવી ખૂબી અને આદત આજે ઘણા ઓછા લોકોમાં જોવા મળે છે.

વર્તમાન ઝમાના મુજબ આપ રહ.ની એક મોટી ખૂબી આ હતી કે આપ રહ. કોઈ વાડાબંધી કે જુથવાદમાં માનતા ન હતા. તઅસ્સુબ રાખતા ન હતા. આ ઝમાનો જ તઅસ્સુબ અને જૂથવાદનો છે અને લોકો એને પોતાની ખૂબી સમજે છે. હું ડાભેલ જામિઅહની મસ્જિદમાં બેસીને કોઈ બીજા મદરસાની ખૂબી વર્ણવું તો અહિંયા બેસેલા વધુ પડતા લોકો એને પસંદ નહીં કરે. તેઓ કહેશે કે તારે આ અહિંયા જામિઅહની મસ્જિદમાં બેસીને બીજા મદરસાના વખાણ કરવાની શી જરૂરત હતી ? લોકોમાં આ સ્વભાવ વધી રહયો છે. મદરસાઓમાં પરસ્પર જૂથવાદ, તસવ્વુફના સિલસિલાઓમાં પરસ્પર વાડાબંધી, એક સિલસિલાના શેખના અનેક ખલીફાઓ વચ્ચે પણ આપસમાં તઅસ્સુબ છે. બલકે દરેક બાબતે જ તઅસ્સુબ અપનાવવામાં આવે છે અને જે કોઈ જેટલો વધારે તઅસ્સુબ દાખવે, અમુક લોકો એટલો જ એને વધારે પસંદ કરે અને વિશ્વાસુ સમજે છે. અને જે કોઈ એનાથી દૂર રહે એ બિચારો લોકોની નજરોમાં અવિશ્વાસુ અને ખામીયુકત ગણાય છે.

મેં અમારા હઝરત મુફતી સાહેબ રહ.ને સારી રીતે જોયા છે, આપ રહ. ફરમાવતા હતા કે ઈખ્તેલાફ અને વિવાદ તો થતા રહે છે. પરંતુ ઈખ્તેલાફ છતાં પણ જેની સાથે વિવાદ હોય એની ખૂબીઓ સ્વીકારવી જોઈએ કે

ફલાણા માણસમાં આ કે તે ખૂબી છે. મુફતી સાહેબ રહ. હમેંશા શિકાયત કરતા હતા કે આજે એવો ઝમાનો આવી ગયો છે કે પરસ્પરના વિવાદના કારણે લોકો સામે વાળાની ખૂબીઓનો પણ ઈન્કાર કરે છે. બલકે ઉપરથી ખોટા આરોપો અને તોહમતો લગાવવામાં આવે છે. હઝરત રહ. આવી બાબતોને પસંદ કરતા ન હતા અને વિવાદના કારણે કોઈ પણ પ્રકારના તઅસ્સુબને પસંદ ફરમાવતા ન હતા. દારૂલ ઉલૂમમાં વિવાદ થયો તો દારૂલ ઉલૂમના બે ટુકડા થઈ ગયા. મઝાહિરે ઉલૂમના બે હિસ્સા થઈ ગયા. મારી આદત હતી કે હું જયારે પણ દેવબંદ જતો તો હઝરત રહ.ને પૂછીને જ કયાંક જતો. કાસમી કબ્રસ્તાન પણ જવું હોય તો હઝરત રહ.ને પૂછીને જતો હતો. મારા ઉસ્તાદો અને અન્ય બુઝુર્ગોને મળવું હોતું તો પણ ઈજાઝત લેતો હતો કે આજે ફલાણાને ત્યાં જવું છે. હઝરત મુફતી સાહેબ રહ. મને તાકીદ ફરમાવતા કે મવલાના સાલિમ સા. રહ.ને પણ મળી લેજે. અને પાછો આવતો તો પૂછતા પણ હતા કે મુલાકાત થઈ કે નહીં ? દેવબંદમાં પાંચ – છ દિવસ રહેવાનું થતું તો એક દિવસ સહારનપૂર જતો હતો. સહારનપૂરથી પાછો આવતો તો હઝરત રહ.ને મને પૂછતા કે હઝરત મુફતી મુઝફફર હુસૈન સા. રહ.ની મુલાકાત થઈ કે નહીં ? હું કહેતો કે હા, મુલાકાત કરીને આવ્યો છે તો ખુશ થતા હતા. આ અમારા હઝરત મુફતી સા. રહ.નો સ્વભાવ હતો. આજકાલ ઉલમામાં તઅસ્સુબ–જૂથવાદ પેસી ગયો છે, જેના કારણે લોકો સુધી એમનો લાભ પહોંચતો નથી. જે ઘણી ખતરનાક વસ્તુ છે.

અલ્હમ્દુલિલ્લાહ ! હઝરત મવલાના અબ્દુલ્લાહ સા. રહ.ની અનેકાનેક ખૂબીઓમાં એક ખૂબી આ પણ હતી કે આપ રહ.ના સ્વભાવમાં રજમાત્ર તઅસ્સુબ હતો નહીં. દરેક સાથે ઘણા ઉદાર દિલે અને ખુલ્લા મનથી મળતા હતા. કોઈ પણ મદરસાથી સંબંધ હોય, ડાભેલ, રાંદેર, કંથારીયા, ગમે ત્યાંનો હોય, આપ રહ.પાસે કોઈ પણ પ્રકારનો ભેદભાવ ન હતો. દરેક સાથે ઉમળકાથી મળતા હતા. મુહબ્બત અને શફકત દાખવતા હતા. આ એક એવી ખૂબી છે, જે ઈલ્મ અને અહલે ઈલ્મને આપસમાં જોડે છે.

ઈલ્મ તો એક 'એકમ' છે. યુનિટ છે. આપણે ડાભેલમાં છીએ, કોઈ

રાંદેરમાં, તડકેશ્વરમાં તો કંથારીયામાં.. એનાથી આ એકતા તૂટી નથી જતી. એક જ વસ્તુ છે. આ તો નૂર અને પ્રકાશની જેમ છે. ચાર ચિરાગ જલાવો કે દસ દીપક રોશન કરો. આ ચિરાગો અને દીપકોની રોશનીમાં કોઈ તફાવત નથી હોતો. બધું જ સરખી રીતે રોશન થશે. કોઈ એમ નહીં કહી શકે આ રોશની ફલાણા ચિરાગની છે અને આ ફલાણા ચિરાગની. અહલે ઈલ્મનો સંબંધ અને વર્તાવ પણ આવો જ હોવો જોઈએ.

આપ રહ.ની ખૂબીઓ અને સિદ્ધિઓ વિશે ઈન્શાઅલ્લાહ લોકો ઘણું લખશે. મેં તો જે કંઈ વાતો દિમાગમાં આવી એ ઉતાવળે રજૂ કરી દીધી. આ બધું વર્ણવવાનો મકસદ આ છે કે આપણે પણ આ બધી ખૂબીઓ પોતાના અંદર પેદા કરવાની કોશિશ કરીએ.

હઝરત રહ.ની વફાતના કારણે આપણા ગુજરાત અને પૂરા ભારત, બલકે દુનિયામાં જે ખાલીપો – શુન્યવકાશ સર્જાયો છે એને અલ્લાહ તઆલા પોતાના ફઝલથી ભરી દે. અને હઝરત રહ.એ પોતાની જિંદગી દરમિયાન ઉલમા અને મદરસાઓ સાથે મુહબ્બત અને શફકતનો જે સંબંધ દાખવ્યો હતો, આખિરતમાં એનો ભરપૂર બદલો ઈનાયત ફરમાવે. કરવટ કરવટ ચેન અને રાહત આપે. આપ રહ.ની સાચી ખૂબીઓ તો અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે. આપ રહ.ની વફાતથી આપણું ગુજરાત તો યતીમ જ થઈ ગયું છે. ગુજરાતમાં આપ રહ.થી વધીને ઈલ્મ અને અહલે ઈલ્મની કદર કરનાર કોઈ અન્ય હસ્તી ન હતી. પૂરા હિંદુસ્તાનમાં અને પૂરી દુનિયામાં જયાં પણ આપ રહ. સફર કરતા હતા, અને જેટલા નાના મોટા આલિમોને આપ રહ. મળતા હતા, બધાએ જ આપ રહ.ની આ સિફતને મહસૂસ કરી અને એના વખાણ કર્યા. આ ખૂબી દરેક આલિમે પોતાના અંદર પેદા કરવાની જરૂરત છે.

હઝરત રહ.ની વફાતથી જે કંઈ નુકસાન અને ખાલીપો આપણી સામે આવ્યો છે એને અલ્લાહ તબારક વ તઆલા પૂર ફરમાવે. અને આપણ સૌને હઝરત રહ.ની કદરદાની કરવાની અને એમની ખૂબીઓ પોતાના અંદર પેદા કરવાની તોફીક અતા ફરમાવે. આ જ આપણી જરૂરત છે.

હઝરત રહ.ના મરતબા તો ઈન્શાઅલ્લાહ, અલ્લાહ તઆલા પાસે ઊંચા જ હશે. બખ્શાયેલ જ છે. આ જ અલ્લાહ તઆલાથી ઉમ્મીદ છે.

અહિંયા (જનાઝહની નમાઝ માટે ભેગા થયા છીએ તો) વાતો કરવાના બદલે મોંઢેથી જેટલી વાર થઈ શકે એ મુજબ સૂરએ ઈખ્લાસ પઢતા રહો. નમાઝ શરૂ થાય ત્યાં સુધી હઝરત રહ. માટે ઈસાલે સવાબ કરો. અને આવો ઈસાલે સવાબ ફકત આજ પૂરતો નહીં, આખી જિંદગી કરતા રહેજો. હઝરત શેખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.એ આપબીતીમાં લખ્યું છે કે, મારા ઉપર કોઈનું કોઈ પણ એહસાન હોય, જાન, માલ કે ઈલ્મ, જે બાબતે પણ હોય, હું એના માટે ઈસાલે સવાબનો એહતેમામ કરું છું. માટે આપણા આ બધા બુઝર્ગો માટે અને આપણા મુહસિનો માટે ઈસાલે સવાબનો એહતેમામ કરવો જોઈએ. કંઈક પઢીને એમને બખ્શવામાં આવે. સદકહ ખૈરાત કરવામાં આવે. એમના માટે કુરબાની કરવામાં આવે. અન્ય નેક કામો કરવામાં આવે. આ બધું પણ આપણે શીખવાનું છે. અલ્લાહ તઆલા આવા કામોની પણ આપણને તોફીક આપે. દિલથી દુઆ કરીએ અને આજે જે કંઈ તિલાવત કરવામાં આવી એનો સવાબ પણ હઝરત રહ.ની રૂહને પહોંચાડીએ. અલ્લાહ તઆલા આપણ સૌને પણ ઈખ્લાસ અને ઈસ્તેકામત સાથે આ રસ્તે ચાલવાની તોફીક અતા ફરમાવે.

આ સમયે એમ તો આપણે બધા જ તઅઝિયતના હકદાર અને મોહતાજ છીએ. અને હઝરત રહ.ના ઘરવાળાઓને આપણે સૌ મળીને એમની ખિદમતમાં તઅઝિયત પેશ કરીએ છીએ. અમે એમના થકી પૂરા ખાનદાનને તસલ્લીના શબ્દો અને લાગણી પહોંચાડીએ છીએ. આ બધા ઘરના સભ્યોએ હઝરતને મળવા આવનાર લોકોની ખિદમત અને મેઝબાનીનો હક જેવી રીતે અદા કર્યો અને નિભાવ્યો છે એને શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી. હઝરત રહ.ના ઘરે ઘણા જ મહેમાનો આવતા હતા. અને ઘરના સભ્યો આ બધા જ મહેમાનોને હસતા મુખે આવકારતા – સત્કારતા હતા અને એમની આગતા સ્વાગતા પણ ફરમાવતા હતા. આ પણ હઝરત રહ.ની તાલીમ અને કેળવણીની જ બરકત છે. તમે બધા

સઆદતમંદ છો કે અલ્લાહ તઆલાએ તમને આવો બાપ અને આવા દાદા આપ્યા હતા. આપ રહ.ના અવસાનથી જે નુકસાન થયું છે અલ્લાહ તઆલા એના ફઝલથી પુરું ફરમાવે.

અલ્લાહ તઆલા આ બધા જ સગાઓને ખૂબ સબ્ર આપે. ભરપૂર અજ્ર આપે. હઝરત રહ.ની મોજૂદગીમાં અલ્લાહ તઆલાએ એમને જે નેઅમતોથી નવાઝયા હતા, એ સિલસિલાને હઝરત રહ.ની વફાત પછી પણ બાકી રાખે. અને ફિત્નાઓથી એમની અને આપણા સૌની હિફાઝત ફરમાવે. હઝરત રહ.ના મોજૂદ હોવાથી જે ફિત્નાઓના દરવાજા બંદ હતા એ ફિત્નાઓથી હવે પછી પણ ઉમ્મતની હિફાજત ફરમાવે. અલ્લાહ તઆલા હઝરત રહ.ના મરતબા બુલંદ ફરમાવે. હઝરત રહ.ને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે. ●

### તમે પણ સારા વાએઝ છો.

મને સારી રીતે યાદ છે કે દમણના મદ્રસામાં એક નવી ઈમારતનું બાંધકામ પૂર્ણ થયું હતું. શાયદ આ ઈ.સ. ૧૯૭૯ ની વાત છે, તેના ઉદઘાટન માટે એક જલ્સાનું આયોજન કરવામાં આવ્યું હતું, તે સમયે તે જલ્સામાં ડાભેલ, રાંદેર અને તડકેશ્વરના ઉલમાના બયાનો થયા હતા, જલસાના પ્રમુખપદે હઝરત વાલિદ સા. (રહ.)હતા, વાલિદ સાહેબે હઝરત મુફતી અહમદ સા. ખાનપૂરી (મ.ઝી.)ને સંબોધી મજાકમાં ફરમાવ્યું કે સભા પ્રમુખને મોટું ટેન્શન હોય છે, કેમ કે તે પહેલાંથી કોઈ વાત મનમાં વિચારી રાખે છે અને આગળ કોઈ મુકર્રિર આવીને તે વાત બયાન કરી દે છે, આમ કહી વાલિદ સાહેબે બધાના હસાવ્યા, પોગ્રામ પછી હઝરત મુફતી સાહેબ ખાનપૂરી (દા.બ.)ને સંબોધી ફરમાવ્યું કે માશાઅલ્લાહ ! આપ પણ સારા વાએઝ અને મુકર્રિર છો, મેં તો આજે જ તમને બયાન કરતા જોયા, હવેથી કોઈ મને બયાન કરવાનું આમંત્રણ આપશે તો હું તમારૂં જ નામ તેમની સામે રજૂ કરીશ. અને તેમને તમારી પાસે જ મોકલીશ.

*(ગુલદસ્તએ મુહબ્બત. હાફિઝ ઈબ્રાહીમ બિન મવ. અબ્દુલ્લાહ કાપોદરવી, લંડન. યુ.કે.)*

# હઝરત અકદસ
# મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સા. રહ.

***... ઉલમાએ ગુજરાતની નજરે ...***

*–– સંપાદન અને અનુવાદ : મવ. શાકિર બોરસદી. જામિઅહ જંબુસર.*

---

અલ્હમ્દુલિલ્લાહ ! "મજલિસે તહફ્ફુઝે મદારિસે ગુજરાત શાખ રાબતએ મદારિસ દારૂલ ઉલૂમ દેવબંદ"ની મજલિસે મુન્તઝમાનો એક ઈજલાસ તાઃ ૨૯ જુલાઈ ૨૦૧૮ રવિવારના સવારે ૧૦:૦૦ કલાકે જામિઅહ ઉલૂમુલ કુર્આનની મસ્જિદમાં અહકર (મુફતી અહમદ દેવલવી સા. દા.બ.)ના પ્રમુખપદ હેઠળ યોજાયો. જેમાં ગુજરાતભરમાંથી ૪૫ મદ્રસાઓના ૧૨૦ જેટલા મદ્રસાના જિમ્મેદારોએ હાજરી આપી.

મજલિસના એજન્ડાઓમાં એક અગત્યનો મુદ્દો એ હતો કે આપણા મુરબ્બી ગુજરાતના મહાન આલિમે દીન, ફખરે ગુજરાત મુફક્કિરે મિલ્લત હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહબ કાપોદ્રવી (રહમતુલ્લાહિ અલયહિ) ની માનભરી સેવાઓ પર ખિરાજે તહસીન (શ્રંધાજલિ) અર્પણ કરવામાં આવે.

અલ્હમ્દુલિલ્લાહ ! તિલાવતે કલામે પાકથી મજલિસની શરૂઆત કરવામાં આવી. સમયની અછતને ધ્યાનમાં રાખી આવનાર મહેમાનોમાં હઝરત (રહ.)થી નજીકનો સંબંધ ધરાવનારાઓને હઝરત (રહ.)ના જીવનકાળના શૈક્ષણિક પાસાઓને રજુ કરવાની વિનંતી કરવામાં આવી.

અલ્હમ્દુલિલ્લાહ! ઘણી કીંમતી વાતો સામે આવી, આ કીંમતી વાતોથી સમગ્ર મુસ્લિમોને લાભ થાય તે આશયે તેનું ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે.

### (૧) હઝરત મવલાના સચ્યિદ કમરુદ્દીન સાહબ (દા.બ.)

*(મુહતમિમ : બચ્ચોં કા ઘર–વેગા, શૈખુલ હદીષઃ દારૂલ ઉલૂમ બરોડા તાંદલજા)*

માનનીય બુઝુર્ગો ! આજે આપણે સૌ હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સાહબ (રહ.)ની યાદમાં તેમની ખૂબીઓનો ઝિક્ર કરવા એકઠા થયા છીએ. જાહેર વાત છે કે આપણામાંથી દરેકનો હઝરત મવલાનાથી સંબંધ હોઈ તેમની વફાતથી આપણ સૌને દુઃખ થયું છે, પરંતુ અલ્લાહનો કાનૂન છે કે

માનવી અહિંયા હંમેશા માટે નથી હોતો.

અલ્લાહનું ફરમાન છે : "અને અમે તમારાથી પહેલા કોઈને પણ સદા માટે રહેવા નથી દીધા, અને જો તમે મૃત્યુ પામશો તો શું તેઓ રહી જશે?" (સૂ.અમ્બિયા : ૩૪)

ભાવાર્થ એ કે જે કોઈ દુનિયામાં આવે છે તેને ચોક્કસપણે એક દિવસ જવાનું જ છે.

હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહેબ (અલ્લાહ આપની કબ્રને નૂરથી મુનવ્વર ફરમાવે)થી મારો ગાઢ રિશ્તો હતો. હું દારૂલ ઉલૂમ દેવબંદમાં પઢતો હતો ત્યારે હઝરત પણ ત્યાં આવ્યા હતા અને મારી સાથે રોકાણ કર્યુ હતું, ત્યારથી જ હઝરત મવલાના સાથે મારી ઓળખાણ હતી. ત્યાર પછી પણ જયારે મને જામિઅહ તઅલીમુદ્દીન ડાભેલમાં પઢાવવાની તક મળી ત્યારે હઝરત મવલાના ત્યાં પઢાવવા માટે આવ્યા હતા. આમ, પહેલેથી જ અમારો હઝરત (રહ.) સાથે નજીકનો તઅલ્લુક હતો.

હઝરત મવલાના (રહ.) ફરમાવતા કે અલ્લાહ તઆલા તરફથી જયારે કોઈ દુઃખદ ઘટના બને છે તો તેમાં કોઈ ભલાઈનો રાઝ છુપાયેલો હોય છે. તેનું દ્રષ્ટાંત આપતા કે દારૂલ ઉલૂમ દેવબંદમાં હઝરત અલ્લામા અનવર શાહ કશ્મીરી (રહ.)નો મેનેજમેન્ટ સાથે મતભેદ થયો, પરિણામે હઝરત કશ્મીરી (રહ.) દારૂલ ઉલૂમમાંથી રાજીનામું આપીને જામિઅહ તઅલીમુદ્દીન ડાભેલ ગુજરાત ખાતે આવી ગયા. હઝરતની આમદ પહેલા જામિઅહ ડાભેલને એટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત ન હતી જેટલી આપના આવ્યા બાદ પ્રાપ્ત થઈ. હઝરત (રહ.) અને આપના સાથીઓના ગુજરાત આવવાથી ડાભેલને એવી ખ્યાતિ પ્રાપ્ત થઈ કે ચાર ચાંદ લાગી ગયા અને જામિઅહ ડાભેલ "દારૂલ ઉલૂમ ષાની" થી પ્રખ્યાત થઈ ગયો. જુઓ, અલ્લાહની શાન ! જો દારૂલ ઉલૂમ – દેવબંદમાં હઝરતનો ઈખ્તિલાફ ન થાત તો હઝરતની ગુજરાત આમદ ન થાત. કહેવાનો અર્થ એ કે તે ઈખ્તિલાફના પરિણામ રૂપે ડાભેલને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ. તે સમયે હઝરતે આ વાકય કહયું હતું કે "નાબૂદીના વિસ્ફોટમાં ઘડતરનો રાઝ છુપાયેલો હોય છે".

જામિઅહ ડાભેલમાં હું અને હઝરત મવલાના સાથે રહયા. સમય જતા

એવા હાલાત આવ્યા કે હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહબ (રહ.)ને ડાભેલથી રાજીનામુ આપવું પડયું, અને અલ્લાહે આપને દારૂલ ઉલૂમ તડકેશ્વરમાં શૈક્ષણિક સેવાઓ અર્થે કબૂલ ફરમાવી લીધા. આપની આમદ પહેલાં ફલાહે દારૈન એક નાનકડો મદ્રસો હતો, અરબીની શરૂઆતની કલાસો ચાલતી હતી, પરંતુ હઝરતના આવ્યા પછી "ફલાહે દારૈન – તડકેશ્વર" નો જે વિકાસ થયો તે સૌ કોઈ જોઈ શકે છે. આમ, ડાભેલના દુઃખદ હાલાતનો સામનો અને આપનું રાજીનામુ આપવું એ ફલાહે દારૈન માટે પ્રગતિનું કારણ બન્યું.

શૈક્ષણિક ક્ષેત્રે હઝરત રહ.ના સતત પ્રયત્નો આવકારવા લાયક હતા, કારણ કે મવલાનાનો ખાસ મકસદ એ હતો કે જે વિદ્યાર્થીઓ આપણી પાસે શિક્ષણ માટે આવે છે તેઓ અમાનત છે, તેમને અમાનતદારીથી શિક્ષણ આપવું જરૂરી છે. તેથી જ આપ મહેનત કરી તલબાને આગળ ધપાવવાના સઘળા પ્રયત્નો કરતા હતા. અંતકાળ સુધી આપની શૈક્ષણિક પધ્ધતિ આ પ્રમાણે જ હતી અને તે માટે તલબાને સઘળી સહુલતો આપતા એટલુ જ નહિ, જો કોઈ તાલિબે ઈલ્મને જોતા કે તે કોઈ વિષયમાં ખૂબ રસ ધરાવે છે તો તેની પાછળ વધારાનો સમય ફાળવી ખાસ ધ્યાન આપતા હતા.

નાના બાળકો પર રહેમ કરવું અને મહેરબાની કરવી તે આપની પ્રાકૃતિક આદત બની ચુકી હતી.

અલ્હમ્દુલિલ્લાહ! હઝરત (રહ.) સાથે મારા ગાઢ તઅલ્લુકાત રહયા અને અંતિમ ઘડી સુધી રહયા, છેલ્લે જયારે મવલાના બીમાર હતા તો હું અઠવાડિયે બે અઠવાડિયે આપની પાસે બીમારપુર્સી માટે જયા કરતો હતો.

અત્યારે હઝરત (રહ.) આપણા વચ્ચે નથી તો આપણે સૌએ હઝરત માટે ઈસાલે ષવાબનો ખાસ એહતેમામ કરવો જોઈએ. હઝરત (રહ.)ના મૃત્યુથી શિક્ષણ જગતમાં ઘણી મોટી ખોટ વર્તાઈ રહી છે, ખાસ કરીને ગુજરાત માટે. અલ્લાહ તઆલા હઝરત (રહ.)ની કબ્રને નૂરથી ભરી દે અને જન્નતુલ ફિરદોસ નસીબ ફરમાવે. (આમીન)

### (૨) મવલાના નઝીર સાહબ ખાનપૂરી (દા.બ.)

*(મુહતમિમઃ દારૂલ ઉલૂમ ફલાહે દારૈન–તડકેશ્વર)*

સૌ પ્રથમ "મજલિસે તહફફુઝ મદારિસે ગુજરાત"ના આજના જલ્સાના

પ્રમુખ તેમજ જલ્સાના સંચાલકનો આભાર વ્યકત કરું છું. એમણે મારા જેવા કમઝોર તાલિબે ઈલ્મને બુઝુર્ગો સમક્ષ કંઈક બોલવાની તક આપી. અલ્લાહ તઆલા મને કામની વાતો કહેવાની તૌફીક આપે. (આમીન)

બુઝુર્ગો અને દોસ્તો ! સમયની અછતના અભાવે હું ફકત બે જ વાતો કહીશ. જયારે ફલાહે દારૈનના મુહતમિમ પદે મને નિમવવામાં આવ્યો, રમઝાન પહેલાંની વાત છે, હું જલ્સાના એક દિવસ પહેલાં હઝરત મવલાનાની ખિદમતમાં હાજર થયો, આપ બીમારીને લઈ પથારીવશ હતા. હઝરતે મને કહયું કે મારી પાસે બેસ અને ફલાહે દારૈન બાબતે ઘણી ચર્ચા થઈ અને શિક્ષણ અને ઘડતર અંગે ઘણી કીંમતી વાતો ફરમાવી. જેમાં બે વાતો પર ખાસ ધ્યાન દોર્યું જે મદારિસના ઝિમ્મેદારો માટે ઘણી જ ફાયદામંદ છે, માટે આપ લોકો સમક્ષ રજુ કરવું યોગ્ય માનું છું.

હઝરત (રહ.) એ ફરમાવ્યું કે મદ્રસાઓનો એક બીજા સાથેનો સંપર્ક છે તેને જાળવી રાખજો અને તેને આગળ ધપાવવાના પ્રયત્નો કરશો. જયારે કોઈ મહાન વ્યકિત આપના મદ્રસામાં આવે તો આસપાસના મદ્રસાઓની પણ મુલાકાત કરાવશો. એવી જ રીતે આસપાસના ઈલાકાઓમાં જયારે કોઈ પોગ્રામ થાય તો તેમાં હાજરી આપશો અને આપને ત્યાં થતા પોગ્રામોમાં પણ આસપાસના ઉલમાએ કિરામ અને ઝિમ્મેદારોને આમંત્રણ આપશો. એક વાતની તાકીદ ફરમાવી કે પોતાની કમઝોરી અને ઈલ્મને ધ્યાનમાં રાખશો અને ખુબીઓ અને

**કેળવણી**

એક તાલિબે ઈલ્મના વાળ મોટા હતા, જેથી હઝરતે તેને કપાવવાનું કહયું, તો પીઠ પાછળ તે તાલિબે ઈલ્મએ ગુસ્સામાં કોઈક સામે એમ કહયું કે ફલાણાના વાળ પણ મોટા છે, પણ તેને કશું નથી કહેતા અને મને વાળ કપાવવાનું કહયા કરે છે. હઝરત પાસે આ વાત પહોંચી તો હઝરતે ફરમાવ્યું કે તમે લોકો અમને સુધારવા માટે નથી આવ્યા, કોની સાથે કેવો વર્તાવ કરવો એ અમને ખબર છે. અમારી સુધારણાની ચિંતા ન કરો, બસ અમે જે કહીએ તે કરતા રહો નહીંતર ચાલ્યા જાવ.

*(ગુલદસ્તએ મુહબ્બત. મવ. મુહમ્મદ હનીફ ફલાહી વરેઠી. સા. આફ્રિકા)*

કમાલાતને નઝરઅંદાઝ કરશો.

બીજી અગત્યની વાત એ ફરમાવી કે અત્યારે હિન્દુસ્તાનની આપણી પરિસ્થિતિ સંકટજનક છે. મસ્જિદો, મદ્રસાઓ, ખાનકાહો અને ઉલમાએ કિરામ માટે કામ કરવું ઘણુ મુશ્કેલ થઈ ગયું છે. આવા સમયે આપણે વકીલો, રાજકિય પ્રતિષ્ઠા ધરાવતા લોકો સાથે સંપર્ક રાખવો જોઈએ, બલકે જો બની શકે તો દરેક મદ્રસાએ પોતાનો એક વકીલ અને એડવોકેટ ખાસ કરી લેવો જોઈએ. બની શકે કોઈ એવી ઘટના બની જાય તો પોતે બનવા કરતા આપણા નીમેલા વકીલ સાથે મદ્રસાના પ્રતિનિધિ તરીકે વાત કરાવવી જોઈએ અને કહેવું જોઈએ.

ટૂંકમાં, હઝરત મવલાના શખ્સિયત એક એસોસિયેશન સમાન હતી. કયી ખૂબી એવી છે જે આપની અંદર જોવા ન મળતી હોય.

## (૩) મવલાના અ.રહમાન કાપોદ્રવી (ઝિ.મ.)

*(ઉસ્તાદ : જામિઅહ ઈશાઅતુલ ઉલુમ– અકકલકુવા)*

માનનિય પ્રમુખ, ઉલમાએ કિરામ ! અદબનો તકાઝો એ છે કે બુઝુર્ગો સમક્ષ બોલવું ના જોઈએ, પરંતુ જયારે તેઓ બોલવાનો હુકમ આપે તો માનવું ફર્ઝ બની જાય છે.

હઝરત મવલાના અબ્દુલ્લાહ સા (રહ.)ને આપ લોકો સારી રીતે જાણો છો અને હઝરતથી તઅલ્લુક ધરાવો જ છો, પરંતુ હઝરત સાથે અમારો એકદમ નજીકનો સબંધ હોઈ આપની પાસે રહેવાનો મોકો મળેલ છે, હઝરત ઘણા સમયથી બીમાર હોઈ છેલ્લા ત્રણ મહિના હું હઝરતની સાથે જ રહયો અને અલ્લાહના ફઝલથી આપની ખિદમતનો મુબારક અવસર પ્રાપ્ત થયો.

હઝરત મવલાનાની બીમારીના આ આખરી દિવસોમાં જે ઘટનાઓ જોવા મળી તે આ છે કે જયારે ડોકટરોએ આપની સતત બીમારી જોઈ કહી દીધું કે હઝરત કલાક બે કલાકના મહેમાન છે ત્યારે ઘરના તમામ સભ્યો રડવા માંડયા, હઝરતને થોડી વાર માટે જયારે હોશ આવ્યો તો અમારી ફોઈઓને કહયું કે રડવાનું બંધ કરો. આપને હોશ આવ્યો તે સમયે મારા કાકા હઝરત મવલાનાને કલમાની તલકીન કરી રહયા હતા તો આપે ફરમાવ્યું કે મને શા માટે કલમો પઢાવો છું, અલ્લાહના ફઝલથી હું પોતે કલમો પઢી શકું છું.

અંતે અમને તસલ્લી આપતા કહયું કે આવા સમયે રડવું ના જોઈએ, બલકે મારો ઈમાન પર ખાત્મો થાય તેની દુઆ કરવી જોઈએ અને કહેતા કે આ તો દુન્યાનો દસ્તૂર છે કે એક આવે છે તો બીજો જાય છે.

હઝરત (રહ.)ની જીવનમાં એક વાત જોઈ કે આપ દૂરંદેશ હતા, તેનું દ્રષ્ટાંત આપું છું કે જયારે અમારા ગામ કાપોદરા ખાતે મોડલ સ્કૂલની સ્થાપવામાં આવી તો ગામના વડીલો અને ઝિમ્મેદારોની મીટીંગ થઈ, હઝરત (રહ.) પણ મીટીંગમાં હાજર હતા. મીટીંગમાં ઘણી બધી વાતો થઈ, તેમાં એક વાત આ ચર્ચાઈ કે સ્કૂલનો યુનીફોર્મ કેવો રાખવામાં આવે, તો હઝરત (રહ.)એ કહયું કે છોકરાઓનો યુનીફોર્મ ઝભ્ભો–લેંગો અને ટોપી અને છોકરીઓ માટે અડધો નકાબ રાખવામાં આવે. આ મંતવ્ય સાંભળી કેટલાક ભણેલા જિમ્મેદારોએ વિરોધ કરતા કહયું કે હઝરત ! આ કોઈ મદ્રસો થોડો છે આ તો સ્કૂલ છે, બીજા કેટલાક વડીલોએ કહયું વાત તો ગળે નથી ઉતરતી, પરંતુ હઝરત મવલાના કહે છે તો કઈક વિચારીને જ કહયુ હશે એમ કહી તેને માન્ય

***કેળવણી***

એક નવજવાન મોટી ઉમરમાં પઢવા માટે આવ્યો હતો, કિરાઅત સારી હતી, તેને મદરસાની મસ્જિદનો ઈમામ બનાવી દેવામાં આવ્યો. મોટો ઝભ્ભો, બંડી, ઊંચી ટોપી પહેરતો હતો. તેના વાળ ઘણા મોટા હતા. તે સમયે તલબાને મોટા વાળ રાખવાની મનાઈ હતી. કોઈ તાબિલે ઈલ્મએ હઝરતના બુટમાં એક ચીઠ્ઠી મુકી દીધી. જેમાં લખ્યું હતું કે 'બધાને વાળ કપાવવાનું કહેવામાં આવે છે અને મસ્જિદના ઈમામ સા. મોટા મોટા વાળ રાખે છે તેમને કોઈ કંઈ નથી કહેતું.' હઝરતે બીજા જ દિવસે ઈમામ સા.ને ઓફીસમાં બોલાવી કહયું કે 'આ ચીઠ્ઠી આવી છે, તલબા તમારા વાળને લઈ આવા આવા પ્રશ્નો ઉઠાવે છે ! હવે તમે સમજદાર છો, તમને જે યોગ્ય લાગે તે કરો.' તે તાલિબે ઈલ્મ (ઈમામ સા.) તરત જ બહાર ગયા અને એ જ દિવસે સાંજે વાળ કપાવી નાખ્યા.

*(ગુલદસ્તએ મુહબ્બત. મુફતી જુનેદ બિન સય્યિદ મવ. ઝુલફિકાહ સા.*

રાખવામાં આવ્યો.

થોડા વર્ષો પછી જયારે સ્કૂલ ધમધોકાર ચાલવા લાગી અને તેની પ્રતિષ્ઠા વધી તો આસપાસના ગામડાઓમાં રહેતા હિન્દુ ભાઈઓને પણ લાલચ જાગી અને કહેવા લાગ્યા કે અમારા બાળકોનો પણ સ્કૂલમાં દાખલો થવો જોઈએ. આ બાબતે મીટીંગ બોલાવવામાં આવી, મારા દાદા મુહતરમ પણ હાજર હતા. હઝરતે તેમને કહયું કે દાખલો આપવામાં અમને કોઈ વાંધો નથી, પરંતુ આપનો બાળકોને પણ સ્કૂલનું નિયત યુનીફોર્મ ફરજિયાત પહેરવું પડશે. તો તેઓ કહેવા લાગ્યા કે આ વાત અશકય છે કે અમારા બાળકો ઝભ્ભો લેંગો અને ટોપી પહેરે. ત્યાર હઝરતે કહયું કે સરકારી કાયદો છે કે જે તે સ્કૂલે નકકી કરેલ યુનીફોર્મનો વિરોધ કરવો કાયદાકિય ગુનો છે. જો તમે યુનીફોર્મ પહેરાવવા તૈયાર હોય તો અમો દાખલો આપવા તૈયાર છીએ. તે લોકોએ કહયું કે આવું તો અમારાથી નહીં થાય. આ જોઈ ઝિમ્મેદારોની આંખો ખૂલી કે વર્ષો પહેલા હઝરતે જે યુનીફોર્મ નકકી કર્યો હતો તેમાં આ રહસ્ય હતું.

અલ્હમ્દુલિલ્લાહ ! હઝરતની આ દૂરંદેશીનું પરિણામ છે કે આજે સ્કૂલમાં એક પણ ગેરમુસ્લિમ શિક્ષક કે વિદ્યાર્થી નથી. સો ટકા મુસ્લિમ બાળકો મુસ્લિમ શિક્ષકો પાસે તાલીમ લઈ રહયા છે. આવી તો ઘણી બધી ખૂબીઓ હઝરત (રહ.)માં હતી, આપ લોકો અહીં સાંભળી જ રહયા છો અને સાંભળશો. અલ્લાહ તઆલા અમારા ખાનદાનમાં હઝરત જેવો કોઈ વ્યકિત પેદા કરે જે અમારા ખાનદાનનું નામ રોશન કરી શકે.

### (૪) હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સા (દા.બ.)

*(સ્થાપક અને મુહતમિમઃ જામિઅહ લિલબનાત, ટંકારીઆ)*

હઝરત (રહ.)થી મારી મુલાકાત ઘણા ઓછા પ્રમાણમાં થઈ છે, પરંતુ જયારે પણ મુલાકાત થઈ ઘણી જ મુહબ્બત – મહેરબાની સાથે મળતા હતા. એક વખતે હું મદ્રસાના ચંદા માટે કેનેડા ગયો, ત્યાં મસ્જિદે અબૂબક્રના ઝિમ્મેદારોએ મને જુમ્આમાં વાત કરવાની દરખાસ્ત કરી. હઝરત (રહ.) પણ ત્યા હાજર હતા એટલે મને ઘણી શરમ લાગી. મેં આ અશ્આર પઢયાઃ

વફા કૈસી કે ઈન્આમે વફા મિલ્તા નહીં
સંખ દિલ આસીયોં કો દર્દે આશ્ના મિલતા નહીં

મુસ્લિમે આલમ કો અજ્રે ઈબ્તિલા મિલતા નહીં
ખૂન બેહતા હૈ મુસલ્સલ ખૂન બહા મિલતા નહીં

હઝરત મવલાના મારા આ અશ્આર સાંભળી ખૂબ રડયા. અને મારી વાતોની દાદ આપી. કહેવાનો અર્થ એ કે હઝરતની આ એક અજોડ ખૂબી હતી કે આપ નાનાઓને દાદ અને હિમ્મત આપતા અને એવી રીતે વાત કરતા કે જાણે આપણામાં કોઈ મોટુ છે જ નહિં.

ગુજરાતના મદ્રસા બાબતે હઝરતે એક કિતાબ લખી છે, રમઝાન પહેલાં અમારા એક સાથીએ બતાવ્યું કે જુઓ હઝરતે આપણા મદ્રસા વિષે શું લખ્યું છે. અરબીમાં લખ્યુ હતું "હાઝિહિલ્ જામિઅતુ મુમ્તાઝુત્તઅલીમિ વત્તઅમિરિ વત્તરબિયતિ" અર્થાત આ એક એવો મદ્રસો છે જે શૈક્ષણિક ક્ષેત્રે, વિદ્યાર્થીઓના ઘડતર ક્ષેત્રે અનોખો છે. એવી જ રીતે અમારા ત્યાંથી 'સચ્ચાઈ' નામે ત્રિમાસિક મેગેઝિન પ્રકાશિત થતુ હતું, જેમાં સાફ સાફ લખવાની મારી આદત હતી. ઘણા લોકોને તેનાથી તકલીફ પણ થતી હતી, હું માફી ચાહું છું. હઝરત (રહ.) આ મેગેઝિન બાબતે ફરમાવે છે કે "હાજિહિ રિસાલતુન સય્ફુન મસ્લૂલુન અલા અકાઈદિલ બાતિલતિદ્ દાલ્લતિ" અર્થાત આ મેગેઝિન ગુમરાહ અને બાતિલ અકીદાઓ માટે એક ખુલ્લી તલવાર છે. અલ્લાહ તઆલા હઝરત મવલાના (રહ.)ના દરજાતને બુલંદ ફરમાવે. (આમીન)

## (૫) મવલાના યુનૂસ ફલાહી ટંકારવી (ઝિ.મ.)

*(ઉસ્તાદઃ મદ્રસા દારૂલ કુર્આન વલ્ હદીષ–ટંકારીઆ)*

હઝરત મવલાના (ન.મ.)થી હું બહુ પહેલાંથી વાકિફ છું, જયારે હું ફલાહે દારૈન તડકેશ્વરમાં ફારસી અવ્વલમાં દાખલા માટે પહોંચ્યો ત્યારે પ્રારંભિક મજલિસમાં તડકેશ્વરના મર્હુમ પ્રોફેસર બના સાહેબ પણ હાજર હતા, દુન્યવી શિક્ષણમાં સારી મહારત હતી.

તેમને મજલિસમાં બોલવાનો મોકો આપ્યો તો એમણે છેલ્લે છેલ્લે કોમ્પ્યુટર શિક્ષણ બાબતે એક વાકય કહયું કે "મને આશા હતી કે આપણો મદ્રસો આ બાબતે પહેલ કરશે, પરંતુ અફસોસ કે બીજા મદ્રસાઓ આ બાબતે આગળ નીકળી ગયા." આજકાલ દરેક મદ્રસામાં કોમ્પ્યુટર આવી ચુકયા છે પરંતુ ફલાહે દારૈનમાં હજુ સુધી ના આવી શકયા, ખબર નહી એમાં શું ભેદ

હશે. તો જયારે બના સાહેબે આ વાકય કહયું તો હઝરત (રહ.) ઉભા થઈ તેમની પુષ્ટિ ફરમાવતા કહયું કે વાત તો સાચી છે અને માનવી જ જોઈએ, પરંતુ મને એક વાત નથી સમજાતી કે સ્કૂલના દરેક વિષયો મદ્રસો ભણાવે અને મદ્રસાનો એક પણ વિષય સ્કૂલમાં ન ભણાવવામાં આવે, આ તે કેવી વાત ? ખાસ કરી આપની જે જે સ્કૂલમાં પહોંચ છે ત્યાં એકાદ તો મદ્રસાનો વિષય દાખલ કરવાની કોશિષ કરો, અરે કુર્આને કરીમ પઢાવો. કારણ કે મોટા ભાગના બાળકો જે અમારી પાસે પઢવા આવે છે તે આપની પાસે સ્કૂલમાં પણ આવેલ હોય છે, પરંતુ તમારી પાસે આવતા દરેક બાળકો અમારી

**ખુદ્દારી**

ફલાહે દારેનની વ્યવસ્થા એ આધારે પણ અનોખી હતી કે નાણાંકીય વ્યવસ્થા સાથે તેમને કોઈ લેવાદેવા ન હતી. તે વ્યકિતગત સંસ્થા હતી. દરેક વિભાગો અલગ અલગ હતા, નાણાંકીય વ્યવસ્થા ખાતુ અને મુહતમિમ ખાતુ બિલકુલ અલગ અલગ હતા, આ બાજુ હઝરતની અવલાદ પણ ઘણી હતી, સખી, અને સ્વભાવિક પણે મહેમાન નવાજ, પગાર ફીકસ, સામાન્યપણે દારૂલ ઉલૂમમાં પધારનાર મહેમાનોની મહેમાની પોતાના ખિસ્સાના પૈસાથી કરતા. જેના લઈ તેઓ વધુ પડતા દેવેદાર રહેતા, બલકે કદાચ કોઈ ભવિષ્યનો ઈતિહાસકાર આ બાબત ઘણી જ પાબંદી સહિત લખશે કે હઝરત જયારે ૧૮ વર્ષ મુહતમિમ અને ૯ વર્ષ રઈસુલ જામિઆ રહી તડકેશ્વરથી રૂખ્સત થયા તો એક અનાજ કરિયાણાની દુકાનવાળાનું પાંચ હજાર રૂપિયાનું દેવું હઝરતના માથે હતું. આપે તેને કહયું કે હું જઈ રહયો છું, મારા પર ભરોસો રાખો ઈન્શાઅલ્લાહ તમારા માંગતા પૈસા તમને જરૂર વહેલી ટકે ચુકવી દઈશ ! આજના મોહતમિમોએ આ કિસ્સાથી સબક ગ્રહણ કરવો જોઈએ. તેનું જ પરિણામ હતું કે અસાતિઝા પણ હઝરત સાથે કનાઅત કરી પડયા રહેતા અને વળી કયારેય કોઈના પણ મોઢેથી સબકમાં કે સબકની બહાર નાણાંકીય પરેશાનીઓ બાબતે એક પણ શબ્દ સાંભળવા મળ્યો નથી.

*(ગુલદસ્તએ મુહબ્બત. મુફતી જુનેદ બિન સય્યિદ મવ. ઝુલફિકાહ સા. ઈન્દોર)*

પાસે આવેલા હોતા નથી. આ આપની ખુદારીની વાત હતી કે સાચી વાતને માની લેતા હતા અને હકારાત્મક રીતે સામે વાળાની ઈસ્લાહ ફરમાવતા હતા.

આપ જાણો છો કે દારૂલ ઉલૂમ ફલાહે દારૈન વર્ષો પહેલાથી અંગ્રેજી વિગેરે વિષયો મદ્રસાના અભ્યાસક્રમમાં દાખલ કરીને પોતાની ધાક જમાવી ચુકયો હતો. આ જોતાં કોમ્પ્યુટર શિક્ષણને અપનાવી લેવું જોઈતું હતું પરંતુ મવલાનાની એક સુંદર આદત હતી કે સામે વાળાની વિચારસરણીની ઈસ્લાહ ફરમાવતા હતા. બીજી વાત એ કે આપના બયાનોમાં વધુ પડતું આ વાકય સંભળાવતા હતા કે "અખ્લાક સે જિયા કરતે હૈ અખ્લાક સે મારા કરતે હૈ" હઝરત (રહ.)ની કેવી ઉત્તમ વિચારધારા હતી.

અંતે હુ ગુજરાતી અશ્આર સંભળાવી મારી વાતને પૂર્ણ કરું છું.

સંકટ ભર્યા જીવનથી હું હારવાનો નથી
સમુદ્ર જેને ડુબાડી દે હું તે કિનારો નથી
ચમકીને તૂટી પડે હુ તે સિતારો નથી

**(૬)હઝરત મવલાના મૂસા માંકરોડ સાહબ (દા.બ.)**

*(મુહતમિમ : દારૂલ ઉલૂમ મરકઝે ઈસ્લામી– અંકલેશ્વર)*

માનનિય પ્રમુખ સાહેબ અને મદારિસના મુહતમિમ તથા સંચાલક ભાઈઓ ! સૌ પ્રથમ હું પ્રમુખ સાહેબને મુબારક બાદી આપું છું કે મજલિસે તહફફુઝે મદારિસના પ્લેટફોર્મથી હઝરત મવલાના (રહ.)ની શ્રંધ્ધાજલી માટે એક જલ્સાનું આયોજન કરી આપણને ભેગા કર્યા. હું અહિંયા મવલાના (રહ.)ના જીવન અંગે ત્રણ વાતો કહીશ.

હઝરત (રહ.)ની એક આદત હતી કે જયારે પણ આપ ગુરૂવારે પોતાના ગામ કાપોદરા આવતા તો બીજા દિવસે ચોકકસ અંકલેશ્વર આવતા અને આવીને સૌથી પહેલાં મારી દુકાને આવતા, ત્યાં અમે ચા–નાસ્તો કરતા, અને ચર્ચા વિચારણા કરતા, તે દરમિયાન હઝરત એક વાકય દર્દની સાથે કહેતા કે આખા અંકલેશ્વર ખાતે એક પણ "હાફિઝે કુર્આન" નથી, તૂ આ બાબતે કંઈક વિચાર." જુમ્આ સુધી અમારી વાતોનો સિલસિલો ચાલુ રહેતો, પછી જુમ્આની નમાઝ માટે જુમ્આ મસ્જિદે સાથે જતા અને ત્યાર બાદ હઝરત શાકભાજી લઈ પરત થતા.

આમ, પહેલેથી જ અમારી મુલાકાત થયા કરતી. આપની આ ફિકરોને સામે રાખી મેં મકતબની શરૂઆત કરી અને પછી દારૂલ ઉલૂમની વાત આવી તો આપ બહુ ખૂશ થયા અને ફરમાવ્યું કે આ અંગે મારા લાયક જે કંઈ કામ હોય કહી દેજો, હું ઈન્શાઅલ્લાહ આપની મદદ ફરમાવીશ. અલ્હમ્દુલિલ્લાહ! હઝરતે આ બાબતે બેહતરીન રેહબરી ફરમાવી.

હું હઝરતથી સલાહ – મશ્વરો કરી કામ કરતો હતો. એક વખત મેં પુછયું કે દારૂલ ઉલૂમનું નામ શું રાખું તો આપે ફરમાવ્યું કે "મરકઝે ઈસ્લામી" રાખી દો. એમ સમજો કે દારૂલ ઉલૂમ હઝરતની મુબારક દુઆઓનું પરિણામ છે. મદ્રસાનું નામ હઝરતની યાદગાર છે અને મારા ઉપર હઝરતનો મોટો ઉપકાર છે કે હઝરતે

### *જંબુસરથી કાપોદરા*

હઝરત મવલાના અલી મિયાં નદવી (રહ.)નો જે અંતિમ સફર ગુજરાતનો થયો હતો, તે સમયે આપ (રહ.) કદાચ દારૂલ ઉલૂમ જંબસર આવ્યા હતા. તે દિવસોમાં હું તો લંડનમાં હતો, પરંતુ ત્યાં મૌજુદ ઉલમાથી સાંભળ્યું હતું કે તે સમયે દરેક દારૂલ ઉલૂમ વાળાઓ હઝરત મુફક્કિરે ઈસ્લામને પોતાના દારૂલ ઉલૂમ પધારવાની દાવત આપી રહયા હતા, પરંતુ હઝરત ઈન્કાર ફરમાવતા રહયા, વાલિદ સાહબની પણ ચાહત હતી કે હઝરતને પોતાના ઘરે લઈ જાય, પરંતુ હઝરતની તબીઅતને જોઈ વાલિદ સાહેબની હિમ્મત થતી ન હતી. આપણા માટે બોધ પાત્ર બાબત છે કે આજ કાલ આપણા શેખો, ઉસ્તાઝો અને બુઝુર્ગોને બળજબરી પૂર્વક પોતાના ઘરે બરકત હેતુ લઈ જવાના પ્રયત્નો કરવામાં આવે છે, પરંતુ એમના આરામ અને રાહતનો આપણને ખ્યાલ રહેતો નથી. આ મુહબ્બત નથી, આ બાબતે આપણે સુધરવાની ઘણી જરૂરત છે. ખેર. ! તો હઝરત બધાને 'ના' માં જવાબ આપતા રહયા, ત્યાર પછી હઝરત રહ.એ પોતે ફરમાવ્યું કે 'મારે કયાંયે જવું નથી, મારે તો મવલાના અબ્દુલ્લાહ કાપોદરવીના ઘરે જવું છે, અને ત્યાર પછી ૭૦ ઉલમાએ કિરામને સાથે લઈ કાપોદરા પધાર્યા.

*(ગુલદસ્તએ મુહબ્બત. હાફિઝ ઈબ્રાહીમ બિન મવ. અબ્દુલ્લાહ કાપોદરવી, લંડન. યુ.કે.)*

દીની તઅલીમ બાબતે મારું ધ્યાન દોર્યુ, બાકી હું મોલ્વી હોવા છતાં એક વેપારી બની ગયો હતો.

અલ્હમ્દુલિલ્લાહ ! હું વારંવાર સલાહ માટે તડકેશ્વર હઝરતની ઓફિસમાં જતો હતો, એક વખતે જયારે મેં હઝરતની ઓફિસમાં જોયું તો હઝરતના ડેક્સ પર બે પેનો પડી હતી તો મેં પૂછયું કે હઝરત ! બે પેનો કેમ ? એકથી પણ કામ તો થઈ શકે છે, જવાબમાં હઝરતે જે વાત કહી એ આપણા સૌ માટે જીવનમાં અપનાવવા લાયક છે. હઝરતે ફરમાવ્યું : આ એક કલમથી હું મદ્રસાના કામો કરું છું અને મારો પોતાના વ્યકિતગત કામો બીજી પેનથી કરું છું. કેવી સાવચેતી હતી !!!

## (૭) મુફતી તાહીર સાહબ સુરતી (ઝી.મ.)

*(ઉસ્તાદઃ મદ્રસા ઈસ્લામિય્યહ સૂફી બાગ – સૂરત)*

શરૂઆતમાં જ નાઝિમ સાહેબે આપણા સૌને એક વિનંતી કરી હતી કે હઝરતના જીવનનો કોઈ એવું પાસું સામે લાવવામાં આવે જે મદારિસના ઝિમ્મેદારો માટે ઉપયોગી નિવડે. હું આ બાબતે વિચારતો રહયો તો એવો એહસાસ થયો કે હઝરતના જીવનકાળના દરેક પાસા મદ્રસા તથા મદ્રસાના ઝિમ્મેદારો માટે ઘણા જ ઉપયોગી છે. અલ્લાહ પાકે હઝરત (રહ.)ને જે ખૂબીઓ અને કમાલાતથી નવાઝયા હતા તે આપણે અપનાવવાની જરૂરત છે.

મારી નજરે મવલાનાની એક ખાસ ખૂબી એ હતી કે આપ જ્ઞાનપ્રેમી હતા અને ઈલ્મનો લોભ એવો કૂટી કૂટીને ભરેલો હતો કે તેને પ્રાપ્ત કરવામાં આપને કોઈ જાતની શરમ કે અન્ય કોઈ બાબત આડે આવતી ન હતી.

જયારે દારૂલ ઉલૂમ ફલાહે દારૈનના આપને મુહતમિમ બનાવવામાં આવ્યા તો આપને એક ચિંતા અને ફિકર રહેતી કે ઉચ્ચકક્ષાના નિષ્ણાંત આલિમો કયાંથી લઈ આવું અને હંમેશા તેની શોધમાં રહેતા અને રાજય, કોમ કે બિરાદરીની પરવા કર્યા વગર જયાં પણ આવા સારા આલિમ મળતા તો તેમને લાવવા માટે આપ પોતે ત્યાં પહૂંચી જતા.

હમણા થોડા દિવસો પહેલા હઝરત મુફતી અહમદ ખાનપૂરી (દા.બ.)એ બયાનમાં કહયું કે સય્યિદ ઝુલફિકાર અહમદ સાહબ (રહ.), જયારે દારૂલ ઉલૂમ દેવબંદથી ફારિગ થઈ રહયા હતા તો તેમને લેવા માટે જાતે ત્યાં પહોંચી ગયા. એવી જ રીતે હઝરત મવલાના મુફતી અબુલ કાસિમ નોઅમાની

(દા.બ.) (હાલ મુહતમિમઃ દારૂલ ઉલૂમ દેવબંદ)ને પણ તડકેશ્વર ખાતે ખિદમત માટે દઅવત આપી ચુકયા હતા, પરંતુ તે સમય બનારસમાં આપની તાતી જરૂરત હોઈ આવી ન શકયા.

એક વખતે હઝરત મવલાના જયારે ડાભેલ દસ દિવસના એઅતેકાફમાં હતા. (તે સમયે હઝરત મુફતી અહમદ ખાનપૂરી સાહબ દા.બ. નો કોઈ સફર હોઈ આપને ખાનકાહ સોંપી ગયા હતા) હું તે સમયે દારૂલ ઉલૂમ અશરફિય્યહમાં પઢાવી રહયો હતો અને હઝરત મવલાના મુફતી અ.રહીમ લાજપૂરી રહ.ની ખિદમતમાં બે ત્રણ કલાક પસાર કરતો હતો. તો હઝરતે મને મુઅતકફમાં બોલાવીને કહયું કે જુઓ અત્યારે તો આપ અશરફિય્યહમાં પઢાવી રહયા છો એટલે હું કશું કહી શકતો નથી પરંતુ અમાનતરૂપે તમને એક વાત કહું છું કે આપ ડાભેલ પઢી ચુકયા છો એટલે આપના માટે ડાભેલના દરવાજા હંમેશા માટે ખુલ્લા છે, જયારે પણ તમને આવવાનું મન થાય નિસંકુચ આવી જજો, આપને પઢાવવાનો મોકો આપવામાં આવશે. એહલે ઈલ્મની કેવી કદ્ર!!!

***બેનિયાઝી***

''ફલાહે દૌરન''ની સ્થાપક રાવત ફેમિલીએ કરી છે, તેઓ એકલા જ મદસાનો ખર્ચ પૂરો કરતા હતા. જેમ જેમ ફલાહે દારૈનની પ્રગતિ થઈ તેમ તેમ અલ્લાહ તઆલાએ તેમને પણ આર્થિક રીતે પ્રગતિ આપી. એક દિવસ એવો આવ્યો કે આ પરિવારની ગણના દુન્યાના મોટા વેપારીઓમાં થવા લાગી. આ ખાનદાનના મૂળ ઝિમ્મેદાર હાજી યુસૂફ રાવત મર્હૂમ મવલાનાના વિદાય સમારંભમાં જાતે કહી રહયા હતા કે મવલાના અમને બાળકોની જેમ સમજાવતા હતા કે મદરસા કેવા હોય છે ? કેવા લોકો ચલાવે છે ? અમને ખર્ચ કરવા પર તૈયાર કરતા હતા, ઈમારતોનું બાંધકામ કરાવતા, પુસ્તકાલય સજાવતા, તલબાની જરૂરિયાતોને તુલ્નાત્મક રીતે પૂર્ણ કરવાની પ્રેરણા આપતા. ઉસ્તાઝોનો આદર કરવાનો સિકકો અમારામાં બેસાડતા. અલબત્ત આ સંબંધોથી કદી વ્યકિતગત લાભ ઉઠાવતા ન હતા.

*(ગુલદસ્તએ મુહબ્બત. મુફતી જુનેદ બિન સય્યિદ મવ. ઝુલફિકાહ સા. ઈન્દોર)*

આપમાં જે ખૂબીઓ જોવા મળતી હતી ખરેખર તે તમામ અપનાવવા લાયક છે, આપણે આપણી જીંદગીમાં તેને ઉતારવી જોઈએ. અલ્લાહ તઆલા આપણને તેની તૌફીક આપે.

## (૮) મવલાના અ.રશીદ મનૂબરી સાહબ (ઝી.મ.)

*(ઉસ્તાદઃ દારૂલ ઉલૂમ માટલીવાલા – ભરૂચ)*

કામના માણસો તૈયાર કરવા હઝરત (રહ.)ની એક ખાસ ખૂબ હતી. અને તે ફકત તડકેશ્વર સુધી મર્યાદિત ન હતી બલ્કે કામ કરનાર જે કોઈ પણ આપની ખિદમતમાં આવતો આપ તેને પ્રોત્સાહિત કરતા અને રેહબરી ફરમાવતા હતા.

મારે પણ ઘણી વાર મવલાનાની સેવાનો મોકો મળ્યો, કારણ કે એક કિતાબ ''ઝુઝાઝતુલ મસાબીહ મિશ્કાતુલ હનફી''નું કામકાજ હઝરતના મશ્વરાથી જ દારૂલ ઉલૂમ માટલીવાલામાં શરૂ કરવામાં આવ્યું. અમે બે ત્રણ જણ તેની તખ્રીજ વિગેરેનું કામ કરી રહયા હતા. તો જયારે પણ હઝરત પાસે જવાનું થતું તો સૌ પ્રથમ એક પ્રશ્ન કરતા કે ''ઝુજાજ'' નું કામ કયાં સુધી પહોંચ્યું છે ? તો જતાં પહેલા અમારે જાણકારી મેળવીને જ જવું પડતું કે કેટલી હદીષોનું કામ થયું છે. જયારે પણ આપની સેવામાં જતા તો એવા પ્રોત્સાહિત કરતા કે આગળ કામ કરવાની હિંમત આવી જતી.

એવી જ રીતે જયારે પણ કોઈ પુસ્તક કે લેખ લખવાનું થતું અને હઝરતને આ બાબતે જાણ થતી તો આ બાબતે જે કોઈ નવી કિતાબ કે મકાલો છપાયો હોય અથવા કોઈ અરબ આલિમે પી.એચ. ડી. કરેલ મકાલો આવ્યો હોય તો તે બાબતે ધ્યાન દોરતા અને જો તે પોતાની પાસે હોતો તો આપતા અને સલાહ આપતા કે ફલાણી ફલાણી કિતાબ કે લેખનો આ પેરેગ્રાફ ઉમેરી લેવામાં આવે તો ઘણુ સારુ રહેશે.

ખરેખર હઝરત (રહ.) ની દુન્યાથી રુખ્સતી નૌજવાન ફુઝલાએ કિરામ માટે અને કામ કરનારાઓ માટે બહુ મોટી ખોટ છે.

હઝરત (રહ.) જોતા કે કોઈ જગ્યાએ કોઈ વિષય પર કામ થઈ રહયું છે કે તેની ખાસ તાલીમ આપવામાં આવી રહી છે તો જે તે વિષયના માહિર આલિમોથી લાભ ઉઠાવવાની સલાહ આપતા અને જયારે એવી કોઈ વ્યકિત

આપને ત્યાં મહેમાન બની આવતી તો હઝરત ચોકકસ પણે તે તલબાને રાહ દોરતા.

એક વખતે આપના ઘરે દારૂલ ઉલૂમ દેવબંદના તખસ્સુસ ફીલ હદીષના ઉસ્તાદ તશરીફ લાવ્યા તો મને યાદ છે કે આપ તેમને લઈ દારૂલ ઉલૂમ માટલી વાલા અને બીજા તે મદ્રસા જયાં તખસ્સુસ ફીલ હદીષની કલાસો ચાલી રહી છે, ત્યાં લઈ ગયા અને તે તલબા અને અસાતિઝએ કિરામની મુલાકાત કરાવી જેથી તેઓ પોતાના વિષયોમાં લાભ ઉઠાવી શકે.

### જુમ્આનો ખુત્બો

હઝરત (રહ.) કયારેક કયારેક જુમ્આની નમાઝ દારૂલ ઉલૂમની મસ્જિદમાં પઢતા, હું જયારે અરબી ૫ માં પઢી રહયો હતો ત્યારની વાત છે, એક વાર આપ (રહ.)એ ફરમાવ્યું કે તલબા જુમ્આનો ખુત્બો અરબી લેહજા (ઢબ)માં નથી પઢતા, અરબી ખુત્બો તો અરબી લેહજામાં જ હોવો જોઈએ. મેં કહયું : હઝરત ! એક જુમ્આ(નો ખુત્બો) આપ અહિંયા પઢાવો જેથી ઈન્શાઅલ્લાહ તલબા અરબી ખુત્બાની અરબી ઢબ સીખી લેશે. આપ (રહ.) એ ફરમાવ્યું : હું કારી થોડો છું ? હું કેવી રીતે પઢાવું ? હું સતત આગ્રહ કરતો રહયો કે હઝરત નમાઝ પઢાવવાની ફિકર ન કરો, ઈમામતની વ્યવસ્થા હું કરી લઈશ, તમે માત્ર ખુત્બો પઢાવી સંભળાવો, સતત આગ્રહ પછી આપ ખુત્બો પઢાવવા માટે તૈયાર થયા. જેથી અમારી તો ખુશી સમાતી ન હતી, મનમાં થતું કે જુમ્આ કયારે આવશે ? જુમ્આના દિવસે હું હઝરતના ઘરે પહોંચી ગયો, હઝરતને અરબી ઝભ્ભો પહેરાવીને મસ્જિદમાં લઈ આવ્યો, હઝરત એક કાગળમાં ખુત્બો લખીને આવ્યા હતા, અને પછી બેહતરીન ઢબમાં ખુત્બો આપ્યો અને એક કારી સાહેબે નમાઝ પઢાવી. તે રમણીય દ્રશ્ય આજે પણ નજરો સમક્ષ છે.

*(ગુલદસ્તએ મુહબ્બત. મવ. મુહમ્મદ ઈદરીસ ફલાહી, લેસ્ટર. યુ.કે.)*

ખરેખર, મવલાના અ.રશીદ સાહેબે ફરમાવ્યું તેમ આપ "રઈસુલ જામિઅહ" એટલે ફકત ફલાહે દારૈનના વડા નહી બલ્કે "રઈસુલ જામિઆત" એટલ કે તમામ

મદારિસના વડા હતા.

અને મવલાના એ પોતાના અશ્આરમાં એક પંકિતમાં સરસ રજુઆત કરી કે "તરબિયત છોટોં કી તેરા હાસિલ વ મહસૂલ થા" એટલે કે નાના બાળકોનું ઘડતર કરવું આપનો ખાસ મકસદ હતો. આ કાવ્યમાં આપની જિંદગીના તે પાસાનો હક અદા કરી દીધો છે.

## (૯) મવલાના અ.રશીદ ખાનપૂરી સાહબ (દા.બ.)

*(ઉસ્તાદે હદીષ : જામિઅહ ઉલૂમુલ કુર્આન – જંબુસર)*

અલ્હમ્દુલિલ્લાહ ! મારી ખુશ કિસ્મતી છે કે મને અરબી દોમ હઝરતની સરપરસ્તીમાં દારૂલ ઉલૂમ ફલાહે દારૈન ખાતે પઢવાનો મોકો મળ્યો. મારી અરબી અવ્વલ સુધીની તઅલીમ ખાનપૂર ખાતે થઈ, ગામડામાં તઅલીમ લઈ હવે અરબી દોમમાં દાખલા માટે ફલાહે દારૈન પહોંચ્યો. હઝરત મવલાના તે સમયે મુહતમિમ અને સર્વેસર્વા હતા. આપની આદત હતી કે આવનાર બાળકને ખૂબ ધ્યાનથી જોતા અને પારખવાના પ્રયત્નો કરતા. મારી સાથે તે વખતે અમારા ઉસ્તાદ મને છોડવા આવ્યા હતા. તેમને હઝરતે પૂછયું કે આ છોકરાએ ફારસી પઢયું છે? મારા ઉસ્તાદે કહયું કે હા ! સારી રીતે પઢી છે, તો હઝરતે કહયું કે હું પરીક્ષા લઈશ. મારા ઉસ્તાદે કહયું કે કેમ નહીં ? ચોકકસથી લો. હઝરતે મને ફારસીમાં અરજી લખી આપવા કહયું, મેં તરત લખીને આપી દીધી. ત્યારથી જ હઝરતે મને ધ્યાનમાં લઈ લીધો અને મુહબ્બત ફરમાવતા રહયા.

અરબી દોમ પછી મારે આણંદ જવાનું થઈ ગયું, કહેવાનો અર્થ કે એક જ વર્ષ હઝરતની છત્રછાયા હેઠળ રહેવાનું થયું, પરંતુ અત્યાર સુધી મારા બાળપણના તે તઅલ્લુકને બાકી રાખ્યો અને જરા ભૂલ્યા નહી, કારણકે આપ આવા બાળકોને કદી પણ ભુલતા ન હતા.

મવલાના (રહ.)ના જીવનનો એક ખાસ હેતુ આ હતો કે આપ નૌયુવાનોને આગળ ધપાવવા તેમની ખાસ તરબીયત કરતા અને તેમની પાછળ મહેનત કરતા. આ બાબત એવી છે કે માણસ તો એક દિવસે દુન્યાથી રૂખ્સત થઈ જાય છે પરંતુ પોતાની પાછળ પોતાની તૈયાર કરેલી એક મોટી ટીમ છોડી જાય છે.

હઝરત (રહ.)ની એક કિતાબ "તારીખે ગુજરાત" છપાઈ હતી. તે સમયે

હું નદવા દારૂલ ઉલૂમમાં અરબીમાં પી.એચ.ડી. કરી રહયો હતો. તે દરમિયાન નદવામાં રાબતએ અદબે ઈસ્લામી આલમીનો પ્રથમ સેમીનાર યોજાયો જેમાં મોટા મોટા જ્ઞાનપ્રેમીઓ આવ્યા હતા. અરબ ઉલમાએ પણ હાજરી આપી હતી. અરબી ભાષાના નિષ્ણાંત અદીબો પણ આવ્યા હતા.

મઝકૂર સેમીનારમાં હઝરત મવલાના (રહ.)ને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. સેમીનારમાં આવનાર મહેમાનોની ખિદમત માટે અરબી પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને નિમવામાં આવ્યા હતા. અમે ગુજરાતી હોવાના લઈ હઝરત મવલાનાની ખિદમતની સઆદત અમને પ્રાપ્ત થઈ હતી. જયારે અમે આપની ખિદમત માટે આપના રૂમ પર જતા ત્યારે હઝરત (રહ.) પોતાનો તે મકાલો (લેખ) જે આપે સેમીનારમાં રજુ કરવાનો હતો, તે અમને આપતા અને કહેતા કે આને સારી રીતે વાંચી નાખો અને સુધારવા લાયક કે વધારવા લાયક કોઈ વાત હોય તો બતાવી આપજો. હઝરત ફરમાવતા કે ગુજરાતી ભાષા પર અરબીનો ભારે અસર જોવા મળે છે ઘણા બધા ગુજરાતી શબ્દો જે અરબીના છે જેનો ઉલ્લેખ મે મારા લેખમાં કરેલ છે, અને અમને કહેતા કે તમે પણ આવા બીજા શબ્દો શોધી મારા લેખમાં વધારી દો. તો અમે ઘણા શબ્દો શોધી બતાવ્યા તો હઝરત બહુ જ ખુશ થયા અને તેને પોતાના લેખમાં શામેલ કરી દીધા. પછી જયારે તે પુસ્તક છપાવવાના સ્ટેજ સુધી પહૂંચી ગયું તે સમયે પણ તેના પ્રુફ વિગેરે માટે હઝરતે અમારાથી ઘણું કામ લીધું.

હઝરત મવલાના (રહ.) જયારે પણ કેનેડાથી પોતાના વતન પરત થતા તો આપણા પ્રમુખ હઝરત મુફતી સાહબ (દા.બ.) તેમની મુલાકાત અર્થે જતા. હું જયારથી જામિઅહમાં સેવા આપી રહયો છું ત્યારથી મને પણ સાથે લઈ જતા. એક વખતે અમે હઝરત પાસે પહોંચ્યા તો આપના ડેસ્ક પર "દીવાને ઈમામે શાફઈ" કિતાબ પડી હતી. શ્રીવર્ધનના કોઈ દીની મદ્રસામાં કોઈ ફલાહી આલિમ પઢાવતા હતા. આ મદ્રસો શાફઈ મસ્લકનો હતો. તેમણે હઝરત (રહ.)ને કહયું કે અમારે ત્યાં આ કિતાબ અરબી અદબના સિલેબસમાં છે, પરંતુ તેની કોઈ શરહ લખવામાં આવી નથી. જો કોઈ આ કાર્ય કરે તો ઘણું જ ઉપયોગી નિવડશે. આ વાત મવલાનાના દિમાગમાં બેસી ગઈ અને આ

કિતાબની અન્ય આઠ દસ પ્રતો ભેગી કરી લખવાનું શરૂ કરી દીધુ. કિતાબ લખાઈ ગઈ અને છપાઈને પણ આવી ગઈ. તો અમારી હાજરી વેળાએ હઝરત કહેવા લાગ્યા કે મારી આ કિતાબ છપાઈને આવી છે, પરંતુ મેં તેને લોકોને આપવાથી રોકી દીધી છે કારણ કે તેમાં દરેક પેજ પર દસ–પંદર ભૂલો છે. હવે મને એક ચિંતા સતાવી રહી છે કે આ કાર્ય કોણ કરશે, કારણ કે મારી પાસે સમય રહેતો નથી. તમે જયારે મોલ્વી રશીદને લઈને આવ્યા છો તો મારા દિમાગમાં વાત આવી કે આ માણસ સારી રીતે કામ કરી શકે છે. મુફતી સાહબના મારફત મને કહયું તો મેં મઅઝિરત સાથે કહયું કે હઝરત હું આમાં શું કરી શકું છું ? બીજા ઘણા લોકો આ કામને સારી પેઠે કરી શકે છે. તો

## *તાલીબે ઈલ્મીની બીમારીનો ઈલાજ*

વિદ્યાર્થિકાળ દરમિયાન હું થોડા થોડા દિવસે બીમારી પડતો હતો, ખાંસી – ઉધરસ ઘડી ઘડી થઈ જતી હતી, એક દિવસ, બે દિવસ, ચાર દિવસ હવે મન થતું હતું કે રજા લઈને ઘરે ચાલ્યો જાઉં. સારવાર કરાવ્યા પછી પરત આવતો રહીશ, પરંતુ રજા મળવી અત્યંત અઘળું કામ હતું, હઝરત (રહ.) નો એટલો રોફ હતો કે રજા લેવા જવાની કોઈની હિમ્મત ન નથી ન હતી. ઓફિસ પાસે જઈને બધા પાછા આવી જતા. અને હિમ્મત કરીને ઓફિસમાં ચાલ્યા પણ જતા તો એવો જવાબ મળતો કે તેનો કોઈ કોઈ જવાબ નહી, તાલિબે ઇલ્મ નાનું મોઢુ કરી પાછો ચાલ્યો આવતો. હવે મારો બનાવ પણ સાંભળો ! હું પણ ઘણી જ હિમ્મત કરીને રજા લેવા માટે જતો, હઝરત ફરમાવતા શું થયું ? કહેતો : હઝરત તાવ આવે છે, તો ફરમાવતા કે બીમાર છો તો દવા લાવો. હું કહેતો કે હઝરત ઘરે જવા માંગુ છું, તો હઝરત ફરમાતા કે, તડકેશ્વરના લોકો બીમાર થાય છે કે નહીં ? મેં કહયું : હાં, તો ફરમાવ્યું કે શું આ બધા લોકો તમારા ગામ ટંકારીઆ દવા લેવા માટે આવે છે ? નહીં સિવાય આનો બીજો શું જવાબ હોય શકે ! બસ તો તમે પણ અહીંયાથી જ દવા લઈ લો, સાજા થઈ જશો !

*(ગુલદસ્તએ મુહબ્બત. હઝ. મવલાના મુહમ્મદ યૂસુફ ફલાહી, ટંકારવી દા.બ. ફલાહે દારૈન, તડકેશ્વર)*

હઝરતે કહયું, ના ! આ કામ તો તારે જ કરવું પડશે. મુફતી સાહેબે આગ્રહ કર્યો કે હઝરતનો આપણી સાથે જે તઅલ્લુક છે તેને ધ્યાનમાં રાખી લઈ લો, આપણા મદ્રસામાંથી આ કામ થાય તો સારું રહેશે. છેવટે મેં આ કિતાબનું કામ સઆદત સમજી શરૂ કરી દીધું. જેથી મેં હઝરતને કહયું કે પહેલા દસેક પેજ તૈયાર કરી આપને આપીશ, આપ જોઈને બતાવશો કે મારે કઈ રીતે કામ કરવું જોઈએ. હઝરતે કહયુ કે ના! તમે ના આવશો હું જાતે ત્યાં આવીશ અને બેસીને વાત કરીશું. આમ હઝરત જામિઅહમાં આવ્યા એક દિવસ રોકણ કર્યુ, વાતચીત થઈ તે દરમિયાન મેં કહયું કે અત્યારે જે અનુવાદ કરેલ છે તે બે ત્રણ લીટીઓમાં છે, મારુ માનવું છે કે એક જ લીટીમાં શાબ્દિક તરજુમો થવો જોઈએ, જેથી વાંચનારને અંદાજો આવી જાય કે કયા શબ્દનો શું અર્થ થાય છે. હઝરતે કહયું કે તુ કવિ (શાયર) છે આવું તો તું સારી રીતે કરી શકે છે. મેં મારા તૈયાર કરેલ દસેક પેજ રજુ કર્યા, એક બે જગ્યાએ મને થોડો શક થયો હતો કે આવું નહિં આવું હોવું જોઈએ તે પણ હઝરતને કહયું. હઝરત મવલાનાએ સાંજ સુધી તેને ધ્યાનથી બધુ જોયું અને મને બોલાવીને કહયું કે મેં બધુ જ વાંચી લીધુ છે તમે જે સ્પષ્ટીકરણ કર્યુ છે તે પણ જોયું, અશ્આરનો તરજુમો પણ જોયો. માશાઅલ્લાહ ! બધુ જ બરાબર છે અને હું ચાહું છે કે આ જ પ્રમાણે સંપુર્ણ કામ થાય. હવે પછી કયારેય એવુ ના કહેતો કે મને અહિંયા મને ખલજાન (શક) છે? તને સંપુર્ણ અધિકાર છે તું તેને પુરૂં કરી નાખ.

અલ્હમ્દુલિલ્લાહ ! કામ શરૂ કરી દીધુ, પરંતુ આ દરમિયાન મારા વાલિદ સાહબ વધારે બીમાર થઈ ગયા અને કામમાં મોડું થઈ ગયું, હઝરત મવલાના જયારે બીજા વર્ષે આવ્યા તો કિતાબની માંગણી કરી, મેં કહયું કે હજુ કામ બાકી છે અને આ માટે બીજા લોકોથી પણ મદદ લેવામાં આવે તો સારું રહેશે, મારાથી કામ થતુ નથી. હઝરતે હિમ્મત આપતા કહયું કે નહીં નહીં! આ કામ તો તારે જ પૂર્ણ કરવાનું છે.

અલ્હમ્દુલિલ્લાહ! કામ પુરૂં થઈ ગયું, જામિઅહ ઉલૂમુલ કુર્આન – જંબુસરના પ્રકાશન વિભાગે જયારે તેને પ્રકાશિત કરવાનું નકકી કર્યુ તો પુસ્તકમાં શામેલ કરવા માટે એક "તમહીદ" (સંપાદકના બે બોલ) લખીને મોકલાવ્યા જેમાં હઝરતે લખ્યું હતું કે હવે આ કિતાબ મારી નથી, કારણ કે

રશીદ ખાનપૂરીનો ખાસો એવો વધારો કરેલ છે જેથી કહી શકાય છે આ સંપાદન અમે બન્નેવનું સંયુકત રીતે તૈયાર કરેલ પુસ્તક છે. અમે જો કે આ લખાણને શામેલ નથી કર્યું, બરકતના તૌર પર અમારી પાસે રાખેલ છે. કહેવાનો અર્થ કે વ્યકિતના ઘડતરની કેવી ફિકર હતી કે બાળપણ મેં જેને પરખ્યો હતો તેની સાથે હંમેશા સુધી મુહબ્બત ફરમાવતા રહયા. ખરેખર અમે અમે જે કંઈ લખ્યું તેના કરતા તો આપની મુહબ્બતો વધારે છે.

હમણા થોડા દિવસો પર હઝરતના દિકરા મુફતી અસજદ દેવલવી સાહબ (જામિઅહના શૈખુલ હદીષ) હઝરતની બીમારપુર્સી માટે ગયા હતા. તેઓ આવીને મને કહેવા લાગ્યા કે અમે જયારે બીમારપુર્સી માટે પહોંચ્યા તો હઝરત બેભાન અવસ્થામાં હતા. થોડી જ વાર માટે જયારે આપને ભાન આવ્યું તો આપનું નામ લઈ પુછતા હતા કે રશીદની શું ખબર છે ? હકીકત છે તેઓ કયાં અને અમે કયાં ? પરંતુ ફકત એક મુહબ્બત અને નાનાઓને આગળ ધપાવવું તે બુઝુર્ગોની આદત રહી છે કે જેથી તેમની હયાતીમાં જ નાના તૈયાર થઈ જાય અને તેમની ભુલો બતાવી દેવાય જેથી મોટા થઈ ભુલો ના કરે.

અલ્લાહ તઆલા આપને કરોડો કરોડ ચેન – સુકુન અર્પણ કરે અને આપણા સૌ તરફથી અને પૂરી કૌમ તરફથી બહેતરીન બદલો આપે. આમીન

## (૧૦) મુફતી અ.કય્યૂમ રાજકોટી સાહબ (દા.બ.)

*(સહાયક મુફતી : જામિઅહ ઈસ્લામિય્યહ તઅલીમુદ્દીન – ડાભેલ)*

અલ્લાહ તબારક વ તઆલાનો આભાર માનવો જોઈએ કે આપણને એવી મહાન હસ્તીઓની છત્રછાયા અર્પણ કરી, જે સદીઓમાં જન્મ લે છે. હઝરત મવલાના (રહ.)થી મારા સબંધની શરૂઆત એવી રીતે થઈ કે હઝરત એક વખતે દસ દિવસ માટે ડાભેલ તશરીફ લાવ્યા. આ રોકાણ દરમિયાન હઝરત જયારે રાત્રે આરામ માટે પોતાના રૂમમાં જતા તો અમે લોકો પાછળ પાછળ થઈ જતા અને હઝરતની ખિદમતની સઆદત પ્રાપ્ત કરતા. આમ, હઝરત (રહ.)થી અમારી રાબતો બંધાયો. ખિદમત વેળાએ અમે ઘણા સવાલો કરતા અને હઝરત તેનો જવાબ આપી રેહબરી ફરમાવતા. એક વખતે મેં પુછયું કે હઝરત "મઝમૂન નિગારી" (લેખનકળા) કેવી રીતે શીખી શકાય? તો આપે જવાબ આપ્યો કે એ તો લખતા લખતા આવડે.. એક રીત એ પણ છે કે તમે

કોઈ ઉર્દૂનો સારો લેખ લઈ તેને ખૂબ વાંચો, ઘણી વાર વાંચ્યા પછી તેને બંધ કરી દો, હવે તે જ લેખને તમારા પોતાના શબ્દોમાં લખો અને પછી તેને પેલા લેખ સાથે સરખાવો. આમ, ધીમે ધીમે આપને લેખનકળા પ્રાપ્ત થઈ જશે.

હઝરત (રહ.) લેખનકળા પર ખૂબ ભાર આપતા હતા અને આ બાબતે હઝરત મવલાના અલીમીયાં નદવી (રહ.)ના હવાલાથી એક વાત ઘણા જ દુ:ખ સાથે કહેતા કે જયારે ગુજરાતના કોઈ આલિમનો મારી ઉપર પત્ર આવે છે તો એવું લાગે છે કે જાણે કોઈ મકતબના વિદ્યાર્થીએ લખ્યો હોય, હઝ. મવલાના (રહ.)આ વાતને વારંવાર દોહરાવતા અને આપનું દિલ ભરાઈ જતું.

હઝરત મવલાના (રહ.)ની ઈતિહાસ પર બહુ ભારે નઝર હતી. આપણા ઈતિહાસ બાબતે એક વાત કહેતા કે આપણા ગુજરાતીઓ પોતાના આલિમોને ભુલાવી દે છે એટલે કે તેમના વિષે કંઈ પણ લખતા નથી. પછી જયારે તે બુઝુર્ગો દુન્યાથી ચાલ્યા જાય છે તો પાછલા લોકો કોઈ તેમને ઓળખતા પણ નથી. મને કહેતા કે તમે આપણા બુઝુર્ગોનો ઈતિહાસ લખો. મેં જામિઅહનો ઈતિહાસ લખવાનું શરૂ કર્યું, આપને આ બાબતે જાણ થઈ તો બહુ જ ખુશ થયા અને મને પ્રોત્સાહિત કર્યો. જયારે જામિઅહ ડાભેલના સો વર્ષ પૂર્ણ થયા અને "સદસાલા" (સુવર્ણ જયંતિ) ઈજલાસ યોજાયો તે વખતે મારી 'ફુઝલાએ જામિઅહ' નામી એક કિતાબ પ્રકાશિત થઈ. મવલાનાએ જલ્સામાં મને ખૂબ દાદ આપી અને એવા શબ્દોથી મને પ્રોત્સાહિત કર્યો કે તેને કહેતા મને શરમ આવે છે.

કહેવાનો અર્થ કે મવલાનાને આ બાબતે રસ વધ્યો તો અમારા મુહતમિમ સાહેબને કહયું કે આનો એક પીરીયડ જામિઅહના ઈતિહાસ માટે ખાલી કરી દો. અલ્હમ્દુલિલ્લાહ ! મુહતમિમ સાહેબે મવલાનાની વાતને માન આપી મને એક પીરીયડ ખાલી કરી આપ્યો. અલ્હમ્દુલિલ્લાહ! આજ સુધી જે કંઈ પણ આની બરકતથી લખાયું તે હઝરતના ખાતામા જ ભેગુ થશે અને ઈન્શાઅલ્લાહ આપના માટે સદકએ ઝારિયહ બનશે.

"તારીખે જામિઅહ"નો પહેલો ભાગ જયારે છપાવા માટે ગયો, તે વખતે હઝરત (રહ.) એવા બીમાર ચાલી રહયા હતા કે કયારે આંખ મીચાઈ જાય કહેવાય નહિં. તો અમે નકકી કર્યુ કે જેવી જ આ કિતાબ છપાઈને આવે સૌ

પ્રથમ હઝરતની સેવામાં રજુ કરવામાં આવે. હજુ તો કિતાબો છપાઈને આવી ન હતી, થોડી ઘણી પ્રતો નમૂના પૂરતી આવી તો અમે એક માણસ મારફત તાત્કાલિક મવલાનાને પહોંચાડી. તે માણસ જયારે ઘરે પહોંચ્યો તો હઝરતે તે પુસ્તક માથે મુકવા કહયું અને જયાં સુધી કિતાબ માથે રહી આપે ખૂબ જ રાહત અનુભવી અને કહેવા લાગ્યા કે "હું આ પુસ્તક જોવા માટે જ જીવી રહયો હતો" ફોન કરીને અમારા મુહતમિમ સાહેબને ઘણી જ મુબારકબાદી પાઠવી અને ખુશીનો ઈઝહાર કર્યો અને કેટકેટલી દુઆઓ આપી. આગળ બીજા ભાગો બાબત પણ પૂછયું કે કયારે છપાશે તો મેં કહયું કે મેટર તૈયાર છે ઈન્શાઅલ્લાહ વહેલી તકે કામ થશે.

મવલાના (રહ.)ને એક આદત એ હતી (જે કદાચ જ કોઈનામાં જોવા મળતી હોય) કે જો કોઈ આપને પત્ર લખતો તો આપ ચોકકસથી તેનો જવાબ આપતા અને જો તેમાં પ્રશ્ન પુછેલ હોય તો તેનો સંતોષકારક જવાબ આપતા. હું પોતે ઈતિહાસ પર કામ કરતો હોઈ મારે ઘણી વખત હઝરતને પત્ર લખવો પડતો હતો કારણ કે હઝરતને આ બાબતે ઘણુ જ્ઞાન હતું. જેથી થોડા થોડા સમયે જામિઅહના મર્હુમ અસાતિઝહના હાલાત બાબતે પુછતો રહેતો અને દરેક વખતે હઝરત વિગતવાર જવાબ આપતા હતા.

હઝરત મારા પત્રને ઘણા જ પ્રેમભાવથી આવકારતા અને જો કયારેક આપને પત્ર લખવામાં મારાથી ગફલત થઈ જતી તો તેની શિકાયત પણ કરતા. એક વખતે હઝરત મુફતી અહમદ સાહબ ખાનપૂરી (દા.બ.)ને પત્ર લખ્યો તો તેમાં મારો ઉલ્લેખ કરીને લખ્યું હતું કે "ઘણા સમયથી તેમના કાગળ આવતા નથી, તેમની નારાઝગીનું કારણ જણાતું નથી, ભુલથી કે જાણી જોઈને કોઈ ભૂલ થઈ હોય તો માફી ચાહું છું, યાદ રહે કે વતનથી હઝારો માઈલ દૂર રહેતા માનવી માટે માત્ર બે ચાર લીટીઓ પણ ખૂશીનું કારણ બની જાય છે." વિચારવા જેવી વાત છે કે એક એવો વિદ્યાર્થી જેની ગણના આપના શિષ્યો નહીં, શિષ્યોના શિષ્યોમાં થતી હોય તેની સાથે આવો વર્તાવ ખરેખર આ તો ઘડતર અને મુહબ્બતની વાત છે.

હઝરત જયારે પણ કેનેડાથી આવતા મારા પાછલા પત્રોનું વર્ણન કરતા અને કોઈ સારી વાત હોતી તો તેના પર ભેટ પણ આપતા, કદી પેન તો કદી

કીચૈન અને કયારેક પૈસા પણ મોકલાવતા. એક વખતે મારે કાપોદરા જવાનું થયું તો હઝરત પોતાના દિકરાને કહયું કે "ઈસ્માઈલ! અ.કય્યૂમને પેલી ટોર્ચ આપી દે" નિકળતી વેળાએ મેં મારા સાથીઓને કહયું કે હઝરત (રહ.) અત્યાર સુધી આંતરિક રોશની પહોંચાડતા જ આવ્યા છે આજે તો બાહય રોશની પણ આપી દીધી.

હું બે–ત્રણ દિવસ પહેલાં આપના પત્રો જોઈ રહયો હતો, તેમાં એક ઘણો જ કીંમતી પત્ર મળી આવ્યો જે આપે મજલિસે તહફ્ફુઝે મદારિસના આપણા પ્રમુખ સાહેબને પ્રથમ ઈજલાસ વેળાએ મદ્રસાના ઝિમ્મેદારો સમક્ષ રજુ કરવા લખ્યો હતો. અને આપની એક નેક આદત એ હતી કે જયારે પણ કોઈને કાગળ લખતા અને જો તે કીંમતી હોય તો તેની થોડીક ઝેરોક્ષ કઢાવી અન્ય જવાબદાર વ્યકિતઓને પણ આવતા.

અલ્હમ્દુલિલ્લાહ ! અહિંયા મદ્રસાના ઝિમ્મેદારીની મોટી સંખ્યા હાજર છે એટલે હું પત્ર વાંચી સંભળાવું છું.....

અસ્સલામુ અલયકુમ વ.વ.

સલામ બાદ જણાવવાનું કે ઘણા સમયથી આપણા અરબી મદ્રસાઓની શિક્ષણ અને ઘડતર બાબતે કેટલીક વાતો સામે આવી તે ઘણી જ દુઃખદ અને વિચારવા જેવી છે. આ બાબતે ચર્ચા – વિચારણા કરી તેને દૂર કરવાની યુકિત અપનાવવી દરેક આલિમે દીનની ફરઝ છે. આપે આ નેક કામ અર્થે મજલિસે તહફ્ફુઝે મદારિસના પ્લેટ ફોર્મ મારફત આ ફરઝ અદા કરવાનો પ્રયાસ કર્યો છે. (અલ્લાહ આપને ઉત્તમ બદલો આપે)

(૧) સૌથી પહેલી વાત જેનો આપણે સાચા દિલથી એકરાર કરવો જોઈએ તે આ છે કે દીની કાર્યો માટે જે નિખાલસતા અને લિલ્લાહિય્યત જરૂરી છે અને આપણા વડવાઓમાં તેના ખુલ્લા દ્રષ્ટાંતો મળી આવે છે તે બાબત આપણામાંથી રોજ બરોજ લુપ્ત થતી જઈ રહી છે. શિક્ષણ અને ઘડતર માટે આંતરિક ભાવનાની જરૂરત છે. તેનું ફકત એક દ્રષ્ટાંત રજુ કરુ છું

હઝરત મવલાના મુહમ્મદ યુસૂફ સાહબ કાંધલવી (રહ.) એ "અમાનિયુલ અહબાર"ના મુકદમા માં લખ્યું છે :

અબૂ કિફાલ મરવઝી (રહ.) પોતાના ફતાવામાં લખે છે કે રબીઅ મરવઝી

જેઓ શાફઈ મસ્લકના રાવી છે, તેઓ સમજ શકિતમાં થોડા વધારે નબળા હતા, ઈમામ શાફઈ (રહ.)એ એક વખતે કોઈ મસ્અલો તેમને ચાલીસ વખત સમજાવ્યો, પરંતુ તેમને સમજ ના પડી તો શરમના માર્યા તેઓ મજલિસ છોડી બહાર નીકળી ગયા. ઈમામ શાફઈ (રહ.)એ તેમને એકાંતમાં બોલાવીને સમજાવતા રહયા અહિંયા સુધી કે તે મસ્અલો તેમની સમજમાં આવી ગયો.

શું આપણા આ યુગમાં અસાતિઝા પોતાના તલબા માટે આવી ફિકર અને આવી સહાનુભુતિ ધરાવે છે ? તેથી જ કહું છું કે સૌથી પહેલા આપને નિખાલસતા અને આંતરિક સહાનુભુતિ પેદા કરવાની સખત જરૂરત છે.

કોઈએ કહયું છે : નક્શ હૈ ના–તમામ સોઝે જિગર કે બગૈર

(૨) જયારે આપણે ઉસ્તાદો (શિક્ષકો) અભ્યાસમાં કોતાહી અને આળસ રાખીશું, સમયસુચકતાનો ખ્યાલ નહી રાખીએ, તદરીસી (શૈક્ષણિક) કાર્યો સિવાય અન્ય બેકાર કાર્યોમાં સમય બરબાદ કરીશું, તો ચોકકસપણે તલબાના હકમાં આપણા તરફથી કોતાહી ગણાશે અને પરિણામરૂપે તેમનું શૈક્ષણિક નુકશાન થશે, આ નબળાઈને દૂર કરવાની સખત જરૂરત છે. અફસોસ એ વાતનો છે કે જો આ બાબતે ધ્યાન દોરવામાં આવે તો તેને પોતાના મરતબા વિરુધ્ધ સમજવામાં આવે છે અને અપમાન લાગે છે અને પોતાની આઝાદી પર એક જાતનો પ્રહાર ગણવામાં આવે છે. હાય અફસોસ. !!!

(૩) ઘણા ઉસ્તાદો કોઈ વિષયમાં મુનાસબત ન ધરાવતા હોવા છતાં તે કિતાબને છોડતા નથી, ખરેખર તો આ દયાનતદારીના ખિલાફ કહેવાય કે જે કિતાબનો હક અદા ન થતો હોય તેને પકડી રાખવામાં આવે.

(૪) તઅલીમના સમયે હાજરીની પાબંદી અને તે સિવાયના સમયમાં તલબાની મશ્ગૂલી બાબતે ધ્યાન ઓછું થઈ રહયું છે, આ કામ ફકત વહીવટ કર્તાઓનું માનવામાં આવે છે જે તદ્દન બેકાર વિચારધારા કહેવાય. આ બાબતે આપણે શૈખુલ અદબ (રહ.) અને મવલાના મેઅરાજ (રહ.)નો તરીકો જાણીએ જ છીએ.

(૫) આપણા મદ્રસામાં તલબાની સંખ્યાનો મસ્અલો પણ વિચારવા જેવો છે, તલબાની સંખ્યા એટલી જ રાખવામાં આવે જેના ઉપર કન્ટ્રોલ થઈ શકે જેથી તેમની તઅલીમ, કેળવણી સારી રીતે થઈ શકે. ''કોન્ટીટીના બદલે

કવોલીટી'' પર ભાર દેવો જોઈએ.

(૬) આપણા તલબા બોર્ડીગમાં ઈલ્મી કિતાબો, બુઝુર્ગોના જીવન પર લખવામાં આવેલી કિતાબોનો અભ્યાસ કરવાને બદલે ખેલ કૂદના મેગેઝિનો વાંચતા હોય છે અને કેટલાક તો તઅલીમ સિવાયના અન્ય બેકાર કાર્યોમાં પરોવાઈ જાય છે જેનાથી ઘણું જ નુકશાન થાય છે.

જે મદ્રસાઓ શહેરમાં હોય છે ત્યાના મકામી વિદ્યાર્થીઓ તઅલીમ સિવાયના સમયમાં વધુ પડતા બજારોમાં ફરવા નીકળી પડે છે અને ઘણીવાર ગંદી હરકતો પણ કરે છે જે બાબતે ધ્યાન આપી સુધારવાની જરૂરત છે.

(૭) અફસોસ કે ક્રિકેટની રમત પાછળ હદથી વધુ ગાંડા થવાનો ક્રેઝ મુસલમાનોમાં ફેલાઈ ચુકયો છે અને તેની અસર આપણા તલબામાં જોવા મળે છે, આ વબાલથી બચાવની કોઈ યુકિત ઝરૂર વિચારવી જોઈએ.

(૮) તલબાને ઈલ્મી મજલિસો, સેમીનારોમાં મકાલાત વાંચવાની તરગીબ આપવી જોઈએ જેથી તઅલીમ સિવાયનો સમય આવા લેખો માટે અભ્યાસમાં લાગે અને વાંચનનો શોખ પૈદા થાય.

(૯) અભ્યાસક્રમમાં નકકી કરેલ મિકદાર પૂરી થવી જોઈએ. ઘણી જગ્યાએ એવું જોવામાં આવે છે કે થોડાક બાબ (પાઠો) ભણાવી અધુરુ મુકવામાં આવે છે.

(૧૦) ઉસ્તાદોએ હજ્જે બદલ કે નફલ હજ માટે એક સાથે ૮–૧૦ની સંખ્યામાં સફરમાં નીકળી કૌમના દિલના ટુકડાઓ (તલબાએ કિરામ)ને આઝાદ છોડી દેવા ઘણી જ શરમજનક વાત કહેવાય, આ બાબતે વિચાર વિમર્સ કરવું જોઈએ. એ વાતનો અનુભવ થયેલ છે કે બીજાની કિતાબને અન્ય મુદર્રિસ ધ્યાનથી નથી પઢાવતા.

હઝરત મવલાના અલીમીયાં નદવી (રહ.) લખે છે કે ''ખરેખર લોકોએ પોતાના જિગરના ટુકડાઓને આપની સમક્ષ મુકી દીધા છે''

''તો આ બાબતે અલ્લાહથી ડરો, અલ્લાહ તઆલા સમક્ષ તમારી આ બાબતે પૂછ થશે.'' (અબ્દુલ્લાહ)

(૧૧) તલબાએ કિરામમાં ઈલ્મી શોખ પેદા કરવા માટે તેમને સારી સારી કિતાબો, ઉત્તમ લેખો તરફ ધ્યાન દોરવું જોઈએ, અભ્યાસ વગર ઈલ્મી શોખ

પૈદા થવો અશકય છે.

(૧૨) જે તલબા નાપાસ થાય તેમને કોઈ પણ કાળે આગળ દરજો આપવામાં ના આવે, તેમને આગળ દરજો આપવો મહેરબાની નહીં, ઝુલ્મ છે. પરીક્ષાઓ પણ ખેલ સમાન થઈ ચુકી છે. ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ પાસ થઈ જાય છે.

(૧૩) મદારિસમાં કાબેલિયત ધરાવતા નિષ્ણાંત આલિમો અને બુઝુર્ગોને આમંત્રિત કરી વખતો વખત તલબામાં વાત કરાવવી જોઈએ, આનાથી તલબાની વિચારશકિત વધુ મજબૂત થાય છે.

(૧૪) ઉર્દૂ ભાષા, ઉર્દૂ લેખનકાર્ય, અરબી અદબ અને અરબી વાતચીત ઉપર પૂરેપૂરૂં ધ્યાન આપી તલબાને તેની સાથે જોડવા જોઈએ. આજકાલ તો આપણા ફાઝિલો (ફારિગ થનાર તલબા) એક પેજ પણ સારી રીતે લખી શકતા નથી. ઈલ્લા માશાઅલ્લાહ..

(૧૫) ધમાલી વિદ્યાર્થીઓ સાથે રિઆયત કરવી પણ નુકશાનકર્તા છે, થોડી ઘણી સજા અને જરૂરત જણાતા મદ્રસાથી દાખલો રદ કરવો પડે છે.

અલ્લામા બિન્નોરી (રહ.)ના કથન મુજબ કે "ધમાલ્યો હોશિયાર ડફોર આજ્ઞાંકિત વિદ્યાર્થી કરતા સારો "

ગઝવએ તબૂકની લડાઈ વેળાએ પાછળ રહી જનારને પણ સજા આપવામાં આવી હતી અને તેમનો દાખલો રદ કરવામાં આવ્યો હતો.

મદ્રસાનું વહીવટી તંત્ર સારી રીતે ચાલે એ પણ જરૂરી છે. ઘણી વખતે નાગમતા ફેસલાઓ પણ કરવા પડે છે.

આ થોડી રજુઆતો હતી જે રજુ કરી દીધી "સારી વાતોનું આચરણ કરો અને બેકાર વાતોને છોડી દો"

અલ્લાહ તઆલા આપણને ઈસ્લાહની તૌફીક આપે જેથી આપણે આપણા બુઝુર્ગોએ આપેલ અમાનતને જાળવી શકીએ. એવી જ રીતે મદ્રસામાં ઝિક્રની મજલિસો પણ થવી જોઈએ. સાહિબે નિસ્બત અસાતિઝહની મજલિસોથી ઘણુ બધુ મળી આવે છે.

અંતમાં જલ્સામાં હાજરી આપનાર તમામ ઉલમાએ કિરામને મસ્નૂન સલામ કરું છું. *વસ્સલામ અબ્દુલ્લાહ ગુફિરલહુ*

## (૧૧) હઝરત મવલાના મુફ્તી અહમદ યાકૂબ દેવલ્વી (દા.બ.)

*(પ્રમુખ : મજલિસે તહફ્ફુઝે મદારિસે ગુજરાત)*
*(મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન – જંબુસર)*

અલ્હમ્દુલિલ્લાહ ! આજે આપણા સૌના મખ્દૂમ માનનિય મુફકિકરે મિલ્લત હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સાહબ (દા.બ)ની યાદમાં તેમની ખૂબીઓનું વર્ણન કરવા આ મજલિસ યોજવામાં આવી છે.

હઝરત મવલાના (રહ.) સાથે ડાભેલથી જ સબંધ રહયો છે. ઈસવી સન ૧૯૬૩, ૧૯૬૪ અને ૧૯૬૫ માં મવલાના પાસે મે અરબીની તાલીમ લીધી છે. અરબી અવ્વલમાં "અરબી સફવતુલ મસાદિર" અને "દુરૂસુલ્લુગતુલ અરબિય્યહ" અરબી દૌમમાં "નૂરુલ ઈઝાહ" અને "કુદૂરી" અને અરબી સૌમમાં "શરહે તહઝીબ" પઢવાનો મોકો મળ્યો.

આ સમયગાળામાં મે જોયું કે મવલાના સમયના ઘણા જ પાબંદ હતા. સમયસર કલાસમાં આવી જતા. મને યાદ નથી કે આપ કયારેય મોડા પહોંચ્યા હોય. અલ્હમ્દુલિલ્લાહ તેનો એટલો તો ફાયદો થયો કે અમે વિદ્યાર્થીઓ પણ આ બાબતનો ખ્યાલ રાખતા થઈ ગયા.

કલાસમાં આવી સૌથી પહેલા આપ તલબાની હાજરી લેતા અને હાજરી દરમિયાન તલબાએ કિરામ સાથે કેળવણીની વાતો કરતા હતા. અમે તો ગામડાના રહેવાસીઓ હતા. અમારી વાંકીચૂકી ટોપીઓને ઠીક કરાવતા, આસ્તિનો ચઢેલી હોતી તો તેને ઉતારવાનું કહેતા, બીજું કોઈ અયોગ્ય કૃત્ય જોતા તે બાબતે તંબીહ ફરમાવી દેતા હતા. સબક એકદમ સરળ રીતે સીધી સાદી ભાષામાં સમજાવી દેતા હતા. કલાસનો આખો સમય તલબાને સાંભળવા અને સંભળાવવામાં જ ખર્ચ કરતા હતા કોઈપણ જાતની ફાલતુ કે ફોગટ વાત કે કાર્ય કરતા ન હતા.

સમયની પાબંદી આપની ખાસ ખૂબી હતી. અમારે ત્યાં મજલિસમાં જયારે પણ આવતા ત્યારે સમયનો ચોકકસ ખયાલ રાખતા. એવી જ રીતે કોઈને પણ કોઈ પણ જાતની તકલીફ ન પહોંચે તેનું ધ્યાન રાખતા. ઘણી વાર મારે હઝરત સાથે સફરમાં જવાનુ થતું ત્યારે ફરમાવતા કે કંઈક ખાતા– પીતા રહેવું જોઈએ, કારણ કે મોડે સુધી ભુખ્યા તરસ્યા રહેવાથી પેટમાં દુર્ગંધ પેદા

થાય છે અને તેનાથી અન્યોને તકલીફ થઈ શકે છે. અને ફરમાવતા મુસાફરીમાં ભાથું સાથે લઈ લેવું જોઈએ ભલે ને તે એક દિવસ કે અડધા દિવસનો સફર કેમ ન હોય ?

૧૯૬૬માં હઝરત મવલાના તડકેશ્વર ખાતે તશરીફ લાવ્યા અને મુહતમિમનું પદ સંભાળ્યું તો હિંમત અને ખુમારી સાથે કામ કર્યુ. એટલું જ નહિં, આ સમયગાળામાં આપે સખત હાલાતનો સામનો કરવો પડયો, પરંતુ તેની પરવા કર્યા વિના હઝરત નિડર પણે મદ્રસાને કામિયાબીને શિખરે પહોંચાડતા રહયા, અને તેનું જ પરિણામ હતું કે આપ ૧૯૬૭ થી ૧૯૮૫ સુધી સતત સત્તર – અઢાર વર્ષ સુધી ફલાહે દારૈન તડકેશ્વર ખાતે મુહતમિમના પદે ટકી રહયા, જયારે કે ત્યાર પછી આજ સુધીના સમયગાળામાં થોડા થોડા સમયે આ પદે કેટલાય મુહતમિમોની નિમણુક કરવામાં આવી તે આપણી સમક્ષ છે.

હું તો ફકત એટલુ જ કહેવા માગું છુ કે હઝરતે આવી પરિસ્થિતિમાં કોઈપણ આવી પરિસ્થિતિમાં પણ મદ્રસાને કેવી પ્રગતિ અપાવી. શિક્ષણ અને ઘડતરને આપ પોતાની ઉચ્ચ વિચારધારા મુજબ લાવવા માંગતા હતા. કોઈ મુદર્રિસની નિમણુક કરવાની હોય, મહેમાનોને સંભાળવા, કોઈને કંઈક કહેવું દરેક જાતની જવાબદારીઓ આપના માથે હતી. મદ્રસાના તાલીમી સ્તરને ઉચ્ચથી ઉચ્ચતમ બનાવવા માટે જરૂરત જણાતા આપે ગુજરાત બહારથી નિષ્ણાંત શિક્ષકોની નિમણુક ફરમાવી. એટલું જ નહિ, વખતો વખત કાબેલ ઉલમાએ કિરામ અને પ્રોફેસરોને પણ આમંત્રિત કરતા હતા. મને યાદ છે કે એક વાર અલીગઢ મુસ્લિમ યુનીવર્સિટીના વાઈસ ચાન્સલર જનાબ હામિદ મિયાંને પણ બોલાવ્યા હતા અને વિવિધ મદ્રસાઓનો દોરો કરાવ્યો હતો.

મદારિસની સફાઈ – સુધરાઈ, તઅલીમી – તરબિયતી અને અખ્લાકી હાલતને ખુશી ખુશી બિરદાવી ચાન્સલર સાહેબે એક વાકય કહયું હતુ કે ખરેખર મદ્રસા તો આને જ કહેવાય.

હઝરત (રહ.) એ ફલાહે દારૈન છોડયા પછી પણ મદ્રસા સાથે એવી રીતે જોડાયેલા રહયા જેવી રીતે કે પહેલા હતા.

આપ વાંચનનો ભારે શોખ ધરાવતા હતા. અમારે ત્યાં જયારે પણ કોઈ

કિતાબ છપાઈને આવતી તો હું હઝરતને મોકલાવતો, તે જ સમયે તેને વાંચવાનું શરૂ કરી દેતા. પાછલા દિવસોમાં જામિઅહમાં એક ફીકહી સેમીનાર યોજાયો ત્યારે પણ ઘણી બધી કિતાબો છપાઈ, મેં તે કિતાબોનો સેટ હઝરતને મોકલાવ્યો. હઝરતનો સાંજે ફોન આવ્યો કે તમારી મોકલાવેલ કિતાબો વાંચી, તેમાં એક કિતાબ "ઝલ્લતુલ કારી" ના ફલાણા ફલાણા પેજ પર ભુલ થયેલી છે તેને સુધારી લેશો. વિચારવા જેવી વાત છે કે વાંચનની કેવી દિલચસ્પી હતી.

મવલાના જયારે સખત બિમાર હતા તે દિવસોમાં હઝરત મવલાના તકિયુદીન નદવી સાહબ (દા.બ.) બિમારપૂર્સી માટે તશરીફ લાવ્યા હતા. આવી જ્ઞાનપ્રેમી હસ્તી સાથે બીમાર હોવા છતા વાર્તાલાપ કર્યો. આ બધી આપના શિક્ષણ સાથે લગાવની વાતો છે.

મારે મવલાના (રહ.) પાસે અને મવલાના બેમાત (રહ.) પાસે અવાર નવાર જવા આવવાનું થતુ. ૧૯૭૩ની વાત છે જયારે મે જામિઅહ તઅલીમુદીન ડાભેલથી રાજીનામુ આપ્યું. ત્યારે હું હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહબ પાસે ગયો, હઝરતે મવલાના બેમાત સાહબથી મશ્વરો કર્યો કે મોલ્વી અહમદને આપણે ત્યાં નિમણુક કરી લેવી જોઈએ. તે દિવસોમાં જ મવલાના ઈસ્માઈલ માલેગાંવી મદ્રસામાંથી છુટા થયા હતા, જેઓ મદ્રસામાં મિશ્કાત શરીફ વિગેરે કિતાબો પઢાવતા હતા. મવલાના અબ્દુલ્લાહ સાહેબે મને પુછયું કે તમે શું પઢાવી શકશો? મેં કહયું કે અલ્લાહના ફઝલથી હું નીચેથી ઉપર દરેક કિતાબ પઢાવી શકુ છું, પરંતુ હું ચાહુ છું કે વચ્ચેની કલાસોથી શરૂઆત થાય જેથી મારી જ્ઞાનશકિતમાં વધારો થાય. તે સમયમાં ફલાહે દારૈનના નાયબ મુહતમિમે હઝરત (રહ.)ને કહયું કે આનું કદ બહુ નાનું લાગે છે, બોડી વોડી પણ નથી, આનાથી વિદ્યાર્થી પર રોબ નહીં પડે. એટલે મને આ યોગ્ય લાગતું નથી. આમ, વાત અહિંયા અટકી ગઈ. ખૈર, અલ્લાહ તરફથી તેમાં બહુ મોટી ખૈર હતી.

*મજલિસે તહફ્ફુઝે મદારિસે ગુજરાત તરફથી ફખરે ગુજરાત મુફકિકરે મિલ્લત હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહબ કાપોદ્રવી (નવ્વરલ્લાહુ મરકદહુ)ના નિધન પર તઅઝીયતી ઠરાવ.*

અલ્હમ્દુલિલ્લાહ! દુન્યા અમલની જગા અને આખિરત બદલો મેળવવાની

જગ્યા છે. અહિંયા આવનાર દરેક વ્યકિત મુસાફિર હોય છે, જે નિયત કરેલ પરીક્ષા આપી પરિણામ તરફ આગળ વધે છે.

પયગમ્બરો અને અલ્લાહના વલીઓ, ધાર્મિક અનુયાયીઓ અને સમર્થકો, સમાજસુધારકો અને પીરમુરશીદો, મુફસ્સિરો અને મુહદ્દિષો, બાદશાહો અને અમીરો, દાઈયો (પ્રચારકો) કાઝીઓ, નેતાઓ અને વિજેતાઓ બધા જ આ જગતમાં પધારયા અને પોતાની સેવાઓ રજુ કરી ફના થનાર આ જગતને છોડી હમેંશ બાકી રહેનાર આખિરત તરફ ચાલ્યા ગયા.

અરે આટલુ જ નહિં, જે માનવી દરેક બાબતે વિરોધ હોય છે તે પણ મોત બાબતે એક મત છે..... કોઈ શાઈરે કહયું છે કે .....

એક હી કાનૂને કુદરત કી હૈ યે દુન્યા અસીર
તાજદારો માલદારો, સરફરાજો રાહગીર

અર્થાત... આખું જગત કુદરતના એક કાનૂન સાથે બંધાયેલો છે, ભલેને તે બાદશાહ હોય કે માલદાર હોય, કે પછી મોભાદાર હોય કે મુસાફિર હોય...

મૌતનું આવવુ એ તો કુદરતનો પ્રાકૃતિક ક્રમ છે. આનાથી જ તો નેક લોગો પોતપોતાના આરામ સ્થળે પહોંચી નવવધુની જેમ આરામથી સુઈ જાય છે, પરંતુ તેમના સેવાભાવી કાર્યો, નફાકારક કર્મો, પ્રેમ–ભાવ, પ્યાર–મુહબ્બત, કોમની ચિંતા, જનતાની ફિકર જેવી બાબતો એટલી તો ફેલાયેલી હોય છે કે મરનાર વ્યકિત ફકત એક ઘર, એક ફળિયું કે એક ગામ જ નહિં બલ્કે આખા જગતને રડાવી જાય છે. એવી જગ્યા છોડી જાય છે કે જાહેરમાં તો તે પૂર થવી મુશ્કિલ જણાય છે, એવી પીડા આપી જાય છે કે તેમની જુદાઈથી દરેકે દરેક વ્યકિત તઅઝીયત અને તસલ્લીનો મુહતાજ જણાય છે.....

ફખરે ગુજરાત, મુફકિકરે મિલ્લત, કોમના હમદર્દ, ઉલમાનો વકાર, અદીબોના સરદાર અને જામિઅહના ચાન્સલર એવા હઝરત મવલાના અબ્દુલ્લાહ (અલ્લાહ તેમની કબ્રને રોશન ફરમાવી દે) પણ એવા જ એક મહાન વ્યકિત હતા જે એક ઘરની રેહબરી માટે જન્મયા હતા, પરંતુ જગતભરના રેહબર તરીકે હંમેશા હંમેશ માટે તેમને લોકો યાદ કરશે. ઈન્શાઅલ્લાહ...

વો ચલ દિયા જો પેકરે ઈખ્લાસ વ દર્દ થા

હક મગફિરત કરે અજબ આઝાદ મર્દ થા

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે તમામ ઈલ્મી દર્સગાહો સુની થઈ ગઈ.

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે અદબની કોયલો એકદમ ચુપ થઈ ગઈ...

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે ઉલમા અને મશાઈખોના ચમકદાર ચહેરા ગમથી છવાઈ ગયા.....

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે મુસ્લિમ જગતમાં ભરપાઈ ન શકે તેવી જગ્યાનો અનુભવ થવા લાગ્યો....

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે ઉમ્મતના વડવાઓ પર તેમનો ગમ છવાઈ ગયો...

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે સામાન્ય રીતે આખું ભારત અને ખાસ કરીને ગુજરાત આપના પ્રેમભર્યા છાયડાથી વંચિત થઈ ગયું...

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે એક વાઈઝ, એક સમાજ સુધારક અને એક લેખક થી ઉમ્મત મહરૂમ થઈ ગઈ.

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે શ્રેષ્ઠ વહીવટનો શાનદાર દ્વાર બંધ થઈ ગયો.

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે મજલિસો અને મહેફિલોમાં ઉમ્મતને હલાવી દેનાર મહાન વ્યકિત ચાલ્યા ગયા...

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે કહેણી અને કરણીના ગાઝી ચાલ્યા ગયા...

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે ઉમ્મત માટે રડનાર ચાલ્યા ગયા.

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે મજલિસે તહફ્ફુઝે મદારિસે ગુજરાત પોતાના એક નિખાલસ આગેવાનથી વંચિત થઈ ગઈ...

મવલાના કાપોદ્રવી દુન્યાથી એવા ગયા કે ઈલ્મી અદબી ચળવળ "રાબતએ અદબે ઈસ્લામી"ના પોતાના સરદારથી વંચિત થઈ ગઈ.

ખરેખર આપનું જવું મોટો અવકાશ ખલા છે, પરંતુ માનવ ઘડતરનો

ઈલાહી અને નબવી કાનૂન આપણને પ્રોત્સાહિત કરે છે, ખરેખર ન ભુલી શકાય તેવું દર્દ છે, પરંતુ મહેરબાની કરનાર તે ઝાત મહાન છે. આવું તો ઉમ્મતને ઘણા ખરા રહેબરોની જુદાઈનો ગમ વેઠવો પડયો, પરંતુ જનાર હસ્તીઓ પોતાની માનવ ઘડતર ખૂબી દ્વારા પોતાના શિષ્યો અને અનુયાયીઓની એક ટીમ તૈયાર કરતી ગઈ.

એક વાત ચોકકસ છે જેને કોઈ નકારી શકતું નથી કે આ ઉમ્મત કદી પણ નિઃસંતાન થવાની નથી, કારણ કે પયગમ્બર (સ.અ.વ.) ફરમાવ્યું "લા તઝાલુ તાઈફતુમ્ મિન ઉમ્મતી....." (અર્થાત મારી ઉમ્મતમાં એક તો એવી જમાઅત રહેશે જ જે દીન પર તટસ્થ પણે જમેલી રહેશે.)ની ખૂશખબરી સંભળાવીને ગયા છે. અને તેથી જ દુન્યાથી રૂખ્સત થનાર આવી મહાન હસ્તીઓની ખૂબીઓ યાદ કરી શ્રધ્ધાંજલી અર્પણ કરવી અને તેમનો આભાર વ્યકત કરવો, એટલુ જ નહિં તેમના અધુરા કાર્યોને પૂર્ણ કરી આગળ ધપાવવા અને તેમના મિશનને સફળ બનાવવો એ આપણા સૌની નૈતિક ફરજ છે.

કોઈક શાઈરે કહયુ છે :

ખુદા બખ્શે બહુત સી ખૂબીયાં થી મરને વાલે મે..

"મજલિસે તહફફુઝે મદારિસે ગુજરાત" નો મવલાના મરહૂમ સાથે મુહબ્બત ભર્યો સબંધ હતો. એવુ કદી નથી બન્યું કે મવલાના હિન્દુસ્તાનમાં હોય અને મજલિસે તહફફુઝની મીટીંગમાં હાજરી ન આપી હોય. શોખથી મીટીંગમાં હાજરી આપતા અને તેનું પ્રમુખપદ સંભાળતા હતા. અને જો આપની ગેરહાજરીમાં મજલિસની કોઈ મીટીંગ કે પોગ્રામ થતો તો તેનો રિપોર્ટ જાણવા તત્પર રહેતા.

હઝરત મવલાના મજલિસે તહફફુઝને મદારિસ માટે મઝબૂત દિવાલ સમાન ગણતા હતા. એટલુ જ નહિં, તેને પ્રોત્સાહિત વાતો અને સલાહસુચનો ફરમાવતા હતા. મજલિસના શરૂઆતના યુગના મહત્વના પોગ્રામોમાં ખૂબ જ ખંત સાથે હાજરી આપી તેના શૈક્ષણિક, કેળવણી, વહીવટી અને અખ્લાકી નિયમો નકકી કરવામાં મવલાના (રહ.)નો ભરપૂર ફાળો રહયો છે.

જમીઅતે ઉલમાએ હિન્દ જયારે બે ભાગમાં વહેંચાવાની ઘટના બની અને ઉમ્મતના તમામ બુઝુર્ગો પરેશાન થઈ ચિંતામાં પડી ગયા અને કોઈ પણ કાળે

તેને એક કરવા અનથક પ્રયત્નો કરી રહયા હતા. આ ઘટના બનતાની સાથે જ "મજલિસે તહફફુઝે મદારિસ ગુજરાત" તરફથી એક મીટીંગ બોલાવવામાં આવી હતી, હઝરત મવલાના પણ મજલિસમાં હાજર હતા અને મવલાનાએ જમીઅતના બન્નેવ પક્ષો દરમિયાન સુલહ સફાઈ માટે રજુઆત કરી. મદારિસના તમામ ઝિમ્મેદારોએ મવલાનાની વાતને ટેકો આપ્યો અને પરિણામરૂપે તે જ વખતે વડીલ ઉલમાએ કિરામની એક જમાઅત બનાવવા આવી, જેમાં હઝરત મવલાના મુફતી અહમદ ખાનપૂરી સાહબ (દા.બ) અને હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી (ન.મ.) શામેલ હતા, હું પણ તે જમાઅતમાં હતો. અલ્હમ્દુલિલ્લાહ! આ જમાઅત દિલ્લી ખાતે જમીઅતની ઓફિસે પહોંચી બન્નેવ પક્ષો વચ્ચે સમાધાન કરવાના સઘળા પ્રયત્નો કર્યા, પરંતુ તકદીરમાં લખાયેલું કોઈ મીટાવી શકતુ નથી, સઘળી કોશિષો નિષ્ફળ ગઈ. આમ, છતા મવલાના આ બાબતે સતત પ્રયત્નો કરતા રહયા. અલ્લાહ તઆલા મવલાના મરહૂમને બેહતરીન બદલો અર્પણ કરે. (આમીન)

"મજલિસે તહફફુઝે મદારિસે ગુજરાત"ની આજની સભા મવલાના મરહૂમના ઘરવાળાઓ, સગા–સંબધીઓ, દારૂલ ઉલૂમ ફલાહે દારૈનના ઝિમ્મેદારો, અસાતિઝા અને તલબાને ખાસ કરીને અને તમામ મદારિસના ઝિમ્મેદારો તેમજ ઉમ્મતની હમદર્દી રાખનારાઓની ખિદમતમાં દિલથી પોતાના ગમ અને સદમાની લાગણી રજૂ કરે છે. સાચે જ હઝરતની વફાત આખી ઉમ્મત માટે મોટી ઘટના છે, અલ્લાહ તઆલા ઉમ્મતની મદદ ફરમાવે. (આમીન) અલ્લાહ તઆલા મરહૂમ મુહતરમની મગ્ફિરત ફરમાવે અને તેના મહબૂબ અને મુકર્રબ બંદાઓમાં શામેલ ફરમાવે, આખિરતની તમામ મંઝીલો સહુલત સાથે પાર કરાવીને જન્નતુલ ફિરદૌસમાં નબી (સ.અ.વ.)ની પડોશમાં જગા અર્પણ કરે. અને આપના પાછળ રહેનાર હયાત મુતઅલ્લિકીનને બહેતરીન સબ્ર અને બેનમૂન બદલો અર્પણ કરે અને આપણા સૌને તેમની સારી ખૂબીઓ અને કૌમ – મિલ્લતની ફિક્ર મોટા પ્રમાણમાં અર્પણ કરે. (આમીન) (અલ્લાહુમ્મગ્ફિર્ લહુ વર્હમ્હુ વસક્કિન્હુ ફીલ જન્નહ)

*(હઝરત મવલાના મુફતી) અહમદ દેવલવી (દા.બ.)*

સદર : મજલિસે તહફફુઝે મદારિસે ગુજરાત – જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસર

# વો ખુર્શીદે રોશન નિહાં હો ગયા

● *મવલાના બશીર ભડકોદવી સાહબ, જામિઅહ જંબુસર*

.................................................................................................

ભરૂચની ભૂમિને એ ગર્વ પ્રાપ્ત છે કે જિલ્લાના એક નાનકડા ગામ કાપોદરામાં આફતાબે ઈલ્મ –ફઝલ હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહબનો ઉદય થયો હતો, કાપોદરા ગામ ભરૂચ જિલ્લાનું એક નાનુ સરખુ પણ આદર્શ ગામ છે. જેને મર્હૂમ મવલાનાનું માદરેવતન હોવાનું ગૌરવ પ્રાપ્ત છે, બલકે ગામનું નામ જ મૌલાનાના નામનું પર્યાય બની ગયું હતું, ઈલ્મી આલમમાં તો "મવલાના કાપોદ્રવી સાહબ" અથવા "હઝરત કાપોદ્રવી સાહબ"ના હુલામણા નામથી જ મર્હૂમનો ઝિક્રે ખૈર થતો હતો. મવલાનાની ઈલ્મી સુવાસ દેશ–વિદેશમાં મહેંકતી થઈ એ સાથે નાનકડા ગામ કાપોદ્રાનું નામ પણ દુન્યા આખીમાં ગુંજતુ થયું, કવિ મેઘાણી આવા જ સપૂતો વિશે કહી ગયા છે ......

"જનની જણે તો ભકત જણ  કાં દાતા કાં શૂર
નહીં તો રહેજે વાઝણી  મત ગુમાવીશ નૂર

તા.૧૦ / ૦૬ / ૨૦૧૮ મંગળવારની ઢળતી સાંજે આસમાને ઈલ્મનો આફતાબ અસ્ત થયો. એટલે કે હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સાહબ અલ્લાહને પ્યારા થઈ ગયા, અને સગા– સંબંધીઓ તેમજ લાખો અકીદતમંદોને સોગવાર કરી ગયા.

*ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન*

ગયા ઉડકે વો બુલબુલે ખુશનવાં, ચમન પાયમાલે ખિઝાં હો ગયા
બયાબાં હમારી સરા બન ગઈ, મુસાફિર વતનકો રવાં હો ગયા

*ડો.ઈકબાલ.....*

મૌત એક એવી કડવી વાસ્તવિકતા છે કે આસ્તિક–નાસ્તિક બધાને જ તેના સત્ય આગળ માથુ ઝુકાવ્વું પડે છે. આપણે જે દુન્યામાં શ્વાસ લઈ

રહયા છીએ. ત્યાં મતભેદોનો કોઈ પાર નથી. વાત–વાતમાં મતભેદ હોય છે. અરબીના ખ્યાતનામ શાયર મુતનબ્બીએ તો અહિયાં સુધી કહી નાંખ્યું છે કે,

تخالف الناس حتى لا اتفاق لهم

الّا على الشَّجَبِ والخُلُفُ فى الشَّجَبِ

અર્થાત:લોકોએ એટલા મતભેદો કર્યા કે એવું લાગતુ હતું કે દુન્યા હવે કોઈ પણ વાતમાં એકમત થઈ શકશે નહીં, પરંતુ મૌત બાબત નાછુટકે દુન્યાને એકમત થવું પડયુ, હા મૌત પછીના આલમ માટે પુનઃ એજ મતભેદો.

મૌલાનાએ પ્રાથમિક તાલીમ કાપોદ્રામાં પ્રાપ્ત કરી અને ઉચ્ચ તા'લીમ ડાભેલ – દેવબંદ જેવા આદરણીય ઈદારાઓમાં હાસલ કરી. અને ઈલ્મી ખિદમતની શરૂઆત માદરે ઈલ્મી ડાભેલથી શરૂ કરી, થોડો સમય ડાભેલમાં સેવા આપી અને નવોદિત દારૂલ ઉલૂમ ફલાહે દારૈન તડકેશ્વરના એહતેમામની જીમ્મેદારી આપના શીરે નાંખવામાં આવી.

આપના જીવનમાં ફલાહે દારૈન તડકેશ્વરનું પ્રકરણ ઘણું લાંબુ છે, ઈ.સ. ૧૯૬૬ થી લઈને સને ૧૯૯૩ સુધી લગાતાર મવલાના ફલાહે દારૈન સાથે લાગેલા રહયા, દારૂલ ઉલૂમની પ્રગતિ માટે પોતાનો ખૂન–પસીનો એક કરી દીધો, આપના કાર્યકાળ દરમ્યાન મદ્રસાનો નાનો છોડ ફુલ્યો – ફાલ્યો અને એક વટવૃક્ષનું રૂપ ધારણ કરી લીધું. તે જગ જાહેર વાત છે.

મવલાના હમેશા તલબાની તા'લીમ અને તરબિયત માટે ચિંતિત રહેતા અને એહતેમામના ઊંચા પદ પર હોવા છતાં પણ તલબાની અખ્લાકી નિગરાની માટે સારા એવા સમયની કુર્બાની આપતા હતા, ફજર અને અસરની નમાઝ ખાસ તૌર પર મદ્રસામાં જ પઢતા હતા અને

પ્રસંગોપાત નમાઝ બાદ તલબાને નશીહતો કરી સુસંસ્કારનું સિંચન કરતા હતા. તેમજ તલબાની કુટેવો અને ખામીઓ તરફ અંગુલી નિર્દેશ કરી તેનો ઈલાજ સૂચવતા હતા.

સ્વચ્છતા તો આપનું પ્રિય અભિયાન હતુ, પોતે બોર્ડિંગના ચક્કર લગાવી તલબાનું તે તરફ ખાસ ધ્યાન દોરતા હતા. તલબા પણ આપના પ્રેમાળ વ્યકિતત્વથી ખૂબ પ્રભાવિત હતા અને દિલપૂર્વક આપનો આદર કરતા હતા. મુર્હૂમ મવલાના પોતાના સંચાલન હસ્તકના સ્ટાફનું ઘણું જ સન્માન કરતા હતા. જે તે મુદર્રિસની લાયકાત અને તેના જોક પ્રમાણે કિતાબો આપતા હતા. કારણકે કિતાબોની તકસીમનો પ્રશ્ન દીની ઈદારાઓમાં ઘણો જ સંવેદનશીલ હોય છે. પરંતુ મવલાના પોતાના બહોળા અનુભવની રોશનીમાં ઉકત પ્રશ્નનો એવો સુખદ ઉકેલ લાવી દેતા કે કોઈને પણ શિકાયતનો મોકો ન રહેતો હતો.

મવલાના ઘણાં જ મહેમાન નવાઝ હતા, ફલાહે દારૈન તડકેશ્વરના એહતેમામ દરમ્યાન મદ્રસાના મહેમાનોને પણ પોતાના જ મહેમાનો સમજતા હતા. તેઓના ખાવા–પીવાની વ્યવસ્થા પણ મોટે ભાગે પોતાના જ ઘરે કરતા હતા.

અત્રે મૌલાનાના મુખેથી નિકળેલું એક વાકત ટાંકવાને હું આવશ્યક સમજું છું, જે મેં સીધે સીધુ મવલાનાથી સાંભળ્યું હતું, વાત તે સમયની છે જયારે મવલાનાની એહલિયા સાહિબાનો ઈન્તેકાલ થઈ ગયો હતો. જામિઅહ જંબુસરના મોહતમિમ મુફતી અહમદ સા. સાથે હું તા'ઝિયત માટે મવલાનાના ઘરે પહોંચ્યો હતો, મવલાનાએ પોતાની એહલિયાના ખિદમતના જઝબાનું વર્ણન કરતાં કહયું હતું કે મર્હૂમાએ મારા મહેમાનોનો ખૂબ ખ્યાલ રાખ્યો હતો. ઘરમાં પકાવવાનો સામાન ન હોય તો નજીકની દુકાનેથી લઈ આવતાં, અને મારા મહેમાનો માટે જમવાની વ્યવસ્થા કરતા, દુકાનવાળો ભાઈ પણ સારો માણસ હતો, પૈસા ના હોય ત્યારે

ઉધારે પણ સામાન આપી દેતો હતો, મવલાનાના ઉકત શબ્દો "પૈસા ના હોય ત્યારે ઉધારે પણ" સાંભળીને હું દંગ રહી ગયો, આજ સુધી એ શબ્દો મારા કાનમાં ગુંજે છે, હું મનોમન વિચારતો રહી ગયો કે આટલા ઊંચા પદ પર હોવા છતાં આ હદે આર્થિક સંકળામણ અને મદ્રસાના મહેમાનો પ્રત્યે આવી ઉદારદિલી !

" ખુદા બક્ષે બહોત ખુબીયાંથી મરનેવાલેમેં"

બેશક મવલાનાના કાર્યકાળ દરમિયાન ફલાહે દારૈન તડકેશ્વરે ઘણી જ પ્રગતિ કરી બલકે એ કહેવામાં પણ અતિશયોકિત નથી કે મૌલાનાનો કાર્યકાળ ફલાહેદારૈન માટે સુવર્ણકાળ હતો, પરંતુ મવલાનાની બહુમુખિ પ્રતિભાને ફાલાહે દારૈન પુરતી સિમિત કરી લેવી મર્હૂમના વ્યકિતત્વ સાથે અન્યાય ગણાશે, ફલાહે દારૈન સિવાય પણ મવલાનાએ અનન્ય સેવાઓ બજાવી છે, કૌમ–મિલ્લતના હર દુઃખ–દર્દમાં મૌલાના શરીક થયા છે, અને પ્રત્યેક તકાઝા પર બેકરાર થઈ મેદાનમાં ઉતરી પડયા છે,

જમીઅતે ઉલમાએ હિંદનું કાયદેસરનું કોઈ પદ સ્વીકાર્યુ ન હતુ, પરંતુ જમિઅતના પ્લેટફોર્મથી મવલાનાની દીની–મિલ્લી સેવાઓ નોંધપાત્ર છે.

મજલિસે તહફફુઝે મદારિસના આપ સરપરસ્ત હતા. મજલિસની મિટિંગોમાં અચૂક હાજરી આપતા હતા અને સદારત પણ શોભવતા હતા. તર્કબધ્ધ દલીલો સાથે આપના કિંમતી સલાહ–સૂચનો મજલિસ માટે દિશા સૂચક બની રહેતા હતાં. તહફફુઝે મદારિસની એક મિટિંગમાં મિડિયાના નકારાત્મક રોલ વિશે વાત ચાલતી હતી, સવિશેષ મદ્રસાઓને આંતકવાદી ચિતરવાના વિષય પર. ઘણા સભાસદોની સલાહ હતી કે મદ્રસાઓના સારા કામો ઉજાગર કરતા લેખો લખીને મોકલવામાં આવે અમુકે કહયું કે, એ લોકો આપણા લેખો પ્રગટ કરશે જ નહીં, લાંબી ચર્ચાના અંતે મવલાના પોતાની આગવી શૈલીમાં બોલ્યા કે " ભાઈઓ ! ઉંઘતાને આપણે જગાડી શકીએ, જાગતાને કેવી રીતે જગાડવો ?

મજલિસમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.

નવોદિત લેખકો અને નવયુવાન આલિમોને પ્રોત્સાહિત કરવું આપના સ્વભાવમાં હતુ જો કોઈનો લેખ વાંચતા તો તેની મુલાકાત પર અથવા ફોનથી તેની હોંસલાઅફઝાઈ કરતા હતા. અને તેને તેના વિષયમાં આગળ વધવાની પ્રેરણા  આપતા હતા. કિતાબો વિગેરેની જે મદદ આપનાથી શકય હોય કરી જાણતા હતા, કિતાબોના વાંચનનો ભારે શોખ હતો, જીવનના અંતિમ દૌરમાં પણ એ જ લત હતી. જો કોઈ નવી કિતાબ પ્રગટ થવાની જાણ મળે એટલે તુરંત મંગાવી લેતા, નાયાબ કિતાબોની તો શોધમાં જ રહેતા હતા, જાણ થતા જ મેળવવાનો પ્રયત્ન શરૂ કરી દેતા હતા. દોસ્ત – અહબાબને પણ નવી અથવા નાયાબ કિતાબોની અચૂક જાણકારી આપતા હતા.

મકાતિબની તા'લીમ બાબત આપ ઘણા ચિંતિત રહેતા હતા, મકાતિબની તા'લીમનું સ્તર ઊંચુ આવે અને નવી પેઢીનો અકીદો અને ઈમાન મજબૂત થાય તેના માટે મૌલાના સાહબ ઉલમાએ કિરામ સાથે અવાર–નવાર મિટિંગો કરતા હતા. ૨૦૦૯ માં મૌલાનાએ પોતાના ગામ કાપોદ્રા ખાતે ગુજરાતભરના આલિમોની એક મજલિસનું આયોજન કર્યુ હતુ, તા'લીમી અધોગતિના કારણોની ચર્ચા કરવામાં આવી હતી, અને તલબામાં ઈલ્મી શોખ પેદા કરવાના ઉપાયો પર વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો, સ્કૂલના પાઠય પુસ્તકોમાં ઈસ્લામી અકીદા વિરૂધ્ધના લખાણો બાબત પણ આલિમોને દિશા નિર્દેશ આપતા હતાં અને ભારપૂર્વક જણાવતા કે જો આ બાબત પર ધ્યાન આપવામાં નહીં આવે તો આવતી પેઢીનું ઈમાન ખતરામાં છે. લાગતા–વળગતાઓનું પણ એ બાબત તરફ ધ્યાન દોરી ઘટતું કરવાની તાકીદ કરતા હતા. બાળકોની તાલીમના વિષયે દેશ ઉપરાંત વિદેશોમાં જવાં પણ મવલાનાનો સફર થતો હતો ત્યાં ખાસ તૌર પર આલિમોને ભેગા કરી વાર્તાલાપ કરતા હતા અને મકતબની

તા'લીમ કેટલી આવશ્યક છે અને તેના કેટલા દૂરોગામી અસરો છે તે વિષય પર મનનિય બયાન આપતા હતા.

અત્રે ઈંગ્લેન્ડના એક શહેર બાટલીમાં આપના બયાનના અમુક અંશો ટાંકુ છું : મૌલાનાએ બયાનમાં કહયું કે "નાના બાળકોને મહોબ્બતની સાથે કેવી રીતે પઢાવવાં તે પણ એક કળા છે એક નાનું બાળક આપણી પાસે મદ્રસામાં આવ્યું તેને એવી રીતે પઢાવવું જોઈએ કે તે રૂઠી ન જાય, ઉસ્તાદ એવા હોવા જોઈએ કે તે તેમની તરફ નજર કરે તો તે સ્મિત આપે, તેને કંઈક મીઠી વસ્તુ આપે."

મવલાનાએ કહયું કે મકતબની તા'લિમના હેતુઓ આપણે છ વર્ષમાં સિધ્ધ કરવાના છે, કુર્આન મજીદ સંપૂર્ણ સિહહતથી પઢાવવું એ મકતબનો સર્વ પ્રથમ હેતુ છે, તા'લિમ અહસનુલ કવાઈદથી શરૂ કરવી જોઈએ, તે જ ઉસ્તાદો રાખો જેમને તજવીદ સાથે લગાવ હોય, જે ઉસ્તાદો બરાબર ઉચ્ચાર કરી શકતા હોય તેમને પ્રાથમિક કલાસો આપો."

ઉપરોકત શબ્દો મવલાનાના પોતાના છે, જે દીની તા'લિમ વિશે મવલાનાની ચિંતાનું પ્રતિબિંબ પાડે છે, એ જ હતો મૌલાનાનો અંતરઆત્માનો અવાજ, અને એ જ હતું આપનુ જીવન મંત્ર, એ જ હતો આપનો વિર્દ–વઝીફો અને એના માટે જ આખુ જીવન ઝઝુમ્યા અને અલ્લાહને પ્યારા થયા, (રહમતુલ્લાહિ અલયહિ રહમતંવ્ વાસિઅહ)

રૂખસત અય બઝમે જહાં સૂએ વતન જાતા હૂં મૈં
આહ ! ઈસ આબાદ વેરાનેમેં ગભરાતા હૂં મૈં

*ડો. ઈકબાલ.....*

***વાચકોએ નોંધ લેવી.***

અલબલાગનો આ અંક, સપ્ટેમ્બર, ઓકટોબર, નવેમ્બર, સળંગ ત્રણ માસનો સંયુકત અંક છે. હવે પછી ડિસેમ્બરના આરંભે ડિસેમ્બરનો અંક પ્રકાશિત થશે. ઈન્શાઅલ્લાહ.

# ફલાહની સફર, ફલાહ તરફ. ફલાહીનું દર્દ ફલાહીની કલમે

• મવ. મુહમ્મદ ઈકબાલ ફલાહી, ખાનપૂરી.
જામિઅહ જંબુસર.

بسم الله الرحمن الرحيم

رَئِيسٌ إِلٰى رَحْمَةِ رَحِيمٍ

اَلْـحَـمْـدُ لِـلّٰهِ الَّذِىْ لَهُ الْبَقَاءُ وَكَتَبَ عَلٰى غَيْرِهِ الْفَنَا وَالصَّلٰوةُ وُ السَّلَامُ عَلٰى خَـاتَـمِ الـنَّبِيِّـنَ وَسَيِّدِ الرُّسُلِ الْأَتْقِيَاءِ مُحَمَّدٍ وَاٰلِهِ الْأَتْقِيَاءِ وَصَحْبِهِ الْأَذْكِيَاءِ وَمَا دَامَ تَهْمِى الْعُيُوْنُ بِالْبُكَاءِ وَتَسْكِى الْقُلُوْبُ بِالْعَزَاءِ وَبَعْدُ:

આપણે સૌ જાણીએ છીએ અને અનુભવ પણ કરી રહયા છીએ કે ઈન્સાની ઝિંદગી ખૂશીઓ અને ગમોથી ઘેરાયલી રહે છે, પણ અમુક ગમ તો એવા આવી પડે છે કે મરણનો દિલાસો દેવાવાળાઓ પાસે દિલાસાના શબ્દો પણ હોતા નથી. આવી જ એક બાબત ઉસ્તાદે મોહતરમ મર્હૂમ હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સા. (રહ.)નું આપણને છોડીને આખિરતની હમેશા હમેશની ઝિંદગી તરફ ચાલ્યા જવું પણ છે.

آپڑے مثلِ شبنم، سیرِ گلشن کر چلے
دیکھ مالی باغ اپنا، ہم تو اپنے گھر چلے

આ પડે મિસ્લે શબનમ, સેરે ગુલ્શન કર ચલે
દેખ માલી બાગ અપના, હમ તો અપને ઘર ચલે

હું પોતે કયાંક, દિલ કયાંક, હોશ કયાંક. હઝરત (રહ.)ના વિશે કઈક લખવું મારા માટે ઘણું જ અશકય અને મુશ્કેલ હતું અને વળી શોશિયલ મીડયા પર આપ (રહ.)ના વિશે અનેક પેહલુંને આવરી લેતા એટલા બધા બયાનો અને મઝામીન આવી રહયા છે કે તે પછી કશું લખવું બેશક તકરાર જ ગણાશે, માટે અહકર તો એ વીચારીને બેસી ગયો હતો કે હવે કંઈક લખવા કરતાં બને એટલો ઈસાલે ષવાબ કરતા રહેવું વધૂ ફાયદા કારક છે. પણ મારો આ વિચાર વધુ મુદત ટકી ના શકયો, કારણ કે જામિઅહ ઉલૂમુલ કુર્આન,જંબુસરના સ્થાપક અને મોહતમિમ હઝરત મવલાના મુફતી અહમદ દેવલ્વી સાહેબ

(દા.બ.)એ મને દફતરે એહતિમામમાં તલબ કરીને હુકમ ફરમાવ્યો કે મર્હૂમ મવ. અબ્દુલ્લાહ સાહેબ (રહ.) વિશે "અલબલાગ"નો એક ખુસૂસી અંક કાઢવો છે, માટે આપ પણ એક મજમૂન લખીને આપો, અહકર પાસે સિવાય 'હા'ના અન્ય કોઈ રસ્તો ના હતો, એટલે તરત જ હા ભરી દીધી, અને દફતરે એહતિમામથી બહાર નીકળ્યા પછી વિચારવા લાગ્યો કે હવે શું લખી શકીશ ? વિચારના અંતે અલ્લાહ તઆલાએ દિલમાં એક ઘણી જ સરસ વાત નાખી અને તે એ કે મે વિચાર્યુ કે મારી તા'લીમ અને દારૂલ ફલાહે દારૈન તડકેશ્વરની તારીખ એક સાથે શરૂ થઈ છે અને એક સાથે જ આગળ પણ વધી છે, અને હઝરત મર્હૂમ (રહ.) દારૂલ ઉલૂમ ફલાહે દારૈનથી લાઝિમ વ મલ્ઝુમની જેમ એવા જોડાયેલા હતા કે બન્ને કદી પણ અલગ થઈ શકતા નથી, "દારૂલ ઉલૂમ ફલાહે દારૈન" બોલતાની સાથે જ ઝહનમાં મવ. મર્હૂમ (રહ.) આવી જાય છે અને 'રઈસ' બોલતાં જ 'દારૂલ ઉલૂમ ફલાહે દારૈન' ઝહનમાં આવી જાય છે, તો મને મુનાસિબ લાગ્યું કે બંનેને થોડો ઘણો આવરી લે એ પ્રમાણેનો એક નાનો સરખો મજમૂન મારી થોડી ઘણી યાદશકતી પ્રમાણે અને બાકી અન્ય હવાલાથી લખી નાખું.

میری قسمت سے الٰہی پائیں یہ شرفِ قبول

پھول کچھ میں نے چنے ہیں ان کے دامن کے لئے

મેરી કિસ્મતસે ઈલાહી પાએँ યે શર્ફે કબૂલ

ફૂલ કુછ મેં ને ચુને હે ઉન્કે દામન કે લિએ

તો સાંભળો ! લગભગ ૧૯૬૪ ઈસ્વીની વાત છે કે, હું મારા ગામ ખાનપૂરદેહ ખાતે મારી વાલિદા સાહિબા અને મામી સાહિબા સાથે ખેતરમાં કપાસ વીણી રહયો હતો તે દરમિયાન મે સાંભળ્યું કે તે બંને વાતો કરી રહયા હતા કે સુરત જિલ્લાના તડકેશ્વર નામી ગામમાં એક નવો દારૂલ ઉલૂમ ખુલી રહયો છે અને ખાનપુરના ઘણા છોકરાઓ પરમ દિવસે તડકેશ્વર આગળની તા'લીમ માટે જઈ રહયા છે.

એમની આ વાત મારા દિલમા ઘર કરી ગઈ અને મેં પાકો ઈરાદો કર્યો કે મારે પણ એમની સાથે આગળની તા'લીમ માટે જવું જ છે, ત્યાં જવા માટે હવે એક જ દિવસ બાકી હતો, તે છતાં શકય એટલી તૈયારી કરી લીધી અને જવાનો દિવસ પણ આવી લાગ્યો, ખાનપૂરના ઘણા લોકો મસ્જિદ ચકલે ભેગા

થયા હતા અને અમારા જંબુસર જવા માટે એક બળદગાડું પણ તૈયાર કરવામાં આવ્યું હતું. અમે ખાનપુરના કુલ ૧૮ છોકરાઓ હતા, જંબુસરથી ભડકોદ્રા ગામના એક રહીશ મર્હૂમ હાજી ઈસ્માઈલ અરબી સા. (રહ.) અમારી સાથે થઈ ગયા, (હાલ ડાભેલમાં અલઈસ્લાહમા કામ કરતા મારા કલાસ સાથી મવલાના આદમ અરબી સા.ના વાલિદે મોહતરમ થાય છે.) અને આખરે અમે તડકેશ્વર પહોંચી ગયા, તડકેશ્વર બસ સ્ટેન્ડ પર એક મુહમ્મદભાઈ નામી આદમી અમારા ઈસ્તિકબાલ માટે હાજર હતા, બસ ઉભી રહેતાં જ તેઓ બુમો પાડવા લાગ્યા કે 'ચાલો મવલાના લોકો ચાલો', એમણે અમોને 'મવલાના' કહીને બોલાવ્યા તો યકીન જાણો, અમારૂ દિલ ભરાઈ આવ્યું અને અલ્લાહનો શુક્ર અદા કર્યો કે પહેલા જ દિવસે આવતાની સાથે જ અમોને 'મવલાના' નામનો લકબ મળી ગયો. અને અમોએ એનાથી નેકફાલી લીધી કે ઈન્શાઅલ્લાહ આનું પરિણામ સારું જ આવશે અને અલ્લાહ જરૂરથી અમોને નવાઝશે.

ખેર વાતને ન લંબાવતા ટુંકમાં અરજ કરું કે અમારા સૌના દાખલા થઈ ગયા, કિતાબો મળી ગઈ, સબકો પણ શરૂ થઈ ગયા. અમારા મોહતમિમે અવ્વલ મર્હૂમ મવલાના ગુલામ નૂરગત સા. (રહ.) હતા, પહેલા વર્ષે તો તડકેશ્વરના જ સ્થાનિક ઉલમાએ કિરામ "મર્હૂમ મવ. ઈસ્માઈલ દેસાઈ સા.(રહ.),મર્હૂમ મવ. યુસૂફ સા. (રહ.), મર્હૂમ જનાબ માસ્તર મૂસા ગોરા સા. (રહ.)" વિગેરે અમારા ઉસ્તાદો હતા. અને અલ્હમ્દુલિલ્લાહ બધા જ ઉસ્તાદો ઘણા જ પ્યાર – મહોબ્બતથી પઢાવતા હતા, બીજા વર્ષે જે નવા ઉસ્તાદો આવ્યા એમા મર્હૂમ મવ. અબ્દુલ્લાહ કાપોદ્રવી સા. (રહ.) પણ હતા.

એમ તો હઝરત મર્હૂમ (રહ.) દારૂલ ઉલૂમ ફલાહે દારૈનના એક માયએ નાઝ મુદર્રિસ હતા, અહકરને પણ હઝરત મૌસૂફથી કસસુન્નબીય્યીન વિગેરે કિતાબો પઢવાનો સુનેરો મોકો મળ્યો છે, પણ જયારે અમુક નાસાઝગાર હાલાતના કારણે 'દારૂલ ઉલૂમ ફલાહે દારૈન'ના અવ્વલ મોહતમિમ મર્હૂમ મવ. ગુલામ નૂરગત સાહેબ (રહ.)એ કોઈક કારણસર દારૂલ ઉલૂમ ફલાહે દારૈનને અલવિદાઅ કહી આપ્યું તો એ સમય દરમિયાન અમો તલબએ કિરામે પોતાની નરી આંખોંએ જોયું છે કે મગરિબની નમાઝ બાદ જુમ્આ મસ્જિદની હોઝ પાસે બનાવેલી એક બેઠક ઉપર હઝરત મર્હૂમ મવલાના

અબ્દુલ્લાહ સાહેબ (રહ.) અને હાજી મૂસા રાવત સાહેબ કલાકો સુધી કોઈ ચર્ચા કરી રહયા છે, એ ઝમાનામાં તડકેશ્વરમાં હજુ સુધી લાઈટ ના આવી હતી, અને જુમ્આ મસ્જિદમાં જનરેટરની વ્યવસ્થા હતી એટલે ઈશા સુધી બધા જ તાલિબે ઈલ્મો ત્યાં જ પઢવા બેસતા હતા, એટલે ઉપરોકત બંને સાહિબોને સારી રીતે જોવાનો અમને મોકો મળ્યો છે, અને અમે અમારી રીતે એવું વિચારતા હતા કે એહતિમામની જગ્યા ખાલી પડી છે એટલે મવલાના મર્હૂમ (રહ.)ને એહતિમામ સોંપવા માંગતા હશે પણ મર્હૂમ (રહ.) તૈયાર થતા નહી હોય, એ કારણે જ આટલા દિવસો નીકળી ગયા છે. પછી એક દિવસ દરમિયાન અમોએ નિહાળ્યું કે મર્હૂમ (રહ.) મસ્નદે એહતિમામ પર બિરાજમાન છે, એટલે અમારું અનુમાન સાચુ નીકળ્યું, ૨,માર્ચ ૧૯૬૬ ઈસ્વીના હઝરત મર્હૂમ (રહ.)ને આરઝી તોર પર એહતિમામ સોંપવામાં આવ્યું અને ૧૭ માર્ચ ૧૯૬૬ ઈસ્વીના મુસતકિલ તોર પર એહતિમામની ઝિમ્મેદારી મરહૂમ (રહ.)ને સોંપી દેવામા આવી. ત્યાર પછી નવેમ્બર ૧૯૮૪ ઈસ્વીમા મર્હૂમ (રહ.)ની 'રઈસે જામિઅહ'ના ઓહદા પર નિમણુંક કરવામા આવી,૩ ફેબ્રુઆરી ૧૯૯૩ ઈસ્વીમાં હઝરત (રહ.)એ પોતાના ઓહદા પરથી રાજીનામું ધરી દીધું, જેને ૧૭ નવેમ્બર ૧૯૯૩ના મજબૂરન અને ના ચાહવાના બા વજૂદ મંઝુર કરી લેવામા આવ્યું, પરંતુ ફલાહે દારૈનના ઝિમ્મેદારો આ અલગપણાને સહન ન કરી શકયા અને કોઈને કોઈ લેબલ અને ઉનવાનના નામે હઝરત (રહ.)ને સરપરસ્ત અને ખાસ મશ્વેરો આપનાર સમજતા રહયા અને હઝરત (રહ.) પણ આ સબંધોને પૂરી ઝિંદગી નિભાવતા રહયા.

દાખલા તરીકે ઈન્તિકાલના અમુક જ દિવસો પહેલા ૩૦ જુન ૨૦૧૮ના રોજ મગરિબ બાદ હઝરત મવલાના નઝીર સાહેબ ખાનપુરી, મોહતમિમ દારૂલ ઉલૂમ ફલાહે દારૈન પોતાના કાફલા સાથે જેમાં (૧) મવલાના રૂહૂલઅમીન સા. દા.બ. (૨) મવલાના ઈમરાન સા. દા.બ. (૩) મવલાના શાહિદ સા. દા.બ. અને(૪) મવલાના કાસિમ સા. દા.બ. વિગેરે સાથે યશફીન હોસ્પીટલે મર્હૂમ (રહ.)ની ઈયાદત માટે ગયા હતા, જયારે કે મર્હૂમ પર વારે ઘડીએ બેહોશી છવાઈ જતી હતી, એવા અત્યંત નાઝુક સમયે પણ મર્હૂમ (રહ.)એ પોતાના ફરઝંદ મવલાના ઈસ્માઈલ સાહેબ દા.બ. કે જેઓ મર્હૂમ

(રહ.)ની ખિદમતમાં રોકાયેલા હતા એમને પુછયું કે આવનાર લોકો મારાથી શાની દુઆ કરાવવા માંગે છે તો એમને જણાવવામા આવ્યું કે મવલાના નઝીર સા. દા.બ. કહી રહયા છે કે તા'લીમી વર્ષની શરૂઆત છે એટલે અમો આફિયત અને ખેરો બરકતની દુઆ કરવાની દરખ્વાસ્ત કરી રહયા છીએ. એટલે તે જ વખતે હઝરત મર્હૂમ (રહ.)એ હાથ ઉઠાવીને દુઆ કરી હતી. આ પછી ગણત્રીના દિવસોમાં જ હઝરત (રહ.) ઈન્તિકાલ ફરમાવી ગયા. (ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજીઉન) જાણે કે એવો સંદશો આપી ગયા કેઃ

خوش رہواہلِ ترکیسر، ہم تو سفر کرتے ہیں

درودیوار پر حسر کی نگاہ کرتے ہیں

ખૂશ રહો એહલે તરકેસર, હમ તો સફર કરતે હેં

દરો દિવાર પર હસરતકી નિગાહ કરતે હેં

જયારે તલબાને રહેવા માટે બોર્ડિંગની પૂરી વ્યવસ્થા ના હોય તેમજ પઢવા માટે પૂરતા કલાસરૂમો પણ ના હોય, એક સાથે જમાઅતથી નમાઝ પઢવા માટે મસ્જિદની વ્યવસ્થા ના હોય, વધતી જતી કલાસો માટે નવા નવા ઉસ્તાદોની નિમણુંક કરવાની સખ્ત જરૂરત હોય ત્યારે એહતિમામપણું કરવું લોઢાના ચણા ચાવવા બરાબર હોય છે, પણ અલ્લાહના આ બંદાએ એને ઝિરોમાથી હિરો બનાવવા કમર કસી લીધી હતી અને પોતાના અનુભવને કામમા લાવ્યા, ગામના મકતબના કલાસરૂમોમાં વચમા પાર્ટીશન કરી બબ્બે કલાસો બનાવી દેવામાં આવી અને તડકેશ્વરના 'બના ફળિયા'માં આવેલ એક મોટા મકાનમાં ખાવુ પકાવવાની અને તલબાને રહેવાની વ્યવસ્થા કરવામા આવી.

મરહૂમ (રહ.)ને ઈદારાને તરકકી પર લઈ જવાની જે ધૂન હતી તેનો અંદાઝો આ વાતથી લગાવી શકાય છે કે દારૂલ ઉલૂમ ફલાહે દારૈનમાં મારા ઉસ્તાદે મુકર્રમ મર્હૂમ મવ. અબ્દુલહય બિસ્મિલ્લાહ સા. પણ મુદર્રિસ હતા, મર્હૂમ મવ. અબ્દુલ્લાહ કાપોદ્રવી સા. (રહ.) દરરોજ બપોર પછીના છેલ્લા ઘંટામા પાબંદીની સાથે એમની પાસે આવીને હમેશા કઈકને કંઈક અર્ધો પોણો કલાક સુધી મશ્વેરો કરતા હતા, અમારી જમાઅત પણ ત્યાં જ બેસેલી હોતી એટલે જોવાનો ખૂબ મોકો મળ્યો, કેમકે મહીનાઓ સુધી આ સિલસિલો ચાલ્યો હતો.

આપ મોહતરમને પોતાના એહતિમામના ઝમાનામા આ વાતનો ભરપૂર એહતિમામ રહયો કે દારૂલ ઉલૂમ ફલાહે દારૈનમાં પઢાવવા માટે એવા ઉસ્તાદોની પસંદગી કરવી જે ફકત કિતાબ જ નહિ પણ પૂરા વિષયની સમજૂતી આપે. એટલા માટે હિદુસ્તાનના અસંખ્ય સુબાઓ અને ઈલાકાઓનો સફર ખેડયો હતો, હાલાં કે તે ઝમાનામાં સવારીઓ એટલી બધી આરામ દાયક ન હતી, તને તન્હા પૂરા હિદુસ્તાનનો સફર ખેડયો અને "ફન" પઢાવવા વાળા અનુભવી ઉસ્તાદોની એક ખેપ અને જમાઅત દારૂલ ઉલૂમ ફલાહે દારૈનમાં ભેગી કરી દીધી, આજના આવા નાઝુક દોરમાં આવી સારી પસંદગીની મિષાલ મળવી મુશ્કેલ છે.

દારૂલ ઉલૂમ ફલાહે દારૈનના સૌ પ્રથમ શૈખુલ હદીષ, ઉસ્તાદે મુકર્રમ હઝરત મવલાના ડોકટર તકીય્યુદીન નદવી સાહેબ દા.બ. કે જેઓ હઝરત શૈખુલ હદીષ મવલાના ઝકરિય્યહ સા. (રહ.)ના મખ્સૂસ શાગિર્દોમાથી હતા,

ઉસ્તાદે મુકર્રમ શૈખુલ હદીષ અને સદર મુફતી મવલાના મુફતી અહમદ બેમાત સા. (રહ.),

એવી જ રીતે માહિરે ગઝાલિયાત અને અલ્લામા તૂસીના ઉલૂમના મુહાફિઝ મર્હૂમ મવલાના સૈય્યિદ અબરાર અહમદ સા. (રહ.),

મારા મુહસિન અને ઉસ્તાદે મુકર્રમ મવલાના યાકૂબ દેસાઈ સાહેબ (રહ.),

તેમજ અનેક સલાહિયતોના માલિક અને અનેક અવસાફના હામિલ ઉસ્તાદે મુકર્રમ શૈખુલ હદીષ મવલાના સૈય્યિદ ઝુલફિકાર સા. (રહ.),

અને વકતના મુફસ્સિર અને મુહદ્દીષ અને ફકીહ ઉસ્તાદે મુકર્રમ મવલાના શેરઅલી સાહબ (રહ.),

જય્યીદુલ ઈસ્તિઅદાદ ઉસ્તાદે મુકર્રમ હઝરત મવલાના મહયુદ્દીન બરોડવી સા. દા.બ.,

ઉસ્તાદે મુર્કરમ હઝરત મવલાના કાસિમ આંટી સાહેબ દા.બ.,

શોઅબએ તજવીદ માટે જનાબ કારી અનીસ અહમદ સા. (રહ.),

વગેરે અસાતીનેએ ઈલ્મો ફઝલને ભેગા કર્યા.

આપ મોહતરમને હમેશા સારા ઉસ્તાદની તલાશ રહેતી હતી, અને એના માટે ફિકર રેહતી હતી, તો અલ્લાહ તઆલા તરફથી તાઈદ અને મદદ પણ

થતી રેહતી હતી.

આનાથી લગતો એક કિસ્સો મર્હૂમ હઝરત મવલાના સૈય્યિદ ઝુલફિકાર સાહેબ (રહ.)ની પસંદગીની વાત ખૂદ એમના જ શબ્દોમા વાંચો કે હઝરત ફરમાવતા હતા કે ૧૯૬૬ ઈસ્વીમાં દોરએ હદીષથી ફારિગ થયા પછી તા'લીમનો શોખ ફરીવાર દેવબંદ લઈ ગયો અને હજુ તો થોડાક જ દિવસો થયા હતા કે એક રાત્રે સ્વપનું જોયું કે કોઈ કહી રહયું છે કે ઝુલફિકાર ગુજરાતમાં એક મદ્રસો છે, જેને એક જ માણસ ચલાવી રહયો છે, તેઓ તમને બોલાવે તો ચાલ્યા જજો, અને ત્યાંના જ થઈને જ રહી જજો, બીજા જ દિવસે માણસોને ઓળખનાર મોહતમિમ મર્હૂમ મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સા. (રહ.) દેવબંદ પહોંચ્યા અને મવલાના અરશદ મદની સા. (દા.બ.)ની વસાતતથી મર્હૂમ મવ. ઝુલફિકાર સા. (રહ.)નો તકર્રુર થયો અને તેઓ એવા ફિટ થયા કે બસ વાત ના પૂછો, દારૂલ ઉલૂમ ફલાહે દારૈનના જ થઈ ગયા. હકીકતમાં આ બધી મેહનતો સાચું પરિણામ અને અજીબ રંગ લાવી. અનુભવી ઉસ્તાદો પ્રાપ્ત કરીને અને પોતાના તલબાને શોખ આપી અપાવીને એવી લાયકાત પેદા કરી કે તેઓ આજે ઈદારામાં ઈદારાના કાબિલે રશ્ક ઉસ્તાદો બન્યા, બલ્કે એનું એહતિમામ પણ અહિયાના જ ફારિગીન સંભાળી રહયા છે.

તલબાની તરબિયત માટે મર્હૂમ (રહ.)ને એક ખાસ પ્રેકટીશ અને મલકો મયસ્સર હતો, દરેકની સાથે તેની હાલત મુજબ મુનાસિબ વર્તણુક કરતા હતા, દરેકને એક લાકડીથી ના હંકારતા હતા, અને જોવા જઈએ તો આ જ રીત બરાબર છે. એક તાલિબેઈલ્મના બાલ લાંબા હતા તો તેને કપાવવાનું કહયું તો તે તાલિબે ઈલ્મ આપ (રહ.)ની ગેરહાજરીમાં કોઈને કહેવા લાગ્યો કે ફલાણાના બાલ પણ મોટા છે તેને કશું કેહતા નથી અને મને જ કહે છે. આ વાત મર્હૂમ (રહ.) સુધી પહોંચી ગઈ તો ફરમાવ્યું તમે લોકો અમને સુધારવા માટે નથી આવ્યા, કોની સાથે કેવો વર્તાવ કરવો તેની અમોને જાણકારી છે, અમોને સુધારવાની ફિકર ના કરો, બસ તમોને અમો જે કહીએ તે જ કરા કરો નહિ તો ચાલ્યા જાઓ.

જે તલબાને લખવા પઢવામાં શોખીન જોતા તેમનાથી ખૂબ મહોબ્બત અને નરમી કરતા હતા અને દિલથી તેઓને ચાહતા હતા કે તેઓ એક બીજાથી

આગળ નીકળી જાય, તેઓને ફાયદો થાય એવો મશ્વેરો આપતા હતા. અનેક વખતે તલબાને વધુ પડતા એવો મશ્વેરો આપતા કે "યક ગિર મહકમ ગિર", એટલે કે એક જ દરવાઝાને મઝબુતીના સાથે પકડી રાખો, એટલે કે એક મદ્રસાને પકડો તો છેવટ સુધી તેને પકડી રાખો, અમુક તલબા મદ્રસો બદલા કરે છે તેને નાપસંદ ફરમાવતા હતા.

મર્હૂમ (રહ.)એ અરબી દુનીયાનો સફર ખેડીને દુર્લભ અને અગત્યની કિતાબોનો સ્ટોક ભેગો કર્યો જે આજે કુતુબખાના માટે એક કીમતી પૂંજી છે.

જયારે તલબામાં અરબી લખવા બોલવા અને અરબી મકાલાત લખવાની સલાહિય્યત વધવા લાગી તે જ દિવસોમાં સઉદી અરબથી જનાબ શૈખ મુહમ્મદ મજઝૂબનો હિંદુસ્તાનનો સફર થયો અને મર્હૂમ હઝરત મવલાના સય્યિદ અલી મિયાં નદવી (રહ.)ના કહેવાથી તેઓ આપણા દારૂલ ઉલૂમ ફલાહે દારૈનમાં પધારયા અને થોડાક દિવસ રોકાણ કર્યું, એક જુમ્આનો ખુતબો પણ આપ્યો હતો, જે ઘણો લાંબો પણ હતો પણ તલબા માટે ઘણો જ ઉપયોગી હતો, તેઓ સંસ્થાની તા'લીમ અને ઉંચા સ્થાનને જોઈને એટલા બધા તો મુતઅસ્સિર થયા કે દારૂલ ઉલૂમ ફલાહે દારૈનના ફારિગીન માટે જામિઅહ ઈસ્લામિય્યહલ મદીના મુનવ્વરહમા દાખલાનો વાયદો કબૂલ ફરમાવ્યો અને હઝરત મોહતમિમ સાહબ માટે ઘણા સારા શબ્દો પણ ટપકાવી આપ્યા. મર્હૂમ (રહ.)એ તલબાને ત્યાં મોકલીને દાખલો અપાવ્યો જે આજે ત્યાંની ફરાગત પછી સારી સારી જગાઓમાં દીની ખિદમાત આપી રહયા છે.

દારૂલ ઉલૂમ ફલાહે દારૈનનો આપનો એહતિમામનો સમય એક સોનેરી સમય હતો, આપ (રહ.)એ એને પ્રખ્યાતીના સાતમા આસ્માને પહોંચાડી આપ્યો હતો, ઉલમાએ કિરામની ઈઝઝત અને તેમની કદ્ર કરવાના કારણે આપના દૌરમા દારૂલ ઉલૂમ ફલાહે દારૈન ઈન્ટરનેશનલ ઉસ્તાદો અને ફારિગીનનું સેન્ટર બની ગયો હતો.

વારે ઘડીએ તલબાને ભેગા કરી નસીહતો કરતા રહયા અને એ વાત પર ઝોર આપતા રહયા કે પઢવાનો માહોલ બનાવો, ઘેર જવાની વાતો છોડો, બલ્કે મદ્રસા તરફથી થતી છુટટીઓમા પણ ઘેર ન જતાં અમુક દિવસો મદ્રસામાં રહી કિતાબોનું ખૂબ ખૂબ વાંચન કરો અને પોતાનો એક મકામ પેદા કરો. સાચું

કહું તો અમુક વર્ષો પછી તો દારૂલ ઉલૂમ ફલાહે દારૈનમાં પઢવાનો એવો માહોલ બની ગયો હતો કે જલ્દી સુઇ જનારા તલબા તે તલબાને કે જેઓ ઈશા પછી પઢવા બેસનારા હોય તેમને એમ કહીને સુઇ જતા કે તમે સુઇ જાઓ ત્યારે અમોને ઉઠાડી આપશો અને આ રીતે આખી રાત કોઈને કોઇ પઢનારા જરૂર હોતા, જેનાથી મર્હૂમ રઈસ (રહ.) પણ ઘણા ખૂશ અને મુત્મઈન હતા. એક વખતે લુણાવાડાના કિયામ દરમિયાન મારે તડકેશ્વર જવાનું થયું, મર્હૂમ (રહ.)ની સાથે બેસવાનો અને એમના અનુભવોની વાતો સાંભળવાનો મુબારક મોકો પ્રાપ્ત થયો ત્યારે એમ તેમની વાતો દરમિયાન હઝરતે ફરમાવ્યું કે તે વખતે પઢવાનો અજીબ માહોલ બની ગયો હતો.

મવસૂફે મોકાના મુનાસિબ હિંદુસ્તાનભરથી મોટા મોટા આલિમોને દઅવત દઈ તેઓને બોલાવીને તેઓથી ઘણો ફાયદો ઉઠાવ્યો, દુઆઓ કરાવી, બયાનો કરાવ્યા. જેમાં ખાસ કરીને આ બુઝુર્ગોનો સમાવેશ થાય છે :

મર્હૂમ મવ. અલી મીયાં નદવી સા. (રહ.), મર્હૂમ મવ. કારી મુહમ્મદ તય્યિબ સાહેબ (રહ.), મર્હૂમ મવ. ઈમરાનખાન ભોપાલી સાહેબ (રહ.), હઝરત મવ. સૈયદ અસ્અદ મદની સાહેબ (રહ.), હઝરત મવ. વહીદુઝઝમાન કિરાનવી સાહેબ (રહ.), હઝરત મવલાના મુહમ્મદ સાલિમ સાહેબ (રહ.), હઝરત મવલાના અન્ઝરશાહ સાહેબ (રહ.),હઝરત મવલાના મુહમ્મદ મન્ઝૂર નોમાની સાહેબ (રહ.), હઝરત મવ. મુફ્તી મહમૂદ હસન ગંગોહી સાહેબ (રહ.) વિગેરે વિગેરે. એ વાત યાદ રાખવી જોઈએ કે ઈદારાઓ બુઝુર્ગોની પધરામણીથી અને તેમની બરકતોથી તરકકી પામે છે અને બરકતવંત થાય છે, જયારે કે એમના ના હોવાથી ભલાઈઓ અને બરકતો પણ અદ્રશ્ય થઈ જાય છે.

સાચું પુછો તો ૨૭ વર્ષની આ લાંબી મુદતમાં મરહૂમ (રહ.)એ ઈદારાની તરકકી અને કામયાબી માટે પોતાનાથી બનતી બધી જ મેહનતો કરીને ઈદારાને મકબૂલિયત અને ફાયદાકારકના જે ઉચ્ચ સ્થળે પહોંચાડી આપ્યો છે તેને નિહાળીને આ કહેવું બિલકુલ અનુકુળ છે કે:

بہار جو ادارہ میں آئی ہوئی ہے -- یہ سب پودا نہیں کی لگائی ہوئی ہے

બહાર જો ઈદારામે આઈ હૂઈ હે

યે સબ પોદ ઉન્હીકી લગાઈ હૂઈ હે.

મર્હૂમ (રહ.)ની વાત જ કંઈ નિરાલી હતી, આપ ફકત મોહતમિમજ ના હતા, બલકે બેહતરીન સલાહિયતવાળા ઉસ્તાદ, દરેક ફન ઉપર તેમની નઝર હતી, હાશિયાઓ અને શરહોના મુતઅલ્લિક તલબાની રેહનુમાઈ ફરમાવતા હતા, આપ (રહ.)એક સારી તરબિયત કરનાર હકીમ પણ હતા, તલબા અને ઉસ્તાદો સાથે તેમના મિજાઝ પ્રમાણે વાતચીત કરતા હતા, અનેક ઉસ્તાદો આપના શાગિર્દ હતા તે છતાં તેમની સાથે પણ ઈઝઝત અને એહતિરામથી પેશ આવતા હતા. મુખાતબની ભૂલ પર હકીમાના રીતથી ઈસ્લાહ કરતા હતા, સફાઈનો ઘણો એહતિમામ હતો, તલબાની રેહણી કરણી ઉપર બરાબર નઝર રાખતા હતા, તલબાના રૂમોની પણ વીઝીટ કરતા હતા, બુટ ચપ્પલ પણ વ્યવસ્થિત રાખવાની તાકીદ ફરમાવતા હતા, મસ્જિદમાં તેમજ ખાવાના સમયે શોર બકોર કરવા પર ઘણા જ નારાજ થતા હતા, સાદગી, ખામોશી, તવાઝુઅ અને સાફ સફાઈને પસંદ ફરમાવતા હતા, અને આ પ્રમાણેના તલબા સાથે મહોબ્બત ફરમાવતા અને તેઓને પોતાનાથી નઝદીક કરતા હતા. દારૂલ ઉલૂમ ફલાહે દારૈનથી અલગ થયા પછી આપની સફરો વધી ગઈ હતી, હિંદુસ્તાનના મદ્રસાઓ અને અલગ અલગ શેહરો તરફથી અને ફોરેનથી પણ આમંત્રણ આવતું તો અલગ અલગ હેડીંગ અને લેબલ પર આપ સફરો ફરમાવતા હતા.

وہ جس کی آنکھوں نے نیند کھوئی، ہمارے خاطر، تمہارے خاطر
وہ سب کی آنکھوں کی نیند لے کر جوارِ رحمت میں سو گیا ہے

વો જિસ્કી આંખોને નીંદ ખોઈ, હમારે ખાતિર, તુમ્હારે ખાતિર
વો સબકી આંખોકી નીંદ લેકર, જવારે રહમતમે સો ગયા હે

***<u>ઝિંદગીભરની બેચેનીને ચેન આવી ગયું.</u>***

اب کیا ہمیں ستائیگی دوراں کی گردش -- اب ہم حدودِ سود و زیاں سے نکل گئے

અબ કયા હમેં સતાએગી દોરાં કી ગરદિશ
અબ હમ હુદૂદે સૂદો ઝયાં સે નિકલ ગએ

દારૂલ ઉલૂમ ફલાહે દારૈન દરેક રીતે અને દરેક મેદાને આગળને આગળ ધપી રહયો હતો પણ અચાનક કોઈ બદખ્વાહની એને નઝર લાગી ગઈ અને

મર્હૂમ (રહ.) તઅસ્સુબના શિકાર થઈ ગયા, તે છતાં મર્હૂમ (રહ.) પોતાનો ધ્યેય પ્રાપ્ત કરવા માટે પોતાની મેહનત અને મકસદમાં જરાપણ કચાસ કે કમી આવવા ના દીધી, અને અંતે સંભળાવી આપ્યું કે:

چمن کا رنگ گر تو نے سراسرا ے خزاں بدلا

نہ ہم نے شاخِ گل چھوڑی، نہ ہم نે آشیاں بدلا

**ચમન કા રંગ ગર તૂને સરાસર એય ખિઝાં બદલા**

**ન હમને શાખેગુલ છોળી, ન હમને આશીયાં બદલા**

હઝરત (રહ.)નું પોતાનું એક ઘણું જ કીમતી કુતુબખાનું હતું, જે તફસીર, હદીષ, ઉસૂલે ફિકહ, ફિકહ, સવાનેહી અદબ, અદબે અરબી, અદબે ઉર્દૂ, અકાઈદ, કલામ, તારીખ અને જુગરાફિયહ, સીરતુન્નબી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ), ફતાવા, હસનયાત, ખુતબાત અને મવાઈઝ, તજવીદ અને કિરાઅત, નહવ અને સર્ફ, તસવ્વુફ, લુગાત, વિગેરે વિષયોની કિતાબો ધરાવે છે. આ કિતાબોથી બધાને ફાયદો થાય એ હેતુથી ૩૩ કબાટો અને હઝારથી પણ વધુ કિતાબો જામિઅહ કાસિમયહ અરબીયહ ખરોડ, જિ. ભરૂચને વકફ કરી છે અને એના માટે એક અલગ ઈમારત જામિઅહ ખરોડમા હઝરત શૈખુલ હદીષ મવલાના મુહમ્મદ હનીફ સા. દા.બ.ની મદદથી લગભગ આઠ એક મહીના પહેલાં જ તૈયાર થઈ હતી અને તેનું નામ 'મજમઉશ્શૈખ અબ્દુલ્લાહ અલ્કાપોદ્રા' રાખવામાં આવ્યું છે. અને ત્યાં શોઅબએ ઈશાઅતની બુનિયાદ નાખવાના હતા અને શવ્વાલ ૧૩૩૯ મુતાબિક ૨૦૧૮થી 'તખસ્સુસ ફીલ હદીષ' વિભાગ શરૂ થવાનો હતો.

અંતમાં.... આપ (રહ.)ની અહકર પર હમેશા જે શફકત અને મહોબ્બત રહી, તા'લિબે ઈલ્મના ઝમાનામા પણ અને બાદમાં પણ. એ વિશે થોડુક લખી મઝમૂન પૂરો કરી રહયો છું.

બે રમુજી કિસ્સાઓતો એવા છે કે આજે પણ મને એની યાદ આવતા જબરદસ્તી હસી પડાય છે, જેની વિગત આ પ્રમાણે છે :

(૧) તડકેશ્વરથી ફરાગત પછી સન ઈસ્વી ૧૯૭૧/૭૨ એમ બે વર્ષ હું દેવબંદ હતો, હું પોતે તેમજ મર્હૂમ હઝરત મવલાના મુફતી ઈસ્માઈલ ભડકોદ્રવી સાહેબ (રહ.) દેવબંદના 'ઈહાતએ મસ્જિદના રૂમ નં.૧ માં રહેતા હતા. અમારા રૂમના બે દરવાજા હતા અંને બંનેથી અવર જવર કરતા હતા,

અન્ય આવનાર દોસ્તો પણ બંને દરવાજાઓથી આવતા જતા હતા. એક વખતે અમે બંનેએ મશ્વેરો કર્યો કે બેમાંથી એક દરવાજો બંધ કરી દઈએ અને ત્યાં આગળ પ્રાઈમસ તેમજ ખાવા માટેના અને ચા બનાવવાના વાસણો મુકવામાં આવે, જેથી સાલન ગરમ કરવા કે ચાય બનાવવામાં આસાની રહે. બે દરવાજા માંથી જે દરવાજો અવર જવર માટે વધુ વપરાતો હતો તેને જ બંધ કરવો પડયો, કારણ કે ત્યાંથી વેસ્ટેજ પાણીના નિકાલ માટે એક નીક બનાવેલી હતી જેનું કનેકશન મસ્જિદથી બહારના ભાગે આવેલ મુખ્ય ગટર સાથે હતું, વધુ પડતા દોસ્તોને આ દરવાજાથી આવવા જવાની આદત પડી ગઈ હતી, એટલે બંધ કરવા પછી પણ ભૂલથી તે જ દરવાજા પર દસ્તક આપતા હતા, એટલે બે ત્રણ દિવસ તો હું રૂમના અંદરથી નરમીથી કહેતો રહયો કે ભાઈ આ દરવાજો બંધ કરેલો છે માટે પેલા દરવાજેથી આવો. બે ચાર દિવસ પછી જયારે કોઈ એ દરવાજે દસ્તક દે તો હું જરા ગુસ્સેથી કહેતો કે કોણ છો ? કેટલી વાર કહયું કે પેલા દરવાજેથી આવો. ખૈર અઠવાડીયામાં બધાને અન્ય દરવાજેથી આવવાની આદત પડી ગઈ.

પણ પછી એવું થયું કે "મોલસરી રૂમ નંબર ૩"માં રહેતા મારા એક દોસ્ત મવ. અ.ગફૂર વહોરાસમનીવાળા કે જેઓ હાલ કેન્યા (આફ્રિકા)માં રહે છે, તેઓ પોતાના એક સાથી મવ. ગુલામ પટેલ લુણાવાડી સા. ને લઈને મારા રૂમ પર આવ્યા, તે વખતે મર્હૂમ મુફતી ઈસ્માઈલ ભડકોદ્રવી સાહેબ (રહ.)તો રજા લઈને ગુજરાત ગયેલા હતા, એટલે અમે ત્રણેવ જણા દરવાજો બંધ કરીને રૂમના અંદર બેસેલા હતા અને મવ. અબ્દુલગફૂર સાહબે મને કહયું કે અમે તો તારી ચા પીવા આવ્યા છે, તો મે કહયું કે માશાઅલ્લાહ બહું સારી વાત છે, હમણા જ હું દુધ લઈને આવ્યો છું, તો એમણે પુછયું કે કેટલું લાવ્યા છે ? મેં કહયું કે અર્ધો શેર, તો એ કહેવા લાગ્યા કે બીજું અર્ધો શેર દુધ મંગાવીને એકલા દૂધમાં ચા બનાવો, આ સાભળીને મેં તકરીર શરૂ કરી, કારણ કે અમારે ઘણી જ બેતકલ્લુફી હતી, હું કહી રહયો હતો કે આ તો ફઝૂલ ખર્ચી કહેવાય, આપણા ગુજરાતી છોકરાઓ દેવબંદ આવીને બગડી જાય છે, રૂમની દીવાલો પર ડીઝાઈનવાળા કાગળો સુધ્ધાં લગાવે છે....વિગેરે વિગેરે, મવ. અબ્દુલગફૂર જીદ પર ઉતરી આવ્યા અને કહેવા લાગ્યા કે ચાય પાવી હોય તો

એવી જ પીવડાવો નહિ તો તો મારે તારી ચા નથી પીવી, ટુંકમાં એ કે અમારી વાતો ઝોરશોરથી ચાલી રહી હતી, એટલામાં બહારથી કોઈએ દરવાજો ખખડાવ્યો અને તે જ દરવાજો ખખડાવ્યો કે જેને અમે બંધ કર્યો હતો. એટલે મેં મારી આદત પ્રમાણે ઝોરથી કહયું કે પાછો કોણ છે ? કેટલા વખતે કહયું કે પેલા દરવાજેથી આવો, ખાસી વાર લાગી કોઈ અંદર આવ્યુ નહી એટલે અમે સમજયા કે કોઈ દોસ્ત હશે જે જતા રહયા હશે અને અમારી વાત પાછી શરૂ થઈ ગઈ અને એ સમય દરમિયાન ફરીવાર કોઈએ ઝોરથી ખખડાવ્યું તો હું પાછો અંદરથી આગળની જેમ ઝોરથી બોલ્યો, પણ કોઈ અંદર આવ્યું નહિ અને થોડીક વાર પછી કોઈએ દરવાજો ખોલી નાખ્યો તો અમે જોયું કે મર્હૂમ મવ. અબ્દુલ્લાહ કાપોદ્રી સા. (રહ.)છે, અને બોલ્યા કે ભાઈ શા માટે અમોને ડરાવો છો ? અમો તો ઘણા જ શરમિંદા થઈ ગયા અને ખસિયાણા થઈ ઉભા થઈ ગયા અને મા'ફી માંગી, મર્હૂમ (રહ.) સાથે તડકેશ્વરના મવ. અબૂબક્ર સાહેબ પણ હતા, મર્હૂમ (રહ.)તેમને કહેવા લાગ્યા કે જો આપણે ત્રીજા વખતે દરવાજો ખખડાવ્યો હોત તો પ્યોર ભરૂચી સાંભરવા મળત!.

(૨) તડકેશ્વરમાં તે ઝમાનામાં લાઈટ ના હતી, એટલે ઈશા પછી યાદ કરવા બેસવું હોય તો દીવા કે ફાનસના અજવાળે યાદ કરવું પડતું હતું અને એના કારણે મદ્રસાએ કેરોસીનની વ્યવસ્થા પણ કરી આપી હતી અને અમો જયાં રહેતા હતા ત્યાં જ ખાવું પાકતું હતું અને ત્યાં જ ખાવું પણ ખાતા હતા અને અમોને એ વાતની છુટ હતી કે કેરોશીન તેમજ રોટી જરૂરત મુજબ લઈ શકીએ. એટલે છોકરાઓ ઈશા પછી સુખડી વિગેરે પણ બનાવતા હતા, હવે થયું એમ કે રઈસ (રહ.) સુધી તલબાની એવી શિકાયત પહોંચી કે છોકરાઓ ઘણો બગાડ કરે છે, એટલે એક દિવસ ઈશા પછી થોડેક મોડેથી રઈસ (રહ.) તડકેશ્વરના એક મવલાના આદમ (રહ.)ને લઈને અમારા રહેઠાણે આવ્યા, મારી સુવાની જગા એક ખુણામાં બારી પાસે હતી અને એ પ્રમાણેના એંગલની હતી કે જો હું પશ્ચિમ તરફ જોવું તો બહારથી અંદર આવતા માણસને જોઈ શકતો હતો અને જો પૂર્વ તરફ જોવું તો બારીમાથી કીચનનો ચુલો વિગેરે જોઈ સકતો હતો. ટુંકમાં એ કે એના કારણે મે રઈસને અંદર આવતા જોઈ લીધા અને અન્ય તલબાએ પણ જોઈ લીધા એટલે બધા વ્યવસ્થિત થઈ ગયા. પણ

એક ઘીવાલા અને બીજા એક કાંગવાઈના સાથી કીચનના ચુલા પર સુખડી બનાવી રહયા હતા, કાંગવાઈ બેઠો બેઠો તપેલીમાં ચમચો હલાવતો હતો અને ઘીવાલો બધી વસ્તુ વારા ફરતી આપતો હતો, એટલામાં ઘીવાલાએ રઈસને જોઈ લીધા અને ત્યાંથી સરકી ગયો અને એની જગા પર રઈસ આવીને ઉભા થઈ ગયા, રઈસ સાથે આવેલા મવ. આદમ પૂર્વ તરફના વાડાના દરવાજા તરફ ગયા એટલે કાંગવાઈએ એમને જોઈ લીધા, અને એને તો ખબર જ ના હતી કે ઘીવાલો જતો રહયો છે, એટલે પાછળ જોયા વગર રઈસના પગમા હાથ મારતો હતો અને કહેતો હતો કે એય ઘીવાલા ! જો મવ. આદમ આવ્યા છે, આવી રીતે બે ચાર વખત રઈસના પગમા મારતો રહયો અને કેહતો રહયો કે હે ઘીવાલા ! જો મવ. આદમ આવ્યા છે એટલે આખરે રઈસ (રહ.) હસ્તા હસ્તા બોલ્યા કે મવ. આદમ આવ્યા છે તો તારે શું, તું સુખડી બનાવી લેને, આ સાંભળી કાંગવાઈ પણ શરમાઈ ગયો અને બધુ એવું જ મુકીને પોતાના બિસ્તર પર જતો રહયો.

આ તો બે રમુજી કિસ્સા હતા, બયાન કરવાને લાયક હતા એટલે બયાન કરી આપ્યા, હવે છેલ્લે આપ (રહ.)ની અહકર પર હમેશા જે શફકત અને મહોબ્બત રહી, તા'લિબે ઈલ્મના ઝમાનામા પણ અને બાદમા પણ. એ વિશે થોડુક વર્ણન કરી મઝમૂન સમેટી રહયો છું.

(૩) એક વખતે બોર્ડિંગમા માંકડ થઈ ગયા હતા, તે વખતે માંકડ મારવા માટે એક ઘણી જ સારી દવા ''બગડોલ'' નામની આવી હતી, સુરતથી લાવવામાં આવી હતી, પણ દવા ઓછી પડી, અને દવા પુરી થઈ ગઈ અને હજુ રૂમો બાકી હતા, એટલે મને ઓફિસે બોલાવ્યો અને સુરતની એક દુકાનનું સરનામું આપ્યું અને કહયું કે અહિયા માંકડ મારવાની ''બગડોલ'' નામની દવા મળે છે, તું જઈને લઈ આવ, મે કહયું કે હું કયારે પણ સુરત ગયો નથી અને હું સુરતથી વાકિફ પણ નથી એટલે મારાથી આ કામ થઈ શકશે નહિ, અન્ય કોઈને મોકલો, મર્હૂમ (રહ.) હસ્તા મોઢે બોલ્યા કે બીજા છોકરાઓને સુરત જવું છે પણ હું રજા આપતો નથી અને તને રજા આપુ છું તો તું જતો નથી. હું તો ખરેખર ઘણો જ શરમાઈ ગયો અને ખાસીવાર ચુપચાપ બેસી રહયો, મર્હૂમ (રહ.) પાછું બોલ્યા કે જો સાંભળ, પુછતું પુછતું પીરામણ

જવાય, નહિ તો અકલેસરથી પાછુ અવાય. પણ હું કોઈ પણ રીતે માન્યો નહિ ત્યારે મારો છુટકારો થયો.

(૪) મને અનેકવાર પોતાના ઘેર લઈ ગયા, કંઈ ને કઈ આપતા હતા, અચાર પણ આપતા, હમેશા પ્યારથી બોલાવતા, જયારે મહેમાનોની પોતાના ઘરે દા'વત કરતા તો ખાવું વહેચવામાં અન્યોની સાથે મને પણ જરૂરથી શામિલ ફરમાવતા હતા.

(૫) ઈસ્વી સન૧૯૭૨માં દેવબંદ સાલાના છુટટીઓ થઈ ત્યારે મેં અને મર્હૂમ મુફતી ઈસ્માઈલ ભડકોદ્રવી સા. (રહ.)એ ગુજરાત જવા માટે એક દિવસ નકકી કર્યો હતો, પણ અચાનક રઈસ રહ. દેવબંદ તશરીફ લાવ્યા અને અમારી મુલાકાત થઈ, હઝ. રહ.એ પૂછયું કે કયારે તમારી વાપસી છે ? તો અમે અમારી તારીખ બતાવી તો એમની વાપસી અને અમારી વાપસીમાં એકાદ દિવસનો ફરક હતો તો ફરમાવ્યું તમે એક દિવસ રોકાઈ જાઓ અને મારી સાથે થઈ જાઓ, અને ફલાણી તારીખે હું તમોને દિલ્હી રેલ્વે સ્ટેશને મળીશ, તમો ત્યાં આવી જશો. અમે લોકો નકકી તારીખે દીલ્હી રેલ્વે સ્ટેશને પહોંચ્યા તો રઈસ (રહ.) સ્ટેશન પર અમારો ઈન્તિઝાર જ કરી રહયા હતા, મુલાકાત થઈ, ફરમાવ્યું કે મારુ રિઝર્વેશન થઈ ગયું છે, જાઓ તમે પણ રીઝર્વેશન કરાવી લો અને મારા કોચમાં જ થાય એવી કોશીશ કરજો, અમે ટીકીટ બારી પર પહોંચ્યા, હઝરત મુફતી સાહબ મર્હૂમે ફોર્મ ભર્યુ પણ રીઝર્વેશન થઈ ના શકયું, રઈસ (રહ.)ને જાણ કરી તો રઈસે ફરમાવ્યું કે તમે ફરીવાર જાઓ અને ફોર્મની સાથે 'હકકે ખિદમત' પણ બતાવજો, અમે લોકોએ એમ જ કર્યુ તો રીઝર્વેશન થઈ ગયું અને હઝ. (રહ.)ની સોહબતમાં રહેવાનો ઘણો લાંબો અને મુબારક મોકો નસીબ થયો, દિવસ દરમિયાન ઘણા સ્ટેશનો પર ટ્રેન ઉભી રેહતી હતી અને ઘણા વખતે આપ (રહ.) ગાડીમાંથી એમ કહી નીચે ઉતર્યા કે, ઈકબાલ તારા માટે ખાવાનું કઈક લઈ આવું, અમોને તો ઘણી જ શરમિંદગી હતી પણ આપ (રહ.) પૂરા રસ્તે કાંઈને કાંઈ ખવડાવતા રહયા.

(૬) તડકેશ્વરથી ફરાગત બાદ હું કોલવણા ગામે મુદર્રિસ તરીકે રહી ચુકયો હતો અને લગભગ બે મહીના પણ થઈ ગયા હતા, મર્હૂમ (રહ.)એ મને તડકેશ્વર બોલાવ્યો અને ફરમાવ્યું કે તારે હમણા નોકરી કરવાની નથી,

આગળ વધુ તા'લીમ માટે દેવબંદ જવાનું છે, અને ફરમાવ્યું કે જો તું ફિકર ના કર, કોલવણા તને જેટલો પગાર મળે છે એટલા પૈસા તો તને દર મહીને દેવબંદ મોકલીશ અને બીજા એટલા જ પૈસા ખાનપુર તારા ઘેર પણ મોકલીશ. માટે અહીથી કોલવણા ન જતા સીધો ખાનપુર જતો રહે અને તૈયારી કરીને વહેલામાં વહેલો દેવબંદ ચાલ્યો જા. સાથે સાથે મર્હૂમ કારી મુહમ્મદ તૈયબ સા. (રહ.)ના નામ પર મને એક કાગળ પણ લખી આપ્યો હતો.

(૭) દારૂલ ઉલૂમ ફલાહે દારૈનના કોર્ષમા અંગ્રેજીનો પણ એક પીરયડ હતો, તડકેશ્વરના જનાબ માસ્તર મૂસા ગોરા સાહેબ અમારા અંગ્રેજીના ઉસ્તાદ હતા, જુના માણસ હતા એટલે અંગ્રેજી ફૂલપાવર હતું અને શીખવાડવાની રીત પણ ઘણી સારી હતી, પણ એક દિવસે એમણે કલાસ શરૂ થતાં જ આગલા દિવસના સબકમાંથી ''ઈમીજેટલી''ની સ્પેલીંગ પૂછી તો કોઈ પણ બતાવી ના શકયું અને છેલ્લે મને પુછયું તો સ્પેલીંગમા એક અક્ષર છુટી ગયો હતો, એટલે માસ્તર સાહેબ ઘણા ગુસ્સે થયા અને બધો ગુસ્સો મારા પર ઉતાર્યો, મારા માટે આ પહેલો મોકો હતો કે માર ખાવાનો વારો આવ્યો હોય, મારાથી સહન ના થઈ શકયું અને સામાન સાથે ફરારનો રસ્તો લીધો. અને હવે પઢવાનો ઈરાદો છોડી દીધો હતો, પણ હજુ તો બે ચાર દિવસ થયા હતા અને મર્હૂમ (રહ.)એ એક તાલિબે ઈલ્મને મને લેવા માટે મારા ગામ ખાનપુરદેહ મોકલ્યો, અને હું પણ ઈન્કાર ના કરી શકયો, તૈયાર થઈ ગયો અને તડકેશ્વર ફરીવાર તે જ લયલો નહાર ચાલુ થઈ ગયા. પણ હું આજ સુધી આ વાકિઅહને ન તો ભુલ્યો છું, ના ભૂલી રહયો છું અને નતો ભવિષ્યમા ભુલીશ, કારણકે મર્હૂમ (રહ.) આખરે પોતાની મખ્સૂસ તવજ્જુહના તુફેલ એક ''ફલ્લાહ''ના દીકરાને આખરે ''ફલાહી'' બનાવીને જ રહયા.

آسماں تیری لحد پر شبنم افشانی کرے-- سبزۂ نورستہ تیرے گھر کی خبرداری کرے

આસ્માં તેરી લહદ પર શબનબ અફશાની કરે
સબઝએ નવરિસ્તા તેરે ઘરકી ખબરદારી કરે

یہ اقامت ہمیں پیغام سفر دیتی ہے
زندگی موت کے آنے کی خبر دیتی ہے

યે ઈકામત હમેં પેગામે સફર દેતી હે
ઝિંદગી મૌતકે આને કી ખબર દેતી હે

موت اس کی ہے، زمانہ کرے جس پر افسوس
ورنہ اس دنیا میں سب آتے ہیں جانے کے لئے

મોત ઉસ્કી હે, ઝમાના કરે જિસ પર અફસોસ
વરના ઈસ દુનિયામે સબ આતે હેં જાનેકે લિયે

إِنَّ لِلّٰهِ مَاأَخَذَ، وَلَهُ مَاأَعْطٰى، وَكُلُّ شَيْءٍ عِنْدَهُ بِأَجَلٍ مُّسَمًّى۔ رَحِمَهُ اللّٰهُ رَحْمَةً وَّاسِعَةً، أَللّٰهُمَّ لَاتُحْرِمْنَا أَجْرَهُ وَلَاتَفْتِنَّا بَعْدَهُ۔ إِنَّ الْعَيْنَ تَدْمَعُ وَالْقَلْبَ تَحْزَنُ وَلَانَقُوْلُ إِلَّامَايَرْضٰى رَبُّنَا، وَإِنَّا لِفِرَاقِكَ يَاأُبَانَا لَمَحْزُوْنٌ۔ أَللّٰهُمَّ أَجْزِهُ أَحْسَنَ مَاتُجْزِىْ بِهٖ عِبَادَكَ الصَّالِحِيْنَ مُجَاهِدِيْنَ الْمُخْلِصِيْنَ۔

أَللّٰهُمَّ اغْفِرْهُ، وارْحَمْهُ، وَ عَافِهٖ، وَإِعْفَ عَنْهُ، وَأَكْرِمْ نُزُلَهُ، وَوَسِّعْ مَدْخَلَهُ وَاغْسِلْهُ بِمَاءٍ وَالثَّلْجِ، وَنَقِّهٖ مِنَ الْخَطَايَا كَمَا يُنَقَّى الثَّوْبُ الْأَبْيَضُ مِنَ الدَّنَسِ وَأَبْدِلْهُ دَارًا خَيْرًا مِّنْ دَارِهٖ، وَأَهْلًا خَيْرًا مِّنْ أَهْلِهٖ وَأَدْخِلْهُ الْجَنَّةَ وَأَعِذْهُ مِنَ النَّارِ وَمِنْ فِتْنَةِ الْقَبَرِ بِرَحْمَتِكَ يَاأَرْحَمَ الرَّاحِمِيْنَ، بِحُرْمَةِ سَيِّدِ الْمُرْسَلِيْنَ وَخَاتَمَ النَّبِيِّيْنَ وَإِمَامِ الْمُتَّقِيْنَ سَيِّدِنَا مُحَمَّدٍ صَفْوَةِ الْبَرِيَّةِ سَيِّدِنَا مُحَمَّدٍ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاٰلِهٖ وَأَصْحَابِهٖ وَأَتْبَاعِهٖ أَجْمَعِيْنَ إِلٰى يَوْمِ الدِّيْنِ۔

حق تعالیٰ مرحوم کو کروٹ کروٹ جنت نصیب فرمائے، ان کے اہل وعیال، دوست و احباب اور متعلقین کو ان کے صدمہ پر صبر جمیل اور اجر جزیل عطا فرمائے۔ حق تعالیٰ شانہ مرحوم کو جوار رحمت میں جگہ عطا فرمائے، ان کی حسنات کو قبول فرمائے، انسانی فروگذاشتوں سے درگذر فرمائے اور مرحوم کے صاحبزادگاں اور اعزہ کو صبر جمیل عطا فرمائے۔ آمین ثم آمین

سُبْحَانَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ وَسَلَامٌ عَلَى الْمُرْسَلِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ. فقط والسلام

محمد اقبال بن علی فلاحی خانپوری
جامعہ علوم القرآن، جمبوسر، ضلع بھروچ، گجرات
٦، ذی القعدہ ١٤٣٩ھ مطابق ٢٠ جولائی ٢٠١٨، بروز جمعہ

---

# ખૂબીઓ

એક વાર હઝરત મવલાના કાસિમ સા. આંટી (દા.બ.) આવ્યા, મવલાનાથી દરખ્વાસ્ત કરી કે તમારો હઝરત મવલાના અબ્દુલ્લાહ સા. સાથે ઘણો જુનો સંબંધ છે, તમે એમની સાથેના સંબંધનો અનુભવ બયાન કરો તો કંઈક રાહબરી મળે.

હઝરત મવલાના કાસિમ આંટી (દા.બ.)એ ફરમાવ્યું કે મારો મુફક્કિરે મિલ્લત (રહ.) સાથે ઈ.સ.૧૯૫૫થી સારો સંબંધ છે, મેં તેમનામાં જે ખૂબીઓ અને ગુણો જોયા તે અન્યોમાં નહિવત હોય છે. જે પૈકી :

(૧) તેમનો સૌથી મોટો ગુણ એ છે કે તેમનામાં જ્ઞાતિવાદ, પક્ષવાદ અને વાડાબંધી જેવી કોઈ વસ્તુ સદંતર નથી, તેઓ ખૂબ જ નિખાસલ સ્વભાવના વ્યકિત છે.

(૨) કોઈ પણ નાનાને મોટો બનાવવો એ તેમની વિશેષ્ટતા છે, ભલે પછી તે આપ જેવો થઈ જાય કે આપનાથી મોટો બની જાય. આ ઘણી મોટી વાત કહેવાય કેમ કે આજે તો ઉસ્તાદ એમ નથી ઈચ્છતા કે વિદ્યાર્થી (શાગિર્દ) તેમનાથી આગળ નીકળી જાય.

(૩) ગીબત આપને બિલકુલ પસંદ નથી, કોઈની સાથેના મતભેદના લઈ કોઈની સાથે દુશ્મની રાખતા નહીં, જો કોઈની કોઈ વાત પસંદ ન હોય તો એટલું તો કહી જ દેતા કે આ પણ એક રાય (મત) છે.

(૪) આપની આર્થિક પરિસ્થિતિ શરૂઆતમાં સારી ન હતી, છતાંયે મહેમાન નવાઝીમાં કયારેક પાછા પડયા નથી, ઈશાની નમાઝ પછી તલબામાંથી કોઈને મસ્જિદમાં અથવા બોર્ડિંગમાં મોકલતા કે કોઈ મહેમાન હોય તો ઘરે બોલાવી લાવે.

(૫) જા કોઈની સાથે મુલાકાત વેળા સામેવાળાના સારા ગુણો જ સામે રાખે છે, તેમની બુરાઈયો અને ખરાબ આદતો જાણવા છતાં તેમની સાથે ખરાબ વર્ણન નથી કરતા.

અલ્લાહ તઆલા આપણને પણ હઝરત (રહ.) ની જિંદગીનું અનુસરણ કરવાની તૌફીક આપે (આમીન)

*(ગુલદસ્તએ મુહબ્બત. હઝ.મવ. ઈકબાલ ફલાહી, ટંકારવી,દા.બ. દારૂલ ઉ. માટલીવાલા)*

# હઝ. મવ. અબ્દુલ્લાહ કાપોદ્રવી (રહ.)

## સિધ્ધિઓ..... ઉપલબ્ધિઓ

● *અ.રશીદ નદવી ખાનપૂરી. જામિઅહ જંબુસર.*

સૃષ્ટિના નિયમાનુસાર પ્રત્યેક આવનાર નિર્ધારિત સમય વિતાવી ચાલ્યો "મરી" જાય છે. છતાં અમુક માણસો પોતાના કર્મો અને આદર્શો વડે અમર બની સમાજ જીવનમાં ઊંડી છાપ છોડી જાય છે. અને લાંબા સમય સુધી માનસપર ઉપર તેમની સિધ્ધિઓ અને ઉપલબ્ધિઓ ઉભરતી રહે છે, ખરેખર આ તે લોકો હોય છે જેમની અલ્લાહ તઆલાએ માનવ મુલ્યોના જતન અને દીનની સુરક્ષાના મહાન કાર્ય માટે નિયુકિત કરી હોય છે, જેઓ નબવી ગુણોથી સુશોભિત અને દીની ઈમાની ગૈરતનાં ઉચ્ચપદે બિરાજમાન હોય છે, જેમની ઝુબાન દીનની તરજુમાન અને જેમનું જીવન ઈસ્લામી સભ્યતા અને સંસ્કૃતિનું પ્રતીક બની જાય છે. જેમને જોઈને અલ્લાહ યાદ આવે છે. જેમની વાતો અને યાદો નવા જનરેશનમાં નવી ઉમંગો અને નવો જોમ પૂરી શકે છે!

ફખ્રે ગુજરાત આબરૂએ મિલ્લત હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી રહ. પણ ગુજરાતના આઝાદી પછીના ઈલ્મી આકાશને ઝગમગ ઝગમગ કરનારા તારલાઓમાંના એક હતા. કોઈ પણ સફળ વ્યકિતનાં સફળ જીવનનો ચિતાર પાછળ રહેનારાઓને જીવનની સફળતાનો મર્મ સમજાવે છે, એટલે જ કુર્આને કરીમે નબીઓ અને નેક લોકોનું વારંવાર વર્ણન કર્યું છે અને હદીષની કિતાબોમાં "મનાકિબે સહાબા" ના નામે લાંબા પ્રકરણો જોવા મળે છે. શમાઈલ અને સીરતની કિતાબો તથા બુઝુર્ગોની સવાનેહ પણ આજ મકસદની પરિપૂર્તિ માટે હોય છે, મવલાના મર્હુમના મુબારક જીવનના અમુક ભાગો અને ખિદમતોનો ઉલ્લેખ તેજ હેતુ પ્રાપ્તિ માટે અહિંયા કરવામાં આવે છે.

***(૧)ફલાહે દારૈનનું ગૌરવપૂર્ણ સ્થાન :***

એક ગામડામાં ભાડાના મકાનમાં શરૂ થયેલ નવોદિત સંસ્થાને તાલિબે ઈલ્મોના ચંદાથી લઈ, વિવિધ પડકારો અને ચેલેન્જો વચ્ચે, દેવબંદ અને નદવા બંનેની વિચારશરણીથી સજજ કરી, ગુજરાતમાં ગૌરવપૂર્ણ સ્થાને પહોંચાડવાનું મુશ્કેલ કામ આપે એકલા હાથે પાર પાડયું. નદવાથી સારા સંબંધો કેળવી તેના માધ્યમથી ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર ફલાહે દારૈનનું મદીના યુનિવર્સિટીથી જોડાણ કર્યુ. હઝ. મવલાના અલીમિયાં (રહ.)ની સુહબતનાં અસરથી ઉલમાએ કિરામ, એજયુકેટેડ લોકોને દીનની દાવત તેમની ભાષા અને શૈલમાં આપી શકે તે આશયે પ્રથમવાર ગુજરાત યુનિવર્સિટી સાથે ફલાહે દારૈનનું જોડાણ કરી પોતાના ફારિગીનને બી.એ., એમ.એ., એમ.ફીલ. કરવાનો અવસર આપ્યો. ઉલમા તથા તલ્બાને લેખન શૈલીમાં નિપૂણ કરવા આપ ફલાહે દારૈનને ગુજરાતના મદારિસનું મરકઝ બનાવવા માંગતા હતા, પરંતુ વહીવટ કર્તાઓની અરૂચીના લઈ તેઓ "આલમી રાબતએ અદબે ઈસ્લામી"નું સેન્ટર ફલાહે દારૈનને ના બનાવી શકયા, અને તેમના જીવનનાં અંતિમ પડાવમાં જયારે તેનું સૌભાગ્ય **જામિઅહ ઉલૂમુલ કુર્આન – જંબુસર** ને સાંપડયું ત્યારે તેને સરપસ્તી અને અનેરું બળ તથા પ્રોત્સાહન પુરું પાડી ઈચ્છાતૃપ્તિનું આશ્વાસન પામતા રહયા. આપ ફલાહે દારૈનનાં તારાઓ માટે ચંદ્રમા સમાન હતા. એટલું જ નહિ, આપની ચુંબકીય શકિતએ "ફલાહી બિરાદરી"માં પરસ્પર આકર્ષણ પૈદા કરી દીધું. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર નદવી, કાસિમી અને અઝહરી બિરાદરીની જેમ "ફલાહી બિરાદરી"નો ઉદય થયો, જેઓ આજે પણ હઝરત મવ.(રહ.) ના આદેશાનુસાર તકવા અને ઈલ્મના કામોમાં એકબીજાની મદદ કરે છે અને એક જમા'ત બની દીની કામોને આગળ વધારે છે. વડીલમાં બધાને જોડીને રાખવાનો ગૂણ હોય તો ખરેખર આખા કુટુંબમાં કુટુંબ ભાવના પરવાન ચઢે છે. ચોકકસ કાલે કયામતમાં આપ ફલાહી બિરાદરી અને તેમના થકી ઈલ્મો હિદાયત પામેલ અન્ય લોકો

તથા સમુદાયોના સરતાઝ હશે. અને તે બધા આપના માટે સદકએ જારિયહ બનશે. ઈન્શા અલ્લાહ.

*(૨) કુરઆને કરીમની બેનમૂન સેવાઃ–*

કુરઆને કરીમને અરબી લેહઝામાં પઢવાનો હુકમ છે, અને તે બિન અરબી લોકો માટે એક ચેલેન્જ છે. ગુજરાતના ઈદારાઓમાં તજવીદની તાલીમ તો હતી, પરંતુ તેને તેની મહત્વતા મુજબનો દરજો પ્રાપ્ત ન હતો. આ હાલ તો દારૂલ ઉલૂમોનો હતો જયારે ગામડાઓમાં તો હજુ અલીફ–બે–તે નું જ રાજ હતું. મવલાના મર્હૂમને અલ્લાહ તઆલાએ તે વખતના ઉલમાએ ગુજરાતમાં અરબી ઝુબાન સાથે સૌથી વધુ મુહબ્બતભર્યો લગાવ આપ્યો હતો. મવલાનાએ અરબી ભાષા તથા કુર્આને કરીમને અરબી લેહઝામાં પઢવાની મેહનત ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ અને લખનઉના ખ્યાતનામ કારી અનીસ સા. (રહ.)ને ફલાહે દારૈલ લાવી તજવીદો કિરાઅતના મૃતપ્રાય થઈ રહેલા ફનમાં નવો પ્રાણ ફુંકયો, એ બાબતમાં કોઈ બે મત ના હોઈ શકે કે ગુજરાતમાં ફન્ને તજવીદનું નવસર્જન અને આજે સમગ્ર ભારતમાં તજવીદો કિરાઅતમાં ગુજરાતનું એક હથ્થું શાસન મવલાના મર્હૂમના આયોજનનું પરિણામ છે. મવલાનાની મેહનતના પ્રતાપે આજે પણ ફલાહે દારૈનના આંગણે અવાઝના બાદશાહ અને કુરઆનના રસિયા એવા મિસ્રી તથા અરબી કારીઓનું આગમન થયા કરે છે,વળી ફલાહી કારીઓ પણ વર્ષ દરમિયાન ઘણા દેશોને પોતાની જાનદાર કિરાઅતથી મંત્ર મુગ્ધ કરી આવે છે. આપની કુરઆનની આવી અનેરી ખિદમતનો સ્વીકાર કરવો જ રહયો. તજવીદો કિરઅતના ફૈઝનું આ ઝરણું પણ જયાં સુધી વહેતું રહેશે, આપના ખાતે લખાતું રહેશે. ઈન્શા અલ્લાહ.

*(3) અદબ અને ઈતિહાસના ના વિષયોથી વિશેષ લગાવઃ*

અદબ અને તારીખના વિષયો સાથે ગુજરાતના ઉલમાની દિલચસ્પી ખૂબ જ ઓછી હતી, મસાઈલ, મવાઈઝ અને દીની માલૂમાત જેવા વિષયો ઉપર તો ઉલમાએ ગુજરાતની કિતાબી સેવાઓ સામે આવી ચૂકી હતી, પરંતુ ઉપરોકત બંને વિષયોને મદારિસના અભ્યાસક્રમમાં પણ ઓછું

મહત્વ મળ્યું હતું. મવલાના (રહ.) એ આ બંને વિષયને ખૂબ મહત્વ આપ્યું, કારણ ઈતિહાસનો વિષય તો ખુદ મુસલમાનોની દેન છે, જેમાં કોમો પોતાનું ભવિષ્ય ભાખી શકે છે. અને અદબ આખા દીન સાથે સંકળાએલો વિષય છે. મવલાના મર્હૂમે ગુજરાતમાં પહેલીવાર ફલાહે દારૈનના અભ્યાસ ક્રમમાં નદવામાં પઢાવવામાં આવતી અદબ અને તારીખની મહત્વની કિતાબો શામેલ ફરમાવી, જેનો અસર આજે પણ ત્યાંના ફારિગીનમાં જોવા મળે છે, વળી ઈતિહાસના વિષયે અરબી ભાષામાં એક મહામૂલી કિતાબ "અઝવાઅ....." લખી ગુજરાતના ગૌરવવંત ઈતિહાસને આરબ જગત સામે રજૂ કર્યો. પાછળથી મૌલાના મર્હૂમે ઉઠાવેલ તારીખે ગુજરાતના વિષયને "રાબતએ અદબે ઈસ્લામી ગુજરાત શાખે" પોતાની અનેક મજલિસો "સેમિનારો"નો વિષય બનાવી રહી સહી કસર પણ દૂર કરી નાંખી, અને વધુ પડતા ઉલમાએ ગુજરાતની ઈલ્મી અદબી સેવાઓ લેખિત સ્વરૂપે સુરક્ષિત કરી દીધી. મૌ. મર્હૂમ રાબતાની ઈતિહાસના વિષયની ઐતિહાસિક સેવાઓ જોઈ ખૂબ ખૂશ થતા અને "દિલ કા સાઝ છેડ દિયા" એવું કહી દિલથી દુઆઓ આપતા.

***(૪) ઝુબાન અને કલમ ઉપર સમાન પ્રભુત્વ :***

ઝુબાન અને કલમ દીની દાવતના કામ માટે પાયાના સ્તંભ છે. ઈતિહાસ સાક્ષી આપે છે કે જે ઉલમાએ કિરામ આ બંને સાધનોથી સજ્જ હતા, તેમનું કાર્યક્ષેત્ર તે ઉલમાથી અતિ વિશાળ અને મજબૂત રહયું જે તે બે પૈકી કોઈ એકમાં નિપૂણ હતા. હઝ. મર્હૂમ બંને માધ્યમોના બેતાજ બાદશાહ હતા, બોલે તો ફૂલ વરસાવતા અને લખે તો મોતી વિખેરતા, બોલવાનો અંદાઝ મકકમ અને ધારદાર અને લખવાની રીત સચોટ અને તર્ક બધ્ધ, સાંભળનાર ઉપર જાદુ થઈ જાય અને વાંચનારો છોડી ના શકે. આપની ઓડિયો કેસેટ સાંભળો તો આજે પણ તન–બદનમાં નવચેતના ફૂંકાય અને કિતાબોનો અભ્યાસ કરો તો મન–મસ્તિષ્કને શાંતી પ્રાપ્ત થાય. કિતાબોની શું વાત ઘણી વાર આપના પત્રો પણ એક પુસ્તિકાની ગરજ સારે અને તેમાં પણ જ્ઞાનની સરીતા વહેતી હોય, આદત એવી કે પત્ર એકને લખે પણ તેની અનેક કોપીઓ ઈલ્મપ્રેમીઓના લાભાર્થે

અનેકને રવાના કરી આપે. હઝરતના બયાનોની સાથે સાથે પત્રો પણ ભેગા કરવામાં આવે તો ઉમ્મત માટે લાભદાયક સાબિત થશે.

***(૫) કિતાબો જમા કરવાનો અનેરો શોખઃ***

માણસના ઈલ્મપ્રેમી હોવાની એક દલીલ તેનો કિતાબો સાથેનો પ્રેમ છે. હઝરત મર્હુમનું અંગત કુતુબખાનુ કોઈ દીની દર્સગાહ અથવા રાજા નવાબોના કુતુબખાનાને શરમાવે તેવું હતું. અસ્લાફના કિતાબી પ્રેમની આછેરી ઝલક હઝરતમાં જોવા મળતી હતી. જામિઅહ કાસિમિય્યહ ખરોડને મુબારક બાદી આપવી જ રહી જેને હઝરતના કિતાબી વારસાને સાચવવાનું સૌભાગ્ય સાંપડયું. ચોકકસ આ હઝરતનો ઈલ્મી સદકએ જારિયહ છે. પોતાની અંગત લાયબ્રેરીના દરવાઝા આટલા વિશાળ કરી ઈલ્મો તહકીકના રસીયાઓને સગવડ પૂરી પાડવાની આવી મિસાલ ગુજરાતના આઝાદી પછીના ઈતિહાસમાં સાંભળવામાં નથી આવી. અલ્લાહ પાક કબૂલ ફરમાવે અને તેનાથી લાભ ઉઠાવનારા કદ્રદાનો વધુથી વધુ પૈદા ફરમાવે.

***(૬) મરદુમ સનાશી ''ઓળખ શકિત' અને કદ્રદાની :***

આપ એક હિરાપારખુની જેમ કામના લોકોને પારખી આગળ વધારવાના પ્રયાસો કરતાં, આપ મજબૂત સલાહિય્યત અને લેખનકળામાં નિપૂણ એવા ઉલમાએ કિરામનાં આશિક હતા, તેમની કોઈ નાની–મોટી કિતાબ, ફોલ્ડર અથવા માહિતીસભર લેખ હઝરતના હાથો સુધી પહોંચતો તો ખુશ થઈ દાદ અને દુઆઓ આપતા, હદિયારૂપે નવી નવી કિતાબો અને સામયિકો પહોંચાડી આગળ ધપવાનું બળ પુરું પાડતા અને ટેલીફોન તથા પત્રો દ્વારા સતત સંપર્કમાં રહેતા, નવયુવાન ઉલમાએ કિરામ સાથેનો આ ઈલ્મી સંબંધ ગુજરાત અથવા ભારત પુરતો સિમિત ના હતો અનેક દેશોના ઉલમાએ કિરામ મવલાના મર્હૂમની સોચ, દૂરંદેશી અને સચોટ માર્ગદર્શનથી લાભાન્વિત થતા. મવ. મર્હૂમની વસમી વિદાઈ થઈ ત્યારે ખબર પડી કે આપે કેટલા પથ્થરોને નવો ઘાટ આપી કોહેનૂર બનાવી દીધા? અને દુન્યાના ખુણે ખુણે કેટલા હિદાયતના દીવા સળગાવી દીધા?

*(૭) કૌમી હમદર્દી :*

આપ દીની ગૈરત, ઈમાની હમિય્યત અને કૌમી લાગણીમાં ગળાડૂબ હતા, આપ મુસલમાનોમાં ઈસ્લામી સંસ્કૃતિ અને સંસ્કારના સિંચનના મહા આગ્રહી હતા, બિન ઈસ્લામી વાતો અને કામોથી આપ અત્યંત દુઃખી થતા અને તેને દૂર કરવાના શકય એટલા પ્રયાસો કરતા, આપની કોઈપણ તકરીરના મુખ્ય બે ભાગો રહેતા. એક મુસલમાનોમાં દેખા દેતી કોઈ પણ કમઝોરીની ઈસ્લાહ અને બીજું મુસ્લિમ ઉમ્મતના ઉત્થાન માટેનો કોઈ પ્રીપ્લાન, ભારત દેશનાં ચોકકસ રાજકારણમાં અન્ય દેશ બાંધવોની હરોળમાં સન્માન સહિત ટકી રહેવા આપે દીની તાલીમના ઈદારાઓની સાથે સાથે ઈસ્લામી માહોલમા સ્કૂલો, કોલેજોની તાલીમની પણ હિમાયત કરી અને પોતાના ગામ કાપોદ્રામાં આદર્શ હાઈસ્કૂલની સ્થાપના કરી ઉદાહરણ પુરૂં પાડયું. આપનો સમયના મોટા મોટા ઉલમાએ કિરામ સાથે જેટલો મજબૂત સંબંધ હતો તેટલો જ મજબૂત સંબંધ વિવિધ કોલેજો, યુનીવર્સિટીઓના પ્રોફેસરો અને અધ્યાપકો સાથે પણ હતો. આપમાં એક મહાન વિચારકના ગુણો પુરતા પ્રમાણમાં જોવા મળતા હતા.

*(૮) બધા બુઝુર્ગો સાથે સરખો સંબંધ :*

આપનો સમયના બધા જ બુઝુર્ગો સાથે અકીદતભર્યો સંબંધ રહયો, આપની સોચની જેમ આપના સંબંધો પણ વિશાળ હતા, અજમી હોય કે અરબી, ચિશ્તી હોય કે નકશબંદી આપ દરેક બુઝુર્ગોના વર્તુળમાં સેટ થઈ જતા અને બધા જ બુઝુર્ગો આપને એક મહત્વપૂર્ણ દીની ખાદિમની નજરથી જોતા, સવિશેષ હઝ. મવલાના અલીમિયાં (રહ.)થી સંબંધ હોઈ તેમની જેમ દરેક ફૂલનો રસ ચુસી મધમાખી વાળો રોલ અદા કરવાનું પસંદ ફરમાવતા અને કોઈપણ સિલસિલાના બુઝુર્ગથી લાભ ઉઠાવતા. આપ બુઝુર્ગોના એટલા આશિક હતા કે આપની દરેક મજલિસ બુઝુર્ગોની વાતોથી સુશોભિત રહેતી અને દરેકનું અદબો એહતેરામથી નામ લઈ કહેતા કે અમારા ફલાણાં હઝરત આવું કહેતા હતા. એવું ના બને કે આપની મજલિસ હોય અને બે–ચાર બુઝુર્ગોના કથનો સાંભળવા ના મળે!

ખરેખર બુઝુર્ગોની મહોબ્બત માણસને બુઝુર્ગ બનાવી દે છે.

*(૯) આપનો ઈલ્મી મકામ :*

ઈલ્મી કામ એકાગ્રતા માંગે છે, જો તે ઓછી લાયકાત વાળાને પણ મળી જાય તો મેહનત વડે મોટા કામ કરી લે છે, અને ઘણીવાર સલાહિય્યત વાળો માણસ કામના ભારમાં એવો અટવાય પડે છે કે તેની તે લાયકાત, જે તેના જીવનની સૌથી મહાન સિધ્ધી હતી, પરદા પાછળ ચાલી જાય છે, અને જાણે–અજાણે તે બીજા કામોમાં ધકેલાઈ જાય છે. મવલાના મર્હૂમથી જે લોકો વધુ નજીદીક થયા તેમને એ વાતનો ચોકકસ એહસાસ છે કે જો મૌલાના ફકત અને ફકત ઈલ્મી કામો માટે પોતાને ફારિગ કરી આપત, તો સમયના મોટા સાહિત્યકાર અથવા ફિલોસોફર બની જાત, અને નિતનવા ઈલ્મી કામોના સ્થાપક સાબિત થાત, છતાં "યક અનાર વ સદ બિમાર"ની જેમ આપ જરૂરતના દરેક ચોકઠામાં ફીટ થતા રહયા અને ઉમ્મતને યથા શકિત ફાયદો પહોંચાડતા રહયા. આપને એકવાર શ્રીવર્ધનના મદ્રસાની વીઝીટ ટાણે "દીવાને ઈમામ શાફિઈ (રહ.)"ની શરહ લખવાની અપીલ કરવામાં આવી, કારણ તે શાફિઈ મસ્લકના મદ્રસાઓમાં અરબી અદબના અભ્યાસક્રમની મહત્વની કિતાબ ગણાતી હતી, ઈમામ શાફિઈ રહ.નો અરબી અદબનો દરજો અતિમહાન છે, એમના સમયમાં એમની ઝુબાનથી અરબીના કોઈ શબ્દનું બોલાય જવું તે શબ્દના ફસીહ હોવાની દલીલ ગણાતી હતી, આવા મહાન અરબીના નિષ્ણાંતના અરબી અશ્આરની કિતાબની ગાઈડ લખવાનો વિચાર પણ કોઈ સામાન્ય આલિમ ના કરી શકે! પરંતુ મૌલાના મર્હૂમે તેના બધા નુસ્ખાઓ ભેગા કરી કિતાબની શાનદાર ગાઈડ લખી, જેને છાપવાનું કામ "**જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસરે**" કર્યુ, અને હઝ. મર્હૂમે આ લખનારને તેની તરતીબ અને સુધારો– વધારો કરવાનું બહુમાન આપ્યું. જો મર્હૂમને એકાગ્રતા સહિત ઈલ્મી કામોનો અવસર સાંપડયો હોત તો જરૂર ઈસ્લામી લાયબ્રેરીમાં લાભદાયક અને વિચારપ્રેરક કિતાબાનો વધારો થયો હોત.

***(૧૦) બધી સિધ્ધિઓ સ્વબળે :***

વિશ્વના ઈતિહાસમાં ઘણા લોકો સિધ્ધિઓને સર કરતા નઝરે ચઢે છે, પરંતુ આપમેળે અને સ્વબળે આગળ વધતા લોકો કદાચ ઓછા જોવા મળશે. રાજાનો દિકરો રાજા બને તો નવાઈ નહિ, ડોકટરનો દિકરો આસાનીથી ડોકટર બની જાય, રાજકારણીઓ રાજકારણને ખાનદાનની જાગીર ગણે છે, બુઝુર્ગોના એહતિરામમાં મુરીદો ઔલાદનો પણ એહતિરામ કરતા હોય છે, ધાર્મિક અને દીની સંસ્થાઓ ઉપર પણ ઘણીવાર નસ્લોનું પ્રભુત્વ રહે છે, અને પારિવારિક રીતે અનેક લોકો મોટા હોદ્દાઓ અથવા દરજાઓ પામી લેતા હોય છે, પરંતુ હઝરત મર્હૂમની કોઈ પણ સિદ્ધિમાં સીડી તેમની પોતાની લાયકાત અને ઈખ્લાસ છે. આપે સ્વબળે અને સ્વજાતે બધા સોપાનો સર કર્યા છે, જે પાછલા લોકો માટે એક બોધ છે કે "હિંમતે મર્દા તો મદદે ખુદા" આગળ વધો મહેનત કરો, તે મહાન અલ્લાહ કોઈની મહેનતને બરબાદ નથી કરતો. દુન્યા – આખિરત બંનેમાં ફળદાયક બનાવે છે. આ સિવાય મવ. મર્હૂમમાં અલ્લાહ તઆલાએ અનેકાનેક ગુણો ભેગા કરી દીધા હતા. મર્હૂમ ખરેખર શાઈરે મશ્રિક અલ્લામહ ઈકબાલ (રહ.)ના આ શેરના સંપુર્ણપણે મિસ્દાક હતા.

નિગાહ બુલંદ, સુખુન દિલનવાઝ, જાં પુરસોઝ
યેહી હે રખ્તે સફર મીરે કારવાં કે લીયે

છતાં મેં આપના આદર્શ જીવનના બગીચામાંથી તેજ ફુલો લીધા જે મને ગમ્યા.

હમને અપને આશિયાને કે લીયે
જો ચુભે દિલકો વોહી તિન્કે લીયે..

અલ્લાહ તઆલા મર્હૂમને પોતાના ખાસ બંદાઓમાં શામિલ ફરમાવે અને આપણ સૌને તેમના નકશે કદમ ઉપર આગળ વધવાની તૌફીક આપે. (આમીન)

● ● ● • • • • ● ● ●

# આહ !

# રઈસે જામિઅહ હઝ. મવ. અબ્દુલ્લાહ સા. (રહ.)

*—— હઝ. મવ. રશીદઅહમદ હસન વૈદ ખાનપુરી, દા. ઉ. ફલાહે દારૈન–તડકેશ્વર*

બિઈસ્મિહી અલહય્યુલ્લઝી લા યમુત
ઐસા કહાં સે લાઊં તુઝસા કહેં જિસે

જયારથી મરહૂમને કેન્સરની જીવલેણ ગંભીર માંદગી હોવાનું નિદાન થયું, ત્યારથી હરપળે જે વાતનો ડર હતો તે ક્ષણ છેવટે તા. ૧૦ જુલાઈ ઈ.સ ૧૦૧૮ ને મંગળવારે સાંજે ૪ વાગ્યે આવીને રહી અને હસ્તા મુખે કલિમા સાથે આખિરત પ્રતિ રવાના થઈ ગયા.

*ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન*

મરહૂમનો પરિચય મને તા. ૨૧ જાન્યુઆરી ૧૯૬૭ના થયો. જયારે કે હું ૧૧ વર્ષની ઉમરે અને વાલિદહના ઈન્તેકાલના ૧૧ માં દિવસે ખાપનુરથી એક તાલિબે ઇલ્મ તરીકે તકડેશ્વર દારૂલ ઉલૂમમાં આવ્યો. આઠ વર્ષની તાલીમ પૂરી કરી વધુ એક વર્ષ દેવબંદ રહી ઓકટોબર ૧૯૭૫ થી અહી તાલીમી ખિદમતનો મૌકો મળયો. મારૂ દેવબંદ પઢવા જવાનું અને પછી અહીં નિમણૂંક પણ મરહુમને આભારી છે.

મરહૂમની ફેબ્રુઆરી ૧૯૬૬માં મુદર્રિસ તરીકે અહીં નિમણૂંક કરવામાં આવી, પરંતુ એમની લાયકાત, આવડત, સાફ વહેવાર, સ્વભાવ વગેરે જોઈ સ્થાપકોએ એમને મોહતમિમનું પદ સોંપ્યું, સ્થાપકોના વિશ્વાસ પર મરહૂમ પુરા ઉતર્યા અને ટૂંકા ગાળામાં દારૂલ ઉલૂમ ફલાહે દારૈન – તડકેશ્વરને દેશ – વિદેશમાં ઝળહળતો કરી દીધો.

દારૂલ ઉલૂમ ફલાહે દારૈનમાં દેવબંના અભ્યાસક્રમ ઉપરાંત દારૂલ ઉલૂમ નદવતુલ ઉલમા – લખનવની અરબી સાહિત્યની કિતાબો પણ કોર્ષમાં દાખલ કરી. અહીંના ફાઝિલો વિદેશમાં કેવી રીતે કામ કરી શકે તે માટે અહીંના અભ્યાસ ક્રમ (નિસાબ)માં અગ્રેજી ભાષાનો પણ ઉમેરો કર્યો. દારૂલ ઉલૂમમાં ગાર્ડન તથા ઈંટોનો રોડ બનાવવાની પહેલ કરી.

દેશ – વિદેશના મશ્હૂર દીની ઈદારા તથા યુનિવર્સિટીઓમાં અહીની

સનદને માન્યતા અપાવી. જેના આધારે દેવબંદ, લખનવ, સહારનપુર, અલીગઢ, મદીના મુનવ્વરહ, મક્કા મુકર્રમા, જિદ્દહ, રિયાધ, જામેઅતુલ અમારાત તથા જામિયા અઝહર મિસર વગૈરે સંસ્થાઓ તથા યુનિવર્સિટીઓમાં તલબાને મોકલ્યા જેઓ ત્યાં અભ્યાસ કરી સારા માર્કસ સાથે પાસ થયા.

દારૂલ ઉલૂમમાં તલબાને સારી તાલીમ મળે, તેમની સારી તરબીયત થાય તે માટે દૂર દૂરથી કાબેલ ઉસ્તાદોને શોધી લાવી દારૂલ ઉલૂમ ફલાહે દારૈનને ચાર ચાંદ લગાડી દીધા.

તાલિબે ઈલ્મો પ્રત્યે અપાર મુહબ્બત, શફકત ધરાવતા, તેમની પ્રગતિ અંગે ફિકરમંદ રહેતા. તલબા તથા ઉસ્તાદોને અવાર નવાર સામયિકો – કિતાબો આપી તેનું વાંચન કરવા તથા ભાષાંતર કરવા કહેતા. તે અંગે પુછપરછ કરતા અને આ રીતે પ્રોત્સાહન આપી આગળ વધારતા. મરહૂમનો સ્વભાવ, આવડત, વાતચીતનો અંદાઝ, સમજ શકિત અજોડ હતી, ભાષા મીઠી અને અવાજ મધુર હતો, સામને વ્યકિત વાતની શરૂઆત કરે ત્યાંથી જ આપ વાતનો સાર સમજી લેતા. સામેની વ્યકિતની લાયકાતનું માપ તથા તેની પાસથી કામ લેવાની આવડત ભરપુર હતી. દરેકની વાત શાંતિથી સાંભળતા અને ન્યાય, યોગ્ય મશ્વેરો, સલાહ સૂચન આપતા.

વર્ષો જતાં કામનો ભાર વધતા એમના હાથ નીચે મોહતમિમ તરીકે નવેમ્બર ૧૯૮૪માં મવલાના કાસિમ ઈગાર સાહબની નિમણૂંક કરવામાં આવી અન મવલાના અબ્દુલ્લાહ સા. ને "રઈસ"નો ઉચ્ચતર હોદ્દો સોંપવામાં આવ્યો, ખરેખર તો હોદ્દો એમનાથી શોભતો હતો.

મરહૂમની પઢાવવાની લાયકાત અને આવડપ પણ અજોડ હતી, તેઓએ વ્યવસ્થા, સંચાલન સહિત અરબી–૬ અને અરબી – ૭ ની હદીષની ઉચ્ચ કિતાબો પણ સરસ રીતે પઢાવી. પરદેશથી નવા પઢવા આવેલા તલબાને પણ અલીફ – બા – તા થી શરૂઆત કરી ઉર્દૂ પઢાવતા. તલબા એમની પાસે પઢવામાં બહુ ખુશ રહેતા કારણ કે તાલીમની સાથે

સાથે ઘણું બધુ જાણવા, શીખવા મળતું.

મરહૂમ ગુજરાતી, ઉર્દૂ સહિત અરબી ભાષા ઉપર પણ પ્રભુત્વ ધરાવતા હતા. ત્રણેવ ભાષાઓમાં સરળતાથી પ્રવચન કરતા તેમજ મઝમૂન પણ લખતા. ગુજરાતી, ઉર્દૂ તથા અરબીમાં આપની સંપાદન કરેલી અનેક કિતાબો છે જે તલબા, ઉલમા તથા સૌ મુસ્લિમો માટે પણ ઘણી ઉપયોગી છે.

મરહૂમ લેવડ – દેવડ (મુઆમલાત) તથા વહેવારમાં કાચની જેમ ચોખ્ખા હતા "સફાઈ મુઆમલાત"ની બહુ ફિકર રાખતા અને એ અંગે તાકીદ કરતા. આપ ખુલ્લા દિલના, ખુલ્લા દિમાગના હતા, અને આપની મહેમાન નવાઝી તો મશ્હૂર છે.

મરહૂમ સાથે અનેક વખત દૂર દૂર મુસાફરીનો અવસર મળ્યો, એમની સાથે મુસાફરીમાં ઘણુ બધુ જોવાનું, જાણવાનું, શીખવાનું અને મહાનુભાવો સાથે મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું. દરેક સાથે તેની જેવા, મનમાં મોટાઈ જરાય નહીં. જયાં પણ જાય છવાય જાય અને કોઈ પણ જગ્યાએ પહોંચે એમને હાર્દિક, મીઠો ઉષ્માભર્યો આવકાર તથા માન સન્માન મળે.

હઝારોં સાલ નરગિસ અપની બે–નૂરી પે રોતી હૈ
મળી મુશ્કિલસે હોતા હે ચમનમેં દીદાવર પયદા

મરહૂમ સૌની સામે ઉઘાડી કિતાબ સમાન હતા, સૌની સાથે એમનો વર્તાવ વહેવાર સારો રહેતો. મારા લખવાથી એમની ખ્યાતિમાં થશે એવું નથી, એમની ખ્યાતિ, સુવાસ, નેકનામી તો સર્વત્ર ફેલાયેલી જ છે.

અલ્લાહ તઆલા મર્હૂમની ખિદમતોને કબૂલ ફરમાવે. બાલ બાલ મગ્ફિરત ફરમાવે, કરવટ કરવટ જન્નતુલ ફિરદૌસ અતા ફરમાવે. આપણ સૌ તરફથી બેહતર બદલો આપે. ઉમ્મતને નેઅમુલ બદલથી અને આપ્તજનોને સબ્રે જમીલથી નવાઝે. આમીન

આસ્માં ઉનકી લહદ પે શબનમ અફશાની કરે
સબ્ઝએ નવ–રૂસ્તા ઈસ ઘરકી નિગેહબાની કરે. ●

# ઐસા કહાં સે લાવું જિસે તુઝ સા કહૂં !

– *(મુફતી) ઈબ્રાહીમ સા. બળોદવી. યુ.કે.*

અમુક હસ્તીઓ એવી હોય છે જેમને પેહલી નજરે જોતાં જ દિલી મુહબ્બત થઈ જાય છે. એ હસ્તીઓ પૈકી એક આપણા મખ્દૂમ, મુરબ્બી, મુફક્કિરે મિલ્લત (હરઘડી ઉમ્મતના ફિકરમંદ) હઝરત મવલાના અબ્દુલ્લાહ સા. કાપોદ્રવી સાહબ (રહ.) હતા.

હઝરત મવલાના (રહ.)ની મારા પર જે ઈનાયતો રહી છે તે વાંચક મિત્રો સમક્ષ રજૂ કરવા ઈચ્છુ છું. હઝરત મવલાના (રહ.)ની સૌથી પેહલી નઝરે શફકત અને રહમત તે સમયે પ્રાપ્ત થઈ જયારે હું માદરે ઈલ્મી 'દારૂલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ કંથારીયા' માં પઢતો હતો. અરબીનું બીજું વર્ષ હતું, તે વર્ષે એક જલસાનું અયોજન થયું, જેમાં મેં પણ ભાગ લીધો હતો. એટલે કે અરબીમાં એક તકરીર કરી હતી, હઝરત મવલાના (રહ.) સભાના પ્રમુખ પદે હતા, હઝરત મવલનાને અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું, જો કે હઝરત મવલાના (રહ.) ને અરેબિક ભાષા સાથે વિશેષ દિલચસ્પી અને લગાવ હતો. આમ તો મવલાના (રહ.) દરેક ક્ષેત્રે ઈલ્મી મેદાનમાં માહેર અને નિપૂણ હતા.

وليس على الله بمستنكر ان يجمع العالم فى واحد

જલ્સા દરમિયાન અરબી તકરીરને ધ્યાનથી સાંભળી.

જયારે જલ્સાનું સમાપન થયું તો હઝરત (રહ.) મવલાના ઈસ્માઈલ સાહબ મનૂબરી (રહ.) તથા હઝરત મવલાના અલી યુસૂફ કાવી (રહ.)ની સાથે ઓફિસમાં તશરીફ લાવ્યા. મને જો કે હઝરત મવલાના અલી સા. (રહ.)ની ખિદમતનું સદભાગ્ય મળવાથી મારું ઓફિસમાં વારંવાર આવવું – જવું થતુ હતું, હઝરત (રહ.) એ મારા વિષે પૂછયું અને અરબી તકરીરની સરાહના કરી. ત્યાર પછી તો મુહબ્બતમાં વધારો થતો જ રહયો.

મારા મોહતરમ વાલિદ સા. મવલાના અલી કાવી (મ.ઝી.) હાથીખાના, બરોડા સાથે શફકત અને મુહબ્બત અને વાલિદે મુહતરમનો તેમનાથી

અકીદત અને મુહબ્બતનો સંબંધ હતો. હું જયારે માદરે ઈલ્મી દારૂલ ઉલૂમ ઈસ્લામિય્યહ અરબિય્યહ કંથારીયાથી પ્રથાકીય રીતે ફારિગ થયો તે સમયે પણ આગળ તા'લીમ મેળવવા બાબતે પોતાની દિલચસ્પીને જાહેર કરી હતી. અને હઝરત મવલાના (રહ.)ના જ ઈશારે માલેગાંવ – મન્સૂરહમાં જામિઅહ ઈસ્લામિય્યહ મદીનતુલ મુનવ્વરહના માનનીય ઉસ્તાદોની નિગરાની હેઠળ એક મહીના માટે દૌરતુત્તદરીબમાં ભાગ લેવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું. અલહમ્દુલિલ્લાહ ! અલ્લાહ તઆના ફઝલો કરમ અને માતા–પિતા અને ઉસ્તાઝોની દુઆઓથી સારા ગુણોથી ઉત્તિર્ણ થયો, પરંતુ માદરે ઈલ્મીનું મદીના મુનવ્વરહ યુનિવર્સિટી સાથે જોડાણ અને સંલગ્ન ન હોવાથી મારૂ ત્યાં પઢવાનું સપનું અધરુ રહયું. (અલ– ખયરૂ ફીમા વકઅ) તો ખૈર આ જેવી અન્ય ઘણી વાતો છે, પરંતુ ''ગુફતા આયત દર હદીષે દીગરાં'' ની ટીપ્પણીઓના ભયે તેનું વર્ણન નથી કરતો.

માદરે વતન (માતૃભૂમિ) અને જામિઅહ જંબુસરની તા'લીમી સેવાઓ પછી અહિંયા બ્રિટન આવ્યો તો સંબંધો અને મુહબ્બત વધુ ગાઢ બન્યા. એક વાર મારા સતત આગ્રહ પર મવલાના (રહ.) મારા મકાન ઉપર તશરીફ પણ લાવ્યા હતા. તે દિવસ મારા જીવનનો સૌથી શ્રેષ્ઠ દિવસ હતો. ''કુલાહે ગૌશએ દહકાં બ આફતાબ રસીદ'' (અલ્હમ્દુલિલ્લાહિ અલ ઝાલિક)

ત્યાર પછી તો નિયમ બની ગયો હતો કે હઝરત (રહ.)નો ભારતથી લંડન અને લંડનથી કેનેડા પછી કેનેડાથી લંડન અને ભારતનો પ્રવાસ રહેતો હતો એટલે મેં તેમના દિકરા હાફિઝ ઈબ્રાહીમ હફિઝહુલ્લાહને અપીલ કરી રાખી હતી કે જયારે પણ મુહતરમ વાલિદ સા. (રહ.) આવે તો મને અવશ્ય ખબર કરી આપશો. જેથી તેઓ મને મવલાના (રહ.) ના આગમનની ખબર આપતા અને હું પણ પાબંદી સહિત ફૈઝ હાસિલ કરવા હેતુ તેમના ઘરે અચૂક હાજરી આપતો રહયો. આપ રહ.ની ઈલ્મી મજલિસો ઉલમા કિરામ અને વિદ્વાનોથી ખીચોખીચ ભરેલી રહેતી. જેમાં મવલાના (રહ.) પોતાનો લાંબો અને ઊંડો ઈલ્મી અનુભવ સંભળાવતા હતા. અમે તેમની વાતોને ધ્યાનથી સાંભળતા હતા, ખરેખર આ બરકતવંત સભાઓ સદા યાદ રહેશે.....

એક વિશેષ મામલો મારી સાથે એ પણ રહયો કે જયારે પણ હઝરત (રહ.) કોઈ નવી કિતાબનું સંપાદન કરતા તો મને અવશ્ય યાદ રાખતા.

એકવાર હઝરતને એક રિસાલોની જરૂરત હતી.

يـغة مـفتـرجة لـقــانـون البيع الاسلامى હઝરત મવલાના મુફતી તકી ઉસ્માની સા. (દા.બ.) નો સંપાદન કરેલ છે અને જામિઅહ જંબુસરથી જામિઅહના સ્થાપક અને મુહતમિમ હઝરત મુફતી અહમદ દેવલ્વી સા. (દા.બ.)ની દેખરેખ હેઠળ પ્રકાશિત થયો છે અને હઝરત મુફતી સા. (દા.બ.) એ મને અર્પણ કર્યો હતો. મારી પાસે મોજૂદ હતો અને આપ રહ.ને એની જરૂરત હતી. આમ તેમ શોધ્યો, પણ કયાયે મળ્યો નહીં. મારી પાસે તે કિતાબ હતી, જેથી મેં હઝરતના સાહઝાદા મારફતે મૌસૂફ (રહ.)ને મોકલી આપી. હું તો આપીને ભૂલી ગયો હતો અને ખૂશ હતો કે ચાલો હઝરત રહ. ના કંઈ કામ તો આવી !

પરંતુ અમુક દિવસો પછી પોતાના દિકરા હાફિઝ ઈબ્રાહમ (હફિઝહુલ્લાહ) મારફતે પરત કર્યો અને આભાર વ્યકત કરતા એવો સંદેશો મોકલ્યો કે રિસાલાઓનો ઓર્ડર

***અકીદાનું મહત્વ***

ઈ.સ. ૨૦૧૪માં ઈંગ્લેન્ડના સફર દરમ્યાન મુફતી ઈબ્રાહીમ સાહબ બળોદવી (ઈમામ – ખતીબ લેટિન સ્ટોન મસ્જિદ લંડન)ના ઘરે નાશ્તાની દાવત હતી, ત્યાં ટેબલ પર 'અકીદતુત્તહાવીયહ' પડેલી જોઈ તો ફરમાવ્યું કે 'આ કિતાબને વારંવાર પઢવી જોઈએ અને આપણા બાળકોને અકીદાઓ વિશે સમજાવવા જોઈએ કે આપણો અકીદો શું હોવો જોઈએ ?' ત્યાર પછી મને સંબોધીને ફરમાવવા લાગ્યા કે મને એમ થાય છે કે આ કિતાબ કોઈ જગ્યાએ બેસીને બાળકોને પઢાવું. ત્યાર પછી મુફતી ઈબ્રાહીમ સાહેબ પાસેથી આ કિતાબ વાંચવા માટે માંગી કે હું અમુક દિવસો અહિંયા રહેવાનો છું તો થોડી ઘણી આ કિતાબને જોઈ લઉ, હઝરત મુફતી ઈબ્રાહીમ સાહેબે આ કિતાબ હઝરત વાલિદ સા. (રહ.)ને હદીયા સ્વરૂપે આપી દીધી.

*(ગુલદસ્તએ મુહબ્બત/હાફિઝ ઈબ્રાહીમ બિન મવ. અબ્દુલ્લાહ કાપોદરવી, લંડન. યુ.કે.)*

આપ્યો હતો આવવામાં વિલંબ થયો, તે સમયે જરૂરત હતી માટે આરીયત પર લીધો હતો, હવે તેને પરત કરવામાં આવી રહયો છે. આવી નાની નાની બાબતોની પાબંદીથી માણસ મોટો બને છે. અને મોટો માણસ જ આવું કરી શકે છે.

આ અમુક તરતીબ વિનાની યાદો અનેક યાદોમાંથી પસંદ કરી લખી છે. અલ્લાહ તઆલા કબૂલ ફરમાવે (આમીન)

અલ્લાહ તઆલા મવલાના (રહ.)ને ગરીકે રહમત ફરમાવે.

જન્નતુલ ફિરદૌસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે.

તેમના સંબંધીઓને ધીરજ, ધૈર્ય અને દુન્યા અને આખિરતની સફળતા નસીબ ફરમાવે.

અને ઉમ્મતને આ નેઅમતનો બદલો અર્પણ કરે. આમીન. .....

● ● ● ● ●

## *દીન અને ઉલમા બન્ને જરૂરી*

એકેડમીની સ્થાપનાના શરૂના દિવસો હતા. અમે મકાતિબના ઉસ્તાઝો સંબંધિત એક સેમીનારનું આયોજન કર્યુ. જેમાં હઝરત મવલાના મર્હૂમ તશરીફ લાવ્યા હતા. હઝરત (રહ.)ની તકરીર પછી પરસ્પર ચર્ચા – વિચારણા થઈ, જેમાં મેં અરજ કરી કે મકતબનો તાલીમી અભ્યાસક્રમ અત્યારે અંગ્રેજીમાં હોવો જોઈએ. કેમકે બાળકો ઉર્દૂ (ભાષાથી) દૂર થઈ રહયા છે, અને દીનની બુન્યાદી તા'લીમ 'અકીદહ, ફિકહ અને અખ્લાક' કમજોર પડી જશે. પરંતુ હા, મદરસાઓમાં ઉર્દૂને ભાષાના આધારે અવશ્ય શિખવાડવી જોઈએ, જેથી આપણા બાળકો અકાબિર અને તેમની નસીહત સાથે સંકળાયેલા રહે. એક નવ યુવાન ફાઝિલે ટીપ્પણી કરતા કહયું કે તાલીમનો હેતુ અકાબિર સાથે જોડવો છે કે દીન સાથે ? હું જવાબ આપું તે પહેલાં જ હઝરત (રહ.)એ કહયું કે આનો જવાબ હું આપીશ ! ત્યાર પછી ફરમાવ્યું : કે દીન સાથે જોડાવા માટે જ વડીલ ઉલમા અને અકાબિર સાથે જોડાવાનું છે. જો અકાબિરથી અલગ થયા તો દીનથી પણ દૂર થઈ જવાનો ભય છે.

*(હઝ. મવ. મુહમ્મદ સલીમ ધોરાત સા. દા.બ. લેસ્ટર. યુકે.)*

# હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહેબ કાપોદરવી રહ.ની વસમી વિદાય

*એ તો ગયા પણ એમના ચહેરા રહી ગયા – લાગ્યા કરે છે કે એ જવાનું ભૂલી ગયા*

● *ફરીદ અહમદ કાવી. જામિઅહ જંબુસર*

તા. ૨૫ શવ્વાલ, ૧૪૩૯ હિ./ ૧૦ જુલાઈ, ૨૦૧૮ મંગળવારના રોજ આપણા સહુના મુરબ્બી અને વડીલ, વિશ્વખ્યાતિ ધરાવતા વિદ્વાન આલિમ, ગુજરાતમાં અને વિદેશમાં વસતા ગુજરાતીઓ થકી વિશ્વભરમાં મુસલમાનોની વર્તમાન દીની તાલીમી જાગૃતિના સુત્રધારો પૈકીના એક મહાન સ્થંભ, મુસ્લિમ સમાજમાં શિક્ષણ અને સમાજ સુધારણાની ચળવળના આગેવાન અને રાહબર, ખુદાના વલી અને મુસલમાનોના વાલી.. જનાબ હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદરવી રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહી રાજિઉન.

એમ તો દુનિયામાં પેદા થતા અને જીવતા બધા જ માણસો જીવે છે અને મૃત્યુ પામે છે, પરંતુ જીવન અને મૃત્યુ, આ બે શબ્દોમાં સમાયેલા ઊંડા અર્થને સાર્થક કરતું હોય એવું જીવન અને મૃત્યુ દરેકના લલાટે લખાયેલું નથી હોતું. કોઈ મરવાના વાંકે જીવે છે તો કોઈના મરવાનો અર્થ ફકત એક જીવનની સમાપ્તિ માત્ર હોય છે. જીવંત અને જલવંત જીવન જીવી જનારા મરદ માણસનું મૃત્યુ જ મઝારની બુનિયાદ બને છે. અને આવું થાય ત્યારે જ ભારે ભરખમ અર્થ ધરાવતા આ બે શબ્દોનો સાચો અર્થ સમજમાં આવે છે.

એક જજ તો બીજો મામલતદાર, મોટો વકીલ તો નાનો પોલીસ અફસર, કોઈ શિક્ષક તો કોઈ વેપારી...આમ અંગ્રેજી શિક્ષણ અને અનેક સરકારી – દુન્યવી હોદ્દાઓ ઉપર બિરાજમાન ખાનદાનના સભ્યોનો આપના વાલિદ 'ઈસ્માઈલ' સમક્ષ આગ્રહ હતો કે 'અબ્દુલ્લાહ'ને પણ અંગ્રેજી શિક્ષણ અપાવો. પણ આપ રહ.ના વાલિદ સાહેબે પોતાના પુત્ર અબ્દુલ્લાહને દીની તાલીમ અપાવવાનું નક્કી કર્યું, એ દીન પ્રત્યે એમની વફાદારીનો સબૂત કહેવાય. દીનદારો અને ઉલમા સાથે સોહબત, સંબંધ અને અકીદત તો ઘણા

બધા લોકો રાખે છે, પણ અવલાદની વાત આવે છે તો એમને દીન અને દીની તાલીમમાં અવલાદનું ભવિષ્ય 'આંધળું' દેખાય છે અને ઉચ્ચ દુન્યવી તાલીમની લહાયમાં અવલાદનો દીન જોખમમાં મુકી દે છે. કાલે પણ અને આજે પણ 'દુન્યાદારો'ના સ્વભાવ આવો જ રહયો છે, અલ્લાહ તઆલાએ નેક નિય્યતે મવલાના રહ.ના વાલિદ સાહેબે આપેલ કુરબાનીને કેવી કબૂલ ફરમાવી એ હવે કહેવાની જરૂરત નથી.

ગઈકાલ અને આજે પણ... શિક્ષિત અને સંપન્ન ખાનદાનના કોઈ હોશિયાર છોકરાને મદરસાની તાલીમ માટે મોકલવાને 'કુરબાની' આપવા સમાન કહેવામાં આવે છે, મવલાના અબ્દુલ્લાહ રહ. પોતાને પણ આ બાબતે પોતાના વાલિદની 'કુરબાની' જ ગણાવતા હતા. આ શબ્દ અને એમાં છુપાયેલી ભાવના, લાગણી અને નિય્યત ઘણું બધું કહી જાય છે. પોતાના પુત્રોને મદરસામાં દીની તાલીમ માટે મોકલતા મા – બાપો, આ બાળકોની તાલીમ – તરબિયતની જવાબદારી નિભાવતા ઉસ્તાદો અને જિમ્મેદારો, અને ત્રીજા તબક્કે આવા આલિમોની દીની સેવાથી જેમની દીનદારી સચવાય છે એ મુસ્લિમ સમાજે આ શબ્દમાં સમાયેલા અર્થ અને લાગણીને સમજવાની જરૂરત છે. દીની તાલીમ મેળવતા તલબા પણ એમના વાલિદૈનની આ લાગણી અને નિય્યત સમજે એ જરૂરી છે. ખેર..

આપ રહ.એ મહાન દીની તાલીમી તરબિયતના કેન્દ્રો ડાભેલ અને દેવબંદ ખાતે રહીને દીની તાલીમ પૂર્ણ ફરમાવી અને પછી બે વાર મજલિસે ખુદામુદ્દીન સીમલકમાં અને બે વાર ડાભેલ જામિઅહમાં આપ રહ. તાલીમી સેવા માટે રહયા. ડાભેલની બીજીવારની નિયુકતીમાં બે પીરીયડની તાલીમ ઉપરાંત જામિઅહના મોહતમિમ મવલાના સઈદ સા. રહ. સાથે કામ કરવાની જવાબદારી પણ આપના માથે હતી. આ બધું ૧૯૬૫ સુધી ચાલ્યું અને ૧૯૬૬ થી આપ રહ. ફલાહે દારૈન તડકેશ્વર આવી ગયા.

આપ રહ.ના જ લખવા મુજબ ફલાહે દારૈન તડકેશ્વરમાં આપ રહ.એ લગભગ ૨૫ વરસથી વધારે સેવા આપી. આપ રહ. પ્રથમ ફલાહે દારૈનમાં એક ઉસ્તાદ તરીકે નિયુકત થયા અને એક થોડાક જ સમય પછી આપ રહ.ને ફલાહે દારૈનના મોહતમિમ બનાવવામાં આવ્યા. આ દરમિયાન તાલીમની

સેવા પણ જારી રાખી અને મદરસાઓના કોર્સમાં શામેલ વિવિધ ઈસ્લામી વિષયોને લગતી બુનિયાદી કિતાબોની તાલીમ આપી, અલબત્ત છેલ્લા અમુક વરસોમાં ફકત મોહતિમમ તરીકેની સેવા બજાવતા રહયા.

સૃષ્ટિના સંચાલન માટે અલ્લાહ તઆલાએ જે વ્યવસ્થા ગોઠવી રાખી છે એ મુજબ અલ્લાહ તઆલા એની મરજી મુજબ દરેક કામ માટે યોગ્ય માણસ પેદા કરે છે, પ્રગતિ અને પડતી, બન્ને બાબતે આ નિયમ લાગુ પડે છે, કોઈ સરકાર, સમાજ કે સંસ્થાની પ્રગતિ અલ્લાહ તઆલાની મરજી હોય તો એ જ મુજબના માણસને જવાબદારી આપે છે અને અલ્લાહ તઆલા નારાજ હોય તો પછી ડુબાડનાર નાકાબેલ માણસને જવાબદારી આપે છે.

બાળપણ, તાલીમ અને ત્યાર પછીના હઝ. મવ. રહ.ના જીવનના ચડાવ ઉતારને આપણે જોઈએ તો નિશંક કહી શકાય છે કે હઝરત મવલાના રહ.થી અલ્લાહ તઆલા જે કામ લેવા માંગતા હતા, એ મુજબ શરૂથી જ આપ રહ.ની ટ્રેનિંગ કરવામાં આવી રહી છે. ડાભેલ ખાતે મોહતમિમ સાહેબના સહાયક તરીકેની અને મજલિસે ખુદામુદ્દીનમાં પણ કંઈક આ પ્રકારના કામો આપ રહ.ને હવાલે કરીને એક રીતે આપ રહ.ને આગળના મહાન કામ માટે તૈયાર કરવામાં આવી રહયા હતા.

ફલાહે દારૈન નામના એક નાનકડા મદરસાનું આપ રહ.એ લગભગ ૨૫ વરસ સંચાલન કર્યું, પણ એના પરિણામો તો કેવા સર્વગ્રાહી અને વ્યાપક ! થોડાક જ વરસોમાં તાલીમ ક્ષેત્રે એટલી પ્રગતિ કરી કે ભારત ઉપરાંત ૧૬ દેશોના તલબા આ મદરસામાં તાલીમ માટે આવવા લાગ્યા. આજે ભારતમાં અને વિશ્વભરમાં એની દીની તાલીમની એક આગવી શાખ છે. આ માટે હઝરત મવલાના રહ.એ જે મહેનતો કરી છે એનું વર્ણન અત્રે શકય નથી. અલબલાગના આ વિશેષાંકમાં શામેલ અન્ય લેખોમાં આ બધી વિગતો જોઈ શકાય છે.

દારૂલ ઉલૂમ ફલાહે દારૈનના મોહતમિમ એટલે કે વ્યવસ્થાપક રહીને આપ રહ.ની દીની તાલીમ વિશેની મહાન સેવાઓ દર્શાવે છે કે આ બધા હેતુઓ પૂરા કરવા માટે જ અલ્લાહ તઆલા આપ રહ.ની તરબિયત ફરમાવી હતી. ઈસ્લામી પરિભાષા મુજબ કહીએ તો આ બધી ખિદમતો અલ્લાહ

તઆલાની 'તોફીક'નું ફળ છે. અને આવી તોફીક દરેકને મળતી કે ફળતી નથી. નિશંક અલ્લાહ તઆલાની તોફીક અને મદદ મેળવવા માટે મહેનત કરવી પડે છે, ફકત એક માણસે નહીં, બાપ દાદાઓએ મહેનત કરીને કુરબાની આપવી પડે છે ત્યારે આવતી પેઢીઓમાં અલ્લાહ તઆલા એનું ફળ આપે છે. આજકાલ આપણા સમાજમાં આ બાબતે પણ ઉણપ આવી ગઈ છે. આપણે અને આપણા વડીલો કે ખાનદાની વડવાઓએ આવતી પેઢીઓના ઉજળા દીની ભવિષ્ય માટે કુરબાની આપવાની પરંપરા છોડી દીધી છે.

એમ લાગે છે કે આપ રહ.એ પણ સમય અને સમાજની જરૂરતને અનુલક્ષીને અને સાથે જ પોતાની કાબેલિયતને ઓળખીને પણ, પોતાનું ઊંચુ લક્ષ્ય પહેલેથી જ નક્કી કરી લીધું હતું. 'ડાભેલ' અને 'મજલિસે ખુદ્દામુદ્દીન'માં આપ રહ.એ સ્વીકારેલી જવાબદારીઓ જોતાં તો એવું જ લાગે છે. આ લક્ષ્ય એટલે સમાજની કોમી અને દીની રાહબરી કરનાર ઉલમાએ કિરામની તરબિયત અને કેળવણી. કોમ અને સમાજને સાચી અને યોગ્ય રાહબરી ફરમાવે એવા કાબેલ રાહબરો, આલિમો, વિદ્વાનો, વાએઝો અને ઈમામો આપવાનું સપનું આપ રહ. જોતા હતા અને આપ રહ.એ ફલાહે દારૈનના માધ્યમથી આ સપનું સાકાર કરવા એટલી બધી મહેનત કરી કે સાચે જ એ સોનેરી સપનું સાર્થક થયું અને સાચું પડયું. ગુજરાતના મદરસાઓમાં દારૂલ ઉલૂમ ફલાહે દારૈન અને એની તાલીમને એક વિશેષ સ્થાન પ્રાપ્ત થયું અને અત્રેની તાલીમ મેળવેલા આલિમો અને વિદ્વાનો થકી એનકાનેક પ્રકારની દીની, તાલીમી, કોમી અને મિલ્લી સેવાઓ સમાજને મળી રહી છે.

બયાને મુસ્તફા માસિક, ઓકટોબર ૨૦૦૨માં મવ. હસન ભડકોદ્રવી સાહેબ દ્વારા લેવામાં આવેલ આપના ઈન્ટરવ્યુમાં એક સવાલ જવાબ આ મુજબ છે :

? કોઈ નોંધપાત્ર સામાજિક/ધાર્મિક/સાંસ્કૃતિક/શૈક્ષણિક/આર્થિક પ્રદાન ?

= તદરીસ (પઢાવવાની) તૂટી ફૂટી ખિદમત..

અસાતિઝહની તરબિયત કરવાની ધૂન હમેંશા રહેવા પામી છે. અલ્લાહ તઆલા કબૂલ ફરમાવે તો મારું સૌભાગ્ય લેખાશે.

*(બયાને મુસ્તફા (સલ.) માસિક, ઓકટો. ૨૦૦૨. પેજ ૨૮)*

મોત તારી કારી નિષ્ફળતા ઘડીભર જોઈ લે
કેટલા હૈયે સ્મરણ મારા બિછાવી જાઉં છું.

આ લખનાર નાચીઝે ફલાહે દારૈનમાં તાલીમ નથી લીધી એટલે મવલાના રહ.ના જીવનના આ મહત્વના પ્રકરણ અને પાસાની વધુ જાણકારી નથી, પણ વિદ્યાર્થીકાળમાં અને ત્યાર પછી પણ અનેકવાર આપ રહ.ની નસીહતો સાંભળવાનો મોકો મળ્યો છે, જેના થકી એમનું લક્ષ્ય, લાગણી અને લગની સારી રીતે સમજી શકાય છે.

મદરસાઓના તલબાઓ સમક્ષ જયારે પણ તકરીર કે નસીહત ફરમાવતા તો એક વિશેષ અંદાઝ અપનાવતા હતા. સુંદર અને સરળ ઉર્દૂ, વચ્ચે વચ્ચે ઉર્દૂ અને અરબી અશ્આર, કુરઆનની આયત, હદીસ, અરબી શેર કે રૂઢિપ્રયોગો અને અરબ ઉલમાના કથનો – સુવાકયો અરબી અંદાઝમાં એવી રીતે ઉચ્ચારતા હતા કે સાંભળનાર મંત્રમુગ્ધ થઈ જાય. લગભગ દરેક તકરીરમાં બુઝુર્ગોના કિસ્સાઓ અને વિશેષ કરીને ભારતના આપણા અકાબિરીનના કિસ્સાઓ પણ જરૂર સંભળાવતા હતા.

તલબા અને ઉલમા સમક્ષ વિશેષ કરીને દેશ વિદેશની સફરો, કુતુબખાનાઓની સેર અને નવી જૂની કિતાબોની નીતનવી જાણકારી જરૂર વર્ણવતા અને તે પણ એવી રીતે આપોઆપ તાલિબે ઈલ્મને ઈલ્મ અને તાલીમ પ્રત્યે શોખ ઉભરી આવે. એક કાબેલ ઉપદેશક અને નસીહત કરનારની જેમ આપ રહ. સામેવાળાને સાંભળવા ગમે એવા કિસ્સાઓ અને સફરની દાસ્તાન સંભળાવતા પણ એમાં રહેલા સંદેશ અને બોધને પણ સાથે સાથે સામે વાળાના દિલમાં ઉતારી દેતા હતા.

જે પણ નસીહત કરતા એને અનુસરવાની રીત અને અસબાબ પણ સમજાવતા હતા. અરબી અને ઉર્દૂ ભાષા પ્રત્યે ધ્યાન આપવાની નસીહત કરતા તો એના માટે કયા લેખકોની કિતાબો વાંચવી એનું પણ માર્ગદર્શન આપતા હતા. આ માર્ગદર્શન પણ આપ રહ. પોતાના વાંચન અને અભ્યાસના આધારે જ આપતા હતા. એવા જ લેખકોનું નામ લેતા હતા જેમને એમણે પોતે ખૂબ વાંચ્યા હોય. આવા લેખકોના સુંદર અલંકારિક વાકયો અને શેરો પણ સંભળાવતા હતા. અરબી સાહિત્યના વાંચન અને શુદ્ધ અરબી લખવા –

બોલવાની મહેનત કરવાની વિશેષ તાકીદ ફરમાવતા હતા. એના માટે તાહા હુસૈન, મુહમ્મદ અમીન, અલ્લામા તન્તાવી, સય્યિદ કુતુબ શહીદ, મન્ફલૂતી, વગેરે લેખકો અને મુસ્લિમ સાહિત્યકારોના નામો અને એમના પુસ્તકોનો ઉલ્લેખ પણ જરૂર કરતા હતા. જયારે પણ બુઝુર્ગોના બલિદાન અને મહાનતાના કિસ્સા સંભળાવતા તો અરબી શાયર ફરઝદકનો આ શેર અચુક પઢતા હતા :

أولئك آبائی، فجئنی بمثلهم -- إذا جمعتنا يا جرير المجامع

અર્થાત : હે મારા પ્રતિસ્પર્ધી શાયર જરીર ! આ મારા પૂર્વજો છે, તારી પાસે કોઈ એમના સરીખું હોય તો હવે પછી કોઈ મહેફિલમાં આપણે મળીએ ત્યારે મને બતાવજે.

અફસોસ ! કલેજું મોંઢે આવી જાય છે, આજે આ જ પંકિતઓ મવલાના વિશે સાર્થક નીવડી રહી છે.

હું ઘણીવાર વિચારું છું કે... હઝરત મવલાના રહ.ને વાંચનનો ઘણો શોખ હતો. બુઝુર્ગોના જીવનચરિત્રો આપ રહ.એ ખૂબ વાંચ્યા હતા અને તકરીરોમાં અનેક કિસ્સાઓ વર્ણવતા હતા. ઈતિહાસના વિષયે આપ રહ. વિશાળ વાંચન અને જાણકારી ધરાવતા હતા. કોમોની ચડતી – પડતી, મુસ્લિમ વિશ્વમાં શિક્ષણ, સુધારણા, પુનરોત્થાન જેવા વિવિધ લક્ષ્યો આધારિત જે ચળવળો ચાલી એની ભરપૂર જાણકારી ધરાવતા હતા. ઈસ્લામી વિષયોના કાબેલ વિદ્વાન હતા. અરબી, ઉર્દૂ અને ગુજરાતી ભાષા ઉપર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતા હતા, આવી સ્થિતિમાં આપ રહ.એ કોઈ વિષય ઉપર ફકત કલમ ઉઠાવવાની જ વાર હતી, અનેક માહિતી સભર પુસ્તકો તેઓ આપી શકતા હતા. લખવાનું મહત્વ, લેખકની મહાનતા અને લોકો ઉપર પડતી લખાણની અસરો સારી રીતે સમજતા હતા, એટલે જ સારી વાત લખનાર નાના માણસને પણ સામે ચાલીને બિરદાવતા હતા અને કદર કરતા હતા.. પણ મવલાના રહ.એ આમ કેમ કર્યું નહીં ? બસ એક જ જવાબ સમજમાં આવે છે.. મવલાના રહ.એ પોતાનું એક લક્ષ્ય નક્કી કરી લીધું હતું. માણસોનું ઘડતર. નવી પેઢીના રાહબરોની તરબિયત. ઉલમા અને તલબાની કેળવણી. આ એક લક્ષ્યને પામવા અને સિદ્ધ કરવા માટે આપ રહ.એ પોતાની બીજી બધી જ

કાબેલિયતોનું બલિદાન આપી દીધું. આ જ આપ રહ.ની મહાનતા છે. જરા વિચારીએ ત્યારે જ સમજમાં આવે છે કે ફલાહે દારૈનમાં આપ રહ.ની સેવાઓ અને ત્યાર પછી પણ દુનિયાભરમાં આપ રહ. જે લક્ષ્ય લઈને ફર્યા એના માટે આપ રહ.એ કેવી કુરબાની આપી છે ! પોતાના ધ્યેય અને મકસદ પ્રતિ આ પ્રમાણે સજાગ – વફાદાર અને આટલી હદે બલિદાન આપનાર ! કોઈ બીજી હસ્તી હોય તો એને દીવો લઈને શોધવી પડે.

*ભૂલા સકેંગે ન અહલે ઝમના સદીયોં તક*
*મેરી વફા કો મેરી ફિક્ર વ ફન કે અફસાને*

વર્તમાન મુસ્લિમ સમાજને દરેક ક્ષેત્રે આવા બલિદાનવીરોની જરૂરત છે, અનેકાવિધ કાબેલિયતો ધરાવતા હોય પણ સમાજ હિતને અનુલક્ષીને કોઈ એક ક્ષેત્ર નક્કી કરે અને એના માટે સર્વ કંઈ કરી છુટે.

*લક્ષ્ય જેના ઊંચા અને મસ્ત હોય છે – જીવનમાં એની જ પરીક્ષા સખ્ત હોય*

વર્તમાન સમયના ઉલમાએ કિરામમાં તાલીમ, તરબિયત, વાંચન અને લેખન પ્રત્યે જોવા મળતી ગફલતથી આપ રહ. ઘણા ચિંતિત હતા. આપ રહ. સારી પેઠે સમજતા હતા કે અમુક અસબાબના કારણે ઉલમાએ કિરામનું જીવન બંધિયાર પાણીની જેમ બની જાય છે. કંઈક કરી છુટવાનો જુસ્સો અને ચેતના ખતમ થઈ જાય છે, આપ રહ. આ જડતા અને એચેતનાને તોડવા માંગતા હતા. ફલાહે દારૈનમાં રહીને ત્યાં તાલીમ લેતા તલબાની કેળવણીમાં, અને એ દરમિયાન બીજા જે કોઈ મદરસામાં બયાન ફરમાવતા એમાં પણ, તેમજ ફલાહે દારૈનથી નિવૃત થયા પછી જયારે પણ હાજરજનોમાં ઉલમાએ કિરામની ઉપસ્થિતિ જોતા તો નસીહત અને તકરીરમાં આ બાબતને અચુક ધ્યાને રાખીને તકરીર ફરમાવતા હતા અને ઉલમાએ કિરામને ઘણા જ દર્દ સાથે ટકોર કરતા હતા. જડતા અને બેફિકરીના ઉદાહરણ તરીકે આ વાત કેટલીયે વાર એમના મુખે સાંભળી કે કોઈ કિતાબ વાંચન હેતુ મોકલવામાં આવે છે તો એના મળવાની જાણ – રસીદ સુદ્ધાં કરતા નથી. ઉલમાએ કિરામને કંઈક કરી છુટવાની પ્રેરણા આપતા અને જૂની ઘરેડમાંથી નીકળીને આગળ વધવાની અને રચનાત્મક કાર્યો કરવાની પ્રેરણા આપતા હતા. આવી તકરીરોમાં પોતાના સ્વભાવ મુજબ ઉલમાએ કિરામને અમુક કિસ્સાઓ

સંભળાવતા તો સાથે જ અમુક કિતાબોના વાંચનની સલાહ પણ આપતા હતા. આવી તકરીરોમાં એક લાંબા સમય સુધી આપ રહ.ના મુખે મશ્હૂર લેખક 'ડેલ કાર્નેગી'ના પુસ્તકો વાંચવાની સલાહ પણ સાંભળવા મળતી હતી. અને ડેલ કાર્નેગીના પુસ્તકોમાંથી ઘણા અવતરણો પણ સંભળાવતા હતા. પાછલા વરસોમાં તો આ માટે આપ રહ.એ અલગથી ચળવળ ચલાવવાનો પ્રયત્ન પણ કર્યો હતો પણ અફસોસ ! આપ રહ.ને વધારે સમય ન મળ્યો અને આપણે

### હઝ. અકદસ કારી સિદ્દીક બાંદવી (રહ.)ની મુહબ્બત

હઝરત કારી સિદ્દીક અહમદ સા. બાંદવી (રહ.) સાથે પણ નિકટનો સંબંધ હતો, હઝરત જયારે પણ ગુજરાતના પ્રવાસે આવતા તો વાલિદ સા. સફરમાં તેમની સાથે જ રહેતા, એક વાર કોઈ દારૂલ ઉલૂમનો ઉદઘાટન સમારોહ હતો, ગુજરાતભરના તમામ દારૂલ ઉલૂમના અકાબિર ઉલમાને આમંત્રણ પાઠવ્યું હતું, પરંતુ વાલિદ સાહેબને આમંત્રણ ન હતું, ખૈર તો જયારે આ મદરસામાં જવાનો સમય થયો તો વાલિદ સાહેબ (રહ.)એ કારી સિદ્દીક અહમદ સાહબ બાંદવી (રહ.)થી પરવાનગી માંગી કે હઝરત હું ઘરે જઈ આવું ? સાંજે ઈન્શાઅલ્લાહ આપની સાથે જોડાય જઈશ. ખબર નહીં હઝરત કારી સા. રહ.ને કોઈકે બતાવી દીધું હોય કે કશ્ફ થયો હોય, હઝરતે ફરમાવ્યું : તમારે મારી સાથે જ રહેવું પડશે. સમારોહમાં તમામ દારૂલ ઉલૂમના વડીલ ઉસ્તાદોએ પોત પોતાની વાત પૂર્ણ કરી અને જયારે હઝરત કારી સિદ્દીક અહમદ બાંદવી (રહ.)ના નામનું એલાન થયું તો હઝરત પોતાના સ્થાનેથી ઉઠયા નહીં અને ફરમાવ્યું કે પહેલાં હઝરત મવલાના અબ્દુલ્લાહ સા. કપોદરવી વાત કરશે, ત્યાર પછી હું બયાન કરીશ, ત્યાર પછી વાલિદ સા. (રહ.)ને બયાન કરવાનો હુકમ કર્યો. જયારે વાલિદ સાહેબની વાત સમાપ્ત થઈ તો કારી સા. રહ.એ ફરમાવ્યું : 'હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહબ કાપોદરવીએ તો મારા મનની વાત કહી દીધી. હવે વધારે કહેવાની જરૂરત નથી, ચાલો હવે દુઆ કરી લો' આમ કહી દુઆ શરૂ કરી દીધી !

(ગુલદસ્તએ મુહબ્બત. હાફિઝ ઈબ્રાહીમ બિન મવ. અબ્દુલ્લાહ કાપોદરવી, લંડન. યુ.કે.)

બધાએ એ જ બંધિયાર વલણ અપનાવીને પુરતો સહકાર ન આપ્યો.

મુજ નાચીઝ સાથે મવલાના રહ. ઘણી જ મુહબ્બત અને શફકતનો વર્તાવ ફરમાવતા હતા. હું ફલાહે દારૈનનો વિદ્યાર્થી નથી. એમનો શાગિર્દ કે મુરીદ પણ નથી. અલબત્ત આપ રહ. જયારે પ્રથમવાર ડાભેલ ખાનકાહમાં પધાર્યા હતા, અને હઝરત અકદસ મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.એ આપ રહ.ને સહુપ્રથમ ખિલાફત – ઈજાઝત આપીને અમુક દિવસ ખાનકાહની જવાબદારી સોંપી હતી, ત્યારે હું પણ ત્યાં ખાનકાહમાં હતો. અને રોજ થોડીવાર ખિદમતના બહાને આપ રહ. પાસે જતો હતો. મવલાના રહ. આડા પડીને ઉંઘ આવે એટલી વાર થોડી વાતો કરતા કે મુફતી અ.કય્યૂમ રાજકોટી સા. પાછલા દિવસો વિશે કંઈક પૂછતા તો એનો જવાબ આપતા. આ દિવસોમાં કંઈક ઓળખાણ થઈ અને પછી અમુક મેગેઝિનોમાં, વિશેષ કરીને જામિઅહ જંબુસરના મુખપત્ર 'અલ– બલાગ'માં સામાન્ય કહી શકાય એવા મારા લેખો છપાવા લાગ્યા તો જંબુસર આવતા ત્યારે અથવા આપ રહ.ને મળવા જવાનું થતું ત્યારે ઘણીવાર ફરમાવતા કે ફલાણો શબ્દ કે નામ તેં આ પ્રમાણે લખ્યું છે, અને મારા વાંચવામાં આવું છે. જરા જોઈ લેજે કે સાચું શું છે ? સુબ્હાનલ્લાહ ! કેવી રીત હતી ! અમારા જામિઅહના મોહતમિમ મુફતી અહમદ દેવલા સાહેબ દા.બ. પણ મવલાના રહ.ના સ્વભાવને સારી રીતે સમજતા હતા, એટલે મવલાના રહ. પાસે જતા કોઈક વાર મને પણ સાથે લઈ જતા હતા. અથવા પોતે કોઈ પ્રસંગમાં હાજર ન રહી શકે એમ હોય તો મુફતી અસ્જદ સાહેબ સાથે મને પણ મવલાના રહ.ની સેવામાં મોકલતા હતા. ગયા વરસની જ વાત છે. ભારતમાં ત્રણ તલાકનો વિવાદ ચરમસીમાએ હતો એ દરમિયાન તલાકની ઈસ્લામી પદ્ધતિમાં સ્ત્રી પક્ષને આપવામાં આવેલ અધિકારોની સમજણ આપતો ટુંકો લેખ એક દૈનિક પેપરમાં મેં લખ્યો હતો. કાયદાના વિદ્યાર્થીઓને ભણાવાતા અને ભારતીય બંધારણ દ્વારા માન્ય 'મુસ્લિમ પર્સનલ લો'માં પણ જેનું સવિસ્તાર વર્ણન છે એવી બાબતો લખીને શિક્ષિત લોકો અને વકીલોને આ બાબતે આગળ આવવાની અપીલ કરી હતી. લેખ ગુજરાત ટુડે દૈનિકને રવાના કરી દીધો, એના બે ત્રણ દિવસ પછી લગભગ ૯ વાગ્યે મવલાના રહ.નો મારા ઉપર ફોન આવ્યો, પેપરમાં લેખ

છપાયો તેની હજુ મને ખબર ન હતી. આપ રહ. કહેવા લાગ્યા કે આજના ગુજરાત ટુ ડેમાં તારું નામ જોયું, મને થયું કે લાવ જોઉં આ ફરીદ કાવીએ શું લખ્યું છે ? અને પછી આ કામને બિરદાવીને હજુ બે ત્રણ વાતો ઉમેરીને એ વિષયને પરિપૂર્ણ કરવાની રાહબરી આપી. અને થોડા દિવસ પછી મળવાનું થયું ત્યારે હાથનો મુક્કો બનાવીને ઊંચો કર્યો અને પછી લખવાનો ઈશારો કરીને ફરમાવ્યું લખતો રહેજે.

સંઘરેલી યાદો આજે રેતી બની વેરાય છે – જેટલી શોધું એટલી જ વેરાય છે.

આ વરસે રમઝાનમાં હઝરત અકદસ મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ. આપ રહ.ના ખબર અંતર પૂછવા પહોંચ્યા તો સદનસીબે હું પણ આ સઆદતમાં શરીક હતો. આપ રહ.ની કમઝોરી જોઈને હઝરત અકદસ દા.બ.એ દરેકની ઓળખાણ આપી. મારું નામ આવ્યું તો ફરમાવ્યું : એને ઓળખું છું, પણ વધારે આવતો નથી. અને પછી શાંતિથી બેસ્યા તો દર્દ અને તકલીફ હોવા છતાં ચહેરો મારા તરફ ફેરવ્યો અને ખેરિયતની સાથે એમ પણ પૂછયું કે લખવા – વાંચવાનું કામ બરાબર ચાલે છે કે નહીં ?

આપ રહ. મારફત વહેંચવામાં આવતી કિતાબ – કલમમાં પણ મારી અદના હેસિયતથી વધારે મને યાદ રાખતા હતા.

હું એમનો શાગિર્દ નથી, મુરીદ નથી, કશું જ નથી, પણ મારી સઆદત કહેવાય કે તેઓ ફકત મારું નામ જાણતા હતા, કાળા કર્મો જાણતા ન હતા. મારી હેસિયત જોતાં એમના વિશે કંઈ પણ લખવાની હિમ્મત ન હતી, પણ એમની રૂહાનિયતથી શરમાયને અને ડરીને કંઈક લખી દીધું. બસ.

અલ્લાહ તઆલા હઝરત મવલાના રહ.ની મગફિરત ફરમાવે. અર્શના નીચે પોતાના સૌથી નજીક સ્થાન અતા ફરમાવે. નેકીઓ, ખિદમતો અને કુરબાનીઓ કુબૂલ ફરમાવે અને તાલીમ તેમજ તરબિયતના જે ઝરણા તેઓ વહેતા કરી ગયા છે એને વહેતા રાખે અને એનાથી એમની રૂહને, એમના ખાનદાનને અને બધા જ સંબંધીઓને તાજગી મળતી રહે. આમીન.

آئے تھے ہم مثل بلبل سیر گلشن کر چلے - سنبھال مالی باغ اپنا ہم تو اپنے گھر چلے

---

# જ્ઞાનના ઝરણાને વહેતું રાખો

એક વાર લંડનના સફરમાં આપના શાગિર્દો અને આપના અકીદતમંદોએ અમુક રકમ ભેટ સ્વરૂપે આપી, આપ રહ.એ મને પૂછયું કે અહિંયા અરબી બુકસ્ટોલ કયાં છે ? મારે ત્યાં જવું છે, જેથી મેં મારા એક મિત્ર હાફિઝ શોએબ દીવાવી (જે લંડનના ભોમિયા હતા) સાથે આ બાબતે વાત કરી. તેઓ વાલિદ સા.ને એક પુસ્તકાલયમાં લઈ ગયા, અને ત્યાંથી બયરૂતથી પ્રકાશિત થયેલ અમુક એવી કિતાબો ખરીદી જે ભારતમાં મળતી ન હતી. વાલિદ સા. ત્યાંથી કીમતી અને મોંઘી કિતાબો ખરીદી લાવ્યા. પેહલા તો આપે વાંચી, અને રમઝાન પછી મવલાના અહમદ સા. ટંકારવી જેઓ લંડનથી ઈન્ડિયા જઈ રહયા હતા, તેમને અમુક કિતાબો આપી અને કહયું કે મેં આ કિતાબોનો અભ્યાસ કરી લીધો છે, હવે તમે આ કિતાબોનું વાંચન કરો, આને તમે વાંચી લ્યો તો મવલાના ઈકબાલ સા. દેવલ્વીને મોકલી આપજો, (ત્યારે મવલાના અહમદ સા. ટંકારવી હાંસોટમાં મુદર્રિસ હતા) અને મવલાના ઈકબાલ સા.ને કહી આપશો કે જયારે તેઓ આ કિતાબો વાંચી લે તો મવલાના યુસૂફ સા. ટંકારવીને આપી દે. એટલે કે કિતાબો ખરીદીને અને વાંચીને બેસી રહયા નહીં, બલકે આ કિતાબો વડે બીજાઓ કઈ રીતે ફાયદો ઉઠાવે તેની સદા ચિંતા રહેતી હતી, હવે મને સમજાયું કે જે લોકોએ આપને હદીયો આપ્યો અને આપે આ રકમથી કિતાબથી કિતાબો ખરીદી તો ભેટ આપનારાઓ માટે સદકએ જારિયહ થઈ ગયો, કેમકે વાલિદ સાહેબે જે કિતાબો અન્ય ઉસ્તાદોને પઢવા માટે આપી હતી તેઓ દારૂલ ઉલૂમમાં હદીસ શરીફના મોટા ઉસ્તાદો હતા, તેઓ આ કિતાબો પઢીને જે વાતો પોતાના શિષ્યો (શાગિર્દો)ને બતાવશે તેઓ આગળ જઈને મુદર્રિસ બનશે અને તેઓ પોતાના તલબાને પઢાવશે, આ રીતે આ બધુ તેમના હકમાં સવાબે જારિયહ છે. ઈન્શાઅલ્લાહુ તઆલા.

*(ગુલદસ્તએ મુહબ્બત. હાફિઝ ઈબ્રાહીમ બિન મવ. અબ્દુલ્લાહ કાપોદરવી, લંડન. યુ.કે.)*

# ઉચ્ચ આદર્શ અને નમ્રતા

*હઝ. મવલાના અબ્દુલ્લાહ સા. રહ. મહાન ખૂબીઓ*

સ્વચ્છતાનો ખૂબ જ ખ્યાલ રાખતા, એક વાર હાજી યુસૂફ સા. રાવત (રહ.) તરફથી આખા મદરસાને દાવત હતી, હું પણ દાવતમાં ગયો હતો, ખાધા પછી હું, મવલાના ઐયૂબ સા. જંબુસરી, મવલાના મુહમ્મદ હનીફ રવીદ્રવી અને અન્ય સાથીઓ હાથ ધોઈ રહયા હતા. તે સમયે જ વાલિદ સા. પણ ત્યાં આવ્યા, જોયું કે નાળી ભરાઈ ગઈ છે અને ગંદુ પાણી આગળ જતું નથી, આપે ફરમાવ્યું કે ભાઈ આ ગટર બ્લોક થઈ ગઈ છે અને કોઈ સાફ પણ નથી કરતું, ગટર એટલી ગંદી હતી કે અમારામાંથી કોઈની પણ સાફ કરવાની હિમ્મત થતી ન હતી. આ જોઈ તેઓએ જોતે સાફ કરવાનું શરૂ કર્યું, અમે ત્યાં હાજર હતા જેથી અમે કેવી રીતે આ વસ્તુ જોઈ શકીએ કે વાલિદ સા. સાફ કરે અને અમે ઉભા ઉભા જોતા રહીએ જેથી અમે પણ સફાઈમાં લાગી ગયા.

*(ગુલદસ્તએ મુહબ્બત. હાફિઝ ઈબ્રાહીમ બિન મવ. અબ્દુલ્લાહ કાપોદરવી, લંડન. યુ.કે.)*

એક વાર ફરમાવ્યું કે અમુક વાર અરબીની અમુક નવી તા'બીરાતો (નવા રૂઢિપ્રયોગો) વિશે મવલાના ઈકબાલ સા. દેવલ્વીને પૂછતો કે ફલાણા શબ્દનો અર્થ મારી સમજ મુજબ આ પ્રમાણે છે. બરાબર છે કે નહીં ?

એક વાર મવલાના સય્યિદ અબરાર સાહબ ધુલયાવી (રહ.)નો તડકેશ્વર ગામમાં તકરીરનો પોગ્રામ હતો. ઈશા પછી અમે તલબા પણ ત્યાં બયાનમાં ગયા, તો ત્યાં જઈ જોયું કે હઝરત મુહરતમ રઈસ પણ તલબા સાથે નીચે બેઠા હતા, હાલાંકે હઝરત મવલાના મર્હૂમે ડાભેલમાં આપ રહ. પાસે અમુક કિતાબો પઢી હતી. એ જ રીતે હઝરત મવલાના સય્યિદ ઝુલફિકાર અહમદ સાહબ (રહ.)ની તકરીરનો પોગ્રામ પણ તડકેશ્વરમાં રહેતો તો આપ (રહ.) કોઈ પણ જાતની ખચકાટ વિના આવતા અને બયાન સાંભળતા હતા. હઝરત મવલાના સય્યિદ ઝુલફિકાર અહમદ સા.ની ભાષા મર્હૂમને ઘણી જ પસંદ હતી, જેથી તેમને દાદ

અપતા. આજે જયારે કે દરેક બાજુએ 'હું કઈક છું'નું વાતાવરણ છે, આવી નમ્રતાની ઘણી કદર થાય છે.

*(ગુલદસ્તએ મુહબ્બત.મવ. મુહમ્મફ હનીફ ફલાહી વરેઠી. સા. આફ્રિકા)*

'દારૂલ ઉલૂમ ફ઼લાહે દારૈન'માં એક વાર હિફજની મજલિસ ચાલી રહી હતી, હજુ તો પ્રથમ તાલિબે ઈલ્મએ અંતિમ સુરતો શરૂ જ કરી હતી ને હઝરત મવલાના શૈર અલી સાહબ (રહ.)પધાર્યા, કદાચ હઝરત મવલાના માઈક્રોફોન પર પેહલી વાર પધાર્યા હશે, વડીલ ઉલમા સભામાં હાજર હતા, હઝરતે ફરમાવ્યું કે હિફઝે કુર્આનની મુબારક સભા ચાલી રહી છે ને જમણી બાજુથી શરૂઆત કરવાની મુબારક સુન્નત પર અમલ નથી થઈ રહયો ? હઝરત રઈસ (રહ.) એ જવાબ આપતાં ફરમાવ્યું કે તલબાની લાઈન મુજબ જમણી બાજુથી આરંભ કરવાની સુન્નતનો એહતિમામ થઈ રહયો છે, હઝરત મવલાના શેર અલી (રહ.)એ દલીલના તૌર પર હદીસ રજૂ કરી કરી કે  નબીએ કરીમ (સલ.)સમક્ષ પીણું રજૂ કરવામાં આવ્યું, કદાચ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)જમણી બાજુએ બેઠેલા હતા. અલ્લાહના રસૂલ (સલ.) તેમની પરવાનગી લઈ સૌથી પહેલાં હઝરત અબૂ બક્ર (રદિ.) ને આપવા ચાહતા હતા, પરંતુ  હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)એ પોતાના આ (જમણી બાજુના) હકને બરકતના લીધે હઝરત અબૂ બક્ર (રદિ.)ને આપવાની પરવાનગી ન આપી. આ રિવાયતને રજૂ કરી હઝરત મવલાના શેર અલી સા. સ્ટેજ પર બિરાજમાન હસ્તીના આધારે જમણી બાજુનો હક સાબિત કરી રહયા હતા. હઝરત મુફક્કિરે મિલ્લત (રહ.)એ હઝરત મવલાના શેર અલી સાહબ (રહ.)ની રાયને માન્ય રાખી, તેના પર અમલ કરી જમણી બાજુએથી શરૂ કરવાની સુન્નતનું અનુસરણ કરાવ્યું. આટલા ઉચ્ચ સ્થાને હોવા છતાં એતેરાફ અને નમ્રતાનું ઉદાહરણ રજૂ કરનારાઓને જોવા માટે આંખો તરસશે.

*(ગુલદસ્તએ મુહબ્બત.મવ. મુહમ્મદ હનીફ સા. રવીદ્રવી. માન્ચેસ્ટર. યુ.કે.)*

---

હઝરત મવલાના અબ્દુલ્લાહ રહ. અને એમના ઘરવાળાઓની

# મહેમાન નવાઝી

"ફલાહે દારૈન"ની શોહરત અને પ્રગતિના લીધે મદરસાની મુલાકાતે ઘણા મહેમાનો આવતા રહેતા હતા, તે સમયમાં ફલાહે દારૈનમાં લગભગ ૧૬ દેશો તલબા પઢતા હતા. જેના કારણે મદરસામાં આફ્રિકા, લંડન અને અન્ય દેશોમાંથી ઘણા મહેમાનો પધારતા હતા, સામાન્ય રીતે તેમના લાયક ખાવાનું હઝરત પોતાના ઘરે જ બનાવતા હતા. એક વાર આફ્રિકાથી મારા ફોય અને ફુવા કોસંબા ખાતે અમારા ઘરે આવ્યા હતા, અને તે મારી મુલાકાત કરવા ઈચ્છતા હતા. ઉપરાંત માનનીય ફુવાએ હઝરત મોહતમિમ સા.ની શોહરત સાંભળી હતી. અને કદાચ તેઓ હઝરત મોહતમિમ સા.ના કંઈક સગા પણ થતા હતા, જેથી હઝરતની મુલાકાત પણ કરવા ચાહતા હતા, કોસંબાથી મારા ભાઈ મહેમાનોને સવારે દસ કલાકે મદરસામાં લઈને આવ્યા, મારી સાથે મુલાકાત કરી, સલામ અને ખબર અંતર પૂછયા પછી હઝરત મોહતમિમ સાહેબ સાથે મુલાકાત કરાવવાનું કહયું, હું તેમને ઓફિસમાં લઈ ગયો, તો હઝરતે માન – સન્માન અને આદર ભાવથી બેસાડયા અને વાતો કરતા કરતા જાતે જ દારૂલ ઉલૂમના દર્શન કરાવવા લાગ્યા. ભાઈના મનમાં એમ કે કોસંબા પરત જઈને ખાવું છે અને હું એમ વિચારતો હતો કે મદરસાના રસોડામાંથી ખાવાનું મંગાવી ખવડાવી દઈશ, પરંતુ હઝરત મને અરબીમાં કહયું કે

اذهب الى بيتى، وقل لهم أن يطبخوا دجاجه، وليعجلوا

આ હુકમ પછી મારાથી આગળ કંઈ બોલાય એમ ન હતું, જેથી હું દોડતો દોડતો હઝરતના મકાને ગયો અને ખાલા જાનને આ વાત કહી સંભળાવી, અલ્લાહ તઆલા ખાલાજાનની બાલ બાલ મગ્ફિરત ફરમાવે, અજીબ સેવાભાવી અને મહેમાન નવાઝ ખાતૂન હતાં, હઝરતના પ્રત્યેક દીની કામમાં સાથ આપતાં હતાં, કોઈ દિવસ ફરિયાદના શબ્દો તેમનાં મોઢેથી સાંભળ્યા નથી, જો કે તેમના નાના નાના બાળકો હતા, અને આર્થિક પરિસ્થિતિ પણ નબળી હતી, પરંતુ પતિને ખૂશ રાખવા ખાતર બધુ સહન કરી રહયાં હતાં, વળી મેહમાનોનું આગમન એક સામાન્ય બાબત બની ચુકી હતી, કયારેક કયારેક તો એક જ દિવસમાં નિત્યક્રમ સિવાય બેથી ત્રણ વાર મહેમાનો માટે

ખાવું બનાવવું પડતું, એક વાર તો રાતના દસ વાગ્યે ૪ મહેમાનો આવી પડયા, અને ખાલાજાન આખા દિવસના થાકેલાં બાળકો સાથે સુઈ ગયા હતા ને એવામાં જ મહેમાનો હઝરતનું ઘર શોધતા શોધતા આવી ચઢયા, હઝરત હજુ તે વેળા જાગતા હતા, સલામ – કલામ પછી આદત મુજબ ખાવાનું પૂછયું, તો મહેમાનોએ કહયું કે અમે સવારના ઘરેથી નિકળ્યા છે અને રસ્તામાં કોઈ હોટલ પણ મળી નથી, જેથી ખાવું હજુ સુધી અમે ખાધું નથી. હઝરત તરત જ ઘરમાં ગયા અને ખાલાજાનને કહયું કે આવી રીતે

## સંસ્કાર તે આનું નામ !

તડકેશ્વરના સમયમાં એક મોલ્વી સાહેબે વાલિદ સા.ને ખૂબ સતાવ્યા હતા. અનેક તકલીફો પહોંચાડી હતી. ત્યાર પછી જયારે વાલિદ સાહેબ તડકેશ્વર છોડી કપડ઼ેરા ચાલ્યા આવ્યા તો થોડા સમય પછી તે મવલાના સાહેબ એક બીજા મવલાના સોહબ સાથે કાપડ઼ેરા આવ્યા, જેમને કામ હતું તેઓ તો ઘરમાં અંદર આવ્યાપરંતુ બીજા મવલાના સાહેબ ગાડીમાં બેસી રહયા, વાલિદ સા.(રહ.)એ મોલ્વી સાહેબને જે ઘરમાં આવ્યા હતા ચાય પીવા માટે આગ્રહ કરતા હતા, પરંતુ તે ઈન્કાર જ કરતા હતા, અંતે તેમણે કહી જ દીધું કે ફલાણા મવલાના સાહેબ મારી સાથે આવ્યા છે, પરંતુ તે આપના ઘરમાં નથી આવતા જો વાલિદ સાહેબના સ્થાને આપણે હોત તો એમ જ કહી દેત કે 'હા, જલ્દી જાવ તેઓ ગાડીમાં તમારી રાહ જોઈ રહયા હશે,' પરંતુ વાલિદ સા. ના સંસ્કાર ! તરત જ આપ જાતે ઉઠીને ગયા અને ગાડીમાંથી તે મોલ્વી સાહેબેનો હાથ પકડી ઘરમાં લઈ આવ્યા ! અને ચાય નાશ્તો કરાવીને રવાના કર્યા ! એ જ રીતે અન્ય એક મોલ્વી સાહેબ જે ખૂબ જ વિરોધ કરતા હતા, તેમના પુત્ર જયારે વાલિદ સાહેબને મળવા કાપોદરા આવતો તો વાલિદ સાહેબ તેને ભેટ સ્વરૂપે કયારેક ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયા આપી દેતા, આ બાબત મને મારા એક મિત્રએ જણાવી. એ જ રીતે અમારા ગામનો એક છોકરો વાલિદ સાહેબના વિરોધમાં ખૂબ જ બકવાસ કરતો હતો, જયારે તે કેનેડા ગયો તો સમયે વાલિદ સા. પણ કેનેડામાં જ હતા, વાલિદ સાહેબે તે છોકારાની પોતાના ઘરે (કેનેડા) દાવત કરી અને તેની સાથે એવી રીતે વર્ત્યા કે આથી પહેલાં કઈ થયું જ નથી. જયારે મને ખબર પડી તો હું વિચારવા લાગ્યો કે આપનો હોંસલાઓ કેટલા ઉચ્ચ છે ! અલ્લાહ તઆલા આપણને પણ આવા સંસ્કારો અર્પણ કરે.આમીન

*(ગુલદસ્તએ મુહબ્બત. હાફિઝ ઈબ્રાહીમ બિન મવ. અબ્દુલ્લાહ કાપોદરવી, લંડન. યુ.કે.)*

ચાર મહેમાનો આપણે ત્યાં આવ્યા છે, અને બધા જ ભુખ્યા છે, અલ્લાહ તઆલા રહમતની વર્ષા કરે આ વફાદાર ખાતૂન કંઈ પણ બોલ્યા કે બબડયા વિના રાતના દસ વાગ્યે ખાવું બનાવવા લાગી ગયાં, અને મહેમાનોને તાજુ ખાવા ખવડાવ્યું. જો કે તે સમયમાં આજની જેમ સહૂલતો ન હતી, ગેસ, ફ્રીજ ન હતાં અને વળી આર્થિક પરિસ્થિતિ પણ નબળી હતી ! આ બધુ ખિદમતની નિય્યતે અને મહેમાન નવાઝીના આધારે હતું.

*(ગુલદસ્તએ મુહબ્બત. મવ. મુહમ્મદ ઈદરીસ ફલાહી દા.બ., લેસ્ટર. યુ.કે.)*

***મહેમાન નવાઝી***

મવલાના મર્હૂમે જાતે ફરમાવતા હતા : મોહતમિમ પદ મને સુપરદ કરવામાં આવી રહયું હતું તો સૌ પ્રથમ મેં પરિવારજનો સાથે મશ્વેરો કર્યો, કે આ લોકો આવું વિચારી રહયા છે, જેમાં મને તમારી મદદની જરૂરત છે, અમ્મી જાને પૂછયું : હું તમને કંઈ રીતે મદદ કરી શકું છું ? તો આપ (રહ.) એ ફરમાવ્યું : અવાર નવાર મહેમાનો અવતા રહેશે તો તેમના ખાવા – પીવાની વ્યવસ્થા કરવી પડશે, કેમકે તે વખતે તડકેશ્વરમાં કોઈ હોટલ ન હતી. અમ્મીજાને ફરમાવ્યું કે, ખાવાની ચિંતા છોડો, હું મહેમાનોની સેવા માટે તૈયાર છું ! પછી તો અહલિયહ મોહતરમહએ આ વચનને એવી રીતે પાળ્યું કે જેનું ઉદાહરણ મળવું મુશ્કેલ છે.

એક વાર કોઈ ખાસ જગ્યાના મહેમાન આવ્યા, હઝરતે ઘરે કહેણ મોકલ્યું કે છ – સાત મહેમાનો આવ્યા છે, અમ્મીજાને એ હિસાબથી ખાવા બનાવ્યું, તે મહેમાનો હઝરત સાથે ઘરે પધાર્યા, દસ્તરખ્વાન પાથરવામાં આવ્યું, બધા ખાવા માટે બેસી ગયા અને ખાવાનું શરૂ કર્યું, મહેમાન એવા તો બેસ્યા કે ઉઠવાનું નામ ન હતા લેતા, તેમનું જ નહીં ઘરવાળાઓ માટે પણ ખાવા બચ્યું નહીં, બધુ જ સફાચટ ! કા'બા શરીફની સાથે કરબલાને પણ ઝાડૂ આપી દીધું, અમ્મીજાને નવાઈથી કહયું કે મહેમાન બીચારા કેટલાયે દિવસના ભૂખ્યા હતા, બાળકો માટે પણ ખાવા ન રાખ્યું, કયાંના છે ? હઝરતે આછું હાસ્ય વેર્યું અને ફરમાવ્યું : ફલાણી જગ્યાના મેહમાન હતા, અમ્મીજાને કહયું કે, પહેલેથી બતાવી દીધું હોત કે આ જગ્યાના મહેમાન છે તો તેમના હિસાબે ખાવા બનાવત.

*(ગુલદસ્તએ મુહબ્બત.મવલાના મુહમ્મદ યૂસુફ ફલાહી, ટંકારવી દ.બ. ફલાહે દારૈન, તડકેશ્વર)*

# ઈસ્લામ અને આધુનિકતા

હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સાહેબ રહ.

*તા. ૧૨/૩/૨૦૦૫ના રોજ જામિઅહ ઉલૂમુલ કુર્આન સંચાલિત જામિઅહ આઈ.ટી.આઈ.ની નવી બિલ્ડીંગના ઉદઘાટન સમારોહમાં હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સાહેબ દા.બ. પધાર્યા હતા. આ પ્રસંગે મવલાનાએ અર્થસભર અને પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. અલબલાગના વાચકોના લાભાર્થે અત્રે એના કંઈક અંશો રજૂ કરવામાં આવે છે.* ***(પુનઃપ્રકાશન)***

શિક્ષણ ક્ષેત્રને લોકો દીની દુન્યવી એમ બે ભાગમાં વહેંચે છે જે યોગ્ય નથી, રસૂલુલ્લાહ સલ.ના સમયમાં આવો કોઈ વર્ગભેદ ન હતો. બલકે માનવી માટે ઉપયોગી દરેક પ્રકારની વિદ્યાઓ શીખવાનો પ્રબંધ હતો. હદીસ અને સીરતથી જાણકાર કોઈ પણ માણસ આવી ગેર સમજ કરી શકે નહી. અંગ્રજોએ ભારતમાં આવીને શિક્ષણ ક્ષેત્રે આવી બે વિચારધારાઓ વહેતી કરી હતી.

હઝરત મવલના મુનાઝિર અહસન ગિલાની (રહ.)એ "મુસલમાનોં કા નિઝામે તઅલીમ વ તરબિયત" નામનું એક દળદાર પુસ્તક બે ભાગોમાં સંપાદન કર્યું છે, એને વાંચવાથી સ્પષ્ટ થાય છે કે માનવી માટે ઉપયોગી કોઈ પણ કળાનું જતન કરવામાં મુસલમાનો પાછળ નથી રહયા અને મુસલમાન ઉલમા અને વિદ્વાનોએ આધુનિક કળાઓ– વિદ્યાઓના શિક્ષણનો કદી વિરોધ નથી કર્યો.

સર સય્યિદ અહમદ સાહેબ વિશે અમુક લોકોમાં ગેર સમજ પ્રર્વતે છે કે અંગ્રેજી શિક્ષણી હિમાયતના કારણે એમનો વિરોધ કરવામાં આવ્યો હતો અને એમના વિશે કાફિર હોવાનો ફતવો લગાવવામાં આવ્યો હતો, પરંતુ વાસ્તવિકતા આવી નથી. એમના વિરોધીઓને આધુનિક શિક્ષણથી વિરોધ ન હતો, બલકે આધુનિક શિક્ષણ દ્વારા આવનારા પશ્ચિમી કલ્ચર અને સંસ્કૃતિનો વિરોધ હતો. આ જ બિંદુ પર સર સય્યદના ઘણા મિત્રો–

સહકર્મીઓ પણ તેમનાથી સહમત ન હતા.

ઉપરાંત ધાર્મિક માન્યતાઓમાં તેમના જુદા અભિગમના કારણે એમનો વિરોધ કરવામાં આવી રહયો હતો.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સ્વંય એવા કાર્યો કર્યા છે જેનાથી સ્પષ્ટ થાય છે કે દીની દુન્યવી એમ કોઈ જાતનો ભેદભાવ શિક્ષણ અને કેળવણી ક્ષેત્રે ઈસ્લામમાં નથી.

સહાબા (રદિ.)ને ઈબરાની ભાષા શીખવા પ્રોત્સાહન આપ્યું.

લડાઈ ટાણે આરબોએ પહેલાં ન જોયું હતું એવું હથિયાર મોટી ગોફણ (તોપ જેવી) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વાપરી હતી.

હઝરત સલમાન ફારસી (રદિ.)ની સલાહથી ગઝવએ ખન્દક ટાણે મદીનાની ચારે બાજુ ખાય ખોદી હતી.

આમ આધુનિક બાબતો અપનાવવામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને કોઈ બાધ ન હતો. દીન અને ઈસ્લામની સાચી સમજ ન હોવાના કારણે શિક્ષણને દીની – દુન્યવીમાં વિભાજન કરવામાં આવે છે.

ઈસ્લામમાં હલાલ કમાઈ જરૂરી છે અને હલાલ કમાઈ માટે વિવિધ કળાઓ અને હુન્નરો શીખવા આવશ્યક છે. હદીસમાં છે કે الکاسب حبیب اللہ-અર્થાત હલાલ કમાઈ મેળવવામાં પ્રવૃત માણસ અલ્લાહનો દોસ્ત છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને મન મેહનત દ્વારા હલાલ કમાઈ મેળવવી કેટલી મહત્વની બાબત હતી તે આ ઘટનાથી સમજી શકાય છે કે એકવાર આપ સલ. પાસે એક સહાબી તેમની ગરીબીના લઈ કંઈક માંગવા આવ્યા આપે તેમનાથી પૂછયું કે,

તમારી પાસે કંઈક છે ?

તેમણે કહ્યું કે એક પ્યાલું છે,

આપે તે મંગાવી કહ્યું કે બજારમાં જઈ વેચી દો.

બે દિરહમમાં તે પ્યાલું વેચાયું.

આપ સલ્લાહુ અલયહિ વ સલ્લમે એક દિરહમની કુહાડી ખરીદી

એમને આપી. પોતે એમાં હાથો લગાવી કહ્યું કે જંગલમાં જઈ લાકડા કાપી લાવો વેચો અને અઠવાડિયા પછી મને મળજો.

અઠવાડિયા પછી તેઓ આવ્યા તો બાલ બચ્ચા માટે તેઓ કમાતા થઈ ગયા હતા.

માટે હલાલ કમાઈ માટે હુન્નરો, કળાઓ, વિદ્યાઓ શીખવી દુનિયાનું કામ નથી, બલકે દીનનું જ કામ છે.

યાદ રાખો કે બીજાઓ ઉપર ભરોસો કરી કોઈ કોમ આગળ વધી શકતી નથી, તમો શૈક્ષણિક લાયકાત મેળવી એવું ઈચ્છો કે સરકાર નોકરી આપે તે શકય નથી. સરકારી નોકરીઓ સિમિત હોય છે. માટે લોકોએ શિક્ષણ મેળવી રોજગારી મેળવવી પડશે.

એક વાર હું બારડોલી એક પ્રોગ્રામમાં ગયો હતો, ત્યાં ઝીણાભાઈ દરજીએ કહયું હતું કે મુસલમાનોએ જોઈએ કે સરકાર પર ભરોસો કરી બેસી ન રહે, બલકે સ્વયં તેઓ સંસ્થાઓ, કારખાનોઓ અને ફેકટરીઓ સ્થાપે અને તે દ્વારા પોતાની કોમ માટે આર્થિક સદ્ધરતાનો માર્ગ મોકળો કરે.

આઝાદી પછી બે ત્રણ વર્ષે મૌલાના અબુલ કલામ આઝાદ જર્મની ગયા હતા, ત્યાંથી પરત ફરી તેમણે જણાવ્યું કે બર્લિન શહેર જોઈને માનવામાં નથી આવતું કે બીજા વિશ્વયુધ્ધમાં જેને રાખનો ઢગલો બનાવી દેવામાં આવ્યું હતું તે આ બર્લિન શહેર છે. આ બધુ તેમની સ્વમહેનતનું ફળ છે.

જ્ઞાન અને ઈલ્મનો મૂળ આશય અલ્લાહની ઓળખ પ્રાપ્ત કરવી છે.

અલ્લામા ઈકબાલ મોટા શાયર અને ફિલસૂફ હતા. ઈસ્લામ અને ઈસ્લામી આદર્શોનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. તેઓ કહે છે કે

رگوں میں گردش خون ھو تو کیا حاصل
حیات سوز جگر کے سوا کچھ نہیں

એટલે કે લોહી તો ગાય ભેંસ અને અન્ય જાનવરોના શરીરમાં પણ દોડે છે તેમાં માનવીની કોઈ વિશેષતા નથી. માનવીની વિશેષતા તેના

અંતરમાં રહેલ કરૂણા– લાગણી અને પ્રેમના કારણે છે, આપણે દરેકે આપણા હૃદયમાં કરૂણા અને પ્રેમ જગાડવાની જરૂરત છે.

માટે આજે અત્રે શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ અને તેમના કેળવણીકારોને હું વિનંતી કરીશ કે વિદ્યાર્થીઓને અલ્લાહનો ખોફ શીખવાડી સારા સંસ્કારો શીખવાડે, લોકોને લાભ પહોંચાડતા શીખવાડે, મોટા શહેરમાં આજે ડોકટરો, એન્જિનીયરોની રીંગ બની ગઈ છે જે સામાન્ય માનવીને જરૂરત વગર મોટા ખર્ચમાં ઉતારે છે.

એક વાર મને કંઈક તકલીફ હતી, એક ડોકટરથી મેં દવા લીધી તો મને નવ ગોળીઓ આપી. ત્યાર બાદ મેં મારા એક દોસ્ત ડોકટરને બતાવી તો તેમણે બતાવ્યું કે એમાંથી ફકત બે જ ગોળીઓ તમારી તકલીફના ઈલાજ માટે છે. બીજી ગોળીઓ વધારાની છે.

કુર્આનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : "અમે લોઢું ઉતાર્યું છે, (ઉત્પન્ન કર્યું છે), જે ઘણું જ કઠણ હોય છે અને એમાં માનવીઓ માટે લાભો છે." આ આયત દ્વારા આપણને શીખામણ મળે છે કે લોઢાની લગતી કળાઓ શીખવી કુર્આનનો આદેશ છે.

ભારતની આઝાદી પછી પહેલી પંચવર્ષીય યોજનામાં જવાહરલાલ નહેરુએ સૌ પ્રથમ દેશભરમાં સ્ટીલના કારખાનાઓ સ્થાપવાને પ્રાધાન્ય આપ્યું હતું, કારણ કે એક નાનકડી સોયથી લઈને મોટા વિમાનો સુધી દરેકમાં લોખંડ–સ્ટીલની જરૂરત પડે છે.

કુર્આનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : હઝરત દાવૂદ (અલૈ.)ને લોખંડનું બખ્તર બનાવાવની કળા અમે શીખવાડી છે. લોખંડના આવા ઉપયોગ અને કળાને અલ્લાહ પોતે શીખવાડેલ કળા દર્શાવે છે જે સ્પષ્ટ કરે છે કે આવી કળાઓ શીખવી શીખવવી ઘણું જ ઉચું કાર્ય છે.

માટે આધૂનિકતા, આધુનિક કળાઓ, વિદ્યાઓ, હુન્નરોથી કોઈ મુસલમાનને બાધ ન હોવો જોઈએ. હઝરત મવલાના અલી મીયાં નદવી (રહ.)એ એક સુત્ર આપ્યું હતું, 'જદીદે નાફેઅ અને કદીમે સાલેહ' સાથે લઈ આપણે ચાલવાનું છે. એટલે કે જુની વિદ્યાઓ, પરંપરાઓ અને

કળાઓ જે ઉપયોગી છે તે સાથે રાખી નવી અને આધૂનિક ઉપયોગી વિદ્યાઓ અને કળાઓ પણ અપનાવી ચાલવાનું છે.

તાલીમ અને શિક્ષણનો આશય મુસલમાનોની દષ્ટિએ શું છે ?

મુસલમાનોને મન વિદ્યા અને ઈલ્મનો મકસદ ફકત વિદ્યા અને ઈલ્મની સેવા નથી.

અમુક લોકો વિદ્યા અને શિક્ષણનો મકસદ બતાવે છે કે એનાથી સારા નાગરિક અને માનવી સમાજને મળે છે.

પરંતુ ઈસ્લામની નજરે આ બધી વાતો ઈલ્મનો મકસદ બનવાને પાત્ર નથી. ઈસ્લામની નજરે ઈલ્મનો મકસદ ઘણો જ ઊંચો છે અને તે છે : અલ્લાહની ઓળખ પ્રાપ્ત કરવી. શેખ સાદી કહે છે કે "ઈલ્મ વગર અલ્લાહને ઓળખી શકાય નહી"

ઓદ્યોગિક, ટેકનિકલ અને રોજગારલક્ષી તાલીમ આપતી દરેક સંસ્થાઓને હું વિનંતી કરું છું કે એક પિરીયડમાં વિશેષ આ વાત શીખવાડવામાં આવે કે તમે આ કળા અને હુન્નર દ્વારા તમારી રોઝી મેળવવા ઉપરાતં અન્યોની સેવા કેવી રીતે કરી શકો છો ?

કારણ કે અન્યોની સેવા એ માનવીનો વિશેષ ગુણ છે.

وما سمى الإنسان إلا لأنسه
وما القلب إلا لأنه يتقلب

એટલે કે અન્યો પ્રત્યે પ્રેમભાવ હોવાના કારણે જ ઈન્સાનને ઈન્સાન કહેવામાં આવે છે.

અરબીના એક ચિંતકનું કથન છે કે,

જો તમે એક વર્ષમાં તમારી મહેનતનું ફળ મેળવવા માંગતા હોય તો ઘઉની વાવણી કરો.

જો દસ વર્ષે ફળ મેળવવા માંગતા હોય તો કોઈ ફળનું ઝાડ વાવો.

અને જો વધુ લાંબા ગાળાનો લાભ, સો વર્ષે મેળવવા માંગતા હોય તો નવયુવાનોને કેળવણી આપો.

---

## મુફક્કિરે મિલ્લત

# હઝરત મવલાના અબ્દુલ્લાહ સાહેબ

## કાપોદ્રવી (રહ.) ની વફાત ઉપર તઅઝિયતી અશઆર

● નતીજએ ફિક્ર : મવલાના અ.રશીદ નદવી ખાનપૂરી.
જામિઅહ જંબુસર.

---

હૈફ અય ગુજરાત તેરે સરસે સાયા ઉઠ ગયા
મહેફિલે ફિકરો નઝર કા રાઝદાં જાતા રહા
આસમાને ઈલ્મો ફન કા મેહરે તાબાં અબ કહાં
જામિઆતે ઈલ્મ કા રૂહે રવાં જાતા રહા

હૈફ અય ગુજરાત.............

આશ્ના હમકો કિયા તૂને અદબ કે નામ સે
ઈલ્મે તજવીદો કિરાઅત કો બઢાયા શાન સે
ઈલ્મ કી હર પલ રિયાસત હી તેરી પેહચાન થી
શોક સે હમ તુજકો કેહતે થે રઈસુલ જામિઅહ

હૈફ અય ગુજરાત.............

જામિઅહ તેરા તેરી તદબીર કા હે શાહકાર
તૂ સજાતા હી રહા ઝુલફોં કો ઉસ્કી બાર બાર
તૂને અપના દર્દ બાંટા જિન્કો હૈં વો બેશુમાર
આજ હેં વો સબકે સબ તુજ સે બિછડ કર સોગવાર

હૈફ અય ગુજરાત.............

હિંદ મે ગુજરાત કી બેશક તૂ હી પેહચાન થા
કૌમકી તઅમીર પર કુરબાં તૂ સો સો જાન થા
ફિકરે અસ્લાફો અકાબિર કા તૂ રોશનદાન થા
દિલ યે કેહતા હૈ કહૂં તૂ ખાદિમુલ કુર્આન થા
હૈફ અય ગુજરાત............

અઝહરે હિંદ ઔર નદવહ કા તૂ ખોશાચીન થા
એઅતેદાલે ફિકર તેરા કાબિલે તસ્કીન થા
નઝમો ઝબ્તો ઝોક તેરા લાઈકે તહસીન થા
ઈશ્કો સોઝો સાઝ તેરા મૂજિબે તમ્કીન થા
હૈફ અય ગુજરાત............

ખલ્વતેં તેરી મુનવ્વર ઝિક્ર કે અન્વાર સે
જલ્વતેં તેરી મુઅત્તર હિકમતો અફકાર સે
મજલિસેં તેરી મુઝય્યન ઈલ્મ કે અસ્રાર સે
સુહબતેં તેરી મુબારક ખુલ્ક સે અત્વાર સે
હૈફ અય ગુજરાત............

ગુલ્શને ઈસ્લામ કા તૂ એક મહેકતા ફૂલ થા
એહલે ઈલ્મો ફઝલ મેં તૂ બિલ્યકીં મકબૂલ થા
એહલે તકવા સે મુહબ્બત ઉમ્ર ભર મઅમૂલ થા
તરબિયત છોટોં કી તેરા હાસિલો મહસૂલ થા
હૈફ અય ગુજરાત............

ઐસે મર્દાને સફા અબ ઢૂંઢને જાએં કહા?

ખાલી હોતા જા રહા હે ઉનસે યા રબ યે જહાં
દસ્તગીરી કર ઈલાહી કૌમ કી તૂ હર મકાં
બુખ્લ ના કરને લગે અફરાદ સાઝી મેં ઝમાં
હૈફ અય ગુજરાત............

યા રહીમુ ! રહમ ફરમા રહબરે કામિલ થા વો
અવલિયાઓ અત્કિયા કી સફ મેં ભી શામિલ થા વો
ઝિન્દગી પૂરી લિવાએ ઈલ્મકા હામિલ થા વો
કૌમ દેતી હે શહાદત આલિમે આમિલ થા વો
હૈફ અય ગુજરાત............

શૈખ તેરી શફકતોં કો કૈસે ભૂલે યે રશીદ
તેરા અંદાઝે મુહબ્બત યાદ આએગા ફકીદ
મુશ્કો અંબર સે મુઅત્તર હો તેરી આરામગાહ
અર્શ કે ઝેરીં જિવાર અબદ મેં આમાજગાહ
હૈફ અય ગુજરાત તેરે સરસે સાયા ઉઠ ગયા
મેહફિલે ફિક્રો નઝર કા રાઝદાં જાતા રહા
હૈફ અય ગુજરાત............

***<u>તલબાના રૂહાની વાલિદ</u>***

**ફલાહે દારૈનને પ્રગતિના ઉચ્ચ શિખરે પહોંચાડવા માટે મેં એટલી બધી મહેનત કરી છે, જેટલી એક ફિકરમંદ બાપ એની અવલાદ માટે કરે છે.**

*(ગુલદસ્તએ મુહબ્બત. મુફતી ઈબ્રાહીમ હાંસલોદ. મરકઝે ઈસ્લામી.અકંલેશ્વર)*

# Hazrat Moulana Abdullah Kapodravi (Rh.)

## The Great thinker and well-wisher of the Ummah

Everybody knows well that Maulana Abdullah Kapodravi, who passed away on 10th July 2018 was the most prominent Muslim personality not only in India but all over the Muslim world.

As he was the well known Muslim scholar of Gujarat - India. He is an educationalist, visionary thinker, Islamic jurist, historians, spiritual guide and a sincere well-wisher for the Ummah. Due to his educational services, he is famous in all over the world. So his demise is the great loss for the Muslim Ummah. And it leaves a significant void in the leadership of Muslims in India and elsewhere.

Indeed, His life is ideal for Muslim Ummah, therefore the short life sketch of Maulana Abdullah is being mentioned here.

Maulana Abdullah was born on 11th Ramadan 1352 A.H (28th December 1933 A.D.) at Heho in Myanmar where his father moved from India as a trader. In 1935, His family returned to India and settled in a very small village 'Kapodra' near Ankleshwer. His father Ismail was noble man and spritually connected with Moulana Thanvi (Rh.). His mother was also pious lady, therefore they trained

and minded his son for the service of Deen-e-Islam.

He did his primary education in his village Kapodra In 1944, He enrolled at Jami'ah Islamiyyah Talim al-Din Dabhel for further education. After two years he went to most famous Madrasa Darul Uloom Deoband to continue his studies. Where he completed the third year. Due to illness he came back returned to Dabhel where he completed his studies and finally comleted his graduation in 1953. After the graduation, He spent two years in Darul Uloom Deoband for further studies and lived in the company of many great scholars of that time.

Maulana has served as a teacher at Jami'ah Islamiyyah Dabhel for seven years. His main field of teaching was Arabic Literature. In 1966 he was appointed as a teacher at Darul uloom Falahe Darien Tadkeshwar. After one year of his appointment, he was selected as care taker principal for a period of a month; next year his appointment was made permanent. He remained principal of Darul Uloom Falahe Darain for 26 years from 1966 to 1992. He continued teaching side by side with his administrative responsibilities. In this period, He taught most of Dars-e-Nizami books.

He became renowned in Gujarat and beyond his excellence in administration, his style based on wisdom and leniency, rather than harshness and

fear; therefore, he was famous by the name of Raesul Jamiah (chancellor of university).

Maulana had an excellent command over Arabic language. Its not exaggeration to name him a "walking library" . He had visited libraries throughout the world and will mention which book he had seen or read in which library.

Mawlana had pristine blend of a number of qualities and characteristics which are seldom found in any single personality: he was an enlightened scholar, an eloquent preacher and a wise reformer. Moreover, he was one of the few non-Arabs today who had fully mastered over Arabic in terms of spoking and writting. The Muslim Ummah's love and respect for him has been unequalled in recent decades. This was because of his composure and avoidance of fanatic posturing.

He  shown his deep interest in the affairs of Muslims not only in the Gujarat but throughout the world.

Maulana is constantly called upon for advice due to his vast experience in education and administration of educational institutions. He served as the governing or advisory bodies of the number of Darul Ulooms in Gujarat. He is also a member of the Jami'at al-'Uluma Hind, The Muslim Personal Law Board of India, Majlis Khuddamuddeen Simlak,

All India Fiqh Academy, Nadwat al-Adab al-Islami al-Alamiy and 'Kapodra Welfare Trust, where he was instrumental in the establishment of a Muslim School which is most famous in his area.

Maulana has written number of books; like (1)Adhwa' 'Ala al-Harkat al-'Ilmiyyah fi Gujarat (2) 'Allamah Badr al-Din Ayni and his position in the Science of Hadith. (3) Haji Imdadullah Muhajjir Makki and his Khulafa. (4) 'Unwanu al-Hikam of 'Allamah Busti.(4)Diwan of Imam Shafi'i. (5) Sada'e Dil. (6) Afkar'e Pareshan etc.

Mawlana has maintained his spritual connection with all the Mashaykh and senior 'Ulama all his life. Amongt these great elders are the like of Hazrat Maulana Abul Hasan Ali Nadwi, Hazrat Maulana Masihullah, Hazrat Qari Muhammad Tayyib Saheb, Hazrat Qari Siddique Bandwi Rahimahumullah, Abu Fattah Abu Guddah.

In deed, The demise of Mawlana Abdullah Kapodravi leaves a significant void in the leadership of Muslims in India and elsewhere. His sincerity, love and affection will be sorely missed. May Allah Almighty accept all his services for Islam and grant him forgiveness and a high status in Jannatul Firdaus.

...................................

-------------------------------------------------------

*બોધકથા ...*

કંસ્ટ્રકશન કંપનીનો એક મેનેજર સાઈટ ઉપર ગયો તો જોયું કે, ત્રણ મજૂરો પથ્થરો કોતરી રહયા છે. એકને એણે પૂછયું કે, શું કરો છો ? તો એણે જવાબ આપ્યો કે, એન્જિન્યરના કહેવા મુજબ પથ્થર કોતરી રહયો છું. બીજાને પૂછયું કે, ભાઈ શું કામ કરો છો ? તો એણે ઉત્તર આપ્યો કે, ઈમારતના પથ્થરોને સુંદર અને સરસ ઢાળ આપી રહયો છું. ત્રીજા કારીગરને પૂછયું કે, શું ચાલે છે ? તો એનો જવાબ હતો : તમે જોતા નથી, હું એક ગગનચુંબી ઈમારત બનાવવાની મહેનત કરું છું.

ત્રણેવ કારીગરો હતો. સમાન કામ કરતા હતા અને સમાન પ્રશ્ન એમને પૂછવામાં આવ્યો હતો. આમ છતાં ત્રણેવ કારીગરોનો જવાબ અલગ અલગ હતો. આ જવાબો ત્રણેવની માનસિકતા દર્શાવે છે. પ્રથમ કારીગર પોતાને ચાકર અને ગુલામ સમજે છે, એના મનથી આ કામ મારા શેઠ કે સરદારનો હુકમ છે, મારે એ કરવાનું છે. બસ. બીજો કારીગર પોતાને સાચે જ કારીગર અને કળાકાર સમજે છે, અને આ કામને પણ કોઈની ચાકરી કે નોકરીથી વધીને પોતાની કળાનું પ્રદર્શન સમજે છે. ત્રીજો કારીગર પોતાને એનાથી પણ વધારે ઊંચો સમજે છે. એ પોતાને જગતનો તાત સમજે છે. એ સમજે છે આ ગગનચુંબી ઈમારતો અને મહેલો અમારા બનાવવાથી જ બને છે. અને એ અમારી મહેનતનું જ ફળ છે. એ પોતાને એક સ્વતંત્ર વ્યકિત સમજવા ઉપરાંત પ્રગતિ અને જાહોજલાલીનો ભાગીદાર પણ સમજે છે.

કિસ્સામાં ત્રણેવ કારીગરોની માનસિકતા સમજવાની સાથે એ પણ સમજવાનું છે કે, આ માનસિકતા એમના કાર્ય અને કળામાં પણ એટલી જ અસર કરતી હોય છે.

પહેલો કારીગર પોતાને ફકત ચાકર સમજે છે, એના કામમાં ઉત્સાહ અને શોખને કોઈ સ્થાન નથી. બીજો પોતાને કળાકાર સમજે છે, એ ઉત્સાહ અને શોખથી કામ કરશે પણ કોઈ એની કળાની 'કદર' કરે એમ તમા રાખતો હશે. ત્રીજો કારીગર તો આ કાર્યને પોતાનું જ કામ સમજે છે, એ પોતાને ભાગીદાર સમજે છે, અને આ કામને પોતીકું સમજીને કામ કરશે, ચાહે કોઈ એની કદર કરે કે ન કરે. પ્રથમ બે કારીગરો કામ કરીને અલગ થઈ જશે પણ ત્રીજો સમય આવ્યે પોતાનો ભાગ પણ માંગશે.

આપણે શીખવાનું આ છે કે ગમે તે કામ કરીએ, સદા પોતાને આઝાદ, સ્વતંત્ર, ખુશ અને સુખી સમજીએ. કોઈના ઓશિયાળા બનીને કે પોતાને કમઝોર સમજીને ન કરીએ. ગુલામીમાં ભલે હોઈએ પણ વિચારો આઝાદીના રાખીએ. તાબેદાર ભલે હોઈએ પણ ઈરાદા સરદારીના રાખીએ.

નેતા, સરદાર અને સમુહકાર્ય કરતા લોકોના બોસ માટે શિખામણ આ છે કે સારું પરિણામ ઈચ્છતા હોવ તો કાર્યકરો – કારીગરોને કામ વિશે પોતીકા પણાનો એહસાસ કરવો. એમને કાર્યમાં ભાગીદાર બનાવો. ફકત ચાકર સમજીને ગુલામી ન કરાવો.

### નફસને તાબે કરો.

હઝ. માલિક બિન દીનાર રહ. ફરમાવે છે કે, અલ્લાહનો તે બંદો રહમતનો હકદાર છે, જે પોતાના નફસ – મનને સમજાવે કે પહેલાં આવું ન હતું, તેવું ન હતું ? અને પછી એને દબાવીને અલ્લાહના હુકમો માનવા ઉપર મજબૂર કરે અને નફસને પોતાના તાબે કરીને ચલાવે.

### નફસ અને દીન

હઝરત મુજાહિદ રહ. ફરમાવે છે કે, જે માણસ નફસની વાત માનશે તે દીનનું નુકસાન કરશે અને દીનની વાત માનશે તો નફસનું નુકસાન કરશે.

### મુત્તકી બની રહેવા માટે...

મુત્તકી લોકોએ તકવા ઉપર કાયમ રહેવા માટે ઘણી હલાલ વસ્તુઓ પણ હરામના શક હોવાના કારણે છોડવી પડતી હોય છે.

### દુનિયાના શોખીનો

હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. ફરમાવે છે : દુનિયાના શોખીનો પાસે ન બેસો. એમની પાસે બેસવાથી દિલ બીમાર બની જાય છે.

### તાલીમ અને ચિંતન

તાલીમ – શિક્ષણ સાથે ચિંતન ન હોય તો એ સમય વેડફવો છે અને શિક્ષણ વગરનું ફકત ચિંતન તો ખતરનાક મુસીબત છે.

### માલદારી, ગરીબી અને સરકાર

સરકાર પ્રજા ઉપર મહેરબાન હોય તો ગરીબ હોવું મુસીબત ગણાય છે અને જો સરકાર ખરાબ હોય તો માલદારી મુસીબત બની જાય છે.

### ઇસ્લામની ઓળખ

દરેક ધર્મની ઓળખ અને નિશાની કોઈ એક અખ્લાક હોય છે. ઈસ્લામની નિશાની 'હયા' છે. (હદીસ શરીફ)

### સાચી માલદારી

ખઝાનામાં માલ ઓછો હોય કે વધારે.. માણસ માલદાર ત્યારે જ બને છે, જયારે દિલ એ માલને વધારે સમજવા માંડે.

### મહામૂલો માલ અને મહાન નેઅમત

તંદુરસ્તી જેવો મહામૂલો કોઈ માલ નથી, અને દિલના સંતોષ જેવી કોઈ મહાન નેઅમત નથી.

### પોતાની કદર કરો

માણસે પોતે પોતાની કદર જાણવી અને કરવી જરૂરી છે, પણ એના માટે માણસે પોતાની ભૂલો અને ખામીઓ જાણવી – સમજવી પણ જરૂરી છે.

### બીજાનો ચિરાગ

બીજાનો ચિરાગ બુઝાવતાં પહેલાં આટલું સમજી લેજો કે પછી એની સાથે તમે પણ અંધારામાં ધકેલાય જશો.

### નવું વરસ

એક સાલ ગયા એક નયા સાલ હે આને કો
પર વકત કા અબ ભી હોશ નહીં દીવાને કો

### ઝમાનો

તુમ ચલો ઉસ કે સાથ યા ન ચલો
પાઉ રુકતે નહીં ઝમાને કે